Regd. Ministry of Minority Affairs Haj Divison
અલ-નિમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
IATA SINCE : 2007
હજ્જ-૨૦૨૬
પ્રથમ અને છેલ્લા ગ્રુપમાં બુકિંગ ચાલુ છે
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ઈન્શાઅલ્લાહ
Member of IATA
ACTIVE MEMBER
AIHUTOA
હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે.
દિવાળી વેકેશન ઉમરાહ - ૨૦૨૫
રવા.તા.૧૬/૧૦/૨૦૨૫ રવા.તા.૧૯/૧૦/૨૦૨૫
રિર્ટન તા.૦૨/૧૧/૨૦૨૫ રિર્ટન તા.૦૫/૧૧/૨૦૨૫
દિવસ - ૧૭
ઉમરાહ વિઝા
દુબઈ વિઝા
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૬૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### ટ્રોફી વિના પણ ટીમ ઈન્ડિયાની દુબઈમાં ઊજવણી જોવાલાયક હતી

# ટીમ ઇન્ડિયાએ PCB ચીફના હસ્તે ટ્રોફી લેવાનો ઇન્કાર કરતા હાઇવોલ્ટેજ ડ્રામા સર્જાયો

દુબઈ, તા.૨૯

એશિયા કપની ફાઈનલમાં પાકિસ્તાનને ધૂળ ચટાડ્યા બાદ ટીમ ઈન્ડિયાએ ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. ભારતીય ખેલાડીઓએ મેચ બાદ સ્પષ્ટ કહ્યું કે, અમે પાકિસ્તાની મોહસીન નકવીના હાથે ટ્રોફી નહીં લઈએ. જેના કારણે મેચ પતી ગયાના લગભગ બે કલાક બાદ જ હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ આ દરમિયાન ટ્રોફી વગર ઉજવણી કરતા જોવા મળ્યા હતા.

મેચ જીત્યા બાદ ટ્રોફી પ્રેઝન્ટેશન સેરેમનીમાં જ્યારે ટીમ ઈન્ડિયા ન આવી તો નકવી ત્યાં જ ટ્રોફી સાથે લઈને ઊભા રહ્યા. પરંતુ ભારતીય પ્લેયર્સ અડગ રહ્યા કે તે નકવીના હાથે ટ્રોફી નહીં સ્વીકારે. ટીમ ઈન્ડિયાએ નકવીને સ્ટેજ પરથી ઊતારી દેવાની માંગ કરી હતી. જો કે, છેલ્લે નિર્ણય લેવાયો કે ભારતીય ટીમ એવોર્ડ જ નહીં સ્વીકારે. રમતગમતના મેદાન પરના સૌથી વિચિત્ર દશ્યોમાંના એકમાં ભારતે પરંપરાગત વિજય પ્રતીકો વિના સ્ટેજ પર એશિયા કપ જીતની ઉજવણી કરી. કોઈ પણ ખેલાડીએ તેમના ગળામાં મેડલ પહેર્યા ન હતા અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટ્રોફી પકડી ન હતી. આશ્ચર્ય થાય છે કે શા માટે ?

ભારતે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના વડા મોહસીન નકવી, જે એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ પણ છે તરફથી એશિયા કપ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. બંને દેશો વચ્ચેના તણાવ વચ્ચે, ખાસ કરીને પાકિસ્તાનમાં સરકારી મંત્રી તરીકે નકવીની બેવડી ભૂમિકા અને ટુર્નામેન્ટ દરમિયાન તેમની ઉશ્કેરણીજનક



સોશિયલ મીડિયા પોસ્ટ્સને ધ્યાનમાં રાખીને ભારત આ વલણ અપનાવશે તેવી વ્યાપક અટકળો હતી. ઉલ્લેખનીય છે કે, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના અધ્યક્ષ મોહસીન નકવી છે. તે પાકિસ્તાનના ગૃહમંત્રી પણ છે. હેન્ડશેક વિવાદ બાદથી અટકળો હતી કે ભારતીય ખેલાડીઓ કોઈ પાકિસ્તાનીના હાથે ટ્રોફી નહીં સ્વીકારે કેમ કે જ્યારે ૧૪ સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટુર્નામેન્ટની પહેલી મેચ રમાઈ હતી ત્યારે ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ નહોતા મિલાવ્યા. જેના બાદથી ડ્રામાની શરૂઆત થઈ ચૂકી હતી.

ભારતીય ક્રિકેટ ટીમે એશિયા કપ ૨૦૨૫ જીત્યા બાદ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવી તરફથી એવોર્ડ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. નકવી પાકિસ્તાનના ગૃહમંત્રી પણ છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવે પોતાના ખુલ્લા હાથે પોતાના સાથી ખેલાડીઓને એવી રીતે ઈશારો કર્યો જાણે તે ટ્રોફી લઈ જઈ રહ્યો હોય. અન્ય ખેલાડીઓએ ઉજવણી કરી, એવું માનીને કે આ વાસ્તવિક ટ્રોફી છે. હકીકતમાં ૨૨ એપ્રિલે કાશ્મીર ખીણના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતમાં પાકિસ્તાન વિરૂદ્ધ વિરોધપ્રદર્શનો વધુ તીવ્ર બન્યાં છે. આ હુમલાના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાનને નિર્ણાયક ફટકો પડ્યો છતાં પાકિસ્તાને તેને વિજય ગણાવ્યો. પહેલગામ હુમલાના વિરોધમાં ટીમ ઈન્ડિયાએ ટુર્નામેન્ટ દરમિયાન પાકિસ્તાની ટીમ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું, હવે PCB અને ACC ચેરમેન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. આ ભારતની દરેક મોરચે પાકિસ્તાનનો વિરોધ કરવાની અને સંદેશ આપવાની રીત છે કે આતંકવાદને ટેકો આપનારાઓનો બહિષ્કાર કરવામાં આવશે.

સામાન્ય રીતે પ્રેઝન્ટેશન સેરેમની મેચ શરૂ થયાની થોડી મિનિટોમાં થાય છે પરંતુ ફાઈનલ પછી એમાં વારંવાર વિલંબ થતો હતો. પાકિસ્તાની ખેલાડીઓ પહેલા કલાક સુધી મેદાન પર દેખાયા ન હતા. BCCIએ સ્પષ્ટ કર્યું હતું કે, ભારતીય ટીમ નકવી સિવાય અન્ય કોઈ પાસેથી ટ્રોફી સ્વીકારવા માટે તૈયાર છે. સ્ટેજ પર હાજર દુબઈ સ્પોર્ટ્સ સિટીના ખાલિદ અલ ઝરૂની પાસેથી ટ્રોફી સ્વીકારવાની પણ ચર્ચા થઈ હતી પરંતુ નકવીએ સ્ટેજ છોડવાનો ઈન્કાર કર્યો હતો. BCCIના એક વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું, "જો નકવીએ બળજબરીથી ટ્રોફી લેવાનો પ્રયાસ કર્યો હોત તો BCCIએ ઔપચારિક વિરોધ નોંધાવ્યો હોત." દરમિયાન સેરેમની દરમિયાન સ્પોન્સર્સના એવોર્ડ્સનું વિતરણ કરવામાં આવ્યું. પાકિસ્તાની ટીમે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામ બુલબુલ પાસેથી તેમના પુરસ્કારો પ્રાપ્ત કર્યા. જો કે, જ્યારે ભારતીય ટીમનું નામ લેવામાં આવ્યું ત્યારે ACCએ જાહેરાત કરી કે ટીમ પુરસ્કારો સ્વીકારશે નહીં. પ્રેઝન્ટેટર સિમોન ડૌલે જાહેરાત કરી કે ભારતે તેના એવોર્ડ્સ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે અને તેથી પ્રસ્તુતિ સેરેમની પૂર્ણ થઈ. ત્યારબાદ નકવી સ્ટેજ પરથી ઊતરી ગયા અને આશ્ચર્યજનક રીતે ACC સ્ટાફ ટ્રોફી અને મેડલ તેમની સાથે લઈ ગયો.

કેપ્ટન દ્વારા ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર આઈસીસી આચારસંહિતા હેઠળ આવી શકે છે પરંતુ આ અંગે કોઈ ચોક્કસ નિયમો નથી. આ ક્રિકેટની ભાવના વિરૂદ્ધ હોઈ શકે છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે સમજાવવું પડશે કે તેણે આ ટ્રોફી કેમ સ્વીકારી નહીં અને પછી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) અથવા આઈસીસી કોઈપણ કાર્યવાહી અંગે નિર્ણય લેશે.

**ક્રિકેટની ભાવના :** મેચ જીત્યા પછી ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર કરવો એ ક્રિકેટની ભાવનાનું ઉલ્લંઘન ગણી શકાય, જે ICC આચારસંહિતાનો હેતુ છે.

**કેપ્ટને કારણ જણાવવું પડશે :** ટીમના કેપ્ટન અથવા પ્રતિનિધિએ ટ્રોફી ના સ્વીકારવા માટે આઈસીસીને સ્પષ્ટ અને માન્ય કારણ જણાવવું પડશે.

**ICCની શિસ્ત પ્રક્રિયા :** આઈસીસી પાસે ગેરવર્તણૂક માટે શિસ્ત પ્રક્રિયા છે. આઈસીસી આચાર સંહિતા હેઠળ આ પરિસ્થિતિની સમીક્ષા કરી શકે છે. આ નક્કી કરશે કે કોઈ નિયમોનું ઉલ્લંઘન થયું છે કે નહીં અને જો એમ હોય તો ઉલ્લંઘન માટે કોણ જવાબદાર છે અને શું દંડ લાદવામાં આવી શકે છે.

## એશિયા કપ ટ્રોફી પ્રેઝન્ટેશન વિવાદ બાદ BCCI નકવી સામે વિરોધ નોંધાવશે

(એજન્સી) મુંબઈ, તા.૨૯

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) સચિવ દેવજીત સૈકિયાએ મોટો આરોપ લગાવ્યો છે કે, ભારતીય ટીમે એશિયા કપ ૨૦૨૫ ફાઈનલમાં ટ્રોફી અને મેડલ સ્વીકારવાનો ઈન્કાર કર્યા પછી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) અધ્યક્ષ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ચેરમેન મોહસીન નકવી ટ્રોફી અને મેડલ પોતાની સાથે લઈ ગયા હતા. દેવજીત સૈકિયાએ કહ્યું કે, 'બીસીસીઆઈ આવતા મહિને યોજાનારી આઈસીસીની બેઠકમાં આ મુદ્દા અંગે ઔપચારિક ફરિયાદ નોંધાવશે. મોહસીન નકવીને અલ્ટીમેટમ આપતા બીસીસીઆઈ BCCI સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું, 'અમે પહેલાથી જ નક્કી કરી લીધું હતું કે, અમે એસીસી ચેરમેન પાસેથી ટ્રોફી સ્વીકારીશું નહીં, જે પાકિસ્તાનના



સૌથી અગ્રણી નેતાઓમાંના એક છે. પરંતુ તેનો અર્થ એ નથી કે તેમણે ટ્રોફી અને મેડલ લઈને ચાલ્યા જવું જોઈએ. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે અને રમતની ભાવનાની વિરૂદ્ધ છે. અમને આશા છે કે, ટ્રોફી અને મેડલ ટૂંક સમયમાં ભારત પરત કરવામાં આવશે. અમે નવેમ્બરમાં ICC કોન્ફરન્સમાં આનો વિરોધ કરીશું.' બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ એ પણ સમજાવ્યું કે ભારતીય ટીમે પીસીબી પ્રમુખ મોહસીન નકવી પાસેથી ટ્રોફી કેમ ન સ્વીકારી. તેમણે કહ્યું કે, ભારતીય ટીમ ક્યારેય એવા વ્યક્તિ પાસેથી ટ્રોફી સ્વીકારી શકે નહીં જે ભારત સામે યુદ્ધ કરી રહ્યો છે. જ્યાં સુધી ટ્રોફી અને ટ્રોફી વિતરણનો સવાલ છે, ભારત આવા વ્યક્તિ પાસેથી ટ્રોફી સ્વીકારી શકે નહીં, પરંતુ આનાથી જેન્ટલમેનને ટ્રોફી અને મેડલ હોટલમાં લઈ જવાની પરવાનગી મળતી નથી. વર્ષ ૨૦૨૨નું ઉદાહરણ આપતા બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું કે, 'જો નકવી ઈચ્છતા હોત તો તે કોઈ બીજાને ટ્રોફી ભેટમાં આપી શક્યા હોત. તેમણે યાદ કર્યું કે જ્યારે ૨૦૨૨માં શ્રીલંકાએ એશિયા કપ જીત્યો હતો, ત્યારે તત્કાલીન એસીસી પ્રમુખ જય શાહે ટ્રોફી ભેટમાં આપી ન હતી.'

# કેરળ વિધાનસભાએ SIR વિરુદ્ધ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો

### મુખ્યમંત્રીએ SIR લાગુ કરવા માટે ECI દ્વારા 'ઉતાવળમાં લેવાયેલા પગલાં' અંગે ગૃહની ચિંતા વ્યક્ત કરી અને તેમની કાર્યવાહી પાછળ 'દુષ્ટ હેતુ' હોવાની શંકા વ્યક્ત કરી છે

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૨૯

કેરળ વિધાનસભાએ સોમવારે રાજ્યમાં મતદારોની યાદીના ખાસ સઘન સંશોધન (SIR) હાથ ધરવાના ભારતીય ચૂંટણી પંચ (ECI)ના પગલા સામે સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો અને ચૂંટણી પંચને પારદર્શક રીતે મતદારોની યાદીનું પુનરાવર્તન કરવા વિનંતી કરી. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના UDF વિપક્ષ, જેમણે પહેલાથી જ SIR સામે પોતાનો મજબૂત વાંધો વ્યક્ત કર્યો હતો, તેમણે મુખ્યમંત્રી પિનરાઈ વિજયન દ્વારા ગૃહમાં રજૂ કરાયેલા ઠરાવને સમર્થન આપ્યું હતું. આ ઠરાવમાં મુખ્યમંત્રીએ SIR લાગુ કરવા માટે ECI દ્વારા 'ઉતાવળમાં લેવાયેલા પગલા' અંગે ગૃહની ચિંતાઓ વ્યક્ત કરી અને તેમની કાર્યવાહી પાછળ 'દુષ્ટ હેતુ' હોવાની શંકા વ્યક્ત કરી છે. તેમણે નિર્દેશ કર્યો કે SIR હાથ ધરવાનું ચૂંટણી પંચનું પગલું રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) લાગુ કરવાનો 'પાછળના દરવાજા'નો પ્રયાસ છે તેવી વ્યાપક ચિંતાઓ થઈ રહી છે. બિહારમાં તાજેતરની SIR પ્રક્રિયા આવી ચિંતાઓની પુષ્ટિ કરે છે કે, તે 'બાકાત રાખવાની રાજનીતિ' છે. બિહારમાં લાગુ કરાયેલ SIRમાં મતદારોની યાદીમાંથી લોકોને 'અતાર્કિક બાકાત' રાખવામાં આવ્યા હોવાનો આરોપ લગાવતા વિજયને કહ્યું કે, દેશભરમાં શંકા છે કે, શું રાષ્ટ્રીય સ્તરે સમાન પેટર્ન અપનાવવામાં આવી રહી છે. આ ઠરાવમાં મુખ્યમંત્રીએ કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં SIR લાગુ કરવાના પ્રયાસો પર પ્રશ્ન ઊઠાવ્યો હતો જ્યારે બિહાર SIR પ્રક્રિયાની બંધારણીય માન્યતા સુપ્રીમ કોર્ટ દ્વારા વિચારણા હેઠળ છે. આ ડાબેરી નેતાએ નોંધ્યું હતું કે, તેને નિર્દોષ પગલું ગણી શકાય નહીં. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચ દ્વારા લાંબા ગાળાની તૈયારી અને પરામર્શની જરૂર હોય તેવા SIRને ઉતાવળમાં લાગુ કરવાનો પ્રયાસ લોકશાહીને નષ્ટ કરવાનો છે, તેવો વ્યાપક ભય છે. આનાથી કમિશન પર શંકા ઊભી થાય છે. કેરળમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાવાની છે. તેના પછી તરત જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. આ સ્થિતિમાં ઉતાવળમાં SIR હાથ ધરવાનો ઈરાદો ખરાબ છે. આ પહેલા ૨૦૦૨માં કેરળમાં મતદાર યાદીનું સંપૂર્ણ સંશોધન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, હાલનું સંશોધન ૨૦૦૨ના આધારે કરવામાં આવશે તે 'અવૈજ્ઞાનિક' છે. તેમણે નોંધ્યું કે SIRની જરૂરિયાત કે ૧૯૮૭ પછી જન્મેલા લોકો ફક્ત ત્યારે જ મતદાન કરી શકે છે જો તેઓ તેમના પિતા અથવા માતાનું નાગરિકત્વ પ્રમાણપત્ર પ્રદાન કરે, તે દેશના પુખ્ત મતાધિકારને નબળું પાડે છે. તેમણે કહ્યું કે, ૨૦૦૩ પછી જન્મેલા લોકો ફક્ત ત્યારે જ મતદાન કરી શકે છે જો તેઓ તેમના પિતા અને માતાના નાગરિકત્વ દસ્તાવેજો સબમિટ કરે.

આ સંદર્ભમાં નિષ્ણાતોના અભ્યાસ દશાવિ છે કે, SIRમાં આવી જોગવાઈઓને કારણે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના લોકોને મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં

અનુસંધાન બીજા પાને

## એશિયા કપમાં હાથ ના મિલાવવા અને ટ્રોફી વિવાદ પર પાકિસ્તાનના કેપ્ટનનો જવાબ : ભારતે ક્રિકેટનું અપમાન કર્યું

નવી દિલ્હી, તા.૨૯

ટીમ ઈન્ડિયાએ શાનદાર રીતે એશિયા કપની ફાઈનલમાં પાકિસ્તાને હરાવતા ઈતિહાસ રચી દીધો. જો કે, આ ખુશી વધારે ન ટકી કેમ કે ટ્રોફીને લઈને મોટો વિવાદ થઈ ગયો. ટીમ ઈન્ડિયાને ટ્રોફી મળી જ નહીં કેમ કે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના અધ્યક્ષ પાકિસ્તાની મોહમ્મદ નકવી છે અને ટીમ ઈન્ડિયા તેમના હસ્તે ટ્રોફી સ્વીકારવા નહોતી માંગતી. જેને લઈને લગભગ બે કલાક સુધી ડ્રામા ચાલ્યો અને પછી નકવી ટ્રોફી અને વિજેતા ટીમના મેડલ્સ લઈને હોટેલ નીકળી ગયાની માહિતી મળી. પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ આ મામલે હાર બાદ કહ્યું કે, ભારતે જે અમારૂં સાથે કર્યું તે અયોગ્ય હતું. તેણે મોહમ્મદ નકવીના હાથે ટ્રોફી ન સ્વીકારી અમારૂં નહીં પણ ક્રિકેટનું જ અપમાન કર્યું છે. જો અન્ય ટીમો પણ આવું કરશે તો આ ક્યાં જઈને અટકશે ? મોહમ્મદ નકવી એસીસીના ચેરમેન છે, જો તમે એમના હસ્તે ટ્રોફી નથી લેવા માંગતા તો પછી કોણ આપશે તમને ટ્રોફી ? ક્રિકેટર રોલ મોડેલ હોય છે, બાળકો આવું વર્તન જોઈને શું શીખશે. આ ટુર્નામેન્ટમાં જે કંઈ થયું તે અયોગ્ય હતું. હેન્ડશેક વિવાદ પર સવાલ ઊઠતાં તેમણે કહ્યું કે, આ વિવાદ અંગે તો તમારે ભારતીય ટીમને જ સવાલ કરવા જોઈએ. હવે આ મામલે ચેમ્પિયન ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે જોરદાર પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, 'મને ટ્રોફીની ચિંતા નથી. મારા માટે ટીમના ૧૪ સાથીઓ જ સૌથી મોટી ટ્રોફી છે. મારા મતે હું જ્યારથી ક્રિકેટ રમું છું મેં એવું ક્યારેય નથી જોયું કે કોઈ વિજેતા ટીમને ટ્રોફી એનાયત ન કરાઈ હોય અને તેને વંચિત કરી દેવામાં આવી. મારો મતલબ એ છે કે, અમે ઘણી મહેનત કરી હતી. અમે ટ્રોફી સરળતાથી નહોતા જીત્યા.' ભારતીય કેપ્ટને હસતા મોઢે કહ્યું કે, 'અમે ૪ સપ્ટેમ્બરથી અહીં દુબઈમાં છીએ. અમે આજે શાનદાર રમ્યા. સતત બે દિવસમાં બે મેચમાં જોરદાર પરફોર્મ કર્યું. મને લાગે છે કે, અમે ટ્રોફીના હકદાર હતા. બસ હું વધારે નથી કહેવા માંગતો. મને લાગે છે કે, મેં સારી રીતે મારી ભાવના વ્યક્ત કરી દીધી છે. જો તમે મને ટ્રોફી વિશે પૂછશો તો હું એટલું જ કહીશ કે મારી ટ્રોફી તો મારા ડ્રેસિંગ રૂમમાં છે. મારા તમામ ૧૪ સાથી ખેલાડી, સંપૂર્ણ સ્ટાફ જ મારી અસલ ટ્રોફી છે.'

# કરૂર નાસભાગ : ૩ વરિષ્ઠ TVK નેતાઓ સામે કેસ નોંધાયો વિજય મોડા આવતા ભીડ બેકાબૂ બની હોવાનો FIRમાં ખુલાસો

### સરકારે વિજયની પાર્ટી TVKના બીજા અને ત્રીજા સ્તરના કાર્યકરો સામે ફોજદારી કેસ ખોલ્યા છે, પરંતુ સુપરસ્ટારનું નામ બાકાત રાખ્યું છે

(એજન્સી) તા.૨૯

કરૂરમાં અભિનેતા-રાજકારણી વિજયની રેલીમાં થયેલી ભાગદોડ બાદ, તમિલનાડુ સરકારે ખૂબ જ સાવધાની સાથે આગળ વધ્યું છે. તેણે વિજયની નવી પાર્ટી, તમિલગા વેટ્રી કઝગમ (TVK)ના બીજા અને ત્રીજા સ્તરના કાર્યકરો સામે ફોજદારી કેસ ખોલ્યા છે, પરંતુ સુપરસ્ટારનું નામ લેવાનું બંધ કર્યું છે.

ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાદાપૂર્વકનો સંયમ રાજકીય ગણતરીઓમાં મૂળ ધરાવે છે. વિજય સામે કોઈપણ તાત્કાલિક કાર્યવાહી ચાહે તે ધરપકડ, પૂછપરછ, FIRમાં ઉલ્લેખ પણ હોય તે રાજ્યના સૌથી વધુ પૈસા કમાતા ફિલ્મ સ્ટાર માટે સહાનુભૂતિનું મોજું ફેલાવવાનું જોખમ લઈ શકે છે અને શાસક DMK રાજકીય હરીફને નિશાન બનાવી રહી છે તે વાર્તામાં સીધી ભૂમિકા ભજવી શકે છે.

તેના બદલે, રાજ્યએ ભાગદોડના કારણોની તપાસ માટે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અરુણા જગદીસનના નેતૃત્વમાં એક મહિલા કમિશનની સ્થાપના કરી છે. સરકાર સોમવારે મદ્રાસ હાઈકોર્ટ દ્વારા સુઓમોટુ કાર્યવાહી શરૂ કરવાની શક્યતા માટે પણ તૈયારી કરી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'સરકાર ઉતાવળમાં લેવાયેલા કોઈપણ કઠોર પગલાને ટાળવા માંગે છે', 'સમિતિ અથવા ન્યાયતંત્રને પહેલો ધક્કો આપવા દો. વિજયની છાવણી કાવતરાનો સંકેત આપી રહી છે અને અરજદારો, કેટલાક ભાજપ સાથે જોડાયેલા છે, આવી તપાસ



માટે દબાણ કરી રહ્યા છે, તે સાથે હવે સીબીઆઈ તપાસ થવાની સંભાવના. શનિવારે રાત્રે, કરૂર ટાઉન પોલીસે ટીવીકેના કરૂર પશ્ચિમ જિલ્લા સચિવ, વી પી મથિયાઝગન, પર ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની અનેક જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કર્યો હતો, જેમાં વેલુસામીપુરમ-કરૂરના તે વિસ્તાર જ્યાં રેલી યોજાઈ હતી ત્યાં પ્રચારના ધોરણોનું ઉલ્લંઘન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રવિવાર સુધીમાં, કેસને વિસ્તૃત કરીને પાર્ટીના રાજ્ય મહાસચિવ એન આનંદ ઉર્ફે 'બસી' આનંદ અને સંયુક્ત મહાસચિવ સીટીઆર નિર્મલ કુમારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

FIRમાં દાખલ કરાયેલી BNS કલમો, જેમાં હત્યા ન ગણાતા ગુનાહિત હત્યા (૧૦૯)થી લઈને જીવનને જોખમમાં મૂકતા કૃત્યો (૧૨૫બી) અને આદેશોનું ઉલ્લંઘન (૨૨૩) અને તમિલનાડુ મિલકત (નુકસાન અને નુકસાન નિવારણ) અધિનિયમનો સમાવેશ થાય છે જે ગંભીર કલમો છે. પરંતુ FIRમાં વિજયનું જ નહીં પરંતુ તેમના નવા નજીકના સહયોગી, જનરલ સેક્રેટરી (ચૂંટણી) આધવ અર્જુનનું નામ પણ સ્પષ્ટપણે ગેરહાજર હતું, જે લોટરી બેરોન સેન્ટિયાગો માર્ટિનના જમાઈ પણ છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, તપાસ ચાલુ છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'TVKના અન્ય પદાધિકારીઓને સામેલ કરવા માટે FIRનો વિસ્તાર સંગઠનાત્મક ખામીઓના પુરાવા પર આધારિત છે'.

**DMKની સાવધાની**

DMK સરકારની સાવધાની તેના જાહેર મુદ્રામાં દેખાઈ રહી હતી. મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન, જેઓ રવિવારે વહેલી સવારે કરૂર જઈને પીડિતોના પરિવારોને મળવા ગયા હતા, તેમણે તેમની ટિપ્પણીઓને શોક અને પ્રક્રિયા સુધી મર્યાદિત રાખી હતી. વિજયની ધરપકડ કરવામાં આવશે કે કેમ તે અંગે સીધું પૂછવામાં આવતા, સ્ટાલિને જવાબ આપ્યો કે તેઓ 'રાજકીય હેતુઓ' ધરાવતા પ્રશ્નોના જવાબ આપશે નહીં અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કાર્યવાહી જસ્ટિસ જગદીશનની તપાસ પછી થશે. નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને સમાન ટિપ્પણી કરી કહ્યું કે, 'બધા નેતાઓને પ્રચાર કરવાનો અધિકાર છે' અને પક્ષોને ભીડની સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, જવાબદારી આખરે આયોજકો અને બીજા સ્તરના નેતાઓની છે.

રવિવારે સવારે, બંધ દરવાજા પાછળ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે, તર્ક સ્પષ્ટ છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, 'બોલ્ડ કોલ લેનારા સ્વર્ગસ્થ જયલલિતાથી વિપરીત, સ્ટાલિન મોટા પાયે લોકપ્રિયતા ધરાવતા ફિલ્મસ્ટારની ધરપકડ કરવાનું જોખમ લેતા પહેલા ૧૦૦ વાર વિચારશે. તે બૂમરેંગ થઈ શકે છે. કોર્ટ અથવા કમિશનને કવર પૂરૂં પાડવા દેવાનું વધુ સારૂં છે'. આ દરમિયાન, TVK પ્રોજેક્ટ નિયંત્રણ માટે સંઘર્ષ કરી રહ્યું છે. શનિવાર રાતથી તેનું કરૂર જિલ્લા કાર્યાલય બંધ છે. રવિવારે કરૂર મેડિકલ કોલેજમાં TVKના કોઈ નેતા હાજર નહોતા. સ્થાનિક અને રાજ્યના અધિકારીઓના ફોનનો જવાબ મળ્યો ન હતો. મૃતકોમાંથી કોઈ TVK કાર્યકર્તા નહોતા-મોટાભાગના સામાન્ય ચાહકો હતા. ૪૦ પીડિતોમાંથી ૧૦ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના હતા, નવ ૪૦થી ૬૦ વર્ષની વય જૂથના હતા અને બાકીના ૧૮-૪૦ વર્ષની વય જૂથના હતા.

**વિજયે વળતરની જાહેરાત કરી**

રવિવારે, વિજયે એક નિવેદન બહાર પાડીને આ દુર્ઘટનાને 'ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન' ગણાવ્યું અને મૃતકોના પરિવારજનો માટે ૨૦ લાખ રૂપિયા અને ઘાયલો માટે ૨ લાખ રૂપિયાનું વળતર જાહેર કર્યું. તેમણે કહ્યું, 'આટલા નુકસાનને ધ્યાનમાં રાખીને આ રકમ નોંધપાત્ર નથી'. 'પરંતુ તમારા પરિવારના સભ્ય તરીકે તમારી પડખે ઊભા રહેવું એ મારી ફરજ છે.' છતાં, ભાગદોડ પછી કરૂરમાં તેમની ગેરહાજરીની ટીકા થઈ છે. શનિવારે રાત્રે ઘટના પછી તેઓ શહેર છોડીને ગયા, ચેન્નાઈ પાછા ફરવા માટે મોડી રાતની ફ્લાઈટ પકડવા માટે ત્રિચીમાં રોકાયા. તેમણે કેમેરા ટાળ્યા અને મીડિયાને મળ્યા નહીં. રાજ્ય સરકારે વિજયના ચેન્નાઈમાં દરિયા કિનારે આવેલા નિવાસસ્થાનની આસપાસ સુરક્ષા કડક કરી દીધી છે, પરંતુ કાનૂની લડાઈ શરૂ થઈ ગઈ છે. ટીવીકેના હિમાયતીઓએ મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ એમ. ધંડાપાણીનો સંપર્ક કર્યો અને ભાગદોડની તપાસ સીબીઆઈ અથવા વિશેષ તપાસ ટીમ દ્વારા કરાવવાની વિનંતી કરી. તેઓએ કોર્ટને પણ વિનંતી કરી કે સુઓમોટુ કાર્યવાહી શરૂ કરો. ન્યાયાધીશ ધંડાપાણીએ તેમને મદુરાઈ બેન્ચ સમક્ષ અરજી દાખલ કરવાની સલાહ આપી. અલગ રીતે, ન્યાયાધીશ એન સેન્થિલકુમારે રવિવારે સાંજે ૪.૩૦ વાગ્યે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટીવીકેના જાહેર મેળાવડા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી તાત્કાલિક અરજી પર સુનાવણી કરવાની હતી. હાઈકોર્ટે પાછળથી સ્પષ્ટતા કરી કે તેણે એક સૂચિબદ્ધ સુનાવણી રદ કરી દીધી છે કારણ કે ફાઈલિંગ પહેલાથી જ પેન્ડિંગ કેસમાં એક વાંધાજનક અરજી હતી. તપાસ કમિશન અને સક્રિય કોર્ટ અરજીઓના સંયોજનનો અર્થ એ છે કે, વિજયનું રાજકીય અને કાનૂની ભવિષ્ય આગામી દિવસોમાં સંસ્થાકીય પ્રક્રિયાઓ કરતાં તાત્કાલિક પોલીસ કાર્યવાહી પર ઓછું નિર્ભર રહેશે. ડીએમકે માટે, ગણતરી સ્પષ્ટ છે. વિજય એક ચાહક વર્ગને નિયંત્રિત કરે છે જે લાંબા સમયથી તમિલનાડુમાં રાજકીય શક્તિમાં ઝાંખો પડી ગયો છે, જ્યાં એમજી રામચંદ્રનથી લઈને જયલલિતા સુધીના સ્ટાર્સે સિનેમાની ખ્યાતિને ચૂંટણી શક્તિમાં ઉપયોગમાં લીધી હતી.

CELEBRATING EXCELLENCE 35 years GT

### ક્યા બાત હૈ ?!

ગમે એટલા પ્રયત્નો કર, તું એમની નકલ નહીં કરી શકે !




- જામી

### અન્ય દેશો ધંધો 'ચોરી' જતા હોવાનું જણાવી

## ટ્રમ્પે અમેરિકામાં ન બની હોય એવી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદ્યો

(એજન્સી) તા.૨૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ (આયાત જકાત) લાદવાની જાહેરાત કરી છે. સોમવારે તેમના 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં ટ્રમ્પે જાહેર કર્યું કે યુએસ દેશની બહાર નિર્મિત તમામ ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરશે. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું: 'અમારો મૂવી બનાવવાનો વ્યવસાય અન્ય દેશો દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા પાસેથી છીનવી લેવામાં આવ્યો છે, જેમ કે 'બાળક પાસેથી કેન્ડી ચોરી લેવી.' કેલિફોર્નિયા, તેના નબળા અને અયોગ્ય ગવર્નરને કારણે, ખાસ કરીને સખત રીતે પ્રભાવિત થયું છે. તેથી આ લાંબા સમયથી ચાલી આવતી, ક્યારેય ન સમાપ્ત થતી સમસ્યાને હલ કરવા માટે, હું યુનાઈટેડ સ્ટેટ્સની બહાર બનેલી કોઈ પણ અને તમામ મૂવીઝ પર ૧૦૦ ટકા ટેરિફ લાદીશ. આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર.' વિદેશમાં બનેલી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત મે મહિનામાં તેમના દ્વારા આપવામાં આવેલા આવા જ નિવેદનને પુનરાવર્તિત કરે છે. તે સમયે તેમણે વિદેશી ફિલ્મ નિર્માણને અમેરિકન ફિલ્મ ઉદ્યોગ માટે 'રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ' ગણાવ્યું હતું અને દલીલ કરી હતી કે, તે ફિલ્મ નિર્માતાઓને વિદેશમાં આકર્ષે છે અને દેશમાં 'સંદેશા અને પ્રચાર' દાખલ કરે છે.

## ઉત્તરપ્રદેશમાં ઓનર કિલિંગના શંકાસ્પદ કેસમાં પિતા અને સગીર ભાઈએ ૧૭ વર્ષની સગીરની ગોળી મારીને હત્યા કરી

ઉત્તરપ્રદેશના શામલી જિલ્લામાં એક ૧૭ વર્ષની છોકરીને તેના પિતા અને સગીર ભાઈએ કથિત રીતે ગોળી મારીને હત્યા કરી નાખી. આ મામલો ઓનર કિલિંગનો છે, એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ એનપી સિંહે પત્રકારોને જણાવ્યું કે, આ ઘટના રવિવાર સાંજે કાંધલા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઓબેહટા ગામમાં બની હતી. સિંહે જણાવ્યું કે, પીડિતા, મુસ્કાન તરીકે ઓળખાય છે, જે ૧૨મા ધોરણની વિદ્યાર્થી છે, કથિત રીતે તેના પિતા ઝુલ્ફામ અને તેના ૧૫ વર્ષીય ભાઈ દ્વારા તેમના ઘરના ઉપરના માળે લઈ ગયા હતા, જ્યાં તેણીને પિસ્તોલથી ગોળી મારી દેવામાં આવી હતી. એસપીએ જણાવ્યું કે, ઝુલ્ફામ અને તેના સગીર પુત્ર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. બંનેની ધરપકડ કરવામાં આવી છે અને ગુનામાં વપરાયેલ હથિયાર મળી આવ્યું છે.

## કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતેએ નેતાઓ પર આરોપ લગાવ્યો, કરૂર ભાગદોડના પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત

કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનાતે શનિવારે તમિલનાડુમાં કરૂર નાસભાગમાં ૩૯ લોકોના મોત પર શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, 'નેતાઓ ચોક્કસપણે જવાબદાર છે.' શ્રીનાતે જણાવ્યું કે, 'જે બન્યું તેનાથી હું ખૂબ જ દુઃખી છું. એટલી મોટી નાસભાગ મચી કે જેમાં ૩૯થી વધુ લોકોના મૃત્યુ પામ્યા અને ઘણા ઘાયલ થયા. આ દુર્ઘટનામાં દુઃખી થયેલા તમામ પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. જ્યાં સુધી નાસભાગની વાત છે, ત્યાં સુધી નેતાઓ ચોક્કસપણે જવાબદાર છે. પરંતુ આજે સવાલો અને જવાબોનો સમય નથી, પરંતુ પરિવારોની સાથે ઊભા રહેવાનો છે.' શનિવાર, વિજયની રેલીમાં મોટી ભીડ કથિત રીતે બેકાબૂ બની હતી, જેના કારણે અરાજકતા સર્જાઈ હતી. કેટલાય લોકો બેભાન થઈ ગયા અને તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. સૂત્રોએ જણાવ્યું કે, ઘટના સ્થળ પર વધુ ભીડ હોવાને કારણે આ અકસ્માત થયો હતો.

## દિલ્હી પોલીસે મહિપાલપુરમાં બે ગેરકાયદેસર બાંગ્લાદેશી સ્થળાંતરકારોની અટકાયત કરી, દેશનિકાલની પ્રક્રિયા ચાલુ

પોલીસે સોમવારે જણાવ્યું કે, દક્ષિણ પશ્ચિમ જિલ્લાના ઓપરેશન સેલની એક ટીમે બે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓની અટકાયત કરી છે જેઓ છેલ્લા બે વર્ષથી માન્ય વિઝા દસ્તાવેજો વિના ભારતમાં રહેતા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, વિદેશી ક્ષેત્રીય નોંધણી કાર્યાલય (FRRO), દિલ્હીની મદદથી દેશનિકાલ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પોલીસે અટકાયતમાં લેવાયેલા લોકોની ઓળખ બાંગ્લાદેશના તાંગેલ જિલ્લાના સખીપુરના રહેવાસી મોહમ્મદ અબ્દુલાઝીઝ મિયાં (૪૬) અને બાંગ્લાદેશના ગાઝીપુર જિલ્લાના કાલીગંજના રહેવાસી મોહમ્મદ રફીકુલ ઈસ્લામ (૨૯) તરીકે કરી છે. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું કે, 'તે દરમિયાન, મહિપાલપુર વિસ્તારમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટની હાજરી વિશે એક સૂચના મળી. ઝડપથી કાર્યવાહી કરીને, ટીમ સ્થળ પર પહોંચી અને એક બાતમીદારની મદદથી, બે શંકાસ્પદોની ઓળખ કરી અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી. જ્યારે માન્ય વિઝા અને બે પ્રવાસી દસ્તાવેજો કે જેઓ ભારતમાં પ્રવેશી શકે તેમ નહોતા તેવા દસ્તાવેજો રજૂ કર્યા હતા, ત્યારે તેઓ માન્ય હતા. બે વર્ષ પહેલા પરંતુ તેમના વિઝાની મુદત પૂરી થયા બાદ તેઓ અહીં રોકાયા હતા.'

## કાર્યકરોએ સોનમ વાંગચુકની બિનશરતી મુક્તિની માંગ કરી, ૨૪ સપ્ટેમ્બરના રોજ થયેલી હિંસાની ન્યાયિક તપાસની માંગ કરી

નવી દિલ્હી: કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA)એ સોમવાર, ૨૯ સપ્ટેમ્બરે લેહમાં ૨૪ સપ્ટેમ્બરની હિંસા બાદ અટકાયતમાં લેવાયેલા કાર્યકર્તા સોનમ વાંગચુક અને અન્ય લોકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માંગ કરી છે. તેણે કેન્દ્રને ચેતવણી આપી કે લદાખને રાજ્યનો દરજ્જો આપવામાં અને અન્ય મુખ્ય માગણીઓ પૂરી કરવામાં તેની નિષ્ફળતા હિમાલય પ્રદેશના લોકોને 'વિમુખ' કરી રહી છે. KDA જે લેહ સર્વોચ્ચ સંસ્થા સાથે લદાખ માટે રાજ્યનો દરજ્જો અને અન્ય બંધારણીય સુરક્ષા માટે ચળવળનું નેતૃત્વ કરી રહી છે, જણાવ્યું કે, ગયા અઠવાડિયે લેહમાં થયેલી હિંસા માટે કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન સીધું જવાબદાર છે, જેમાં ચાર લોકો મૃત્યુ પામ્યા હતા અને સુરક્ષા કર્મચારીઓ સહિત ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા KDA સભ્ય સજ્જાદ કારગીલીએ વાંગચુકની બિનશરતી મુક્તિની માંગ કરી છે - જેમને ૨૬ સપ્ટેમ્બરના રોજ કડક રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને જોધપુર જેલમાં બંધ હતા - તેમજ લેહમાં અટકાયત કરાયેલ અન્ય યુવા નેતાઓ. પત્રકાર પરિષદને સંબોધિત કરનારાઓમાં જોશીમઠ બચાવો સંઘર્ષ સમિતિના અતુલ સતી, હિમધારા કલેક્ટિવના માનસી આશર અને ક્લાઈમેટ ફ્રન્ટ જમ્મુના અનમોલ ઓહરીનો સમાવેશ થાય છે.

## તમિલનાડુ: કરૂર ભાગદોડની તપાસ માટે NDAએ ૮ સભ્યોની ટીમની રચના કરી; હેમા માલિની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી, તા.૨૯: ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાએ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA)ના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ બનાવ્યું છે જે તમિલનાડુના કરૂરની મુલાકાત લેશે અને ભાગદોડની પરિસ્થિતિઓની તપાસ કરશે જેમાં ૪૧ લોકોના મોત થયા હતા અને રિપોર્ટ રજૂ કરશે. ભાજપ સામાન્ય રીતે પોતાના નેતાઓને દુઃખદ ઘટનાઓના સ્થળોએ તપાસ માટે મોકલે છે પરંતુ આ વખતે, પાર્ટીએ આઠ સભ્યોની સમિતિમાં તેના સાથી પક્ષો - શિવસેના અને તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના સાંસદોનો સમાવેશ કર્યો છે, જે સ્પષ્ટપણે તેના ભાગીદારોને મહત્વ આપે છે તે અંગે સંદેશ આપે છે. મથુરાના ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ અને તમિલ અભિનેત્રી હેમા માલિની, પ્રતિનિધિમંડળના સંયોજક છે, અને તેના સભ્યોમાં શિવસેનાના શ્રીકાંત શિંદે અને TDPના પુટ્ટા મહેશ કુમારનો સમાવેશ થાય છે. અન્ય સભ્યોમાં અનુરાગ ઠાકુર, તેજસ્વી સૂર્યા, પૂર્વ આઈપીએસ અધિકારી બ્રિજ લાલ, અપરાજિતા સારંગી અને રેખા શર્માનો સમાવેશ થાય છે, જે બધા ભાજપના છે. એક્ટર ટીવીકેના વડા વિજયની રેલીમાં શનિવારે થયેલી ભાગદોડમાં મૃત્યુઆંક ૪૧ થયો છે, જેમાં ૬૦ વર્ષીય મહિલાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. કરૂર સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ઈજાઓથી પીડિતાનું મોત નીપજ્યું હતું, જેના કારણે પીડિતોમાં મહિલાઓની સંખ્યા ૧૮ થઈ ગઈ છે. મૃતકોમાં દસ બાળકો અને ૧૩ પુરુષો પણ હતા.

## દુબઈથી પાછા ફર્યા બાદ, બેંગ્લુરૂમાં એક પુરુષે પત્નીની હત્યા કરી

દુબઈમાં નોકરી પરથી પાછા ફર્યા બાદ, રવિવારે બેંગ્લુરૂમાં એક વ્યક્તિએ તેની પત્નીની હત્યા કરી અને પછી આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો. ૩૦ વર્ષીય ધર્મશીલમ દુબઈમાં મિસ્ત્રીનું કામ કરતો હતો, જ્યારે તેની ૨૭ વર્ષીય પત્ની મંજુ બેંગ્લુરૂની એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી. આ દંપતીએ સપ્ટેમ્બર ૨૦૨૨માં લગ્ન કર્યા હતા અને તેમને કોઈ સંતાન નહોતું. તેઓ મહિલાના પિતા પેરિયાસ્વામી સાથે ભાડાના મકાનમાં રહેતા હતા. રવિવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ પેરિયાસ્વામીએ દંપતીના મૃતદેહ મળ્યા. જ્યારે મંજુ છરાના ઘા સાથે બેડ પર સૂતી હતી, ત્યારે ધર્મશીલમ નાયલોનની દોરડાથી છતના પંખા પર લટકતો હતો.

## નોઈડામાં ઊંચી ઈમારત પરથી કૂદીને ૨૯ વર્ષીય તાલીમાર્થી ડોક્ટરનું મોત

પોલીસે જણાવ્યું હતું કે સોમવારે નોઈડા એક્સ્ટેન્શનમાં એક ઊંચી ઈમારતના ૨૧મા માળેથી કૂદીને ૨૯ વર્ષીય તાલીમાર્થી ડૉક્ટરે આત્મહત્યા કરી લીધી હતી. શિવા તરીકે ઓળખાતો આ વ્યક્તિ તેના માતાપિતા સાથે ગૌર સિટી ૨માં તેની બહેનના ઘરે રહી રહ્યો હતો. એડિશનલ ડીસીપી (સેન્ટ્રલ નોઈડા) શૈવ્યા ગોયલના જણાવ્યા અનુસાર, શિવા બાલ્કનીમાં ગયો અને ૧૪મા એવેન્યુ ખાતેની ઈમારતના ૨૧મા માળેથી કૂદી પડ્યો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. બિસરખ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવેલા ગૌર સિટી ૨ના ૧૪મા એવેન્યુ ખાતે, શિવા તરીકે ઓળખાતા આ વ્યક્તિએ ૨૧મા માળેથી કૂદીને આત્મહત્યા કરી. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો,'' ગોયલે જણાવ્યું. શિવા મથુરાનો રહેવાસી હતો અને ૨૦૧૫થી દિલ્હીની એક ખાનગી કોલેજમાંથી MBBS ડિગ્રી મેળવી રહ્યો હતો. જો કે, ૨૦૨૦માં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિકસ્યા બાદ તેમને તેમની તબીબી તાલીમ સ્થગિત કરવી પડી હતી. આ સમસ્યાઓના કારણે તેમને નોંધપાત્ર તકલીફ અને હતાશા થઈ હતી.

## ગેમિંગમાં હારી ગયા પછી નોઈડામાં ૨૦ લાખ રૂપિયા મેળવવા માટે એક શખ્સે નકલી અપહરણનું ષડયંત્ર રચ્યું-આ રીતે તેણે આ નાટક કર્યું

ઓનલાઈન ગેમ રમતી વખતે ૪.૭૦ લાખ રૂપિયા ગુમાવ્યા પછી એક વ્યક્તિએ તેના પરિવાર પાસેથી ૨૦ લાખ રૂપિયા પડાવવા માટે પોતાનું અપહરણનું ષડયંત્ર રચ્યું, નોઈડા પોલીસે જણાવ્યું. ૨૨ વર્ષીય આશારામ કુમાર શનિવારે સોલનના ઔદ્યોગિક વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યો અને મળી આવ્યો. તે 'રંગ આગાહી ગેમ' ઓનલાઈન રમવા માટે સ્ટોક્સના બહાને લોકો પાસેથી પૈસા ઉછીના લેતો હતો. HTના અહેવાલ મુજબ, તે દેવા ચૂકવવા માટે, તેણે તેના માતાપિતા પાસેથી પૈસા મેળવવા માટે તેનું અપહરણનું ષડયંત્ર રચ્યું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીએ ૧૭ સપ્ટેમ્બરના રોજ નોઈડા, ફેઝ ૨ માં એક સંબંધીના ઘરનો ઉપયોગ કરતી વખતે તેનું અપહરણ કર્યું હતું.

**તેણે તેનું અપહરણ કેવી રીતે કર્યું?** : કુમારના ભાઈ દ્વારા દાખલ કરાયેલી FIR મુજબ, આશારામ ૧૩ સપ્ટેમ્બરના રોજ નોઈડામાં તેના સાળાના ઘરે ગયો હતો અને ત્યાંથી પાછો ફર્યો ન હતો. 'ચાર દિવસ રોકાયા પછી, ૧૭ સપ્ટેમ્બરના રોજ, જ્યારે તે અમારા વતન પરત ફરી રહ્યો હતો, ત્યારે તે ગુમ થઈ ગયો, અને મને મારા ભાઈના વોટ્સએપ પરથી ધમકીભર્યો સંદેશ મળ્યો, જેમાં તેનું અપહરણ કરવામાં આવ્યું હોવાથી રૂ.૨૦ લાખની ખંડણીની માંગણી કરવામાં આવી હતી,' HT અનુસાર, FIRમાં લખ્યું છે. પછી પરિવાર કાસગંજ પોલીસ સ્ટેશન ગયો, પરંતુ નોઈડા પોલીસમાં ફરિયાદ નોંધાવવાની સલાહ આપવામાં આવી, કારણ કે તે તે અધિકારક્ષેત્રમાંથી ગુમ થયો હતો. બાદમાં, ફેઝ ૨ પોલીસે ગુમ વ્યક્તિની ફરિયાદ નોંધી અને કુમારને શોધવા માટે ટીમો બનાવી. ૨૧ સપ્ટેમ્બરના રોજ, કુમારના ભાઈને તેનું મોં બંધ અને હાથપગ બાંધેલા ફોટા મળ્યા. 'શંકાસ્પદ વ્યક્તિની કાર્યપદ્ધતિ અને ડિજિટલ પુરાવાઓના કારણે, ઘટનાએ શંકા ઉભી કરી,' HT દ્વારા ટાંકવામાં આવેલા એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું.

# ૨૦ વર્ષ, ૧૦૦ કરોડ રૂપિયા, ૧૩ હુંડીઓ : બાલાજી મંદિરનો એક નિમ્ન કક્ષાનો કારકુન કરોડપતિ કેવી રીતે બન્યો. ના, આ આશીર્વાદ ન હતા

## તિરૂપતિ કારકુન રવિ કુમારે ૨૦ વર્ષમાં ગુપ્ત રીતે મંદિરના દાનમાંથી કરોડોની ચોરી કરી, ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની મિલકતો એકઠી કરી, લોક અદાલતમાં વિવાદાસ્પદ રીતે ઉકેલાયેલો આ કેસ હવે આંધ્રપ્રદેશ હાઈકોર્ટ દ્વારા ફરીથી ખોલવામાં આવ્યો છે

(એજન્સી) તિરૂપતિ, તા.૨૯

દાયકાઓથી, તિરૂમાલા વેંકટેશ્વર મંદિરના ધમધમતા કોરિડોરમાં એક રહસ્ય જોવા મળ્યું હતું જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. દરરોજ ૯૦,૦૦૦થી ૧ લાખ ભક્તો મંદિરની મુલાકાત લે છે, દાન માટે મૂકવામાં આવેલા પવિત્ર પાત્ર-શ્રીવરી હુંડી-માં રૂપિયા, ડોલર, સોનું, ઘરેણાં અને મોબાઈલ ફોન પણ ચઢાવે છે. મોટાભાગના ભક્તોને જે ખબર નહોતી તે એ હતી કે મંદિરના નિમ્ન કક્ષાના કારકુન, રવિ કુમાર, ૨૦ વર્ષથી વધુ સમયથી આ દાનમાંથી કરોડોની ચોરી કરી રહ્યા હતા.



**એક સામાન્ય કારકુનનું જીવન-એક અસાધારણ રહસ્ય સાથે**

મીડિયાના અહેવાલ મુજબ, રવિ કુમાર ૨૦ વર્ષની શરૂઆતમાં પેડા જિયાનગર મઠમાં જોડાયા હતા, એક યુવાન વ્યક્તિને મંદિરના સૌથી સંવેદનશીલ કાર્યોમાંના એકનું નિરીક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી: દાનની ગિનતી ગણતરી, જે રૂ.૪ કરોડથી રૂ.૧૮ કરોડની વચ્ચે હતી. ત્રણ દાયકાથી વધુ સમય સુધી, તેઓ એક મહેનતુ, નિયમિત કર્મચારી તરીકે ઓળખાતા હતા-૨૯ એપ્રિલ, ૨૦૨૩ સુધી, જ્યારે તેમનો દાયકાઓ જૂનો મુખવટો ઉતરી ગયો. CCTV ફૂટેજ પર નજર રાખતા એક સુરક્ષા ગાર્ડે રવિ કુમારને નવા સ્થાનાંતરિત ૨૨,૦૦૦ ચોરસ ફૂટ પરકામણી સંકુલ, જેમાં ૧૦૮ કેમેરા હેઠળ મંદિરના દાનનો સમાવેશ થાય છે, ત્યાં વિચિત્ર વર્તન કરતા જોયા. સ્ટ્રીપ સર્ચમાં તેમણે છુપાવેલ ૧૦૦ અમેરિકી ડોલરની નોટો મળી આવી. આ એક વખતની ભૂલ હોવાનો દાવો કરવાને બદલે, રવિ કુમારે એવું કહીને અધિકારીઓને આશ્ચર્યચકિત કરી દીધા કે તે ૨૦ વર્ષથી વધુ સમયથી મંદિરમાંથી ચોરી કરી રહ્યો છે.

**રોકડથી કરોડો સુધી-છુપાયેલ સંપત્તિ**

ચોરીના પૈસાનો ઉપયોગ કરીને, રવિ કુમારે તિરૂપતિ, ચેન્નાઈ અને હૈદરાબાદમાં અનેક મિલકતો ખરીદી. મૂળ રૂપે ૧૪ કરોડ રૂપિયામાં ખરીદેલી આ મિલકતોની કિંમત ૨૦૨૩ સુધીમાં લગભગ ૧૪૦ કરોડ રૂપિયા થઈ ગઈ. અસાધારણ કબૂલાત છતાં, કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો. ૯ મે, ૨૦૨૩ના રોજ, રવિ કુમાર અને તેમની પત્નીએ તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD)ને સાત મિલકતો (તિરૂપતિમાં પાંચ, ચેન્નાઈમાં બે) દાનમાં આપી અને દાવો કર્યો કે તે ભક્તિનું કાર્ય હતું. TTDના ચેરમેન વાય.વી. સુબ્બા રેડ્ડીએ દાનને મંજૂરી આપી. ૩૦ મે સુધીમાં, તિરૂમાલા પોલીસે ચાર્જશીટ દાખલ કરી, પરંતુ થોડા મહિનાઓ પછી, ૯ સપ્ટેમ્બરના રોજ, રવિ કુમાર અને ફરિયાદી એવા TTDના સહાયક વિજિલન્સ અધિકારી વાય. સતીશ કુમારે સમાધાન માટે લોક અદાલતનો સંપર્ક કર્યો. કેસનો નિકાલ કરવામાં આવ્યો અને રવિ કુમારને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા, તેમણે ક્યારેય જેલમાં એક પણ રાત વિતાવી નહીં.

**રાજકીય વળાંક**

૨૦૨૪માં, જ્યારે ચંદ્રાબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટીએ આંધ્રપ્રદેશની સરકાર સંભાળી, ત્યારે તપાસ વધુ તીવ્ર બની. મંદિરમાં ગેરરીતિના આરોપો, જેમાં ભેળસેળયુક્ત તિરૂપતિ લાડુના દાવાઓનો સમાવેશ થાય છે, તેના કારણે આંતરિક વિજિલન્સ તપાસ શરૂ થઈ. સતીષ કુમારે પાછળથી દાવો કર્યો કે તેઓ પોલીસના 'ભારે દબાણ' હેઠળ સમાધાન માટે સંમત થયા હતા. તિરૂપતિના પત્રકાર એમ. શ્રીનિવાસ રાવે લોક અદાલતના નિર્ણયને પડકારતી આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ, હાઈકોર્ટે આદેશને રદ કર્યો, CIDને તમામ કેસ રેકોર્ડ જપ્ત કરવાનો નિર્દેશ આપ્યો. આગામી સુનાવણી ૧૩ ઓક્ટોબરના રોજ નક્કી કરવામાં આવી છે. YSR કોંગ્રેસ પાર્ટીના શાસન દરમિયાન સેવા આપનારા TTD અધિકારીઓએ માનવતાવાદી આધારોનો ઉલ્લેખ કરીને અગાઉના સમાધાનનો બચાવ કર્યો, દાવો કર્યો કે રવિ કુમારનો પરિવાર આત્મહત્યાની આરે હતો અને મિલકતોનું દાન કરવા માંગતો હતો. TTDના પૂર્વ અધ્યક્ષ ભૂમના કરૂણાકર રેડ્ડીએ પ્રકાશિત કર્યું કે આ સંજોગોમાં ૪૦ કરોડ રૂપિયાની મિલકતનું દાન વાજબી હતું. જો કે, ટીટીડીના વર્તમાન ચેરમેન બીઆર નાયડુ અને ભાજપના બોર્ડ સભ્ય જી ભાનુ પ્રકાશ રેડ્ડીએ આ નિર્ણયની આકરી ટીકા કરી હતી અને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ઊંડાણપૂર્વક તપાસ કેમ કરવામાં આવી નથી અને રવિ કુમાર હજુ પણ સાત વધારાની મિલકતો અને મર્સિડીઝ બેન્ઝ અને વોલ્વો સહિત વૈભવી વાહનોના માલિક છે તે વાત પર ભાર મૂક્યો હતો. ભાનુ પ્રકાશે ઐતિહાસિક ઉદાહરણો યાદ કર્યા : વિજયનગર સામ્રાજ્ય દરમિયાન, મંદિરના દાગીના ચોરી કરતા પકડાયેલા બદમાશોને મૃત્યુદંડની સજા આપવામાં આવતી હતી-જે આધુનિક સમયમાં કેસના સંચાલનથી તદ્દન વિપરીત છે.

**રહસ્ય છુપાવતી હુન્ડી**

રવિ કુમારની વાર્તા તિરૂપતિમાં મોટા પાયે દાનની યાદ અપાવે છે. દરરોજ, ૧૩ હુન્ડી-ક્યારેક દર બે કલાકે એક-સિક્કાથી લઈને વિદેશી ચલણ સુધીના પ્રસાદથી ભરેલી હોય છે. આ દાન ૨૫૦થી વધુ સ્ટાફની ટીમ દ્વારા કાળજીપૂર્વક ગણવામાં આવે છે, વર્ગીકૃત કરવામાં આવે છે અને બેંકોમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. છતાં, આ વિસ્તૃત સિસ્ટમ હોવા છતાં, એક વ્યક્તિ દાયકાઓ સુધી પકડાયા વિના તેનો દુરૂપયોગ કરવામાં સફળ રહ્યો.

## 'ઓપરેશન ક્લોગ ધ ટોઈલેટ' શું છે ? ભારતીય H-1B વિઝા ધારકોને અમેરિકા પાછા ફરતા અટકાવવા માટેની કટ્ટર ઝુંબેશ

### જમણેરી ફોરમ 4chanના વપરાશકર્તાઓએ 'ઓપરેશન ક્લોગ ધ ટોઈલેટ' નામની મજાકમાં ભારતીય H-1B કામદારોને અમેરિકા પાછા ફરતા અટકાવવા માટે ચૂકવણી કર્યા વિના ફ્લાઈટ બુક કરાવી હતી, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B વિઝા પર ૧,૦૦,૦૦૦ ડૉલર ફી લાદવાના નિર્ણયથી ભારતીય કામદારોમાં ઉન્માદ ફેલાયો હતો

(એજન્સી) તા.૨૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B વિઝા પર ૧,૦૦,૦૦૦ ડૉલર ફી લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા પછી ભારતીય H-1B વીઝા ધારકોને જમણેરી ટ્રોલ તરફથી જાતિવાદનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે અમેરિકામાં કામ કરતા ભારતીય કર્મચારીઓમાં ગભરાટ છે. ટ્રમ્પે આદેશ પર હસ્તાક્ષર કર્યાના કલાકો પછી એમેઝોન, માઈક્રોસોફ્ટ અને જે.પી. મોર્ગન સહિતની મોટી ટેક કંપનીઓએ ભારતીય કામદારોને ૨૧ સપ્ટેમ્બરની સમયમર્યાદા પહેલાં પાછા ફરવાનો નિર્દેશ આપ્યા પછી ભારતીય કામદારો અમેરિકા પાછા ફરવા દોડી ગયા હતા. જો કે, જમણેરી ફોરમ 4chanના વપરાશકર્તાઓએ 'ઓપરેશન ક્લોગ ધ ટોઈલેટ' નામની મજાક સાથે ભારતીય કામદારોને યુએસ પાછા ફરતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, વ્હાઈટ હાઉસે પાછળથી સ્પષ્ટતા કરી કે આ ફી હાલના વિઝા ધારકોને લાગુ પડશે નહીં, ફક્ત નવા અરજદારોને જ લાગુ પડશે, પરંતુ રાષ્ટ્રપતિની જાહેરાત પછી નવી દિલ્હીથી ન્યૂયોર્કના જોન એફ કેનેડી એરપોર્ટની ફ્લાઈટ ટિકિટ ૩૭,૦૦૦-૪૦,૦૦૦ રૂપિયાથી બમણી થઈ ગઈ હતી અને અચાનક ૭૦,૦૦૦-૮૦,૦૦૦ રૂપિયામાં વેચાઈ રહી હતી.

**'ઓપરેશન ક્લોગ ધ ટોઈલેટ' શું છે** કુખ્યાત ઈમેજબોર્ડ 4Chan પરના વપરાશકર્તાઓએ ભારતીય H-1B ધારકોને પાછા ફરતા અટકાવવાના પ્રયાસમાં 'ઓપરેશન ક્લોગ ધ ટોઈલેટ' શરૂ કર્યું. ટિકિટના ભાવ વધારવા માટે ખરીદી પૂર્ણ કર્યા વિના વિમાનની સીટો બુક કરાવવાની આ યોજના હતી. વપરાશકર્તાઓએ ભારત-અમેરિકા ફ્લાઈટ રૂટ શોધ્યા, સીટો બુક કરાવી અને ચૂકવણી કર્યા વિના ૧૫ મિનિટ માટે ચેકઆઉટ પેજ ૧૫ મિનિટ માટે ખુલ્લું છોડી દીધું હતું. આ 'સીટ-હોલ્ડિંગ' યુક્તિએ વાસ્તવિક મુસાફરોને બુકિંગ કરવાથી રોક્યા હતા. H-1B સમાચાર પછી ભારતીયો જાગી રહ્યા છે, ફોરમના 'patriots.win' થ્રેડ પર એક પોસ્ટ આવી હતી. 'શું તમે તેમને ભારતમાં રાખવા માંગો છો ? ફ્લાઈટ રિઝર્વેશન સિસ્ટમ બંધ કરો !' આ કામગીરીનો ઉદ્દેશ્ય ભારતીયોને ફીની સમયમર્યાદા પછી યુએસ પાછા આવતા અટકાવવાનો હતો અને ગભરાટ પેદા કરવાનો હતો.

**4chan શું છે ?**

૨૦૦૩માં સ્થાપિત 4chan એક ઈમેજબોર્ડ છે જે લાંબા સમયથી ઈન્ટરનેટ ટ્રોલ, કાવતરા સિદ્ધાંતવાદીઓ અને ઓલ્ટ-રાઈટ સાથે સંકળાયેલું છે, જેના પર વપરાશકર્તાઓ મીમ્સ અને ક્યારેક ગેરકાયદેસર સામગ્રી શેર કરે છે અને તે પણ મોટે ભાગે અનામી રીતે શેર કરે છે. આ પ્લેટફોર્મ વપરાશકર્તાઓને નોંધણી કર્યા વિના અનામી રીતે પોસ્ટ કરવાની મંજૂરી આપે છે, તે વિક્ષેપકારક મજાક અને ઉત્પીડન ઝુંબેશને સરળ બનાવવા માટે પણ કુખ્યાત છે. ભારતીય H-1B કામદારોને લક્ષ્ય બનાવતી નવીનતમ કાર્યવાહીને કારણે ટિકિટના ભાવમાં વધારો થયો અને મુસાફરી યોજનાઓમાં વિક્ષેપ પડ્યો હતો અને અંતે વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જાહેરાત કરી હતી કે, આ નવો નિયમ હાલના H-1B વપરાશકર્તાઓને અસર કરતો નથી.

## કોંગ્રેસના સાંસદ દિગ્વિજય સિંહે ભાજપ પર સાંપ્રદાયિક હિંસા વધારવાનો આરોપ લગાવ્યો, ઈન્દોર માર્કેટમાં મુસ્લિમ કર્મચારીઓના ઉત્પીડનનો ઉલ્લેખ કર્યો

### સિંહ ભાજપના નેતા અને ઈન્દોર-૪ના ધારાસભ્ય માલિની ગૌરના પુત્ર એકલવ્યસિંહ ગૌરનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમણે ઈન્દોરના સૌથી મોટા ગાર્મેન્ટ હબ (લગભગ એક હજાર દુકાનો ધરાવતી સીતલા માતા માર્કેટ)ના દુકાન માલિકોને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં બધા મુસ્લિમ કર્મચારીઓને કાઢી મૂકવા સૂચના આપી હતી

(એજન્સી) ઈન્દોર, તા.૨૯

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ દિગ્વિજય સિંહે શનિવારે આરોપ લગાવ્યો કે, રાજ્યમાં ભાજપ શાસનમાં સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓમાં વધારો થયો છે. તેમણે કહ્યું કે, લઘુમતી સમુદાયના લોકો વહીવટીતંત્ર તરફથી ઉત્પીડન અને પક્ષપાતનો સામનો કરી રહ્યા છે. ઈન્દોરની મુલાકાત દરમિયાન સિંહે દાવો કર્યો હતો કે, સીતલા માતા માર્કેટમાં સેલ્સમેન તરીકે કામ કરતા મુસ્લિમ યુવાનોને તેમની નોકરી છોડવાની ફરજ પાડવામાં આવી રહી છે. કારણ કે, ભાજપના ધારાસભ્યના પુત્રએ આદેશ આપ્યો છે કે, મુસ્લિમોને બજારોમાં નોકરી ન આપવી જોઈએ. આ કેવા પ્રકારનું શાસન છે ? સિંહ ભાજપના નેતા અને ઈન્દોર-૪ના ધારાસભ્ય માલિની ગૌરના પુત્ર અકલવ્યસિંહ ગૌરનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમણે ઈન્દોરના સૌથી મોટા ગાર્મેન્ટ હબ (લગભગ એક હજાર દુકાનો ધરાવતી સીતલા માતા માર્કેટ)ના દુકાન માલિકોને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં બધા મુસ્લિમ કર્મચારીઓને કાઢી મૂકવા સૂચના આપી હતી. બજારમાં ચિંતાની લાગણી છે. મને એ જાણીને આઘાત લાગ્યો કે BJP ધારાસભ્યનો પુત્ર આવા ગેરકાયદેસર આદેશો કરી શકે છે. વિરોધ કરનારા નાગરિકોને કોઈ રક્ષણ મળ્યું નથી અને વહીવટીતંત્રએ કોઈ પગલાં લીધા નથી. તેમણે કહ્યું કે, હું ઈન્દોર પોલીસ કમિશનરને પૂછવા માંગુ છું કે, ધારાસભ્યના પુત્ર સામે કોઈ પગલાં કેમ લેવામાં આવ્યા નથી. નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું વહીવટીતંત્રની ફરજ છે. હું આજે સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત લઈશ અને લેખિત ફરિયાદ નોંધાવીશ. શાસક ભાજપ પર કટાક્ષ કરતા સિંહે કહ્યું, પહેલાં, એક ભાજપના નેતાના પુત્રએ મ્યુનિસિપલ અધિકારીઓ પર શારીરિક હુમલો કર્યો હતો અને હવે બીજા એક ભાજપના ધારાસભ્યનો પુત્ર મુક્તિથી વર્તી રહ્યો છે. વહીવટી પક્ષપાતને કારણે મુસ્લિમોનું મનોબળ ઘટી ગયું છે. અકલવ્યસિંહ ગૌરનો વિવાદાસ્પદ નિર્દેશ સપ્ટેમ્બરની શરૂઆતમાં સીતલા માતા બજાર વ્યાપારી એસોસિએશન સાથેની બેઠક દરમિયાન આપવામાં આવ્યો હોવાનું કહેવાય છે, જ્યાં તેમણે કહેવાતા 'લવ જેહાદ'ના કેસોમાં વધારા માટે આ આદેશને વ્યાજબી ગણાવ્યો હતો. આ બેઠકમાં માર્કેટ એસોસિએશનના પ્રમુખ હેમા પંજવાણી, મહામંત્રી અતુલનીમા અને વોર્ડ કાઉન્સિલરના પતિ રામ બાબુ રાઠોરે હાજરી આપી હતી.

## UAEએ નવા વિઝીટ વીઝા નિયમોની જાહેરાત કરી, ચાર નવી કેટેગરી લોંચ કરી, એન્ટ્રી પરમીટ નિયમોમાં પરિવર્તન કર્યા

(એજન્સી) તા.૨૯

યુનાઈટેડ અરબ એમિરેટ્સ (UAE)એ સોમવાર, ૨૯ સપ્ટેમ્બરના રોજ ફેડરલ ઓથોરિટી ફોર આઈડેન્ટિટી, સિટીઝનશિપ, કસ્ટમ્સ એન્ડ પોર્ટ સિક્યુરિટી (ICP) દ્વારા તેના એન્ટ્રી વિઝા નિયમોમાં નવા સુધારા અને ઉમેરાઓની જાહેરાત કરી છે.

આ સુધારાઓ આર્થિક સ્પર્ધાત્મકતાને મજબૂત કરવા, માનવતાવાદી જરૂરિયાતોને પૂર્ણ કરવા અને બહુવિધ ક્ષેત્રોમાં કુશળ પ્રતિભાને આકર્ષવા માટે રચાયેલા છે.

**યુએસ H-1B નીતિમાં ફેરફારો વચ્ચે UAEની રહેઠાણ પૂછપરછમાં ઉછાળો :**

**મુખ્ય વિઝા અપડેટ્સ :**

**નવા નિયમો હેઠળ, વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિઝા કેટેગરીમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે :**

- **ચાર નવી વિઝિટ વિઝા શ્રેણીઓ :** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મનોરંજન, ઈવેન્ટ્સ, ક્રૂઝ શિપ અને લેઝર બોટના નિષ્ણાતો માટે ચાર નવી વિઝિટ વિઝા કેટેગરીઝ રજૂ કરવામાં આવી છે.
- **માનવતાવાદી રહેઠાણ પરમિટ :** આ પરમિટ એક વર્ષ માટે માન્ય રહેશે અને અમુક શરતો હેઠળ તેને લંબાવી શકાશે.
- **વિદેશી વિધવાઓ અને છૂટાછેડા લીધેલા લોકો માટે રહેઠાણ પરમિટ :** આ પરમિટ એક વર્ષ માટે આપવામાં આવશે, જે વાર્ષિક ધોરણે રિન્યુ કરી શકાશે.
- **મિત્રો અને સંબંધીઓ માટે વિઝિટ વિઝા :** આ વિઝા સ્પોન્સરની આવકના આધારે ત્રીજા ડિગ્રી સુધીના સંબંધીઓને સ્પોન્સરશિપની મંજૂરી આપે છે.
- **બિઝનેસ એક્સપ્લોરેશન વિઝા :** આ વિઝા નાણાકીય સદ્ધરતા ધરાવતા, વિદેશમાં કંપનીની માલિકી ધરાવતા અથવા સાબિત વ્યાવસાયિક પ્રેક્ટિસ ધરાવતા રોકાણકારો અને ઉદ્યોગસાહસિકો માટે છે.
- **ટ્રક ડ્રાઈવર વિઝા :** આ વિઝા માટે સ્પોન્સરની સાથે નાણાકીય અને સ્વાસ્થ્ય ગેરંટી જરૂરી છે.
- **સ્પષ્ટ સમયપત્રક :** દરેક વિઝા પ્રકાર માટે અધિકૃત રોકાણની અવધિ અને એક્સટેન્શનની શરતો સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવી છે.

અરબી દૈનિક અલ ખલીજ અનુસાર ઓથોરિટીના ડાયરેક્ટર જનરલ, મેજર જનરલ સુહૈલ સઈદ અલ ખૈલીએ જણાવ્યું હતું કે, આ ફેરફારો દૂરંદેશી દૃષ્ટિકોણને મૂર્તિમંત કરે છે. તેમણે કહ્યું, 'આ ફેરફારો રહેવાસીઓ અને રોકાણકારોની આકાંક્ષાઓને પૂર્ણ કરે છે, જ્યારે રહેવા, કામ કરવા અને ભવિષ્યનું નિર્માણ કરવા માટેના અગ્રણી સ્થળ તરીકે UAEના સ્થાનને મજબૂત બનાવે છે.'

## 'દેશને મોટા કૌભાંડોથી મુક્ત કરાવ્યો' : દિલ્હી ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી

(એજન્સી) તા.૨૯

સોમવારે દિલ્હી ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકરોને સંબોધન કર્યું. 'ભાજપ અને એનડીએ સરકારે દેશમાં સુશાસનનું એક નવું મોડેલ રજૂ કર્યું છે. અમે વિકાસ અને વારસો બંનેના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ. અમે અમારા નાગરિકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અમે દેશને મોટા કૌભાંડોથી મુક્ત કર્યો છે અને ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં વિશ્વાસ જગાડ્યો છે,' સમાચાર એજન્સી આઈએએનએસે વડાપ્રધાન મોદીને ટાંકીને જણાવ્યું હતું. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા પણ આ પ્રસંગે હાજર હતા. ઉદ્‌ઘાટન પછી, વડાપ્રધાન મોદીએ નવી બનેલી ઈમારતનું પણ નિરીક્ષણ કર્યું. ભાજપનું નવું કાર્યાલય દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર સ્થિત છે. ટેરિફ વિવાદ અને અમેરિકા સાથેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે વડાપ્રધાન મોદીએ કહ્યું, 'વિદેશી ઉત્પાદનો પર આપણી નિર્ભરતા જેટલી ઓછી થશે, તે દેશ માટે તેટલું સારૂં રહેશે.'

ભાજપના દિગ્ગજો અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજને યાદ કરતા તેમણે કહ્યું, 'અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજ જેવા અસંખ્ય નેતાઓએ પોતાનું જીવન પાર્ટીને સમર્પિત કર્યું. દિલ્હી અને ભાજપ વચ્ચેનો સંબંધ કોઈ એક શહેર અને પાર્ટીનો નથી પરંતુ સેવા, સંસ્કૃતિ અને સારા અને ખરાબ સમયમાં ભાગીદાર બનવાનો છે. ભાજપ અહીંના લોકો સાથે જોડાયેલો છે. અમે તેમની દરેક રીતે સેવા કરી છે. જનસંઘના કાર્યકરોએ ભાગલા પછી આવનારાઓને મદદ કરી. અડવાણીજી લોકોનો અવાજ બન્યા. ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણોએ વડાપ્રધાન મોદીને ઉત્તેજિત કર્યા.' તેમણે કહ્યું, 'દિલ્હીના લોકો પર એક મોટો ડાઘ છે, ભાજપે તેમને બચાવવાનો પ્રયાસ કર્યો.'

'આ તેઓ શું વિચારે છે' : વડાપ્રધાન મોદીએ જ્યોર્જિયા મેલોનીની આત્મકથાના ભારતીય સંસ્કરણ માટે પ્રસ્તાવના લખી હતી. ૮૨૫ ચોરસ મીટરના પ્લોટ પર બનેલ આ નવી ઓફિસનો ખર્ચ રૂા.૨.૨૩ કરોડ છે. પાંચ માળની આ ઈમારતમાં પાર્કિંગ માટે બે ભોંયરાઓ પણ છે.

## ભાજપ મુખ્યાલયનું ઉદ્‌ઘાટન : પીએમ મોદીએ દિલ્હીમાં જનસંઘના યોગદાનને યાદ કર્યું; કર નીતિ પર કોંગ્રેસ પર પ્રહારો કર્યા

(એજન્સી) તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દિલ્હી સાથેના તેમની પાર્ટીના સંબંધોને ઉજાગર કર્યા, જનસંઘ, જે ભાજપની પૂર્વ સંસ્થા છે, તેના દિવસોથી લઈને તેના યોગદાન વિશે વાત કરી. દિલ્હી યુનિટના દીન દયાલ ઉપાધ્યાય (DDU) માર્ગ પરના નવનિર્મિત કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા, વડાપ્રધાને કહ્યું, 'જ્યારથી જનસંઘની સ્થાપના થઈ છે, ત્યારથી અમે દિલ્હીના લોકોની દરેક રીતે સેવા કરવા માટે કામ કર્યું છે.' વડાપ્રધાને કહ્યું કે, જનસંઘના સભ્યોએ વિભાજન પછી દિલ્હી આવેલા લોકોના પુનર્વસનમાં મદદ કરી. તેમણે વધુમાં કહ્યું કે, એલ.કે. અડવાણી અને વી.કે. મલ્હોત્રા જેવા નેતાઓએ જ્યારે મેટ્રોપોલિટન કાઉન્સિલની રચના થઈ ત્યારે દિલ્હીના રહેવાસીઓના અવાજને વાચા આપી. તેમણે કહ્યું કે, કટોકટી દરમિયાન જનસંઘના નેતાઓ સરકારી દમન સામે દિલ્હીના નાગરિકોની સાથે ઊભા રહ્યા હતા. વડાપ્રધાને ૧૯૮૪ના શીખ રમખાણોને પણ યાદ કર્યા અને કહ્યું કે, ભાજપના કાર્યકરોએ શક્ય હોય ત્યાં શહેરના શીખ સમુદાયનું રક્ષણ કર્યું હતું. વરિષ્ઠ પક્ષના નેતાઓને શ્રદ્ધાંજલિ આપતા, PM મોદીએ કહ્યું, 'અરૂણ જેટલી અને સુષ્મા સ્વરાજ જેવા અસંખ્ય નેતાઓએ પક્ષને પોતાનું જીવન સમર્પિત કર્યું છે.' વડાપ્રધાને ૨૦૧૪માં ભાજપ સત્તામાં આવ્યું તે પહેલાંની કોંગ્રેસની કર નીતિની ટીકા કરવા માટે આ પ્રસંગનો ઉપયોગ કર્યો હતો. 'યે બયાન-બહાદુર' (બોલ્ડ સ્ટેટમેન્ટ-મેકર્સ) દરરોજ ખોટા નિવેદનો કરવામાં નિષ્ણાત છે પરંતુ મને તેમને ખુલ્લા પાડવા દો. ૨૦૧૪ સુધી આપણા દેશમાં આવકવેરાની સ્થિતિ શું હતી ? ૨ લાખ રૂપિયાથી વધુની આવક પર કર લાગતો હતો. આજે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર શૂન્ય કર લાગે છે,' તેમણે કહ્યું. વડાપ્રધાને વધુમાં વિપક્ષની ટીકા કરતા કહ્યું કે તેઓ જે વચનો આપે છે તેના 'વિપરીત' કરીને જાહેર હિતની વિરૂદ્ધ કામ કરી રહ્યા છે.

## કેરળ વિધાનસભાએ પહેલા પાનાનું ચાલુ

આવ્યા છે. બાકાત રાખવામાં આવેલા મોટાભાગના લોકો લઘુમતી સમુદાયો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, મહિલાઓ અને આર્થિક રીતે પછાત પરિવારોના હશે. વિજયને આ ઠરાવમાં મતદાર યાદીમાં બિન-નિવાસી મતદારોના મતદાન અધિકારો જાળવી રાખવા પણ કહ્યું છે. તેમણે નાગરિકતા સુધારા કાયદાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરનારાઓ દ્વારા SIRના સંભવિત ઉપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી, જે ધર્મના આધારે નાગરિકત્વ આપે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, તે લોકશાહી માટે એક પડકાર છે. વિધાનસભા સર્વાનુમતે માંગ કરે છે કે, ચૂંટણી પંચ લોકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતી આવી પ્રથાઓથી દૂર રહે. તેઓએ મતદારોની યાદીનું સંશોધન પારદર્શક રીતે કરવાની પણ માંગ કરી છે. કેટલાક સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા સુધારાઓ પછી સ્પીકર એ.એન. શમસીરે જાહેરાત કરી કે ગૃહે સર્વાનુમતે આ ઠરાવ પસાર કર્યો છે.

## JEE મેઈન ૨૦૨૬ : NTAએ નોંધણી કરાવનાર વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ એડવાઈઝરી જારી કરી

### JEE મેઈન ૨૦૨૬ : JEE મેઈન ૨૦૨૬ આપવાનું વિચારી રહેલા વિદ્યાર્થીઓએ ખાતરી કરવી જોઈએ કે, તેમના દસ્તાવેજો અપડેટ અને સચોટ છે, આ નોંધણી ઓક્ટોબર ૨૦૨૫માં ખુલશે

(એજન્સી) તા.૨૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ સોમવારે જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) મેઈન ૨૦૨૬ આપવાનું વિચારી રહેલા વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સૂચના જારી કરી છે. આ પરીક્ષા બે સત્રોમાં યોજાશે - જાન્યુઆરી ૨૦૨૬ અને એપ્રિલ ૨૦૨૬. પહેલા સત્ર માટે નોંધણી કરાવવા માટેનું ઓનલાઈન અરજી ફોર્મ ઓક્ટોબર ૨૦૨૫માં સત્તાવાર વેબસાઈટ jeemain.nta.nic.in પર ઉપલબ્ધ થશે. પહેલા સત્ર માટે પરીક્ષા માટે નોંધણી કરાવતા પહેલા, ઉમેદવારોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ અરજી અથવા પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સમસ્યાઓ ટાળવા માટે તેમના મુખ્ય દસ્તાવેજો તપાસે અને અપડેટ કરે.

**JEE મેઈન ૨૦૨૬ માટે આ દસ્તાવેજો અપડેટ કરવાની જરૂર છે.**

આ સલાહકાર અનુસાર વિદ્યાર્થીઓએ ખાતરી કરવી જોઈએ કે નીચેના દસ્તાવેજો સાચા અને અપડેટ છે :

**આધાર કાર્ડ :** તમારૂં નામ, જન્મ તારીખ (ધોરણ ૧૦ના પ્રમાણપત્ર મુજબ), નવીનતમ ફોટોગ્રાફ, સરનામું અને પિતાનું નામ સચોટ હોવું જોઈએ.

**UDID કાર્ડ (વિકલાંગ વ્યક્તિઓ માટે) :** કાર્ડ માન્ય હોવું જોઈએ અને જો જરૂરી હોય તો નવીકરણ કરવું જોઈએ.

**શ્રેણી પ્રમાણપત્ર :** EWS, SC, ST અથવા OBC-NCL શ્રેણીઓ હેઠળ અરજી કરતા ઉમેદવારો પાસે માન્ય અને અપડેટ કરેલ પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. NTAએ ચેતવણી આપી છે કે, આ દસ્તાવેજોમાં ભૂલોને લીધે અરજીનો અસ્વીકાર અથવા અન્ય મુશ્કેલીઓ થઈ શકે છે. તેમને હમણાં અપડેટ કરવાથી વિદ્યાર્થીઓને નોંધણી શરૂ થાય ત્યારે છેલ્લી ઘડીના તણાવથી બચવામાં મદદ મળશે. ઉમેદવારોને નવીનતમ સૂચનાઓ અને મહત્વપૂર્ણ તારીખો માટે નિયમિતપણે સત્તાવાર વેબસાઈટ્સ - nta.ac.in અને jeemain.nta.nic.in -ની મુલાકાત લેવાની પણ સલાહ આપવામાં આવી છે. JEE Mainએ NITs, IIITs અને અન્ય કેન્દ્રીય ભંડોળ ધરાવતી તકનીકી સંસ્થાઓમાં પ્રવેશ માટે પ્રવેશદ્વાર છે અને IITsમાં પ્રવેશ માટે JEE એડવાન્સ્ડ માટે લાયકાત પરીક્ષા તરીકે પણ છે. આ ટોચની એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ કરવાનું લક્ષ્ય રાખતા વિદ્યાર્થીઓએ તેમના દસ્તાવેજો અગાઉથી અપડેટ કરવા જોઈએ અને NTA તરફથી તમામ જાહેરાતો પ્રત્યે સતર્ક રહેવું જોઈએ.

# ભાજપે બિહારના ઢાકામાં લગભગ ૮૦,૦૦૦ મુસ્લિમ મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવા પ્રયાસ કરી રહ્યું છે : એક અહેવાલમાં ચોંકાવનારો દાવો

(એજન્સી) તા.૨૯

રિપોર્ટર્સ કલેક્ટિવ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ખુલાસો થયો છે કે, બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં ઢાકા વિધાનસભા વિસ્તારમાં લગભગ ૮૦,૦૦૦૦ મુસ્લિમ મતદારોના મતદાર યાદીમાંથી ભાજપ દ્વારા વારંવાર પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ અહેવાલ અનુસાર, અરજીઓમાં પટનામાં ભાજપના રાજ્ય મુખ્યાલય તરફથી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ને સંબોધિત એક સત્તાવાર પત્રનો સમાવેશ થાય છે, જેમાં મુસ્લિમોને લક્ષ્ય બનાવીને મોટા પાયે મતદાર યાદીમાંથી કાઢી નાખવાની માંગ કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો





**આ અરજીઓમાં પટનામાં ભાજપના રાજ્ય મુખ્યાલય તરફથી બિહારના સીઈઓને સંબોધિત એક સત્તાવાર પત્રનો સમાવેશ થાય છે, જેમાં મુસ્લિમોને લક્ષ્ય બનાવીને મોટા પાયે મતદાર યાદીમાંથી કાઢી નાખવાની માંગ કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ભારતીય નાગરિક નથી**

હતો કે તેઓ ભારતીય નાગરિક નથી. તપાસમાં જાણવા મળ્યું કે પ્રારંભિક પ્રયાસ ધીરજ કુમાર, ભગવા પક્ષના ઢાકામાં બૂથ-લેવલ એજન્ટ (BLA) અને મતવિસ્તારના ભાજપ ધારાસભ્ય પવન કુમાર જયસ્વાલના અંગત સહાયક દ્વારા કરવામાં આવ્યો હતો. બિહારમાં વિવાદાસ્પદ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના પ્રથમ તબક્કા પછી પ્રકાશિત ડ્રાફ્ટ યાદીમાં સુધારા સબમિટ કરવા માટે ભારતના ચૂંટણી પંચ (ECI)ની સમયમર્યાદાના તેર દિવસ પહેલા ૧૩૦ જેટલા મુસ્લિમોને દૂર કરવાની માંગ કરતી પ્રારંભિક અરજીઓ કરવામાં આવી હતી. ૧૯ ઓગસ્ટથી શરૂ થતા તેર દિવસ માટે દરેક ૧૦ અરજીઓ, જિલ્લા ચૂંટણી નોંધણી અધિકારીને કરવામાં આવી હતી. પક્ષ વતી BLA દ્વારા સહી કરાયેલી અરજીઓમાં કહેવામાં આવ્યું છે કે, "હું અહીં જાહેર કરૂં છું કે મારા દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી મને આપવામાં આવેલી મતદાર યાદીના ભાગની યોગ્ય ચકાસણીના આધારે છે અને હું ખોટી ઘોષણા કરવા બદલ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની કલમ ૩૧ની દંડની જોગવાઈઓથી વાકેફ છું." જોકે, અરજી ફોર્મમાં BLAને કારણો આપવાનું જરૂરી હોવા છતાં, પક્ષ કેમ મતદારોને યાદીમાંથી દૂર કરવા માંગતો હતો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સૌથી વિચિત્ર રજૂઆત ફરિયાદો રજૂ કરવાના છેલ્લા દિવસે, ૩૧ ઓગસ્ટે કરવામાં આવી હતી. ધીરજ કુમાર દ્વારા હસ્તાક્ષરિત આ રજૂઆતમાં ઢાકાની મતદાર યાદીમાંથી ૭૮,૩૮૪ મુસ્લિમ મતદારોને દૂર કરવાની માંગ કરવામાં આવી હતી. તેમના નામ અને EPIC નંબરો સબમિશનમાં વ્યવસ્થિત રીતે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. આ રજૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫ સુધી મતદાર યાદીમાં અસ્તિત્વમાં ન હોય તેવા લોકોને ECI દ્વારા ફરજિયાત કરાયેલા વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, જેમાં તેમના નિવાસ પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે, પૂરા પાડ્યા વિના SIR ડ્રાફ્ટ યાદીમાં મૂકવામાં આવ્યા હતા. ત્યારબાદ, પટણામાં ભાજપ રાજ્ય મુખ્યાલયના લેટરહેડ પર એક સત્તાવાર પત્ર CEOને મોકલવામાં આવ્યો હતો, જેમાં તે જ ૭૮,૩૮૪ મુસ્લિમ મતદારોને દૂર કરવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ તે એક અલગ કારણોસર છે. આ પત્રમાં દાવો કરવામાં આવ્યો હતો કે મતદારો ભારતીય નાગરિક નથી. આ પત્ર પર બિહારના ચૂંટણી વ્યવસ્થાપન વિભાગના તિરૂત પ્રમંડલ પ્રભારી તરીકે 'લોકેશ' નામના વ્યક્તિ દ્વારા સહી કરવામાં આવી હતી. રિપોર્ટર્સ કલેક્ટિવના જણાવ્યા અનુસાર, જ્યારે સંપર્ક કરવામાં આવ્યો ત્યારે, ભાજપના સ્થાનિક નેતાઓએ લોકેશ નામના વ્યક્તિના પક્ષનું પ્રતિનિધિત્વ કરવાનો ઈન્કાર કર્યો હતો. જોકે, પક્ષના નેતાઓએ પત્રના અસ્તિત્વનો ઈન્કાર કર્યો ન હતો કે BLA દ્વારા દાખલ કરાયેલી અરજીઓનો ઈન્કાર કર્યો ન હતો. વધુમાં, ભાજપે અત્યાર સુધી અરજીઓથી પોતાને દૂર રાખ્યા નથી કે પાર્ટીના નામે બનાવટી હોવા અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી નથી. તપાસ મુજબ, ભાજપ જે લગભગ ૮૦,૦૦૦ મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવા માંગે છે તેમાં ધારાસભ્ય પવન જયસ્વાલના ગામ ફુલવરિયા ગ્રામ પંચાયતના સરપંચ ફિરોઝ આલમનો આખો પરિવાર પણ શામેલ છે. તેમણે કહ્યું કે, મારો પરિવાર ઘણી પેઢીઓથી આ ગામમાં રહે છે. મેં સ્થાનિક પંચાયતની ચૂંટણી લડી છે. જો હું ભારતનો રહેવાસી ન હોઉં તો હું આ કેવી રીતે કરી શક્યો હોત ? હવે, ભાજપે મારૂં નામ, મારી પત્નીનું નામ અને મારા બાળકોનું નામ શેર કર્યું છે, તેમને શંકાસ્પદ મતદારો તરીકે નામ આપ્યા છે. બહુમતી મુસ્લિમ વસ્તી ધરાવતા ચંદનબારા ગામમાં, ભાજપની ફરિયાદમાં નામ આપવામાં આવેલા ૫૦૦૦ મતદારોમાં બૂથ-લેવલ અધિકારીઓ, શાળા શિક્ષકો અને બૂથ-લેવલ એજન્ટોનો સમાવેશ થાય છે. ભારત-નેપાળ સરહદ પર આવેલો ઢાકા, મુસ્લિમ-યાદવ વસ્તી ધરાવતો, ઐતિહાસિક રીતે કોંગ્રેસ અને પછી આરજેડીનો ગઢ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભાજપે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં કુલ ૨.૦૮ લાખ મતોની સામે ૧૦,૧૧૪ મતોના માર્જિનથી આરજેડી પાસેથી ઢાકા બેઠક આંચકી લીધી હતી. હવે ભાજપે કથિત રીતે આ મતવિસ્તારના ૪૦ ટકા મતદારોને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે, જેની આગામી ચૂંટણીઓ પર નોંધપાત્ર અસર પડી શકે છે. આ ખુલાસો એવા સમયે થયો છે જ્યારે એસઆઈઆર કવાયતમાં પારદર્શિતાના અભાવે ઈસીઆઈ વિપક્ષી પક્ષો તરફથી ટીકાનો સામનો કરી રહી છે. વિપક્ષી પક્ષોએ જણાવ્યું છે કે બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા ઉતાવળમાં હાથ ધરવામાં આવેલી આ કવાયતનો હેતુ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનની તરફેણમાં મોટી વસ્તીને મતાધિકારથી વંચિત રાખવાનો છે.

# કોંગ્રેસે બિહારમાં અમિત શાહના '૧૬૦ બેઠકો'ના લક્ષ્યની ટીકા કરતા 'મત ચોરી અને રેવડી' રાજકારણનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૯

આગામી વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં રાજકીય શબ્દયુદ્ધ શરૂ છે, કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર એનડીએ માટે વિજય મેળવવા માટે "મત ચોરી" અને "મત રેવડી" પર આધાર રાખવાનો આરોપ લગાવ્યો છે. અરરિયામાં શાહની તાજેતરની રેલી, જ્યાં તેમણે પાર્ટી કાર્યકરોને



આ કાવતરાઓને હરાવી દેશે.

રમેશે જણાવ્યું હતું કે રાજયમાં મહાગઠબંધનનો વિજય થશે, અને પહેલો આંચકો દિલ્હીમાં અનુભવાશે.

અમિત શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ પર "ઘૂસણખોરો માટે મતદાનનો અધિકાર સુરક્ષિત કરવાનો" પ્રયાસ કરવાનો આરોપ

**શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આરજેડી સુપ્રીમો લાલુપ્રસાદ યાદવ પર "ઘૂસણખોરો માટે મતદાનનો અધિકાર સુરક્ષિત કરવાનો" પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો**

૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી ૧૬૦ થી વધુ બેઠકો પર એનડીએની જીત સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી, તેના પર તીવ્ર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે ભાજપ ગુપ્ત યુક્તિઓ પર આધાર રાખી રહી છે.

રમેશે કહ્યું કે, "શિક્ષણ ક્ષેત્રમાં, VC એટલે વાઈસ ચાન્સેલર, સ્ટાર્ટઅપ્સમાં તે વેન્ચર કેપિટલ છે, લશ્કરમાં તે વીર ચક્ર છે. પરંતુ આજના રાજકારણમાં, VC એટલે 'વોટ ચોરી' છે. શાહ) આશા રાખે છે કે VC પ્લસ ફઈ, વોટ ચોરી પ્લસ વોટ રેવડી, બિહારમાં NDAને જીત અપાવશે. પરંતુ બિહારના રાજકીય રીતે જાગૃત લોકો

લગાવ્યો હતો. તેમણે વચન આપ્યું હતું કે NDAની બે તૃતીયાંશ બહુમતી બિહારમાંથી બધા "ઘૂસણખોરો"ને બહાર કાઢવા તરફ દોરી જશે. શાહે પાર્ટીના કાર્યકરોને કહ્યું, તમારે ગયા વખત કરતાં વધુ લક્ષ્ય રાખવું જોઈએ, ૧૬૦થી વધુ બેઠકો એ આપણું લક્ષ્ય છે.

# વિદેશમાં ભારતીય સુગંધ પહોંચાડી; આ કાર્ય દ્વારા સફળતા મેળવી, આવી રીતે કરોડપતિ બન્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ગુજરાતના રાજકોટ જિલ્લાના એક નાના ગામના ખેડૂત મહેશ પીપરિયાએ નોંધપાત્ર સફળતા મેળવી છે. તેમના વિચારધારા અને અડગ પ્રતિબદ્ધતાથી, તેમણે ભારતીય કૃષિમાં પરિવર્તન લાવ્યું છે. તેમણે તેમના પૂર્વજોની પરંપરાગત ખેતીને ખૂબ જ નફાકારક ઓર્ગેનિક ફૂલ વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. અગાઉ તેમનો પરિવાર ફક્ત મગફળી, કપાસ અને ઘઉં જેવા પાક ઉગાડતો હતો. આજે, મહેશનું ૨૨ એકરનું ગોકુલવાડી ઓર્ગેનિક ફાર્મ હવે ફક્ત એક ખેતર નથી; તેના બદલે, તે એક સફળ સાહસનું મોડેલ બની ગયું છે. તેનું વાર્ષિક ટર્નઓવર ૫૦ લાખ રૂપિયાથી વધુ છે. તેની સફળતાનો પડઘો વૈશ્વિક સ્તરે પડ્યો છે. ચાલો મહેશ પીપરિયાની સફળતાની સફરનું અન્વેષણ કરીએ. મહેશ પીપરિયા ગુજરાતના રાજકોટ જિલ્લાના એક નાના ગામના ખેડૂત છે. તે ફક્ત પાક ઉગાડનાર ખેડૂત નથી. જો કે, તે ખરેખર ભારતીય કૃષિના ભવિષ્યને ફરીથી આકાર આપી રહ્યો છે. મહેશની સૌથી નોંધપાત્ર સિદ્ધિ ટકાઉ ખેતી પ્રત્યેની તેમની સમર્પણ છે. તેમણે ઓર્ગેનિક ફૂલ ખેતીને ખૂબ જ નફાકારક વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. આ તેમના માટે એક મોટી સિદ્ધિ છે. પહેલાં, તેમણે મગફળી, કપાસ અને ઘઉં જેવા પરંપરાગત પાક ઉગાડ્યા હતા. હવે, તેઓ ૫૦ લાખ રૂપિયાથી વધુ વાર્ષિક ટર્નઓવર સાથે સફળ



ઓર્ગેનિક ફૂલોનો વ્યવસાય ધરાવે છે. પરંપરાગત ખેતીમાં મર્યાદિત નફા અને વધતી જતી સ્પર્ધાથી હતાશ થઈને, મહેશ પીપરિયાએ લગભગ ૧૪ વર્ષ પહેલાં પરિવર્તન લાવવાનું નક્કી કર્યું. તેમને ઓર્ગેનિક ખેતીમાં ઊંડો રસ પડ્યો અને નાના પાયે પ્રયોગ કરવાનું શરૂ કર્યું. સકારાત્મક પરિણામોથી પ્રોત્સાહિત થઈને, તેમણે એક બોલ્ડ પગલું ભર્યું. તેમણે પોતાના આખા ખેતરને પ્રમાણિત ઓર્ગેનિક ખેતીમાં ફેરવ્યું, દેશી ગુલાબ અને ગલગોટા જેવા નવા પાક પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ તેમના જીવનમાં એક વળાંક સાબિત થયો. તેમને સમજાયું કે સફળતા માટે ફક્ત પાક ઉગાડવા કરતાં વધુ જરૂરી છે, પરંતુ નવીનતા અને ટકાઉપણું પણ અપનાવવું જરૂરી છે. મહેશની સફળતાનું રહસ્ય ફક્ત ઓર્ગેનિક ખેતી સુધી મર્યાદિત નથી, પરંતુ મૂલ્યવર્ધન અને સ્માર્ટ માર્કેટિંગ પણ છે. તેઓ તેમના ૧૦ એકર પર બારમાસી મૂળ ગુલાબની ખેતી કરે છે. આ ગુલાબ સીધા સ્થાનિક બજારમાં વેચવાને બદલે, તેઓ સૌર અને ઈલેક્ટ્રિક ડ્રાયર્સનો ઉપયોગ કરીને સ્વચ્છતાપૂર્વક તેમને સૂકવે છે. આ સૂકા પાંદડીઓનો ઉપયોગ હર્બલ ચા અને સુખાકારી ઉત્પાદનો બનાવવા માટે થાય છે. તે યુએસ, કેનેડા અને અન્ય યુરોપિયન દેશોમાં નિકાસ કરવામાં આવે છે. તે લંડનના ખાસ બજારોમાં વાર્ષિક આશરે ૧ ટન સૂકા ગલગોટાની પાંદડીઓ પણ વેચે છે. આનાથી સામાન્ય ફૂલો ઉચ્ચ મૂલ્યના નિકાસ ઉત્પાદનમાં પરિવર્તિત થયા છે. ગુલાબ અને ગલગોટા ઉપરાંત, મહેશે ઘઉંના ઘાસ અને બીટરૂટ જેવા આરોગ્યને પ્રોત્સાહન આપતા પાકોમાં પણ વૈવિધ્યીકરણ કર્યું છે. સ્થાનિક અને વિદેશમાં આરોગ્ય પ્રત્યે સભાન ગ્રાહકોમાં આની સતત માંગ રહે છે. પાણી બચાવવા માટે, તેણે તેના ખેતરના કેટલાક ભાગોમાં ટપક સિંચાઈ જેવી આધુનિક તકનીકનો ઉપયોગ કર્યો છે, જ્યારે અન્યમાં પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ ચાલુ રાખ્યો છે. તે હવે ગ્લોબલ ફાર્મર બિઝનેસ નેટવર્ક (GFBN)ના સભ્ય છે અને અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપે છે. મહેશનું આગામી લક્ષ્ય તેના ટર્નઓવરને બમણું કરીને ૧ કરોડ રૂપિયા કરવાનું છે. તે ઓર્ગેનિક ખેતી અપનાવવા અને તેને સફળ વ્યવસાયમાં ફેરવવા માંગતા લોકોને સલાહ આપે છે.

# દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં જામીન આપવામાં ન્યાયતંત્ર કેમ શરમાઈ રહ્યું છે ?

(એજન્સી) તા.૨૯

મૂળભૂત નિયમ જામીન છે, જેલ નહીં, સિવાય કે જ્યાં ન્યાયથી ભાગી જવાની અથવા ન્યાયના માર્ગને અવરોધવાની અથવા ગુનાઓનું પુનરાવર્તન કરવા અથવા સાક્ષીઓને ડરાવવા અને તેના જેવા અન્ય મુશ્કેલીઓ ઊભી કરવાની પરિસ્થિતિઓ હોય જે અરજદાર કોર્ટમાંથી જામીન પર વધારો માંગે છે.

**- જસ્ટિસ વી.આર. કૃષ્ણા ઐયર, રાજસ્થાન રાજ્ય, જયપુર વિરૂદ્ધ બાલચંદ @ બલિયાય ૨૦ સપ્ટેમ્બર, ૧૯૭૭**

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) કાયદાના અડતાલીસ વર્ષ પછી, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ નવીન ચાવલા અને ન્યાયાધીશ શાલિન્દર કૌરની બેન્ચે,



**જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે તે વાત વારંવાર કહેવા છતાં, આરોપીઓને તેમની અરજી અને પુરાવાના અભાવને અવગણીને પાંચ વર્ષથી વધુ સમય માટે જેલમાં રાખવાથી ન્યાયતંત્રને વિવિધ સ્તરે મુશ્કેલીમાં મૂકવામાં આવે છે**

૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં JNUના પૂર્વ વિદ્યાર્થીઓ શરજીલ ઈમામ અને ઉમર ખાલિદ સહિત ૧૦ આરોપીઓના જામીન ફગાવી દેતા લખ્યું : 'નાગરિકો દ્વારા વિરોધ પ્રદર્શન અથવા પ્રદર્શનની આડમાં કોઈપણ કાવતરાખોર હિંસાને મંજૂરી આપી શકાય નહીં.'

બેન્ચે આરોપીઓને ભૂમિકાઓને 'પ્રથમ દૃષ્ટિએ ગંભીર' રીતે જવાબદાર ગણાવી. કોર્ટના જણાવ્યા મુજબ, 'તેઓએ કાવતરામાં પોતપોતાની સક્રિય ભૂમિકા ભજવી હતી અને ખુર્જી, ચાંદ બાગ, કરાવલ નગર અને નિઝામુદ્દીન જેવા વિરોધ સ્થળોના નિર્માણમાં સામેલ હતા.' દેખીતી રીતે, બેન્ચે ન તો કલમ ૨૧ અને ૨૨ને ધ્યાનમાં લીધી, ન તો ઉપરોક્ત ટાંકવામાં આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં લીધો જે એક મિસાલ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.

૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરકરડૂમા કોર્ટ સમક્ષ ઉમર ખાલિદનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ત્રિદીપ પૈસે દલીલ કરી હતી કે, 'બે પ્રકારના લોકો હતા-એક જે નાગરિકતા (સુધારા) કાયદાની વિરૂદ્ધ હતા અને બીજા તેના પક્ષમાં હતા. આરોપી અને સાક્ષી વચ્ચેનો ભેદ તમને પોલીસના પક્ષપાત વિશે જણાવશે.'

દિલ્હી હાઈકોર્ટે તે જ દિવસે ખાલિદ અને અન્ય લોકોને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો અને જામીન અરજી સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી, જેણે ૧૯ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી સુનાવણી ખસેડી હતી, જેમાં વચગાળાના જામીન નકારી કાઢવામાં આવ્યા હતા, તેમ છતાં, ન્યાયાધીશ અરવિંદ કુમાર અને એન.વી. અંજારિયાની બેન્ચે મુખ્ય અરજીની સુનાવણી અને નિર્ણય લેવા માટે ૭ ઓક્ટોબરની તારીખ નક્કી કરી હતી.

મહત્વપૂર્ણ વાત એ છે કે, તેણે ૨૦૨૦ના દિલ્હી રમખાણો સાથે જોડાયેલા મોટા કાવતરાના કેસમાં કાર્યકર્તાઓ ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલ્ફીશા ફાતિમા, મીરાન હૈદર અને શિફા ઉર રહેમાનની જામીન અરજીઓનો જવાબ આપવા માટે દિલ્હી પોલીસને નોટિસ જારી કરી હતી.

ઘટનાઓનો ક્રમ ખરેખર ૨૧મી સદીના ભારતના પ્રથમ ક્વાર્ટરના અંતમાં એક જટિલ દૃશ્ય બનાવે છે જેમાં કોઈ વિજેતા નથી. ૨૦૧૯માં, નવી દિલ્હીની '૨૦૧૪થી વિવાદાસ્પદ' જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના યુવા, પ્રેરિત વિરોધીઓના એક જૂથે વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદા અને રાષ્ટ્રીય નાગરિક નોંધણી (એનઆરસી) સામે વિરોધ નોંધાવ્યો હતો. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રાષ્ટ્રવાદને બચાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી હતી અને ૨૦૨૦માં ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણો બાદ યુએપીએ હેઠળ તેમની ધરપકડ કરવા માટે તેમને ફસાવવાનું કાવતરૂં ઘડવામાં આવ્યું હતું.

૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ, તત્કાલીન ડીસીપી વેદ પ્રકાશ સૂર્યાની હાજરીમાં, ભાજપના સાંસદ કપિલ મિશ્રાએ આંદોલનકારીઓને આંદોલન પાછું ખેંચવા અથવા પરિણામ ભોગવવા માટે ધમકી આપી હતી. આંદોલન ચાલુ રહ્યું ત્યારથી, ત્યારબાદ થયેલા રમખાણો શાહીન બાગના વિરોધીઓની ભૂમિકા અંગે વિવાદાસ્પદ રહ્યા છે. જો કે, પરિણામે થયેલી ધરપકડોમાં આ વિદ્યાર્થીઓ તેમજ મોટાભાગે અસરગ્રસ્ત વિસ્તારોના મુસ્લિમ નાગરિકોને પકડી લેવામાં આવ્યા હતા. પાંચ વર્ષ પછી, કેટલાકને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે, પરંતુ ઘણા હજુ પણ જેલમાં છે.

દિલ્હી પોલીસના 'ઉપજાવી અને ઘડી કાઢેલા' પુરાવા અને અદાલતો દ્વારા જામીન નકારવાને કારણે CAA અને NRCનો વિરોધ કરી રહેલા શાંતિપૂર્ણ આંદોલનકારીઓને પણ પાંચ વર્ષથી વધુ સમયથી જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

જો આપણે આ ઘટનાઓને એક ચશ્મા હેઠળ જોઈએ તો, ભારતીય પ્રજાસત્તાકની રાજકીય-કાનૂની-બંધારણીય ગડબડ સ્પષ્ટપણે દેખાય છે. સુધારેલા CrPC, IPC અને IEC હોવા છતાં, ફોજદારી ન્યાય પ્રણાલી, એક પક્ષપાતી ભારતીય રાજ્યના નબળા હાથ જેવી લાગે છે જે નિર્દયતાથી એક ધર્માંધ અને પૂર્વગ્રહયુક્ત પ્રણાલી ચલાવી રહી છે જે નિર્દોષ નાગરિકોને નિર્દયતાથી સજા આપે છે જેમની પાસે સત્તાધીશો સમક્ષ નાગરિકોના અધિકારોનો દાવો કરવા માટે ઊભા રહેવાનો ઉત્સાહ અને ક્ષમતા છે.

**પોલીસ**

ભારતમાં રમખાણો અને તેમને નિયંત્રિત કરવામાં પોલીસની ભૂમિકાનો દાયકાઓથી અભ્યાસ કરનાર સમર્પિત IPS અધિકારી વિભૂતિ નારાયણ રાય દલીલ કરે છે કે પોલીસ અને વહીવટીતંત્રમાં ઊંડા મૂળવાળા સાંપ્રદાયિક પૂર્વગ્રહ તેમને સાંપ્રદાયિક હિંસાને નિયંત્રિત કરવામાં રોકી રહ્યા છે. પોલીસ, ખાસ કરીને કોન્સ્ટેબલ અને નીચલા કક્ષાના અધિકારીઓ, દાયકાઓથી સાંપ્રદાયિક સંગઠનો દ્વારા ફેલાવવામાં આવતી સાંપ્રદાયિક લાગણીઓથી પ્રભાવિત છે, ત્યારે દેશમાં તાજેતરના રાજકીય વિકાસે ઉચ્ચ કક્ષાના અધિકારીઓને પણ સાંપ્રદાયિક વાયરસથી દૂષિત કર્યા છે.

પસંદગીના ટ્રાન્સફર, પોસ્ટિંગ અને ટોચના સ્તરે નિમણૂકો, સંગઠનમાં ઉપરથી નીચે સુધીના લોકોના મનમાં ઝેર ઘોળવા માટે શાસનો પુરસ્કારો અને સજાઓનો ઉપયોગ કરે છે તાજેતર સુધીમાં ટોચના નેતાઓ પણ રમખાણો ભડકાવવા અને હિંસાને મદદ કરવા અને ઉશ્કેરવા માટે પોલીસ પ્રભાવ પાડવા માટે અચકાતા નથી. પોલીસ પુરાવા સાથે છેડછાડ કરે છે અને નબળા કેસ ડાયરીઓ લખે છે. ૨૦૨૦ના દિલ્હી રમખાણોમાં, શરૂઆતથી જ છેડછાડના અહેવાલો આવ્યા હતા.

આશ્ચર્યજનક રીતે કોર્ટ દ્વારા પોલીસ પર કડક આરોપ મૂકવામાં આવ્યા છે. એ નોંધવું જોઈએ કે દિલ્હી પોલીસ સીધી ગૃહ મંત્રાલય હેઠળ છે. જ્યારે ચાર્જશીટ કોર્ટમાં જાય છે, ત્યારે દંડનીય જોગવાઈઓનો ઉપયોગ જામીન અથવા સજાના નિર્ણય તરફ દોરી જાય છે. UAPA જેવી ખાસ જોગવાઈઓનો દુરૂપયોગ ઘણીવાર નિર્ણાયક પરિબળ બની જાય છે. ૨૦૨૦ના રમખાણોના કેસોમાં સ્વાભાવિક રીતે જ આવું બન્યું છે.

**અદાલતો**

જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે તે પુનરાવર્તિત કરવા છતાં, આરોપીઓને તેમની જામીન અરજીને અવગણીને અને પુરાવાના અભાવે ન્યાયતંત્રને વિવિધ સ્તરે કઠેડામાં મૂક્યું છે.

ઉદાહરણ તરીકે, ભીમા કોરેગાંવ કેસમાં અને ઉમર ખાલિદ વગેરેના કેસોમાં ન્યાયતંત્ર દ્વારા વિવિધ સ્તરે પ્રી-ટ્રાયલ અટકાયતો ચેતવણી આપી રહી છે. હાથરસમાં દલિત કિશોરી પર બળાત્કાર અને હત્યાનો અહેવાલ આપવા જઈ રહેલા કેરળના પત્રકાર સિદ્દીક કપ્પનનો કેસ, જેને યુપી પોલીસે અટકાયતમાં રાખ્યો હતો અને બે વર્ષ સુધી રાખવામાં આવ્યો હતો, તે પોલીસ સત્તાના દુરૂપયોગ અને ન્યાયતંત્રની શિથિલતાનું બીજું એક સ્પષ્ટ ઉદાહરણ છે.

રાજકીય કેસોમાં ન્યાયતંત્ર ઉતાવળ અને બેદરકારી દાખવે છે, જે તેના પક્ષમાં છે તેના પર આધાર રાખે છે. રાજકીય રીતે સંવેદનશીલ કેસોમાં જામીન આપવામાં જિલ્લા અદાલતોના ન્યાયાધીશોની ખચકાટ 'ભયની ભાવના'ને કારણે છે, ખાસ કરીને રાજકીય કેસોમાં. વિશ્લેષકોએ નિર્દેશ કર્યો છે કે આવા કિસ્સાઓમાં કેસને તેમના ડેસ્ક પરથી હાઈકોર્ટમાં જવા દેવાની વૃત્તિ હોય છે- મુખ્યત્વે, મહત્વાકાંક્ષી ન્યાયાધીશો હાઈકોર્ટમાં સ્થાન મેળવવા માંગતા હોય છે. UAPA, PMLA અને આવા અન્ય કડક કાયદાઓ હેઠળના કેસોને ન્યાયાધીશો દ્વારા તીક્ષ્ણ નજરથી જોવામાં આવે છે જેના કારણે જામીન આપવાનું ટાળવામાં આવે છે. હાઈકોર્ટના ન્યાયાધીશો પણ આવી નબળાઈઓ તરફ વળે છે. ઉપરની બર્થની શક્યતા હંમેશા વિચારણા હેઠળની હોય છે, જે તેમને બિન-વિવાદાસ્પદ વલણ અપનાવવા માટે મજબૂર કરે છે. કેટલાક કિસ્સાઓમાં, નિવૃત્તિ પછીના લાભો કેટલાક ન્યાયાધીશોને રાજકીય રીતે સંવેદનશીલ કેસોમાં જામીન આપવાનું ટાળવા માટે લલચાવે છે. ચુકાદામાં રહેલી ઉદ્દેશ્યતા ટીકાપાત્ર છે.

સુપ્રીમ કોર્ટમાં પણ, આ પરિબળો કેટલાક ન્યાયાધીશો માટે ભારે પડે છે. રાજકીય રીતે સંવેદનશીલ કેસોમાં સાવધાની રાખવી જરૂરી છે. ન્યાયાધીશો સામાન્ય રીતે તેમના ચુકાદા માટે કારણો આપવા માટે બંધાયેલા નથી, જામીન આપવા માટે પણ નહીં. આ ફરજિયાત બનાવવું જોઈએ.

**મૂલ્યાંકન**

ઉચ્ચ અદાલતો અને સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદાઓનું મૂલ્યાંકન જામીન આપવા અથવા કેસ રદ કરવાના કેસોમાં તેમના વિવેકબુદ્ધિનું મિશ્ર ચિત્ર રજૂ કરે છે. રાહુલ ગાંધી અને તિસ્તા સેતલવાડના કેસોમાં, કોર્ટ ઝડપી છે. જો કે, ભીમા કોરેગાંવ અને ચાલી રહેલા ઉમર ખાલિદ વગેરે કેસોમાં, દિલ્હી હાઈકોર્ટ સાવધ રહેતી હોય તેવું લાગે છે, જ્યારે સુપ્રીમ કોર્ટ સાવચેત રહી છે.

(સૌ. : ધ વાયર.ઈન)

# IAS પિતાની IPS પુત્રી; એક બ્યુટી ક્વીન, જેણે બોલિવૂડથી UPSC સુધીની સફર આ રીતે તય કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

IPS સિમલા પ્રસાદ એક એવું નામ છે જે આજે લાખો UPSC ઉમેદવારોને પ્રેરણા આપે છે. UPSC પરીક્ષા પોતાના પહેલા જ પ્રયાસમાં પાસ કરીને અખિલ ભારતીય ક્રમાંક ૫૧ મેળવનાર IPS સિમલા પ્રસાદનું જીવનચરિત્ર અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયક છે. બોલિવૂડમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનથી લઈને સિવિલ સર્વિસ પર તેમના ઊંડા પ્રભાવ સુધી, સિમલાનો નોંધપાત્ર પ્રવાસ પ્રશંસનીય છે. ૮ ઓક્ટોબર, ૧૯૮૦ના રોજ મધ્યપ્રદેશના ભોપાલમાં જન્મેલા સિમલા પ્રસાદને કોઈ પરિચયની જરૂર નથી. દરેક UPSC ઉમેદવારો IPS સિમલા પ્રસાદ નામથી પરિચિત છે. સિમલા પ્રસાદ બેતુલ જિલ્લાના પ્રથમ મહિલા પોલીસ અધિક્ષક પણ હતા. ૮ ઓક્ટોબર,૧૯૮૦ના રોજ મધ્યપ્રદેશના ભોપાલમાં જન્મેલા સિમલા પ્રસાદને આજે કોઈ પરિચયની જરૂર નથી. દરેક UPSC ઉમેદવાર IPS સિમલા પ્રસાદ નામથી પરિચિત છે. સિમલા પ્રસાદ બેતુલ



જિલ્લાની પ્રથમ મહિલા SP પણ હતી. IPS સિમલા પ્રસાદ એવા અધિકારીઓમાંના એક છે જેમણે ૨૦૧૦માં દેશની સૌથી મુશ્કેલ પરીક્ષા, UPSC, તેમના પહેલા જ પ્રયાસમાં પાસ કરી હતી. માત્ર પાસ જ નહીં, પણ સારો રેન્ક પણ મેળવ્યો. UPSC પાસ કર્યા પછી, તે IPS અધિકારી બની. IPS સિમલાએ ભોપાલની સેન્ટ જોસેફ કો-એડ સ્કૂલમાંથી પોતાનું સ્કૂલિંગ પૂર્ણ કર્યું. ત્યારબાદ, તેણીએ ભોપાલની બરકતુલ્લાહ યુનિવર્સિટીમાંથી B.Comની ડિગ્રી મેળવી. તેણીએ સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક પૂર્ણ કર્યું. તેના કોલેજકાળથી, સિમલા કલા, સંસ્કૃતિ અને અભિનયમાં સામેલ છે અને આ રસ તેને બોલીવુડ તરફ દોરી ગયો છે. સિમલા અલિફ અને ધ નર્મદા સ્ટોરી જેવી ફિલ્મોમાં તેના શાનદાર અભિનય માટે પણ જાણીતી છે. તેના કોલેજકાળથી, સિમલા સિવિલ સર્વિસીસની તૈયારી કરી રહી હતી. UPSC પહેલાં, તેણીએ MPPSC પરીક્ષા પાસ કરી, ત્યારબાદ તેણીએ DSP તરીકેનું પોતાનું પ્રથમ સ્થાન સંભાળ્યું. અહેવાલ સૂચવે છે કે સિમલા એક તેજસ્વી બેડમિન્ટન ખેલાડી હતી, પરંતુ ઘૂંટણની ઈજાને કારણે તેણીને બેડમિન્ટન છોડી દેવાની ફરજ પડી હતી. પોતાની અદ્ભુત સફરને યાદ કરતા, સિમલા સમજાવે છે કે જો કોઈ વ્યક્તિ જીવનમાં આગળ વધવા માંગે છે, તો વ્યક્તિએ પોતાના સપનાઓને પ્રાપ્ત કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ.

# મેઘરાજાએ જતાં જતાં જૂનાગઢ જિલ્લાને પાણી-પાણી કરી દીધો

# સૂત્રાપાડામાં ૯, માંગરોળમાં ૮.૫ ઈંચ ધોધમાર વરસાદ

## હાથિયાએ સૂંઢ ફેરવતા નવરાત્રિના કાર્યક્રમો રદ : પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, દીવમાં રેડ એલર્ટ



જૂનાગઢ,માંગરોળ, તા.૨૯

એક તરફ દેશમાંથી ચોમાસાની વિદાયના અહેવાલો આવી રહ્યા હતા તે વચ્ચે ગઈકાલથી અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા મેઘરાજાએ સૌરાષ્ટ્રની ધરાને ફરી એકવાર રસતરબોળ કરી દીધી છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ માંગરોળ ખાતે આજે બપોરના ૧૨ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૮.૫ ઈંચ વરસાદ ખાબકતા માંગરોળ શહેર જળબંબાકાર થઈ ગયું છે. માંગરોળ શહેરમાં આજે સવાર સુધીમાં ૧૧૨ મીમી તથા ત્યારબાદ છેલ્લા ૪ કલાકમાં વધુ ૧૦૨ મીમી વરસાદ ખાબકતાં કુલ ૨૧૪ મીમી ૮.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે ગીર-સોમનાથ જિલ્લાના સૂત્રાપાડામાં પણ મેઘરાજાએ જોરદાર બેટિંગ કરતા ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. માંગરોળ અને સૂત્રાપાડા ઉપરાંત જૂનાગઢ જિલ્લામાં અન્યત્ર જોઈએ તો, માણાવદર ૫૫ મીમી, વંથલી ૭૫ મીમી, જૂનાગઢ ૫૫ મીમી, ભેસાણ ૭૦ મીમી, વિસાવદર ૧૦૪ મીમી, મેંદરડા ૬૨ મીમી, કેશોદ ૧૧૨ મીમી, માળીયા હાટીના ૧૦૨ મીમી, વરસાદ નોંધાયો છે. આમ જતા જતા મેઘરાજાએ જૂનાગઢ જિલ્લાને ફરી એકવાર પાણી-પાણી કરી દીધો છે. ભારે વરસાદને કારણે નવરાત્રીના આયોજનોને રદ કરવાની ફરજ પડી છે. આજે સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, અમરેલી, દીવ અને ગીર સોમનાથમાં રેડ અલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી છે. તો બે કેન્દ્ર શાસિત પ્રદેશ સહિત સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. જ્યારે ૧૧ જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલે ૩૦ સપ્ટેમ્બરના રોજ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા છે. જૂનાગઢ શહેરમાં ગત રાત્રે ૧૦ વાગ્યે પવન સાથે વરસાદ વરસી પડ્યો હતો જેના કારણે નવરાત્રિની મજા બગડી ગઈ હતી. જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ પર આવેલા પાર્ટી પ્લોટોમાં થતી મોટા ભાગની ગરબીઓ વરસાદના કારણે બંધ રહી હતી. ઝાંઝરડા રોડ વણઝારી ચોક નરસિંહ મહેતાના ચોરા ખલીપુર ચોકડી સહિતના વિસ્તારોમાં વરસાદ થતાં પ્રાચીન ગરબીઓ પણ બંધ રાખવાની ફરજ પડી હતી. દરમિયાન આજે બીજા દિવસે પણ જૂનાગઢ જિલ્લામાં સવારથી હળવાથી ભારે વરસાદના ઝાપટા વરસી રહ્યા છે. દરિયાઈ વિસ્તાર માંગરોળમાં સવારે પ્રારંભિક ચાર કલાકમાં ૧૦૨ મીમી વરસાદ ખાબકતાં માંગરોળ શહેરમાં પાણી-પાણી થઈ ગયું છે.

# વૈદિક ગણિત વિષય ઉપર લિખિત પુસ્તકનું વિમોચન




અમદાવાદ, તા.૨૯

ખૂબ રસપ્રદ અને જૂનો વિષય વૈદિક ગણિતને લોકભોગ્ય બનાવવા અને વિષય પ્રત્યેની રૂચી કેળવાય તે હેતુથી છેલ્લા દસ વર્ષથી હાર્દિક પરીખ અને ડો. પરિધિ ખૂબ મહેનત કરી રહ્યા છે. આ વિષય ઉપર તેઓએ અંગ્રેજી, ગુજરાતી ભાષામાં પુસ્તક સેટ બનાવ્યો છે. તેનુ વિમોચન તાજેતરમાં, રાજયના શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ હાર્દિકભાઈ અને પરિધિબેનને અભિનંદન આપી તેઓની મહેનતને બિરદાવી હતી. વૈદિક ગણિતનુ ઉદાહરણ આપતા ભૂપેન્દ્રસિંહએ જણાવ્યુ કે, વિષય થોડો અલગ અને કોઠાસૂઝ વાળો છે. સાણંદ તાલુકાના બકરાણા ગામના સ્વ. રવુભા વાઘેલા ચાર ધોરણ ભણેલા હતા અને સૌ ભણેલાઓની હાજરીમાં નાની મોટી રકમના ગુણાકાર મોઢેજ કહી દેતા, ૯૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા તે પહેલા સો આંકડા ગૂણ્યા સો આંકડાનો જવાબ તેઓએ ધ્યાનમા બેસી બે દિવસે આપી સૌને ચોંકાવી દીધા હતા. વિશ્વ વિખ્યાત Time મેગેઝીનમા પહેલા પાના ઉપર તેમનો ફોટો પચાસ વર્ષ પહેલા છપાયો હતો 'A man with computer under' Paghadi' (પાઘડી). ઋષિકેશભાઈ સહિત સૌએ યુવાન કપલની મહેનતને તાળીઓથી વધાવી અને બિરદાવી હતી.

# સુરત : એએમએનએસ પ્લાન્ટમાં ક્રેઈન ધરાશાયી થતાં એકનું મોત, ચાર કામદાર ઘાયલ

## ઘાયલ તમામ કામદારો સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

શહેરનાં છેવાડે આવેલ હજીરા ખાતે આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ (એએમએનએસ)માં આજે સવારે વધુ એક ગોઝારો અકસ્માત સર્જાતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. એએમએનએસ પ્લાન્ટમાં આજે સવારે ક્રેન ધરાશાયી થતાં એક કામદારનું કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે ત્રણ અન્ય કામદારોને ગંભીર ઈજા પહોંચતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોનારતને પગલે પ્લાન્ટમાં કામ કરી રહેલા કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં એકઠાં થઈ ગયા હતા. બીજી તરફ ઘટના અંગે જાણ થતાં પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. હાલમાં સ્થાનિક પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે.

મહાકાય ઔદ્યોગિક એકમોથી ધમધમતાં હજીરા વિસ્તારમાં આવેલ એમએમએનએસ પ્લાન્ટમાં આજે સવારે ૮ કલાકની આસપાસ કોકો ગેટ પાસે આઈડીટી સિમેન્ટેશન પ્લાન્ટેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી હતી. ૧૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા આ પ્લાન્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન અચાનક ક્રેન નિર્માણાધીન ટાવરમાં ફસાઈ ગઈ હતી. જેને પગલે ક્રેઈનનાં ચાલક દ્વારા ટાવરમાંથી ક્રેઈનને બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. અલબત્ત, ટાવરમાં ફસાયેલી ક્રેઈન બહાર નીકળે તે પહેલાં તેનાં બે ટુકડા થઈ ગયા હતા. જેને પગલે પ્લાન્ટમાં કામ કરી રહેલા કામદારોમાં પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ આ હોનારતને પગલે પ્લાન્ટેશનનો કામ કરી રહેલા ૪૫ વર્ષીય મુળ બિહારનાં કર્મચારી બિનોદ પાસવાન પર ક્રેઈનનો કાટમાળ ધરાશાયી થતાં તેઓનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય ત્રણ કામદારોને ઈજા પહોંચતાં તાત્કાલિક તેઓને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.એએમએનએસ પ્લાન્ટમાં કોકો ગેટ પાસે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતને પગલે કંપનીમાં કામ કરતાં કર્મચારીઓમાં પણ નાસભાગ મચી જવા પામી હતી. બીજી તરફ ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા બાદ સમગ્ર ઘટના વાયુવેગે આસપાસનાં પંથકમાં પ્રસરી જતાં મોટી સંખ્યામાં લોકોનું ટોળું ગેટની બહાર ઉમટી પડ્યું હતું. બીજી તરફ ઘટના અંગે જાણ થતાં પોલીસનો કાફલો પણ ધસી ગયો હતો અને હાલમાં પ્રાથમિક ફરિયાદનાં આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઘાયલોમાં શેહઝાદ, મઝહર, સોનુ અને જમશેદ હોવાનું જાણવા મળ્યું છે. હોનારત સમયે ઘટના સ્થળે ૨૦થી ૨૨ કર્મચારીઓ કાર્યરત હતા જે પૈકી એકનું મોત અને અન્ય ચાર ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. મૃતક વિનોદ પાસવાન છેલ્લા કેટલાક સમયથી હજીરા ખાતે જ લેબર કોલોનીમાં રહેતો હતો અને કોન્ટ્રાક્ટ પર એએમએનએસ પ્લાન્ટમાં કામ કરતો હતો. મૃતક વિનોદ પાસવાનનાં અકાળે નિધનને પગલે પાંચ બાળકો સહિત પત્ની નોધારા બની ચુક્યા છે.

# જૂનાગઢના અલ્તાફ કુરેશીને 'ચેન્જમેકર્સ એવોર્ડ'થી રાષ્ટ્રીય સ્તરે મળશે સન્માન

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર અને પર્યાવરણ સંરક્ષણ માટે અવરિત કાર્યરત અલ્તાફભાઈ કુરેશીનું નામ વર્ષ ૨૦૨૫ના 'ચેન્જમેકર્સ એવોર્ડ' માટે પસંદ કરવામાં આવ્યું છે. Association of Muslim Professionals (AMP) દ્વારા દર વર્ષે સમગ્ર ભારતમાંથી ચૂંટાયેલા ચેન્જમેકર્સ, સામાજિક સંસ્થાઓ અને શ્રેષ્ઠ શિક્ષકોને રાષ્ટ્રીય સ્તરે આપવામાં આવે છે.અલ્તાફભાઈને આ પ્રતિષ્ઠિત એવોર્ડ ઓકટોબર મહિનામાં હૈદરાબાદ ખાતે યોજનારી NTS લોન્ચિંગ કોન્ફરન્સ અને નવેમ્બર મહિનામાં લખનૌમાં



યોજનારી ઓલ ઈન્ડિયા NGO કોન્ફરન્સ દરમિયાન આપવામાં આવશે.અલ્તાફભાઈ કુરેશીએ ૨૦૦૭થી સમાજસેવામાં પ્રવેશ કર્યો હતો અને ખાસ કરીને પર્યાવરણ અને ઊર્જા બચત ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી છે. ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય હેઠળ કાર્યરત PCRA (Petroleum Conservation Research Associaton)માં તેઓ ટ્રેનર તરીકે જોડાયેલા છે, જયાં તેમના માર્ગદર્શનથી લાખો નાગરિકો ઊર્જા બચત માટે જાગૃત થયા છે.

અલ્તાફભાઈના યોગદાન બદલ તેમને અત્યારસુધી અનેક રાષ્ટ્રીય અને રાજયસ્તારીય એવોર્ડ મળ્યા છે. જેમાં ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ, ચાઈના ટુર માટે ગુજરાતમાંથી પસંદગી, SIPA-E- ગૌરવ એવોર્ડ, જૂનાગઢ બેસ્ટ યુવા એવોર્ડ, પોરબંદર ગૌરવ એવોર્ડ, ફૈઝે મહંમદી એવોર્ડ અને ૨૫થી વધુ સંસ્થાઓ દ્વારા માન્યતા સામેલ છે.

# ધ્રાંગધ્રા ગ્રામ્ય ભાજપના સંગઠન મંત્રીએ રાજીનામું આપ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

ધ્રાંગધ્રા ગ્રામ્ય ભાજપના સંગઠન મંત્રી ગીતાબેન બળવંતભાઈ છસિયાએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. આગામી ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે તેમના આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. ગીતાબેન છસિયાએ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને સંબોધીને ૨૬ સપ્ટેમ્બરના રોજ રાજીનામું આપવાની જાણ કરી હતી. આ પત્ર ૨૮ સપ્ટેમ્બરના રોજ વાયરલ થયો હતો. રાજીનામા પાછળનું કારણ જણાવતા ગીતાબેનના પતિ બળવંતભાઈએ જણાવ્યું કે, સ્થાનિક ધારાસભ્ય અથવા તેમના પીએ દ્વારા ફોન ન ઉપાડવામાં આવતા હોવાથી તેમણે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય ફોન ન ઉપાડતા હોવા અંગે અગાઉ પણ પક્ષના અનેક કાર્યકરો દ્વારા ફરિયાદો કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્ય, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેવા સમયે આ પ્રકારના રાજીનામાથીધ્રાંગધ્રાના રાજકારણમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.

# અખિલ ગુજરાત સિપાહી સમાજની ભાવનગર ખાતે અગત્યની બેઠક મળી

## સંસ્થાના એડહોક કમિટીના ચેરમેન પદે અલિયારખાન પઠાણની સર્વાનુમતે નિમણૂક કરાઈ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૨૯

અખિલ ગુજરાત સિપાહી સમાજના પ્રમુખ અલ્હાજ અબ્દુલરસીદભાઈ કાજી (રાજકોટ) તથા અખિલ ગુજરાત સિપાહી સમાજ મહિલા વિંગના પ્રમુખ ડો. શહેનાઝબેન બાબીના અધ્યક્ષસ્થાને ભાવનગર શહેર જિલ્લા અખિલ ગુજરાત સિપાહી સમાજના આગેવાનોની એક અગત્યની મિટીંગ તા.૨૮/૯/૨૦૨૫ને રવિવારે ભાવનગર શહેરના અષ્ટવિનાયક કોમ્પ્લેક્ષ, એ.વી. સ્કૂલ ગ્રાઉન્ડ સામે, ભાવનગર ખાતે મળી હતી. આ મળેલી બેઠકમાં સંસ્થા દ્વારા રાજકોટ ખાતે જે જગ્યા લેવામાં આવી છે તે જગ્યા ઉપર સમસ્ત સિપાહી સમાજ તથા સમસ્ત મુસ્લિમ સમાજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને રહેવા માટે એક શાનદાર હોસ્ટેલ બનાવવાનો અને તેના આયોજન માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સંસ્થાનું સંગઠન વધુ મજબૂત બનાવવા પણ હાકલ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ભાવનગર ખાતે હોસ્ટેલ બાબતે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવા બેઠકો યોજાશે



અને આ કાર્ય વહેલીતકે પૂર્ણ થાય તે માટે પણ સુચનો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ભાવનગર શહેર જિલ્લા અખિલ ગુજરાત સિપાહી સમાજના હોદ્દેદારોની કમિટીની પણ રચના કરવાનો નિર્ણય કરાતા આ કમિટીના ચેરમેન પદે મુસ્લિમ સમાજના અગ્રણી અલિયારખાન પઠાણની ચેરમેન પદે સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. આ નિમણૂકને ઉપસ્થિત સમાજના તમામ આગેવાનો કાર્યકરોએ આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકમાં ભાવનગર શહેર જિલ્લા સિપાહી સમાજના આગેવાનો, કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા ખાતે સૈયદા મા ફઝલ મા (ર.અ.)નો ઉર્સ શાનદાર રીતે ઊજવાયો




(તસવીર : ઈદ્રિશ જાદવ, સાવરકુંડલા)

(સંવાદદાતા દ્વારા)

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા ખાતે સૈયદા મા ફઝલ મા (ર. અ.)નો ઉર્સ શાનો શોકતથી મનાવવામાં આવ્યો જેમાં સવારે મા સાહેબાના મજાર ઉપર કુલ શરીફ, દરૂદ શરીફ, સંદલ શરીફ જેવી ધાર્મિક વિધિ બાદ બપોરે શહેરના તમામ બાળકોને ન્યાઝ તકસીમ કરવામાં આવી હતી. પીરે તરીકત સૈયદ મુનીર બાપુ કાદરી ફાતેમી અને સૈયદ અહેમદ બાપુ કાદરી ફાતેમાની ઉપસ્થિતિમાં દરેક કાર્યક્રમ યોજાયા હતા. ઉર્સ મુબારકના દિવસે તરીકત અબ્દુલ કાદર બાપુ કાદરી દ્વારા હુઝૂરે પાકના બાલ મુબારકનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે ઈશાની નમાઝ બાદ એક શાનદાર નાત શરીફ અને તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. તેમાં કિસોસા શરીફ યુપીથી પધારેલા અશરફીઉલ જીલાની સૈયદ મોહમ્મદ આલમ ગીર અશરફે પોતાની આગવી શૈલીમા તકરીર ફરમાવી હતી અને નાત શરીફ સૈયદ સાજીદ બાપુ કાદરી અને રીઝવાન ભૂરાની અને બીજા અનેક નાત ખા દ્વારા નાત પઢવામાં આવી હતી. હજારો ચાહકોની હાજરીમાં આ ઉર્સ મુબારક ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. સ્ટેજ સંચાલન હાફિજ અકબરે કર્યું હતું. ઉર્સ મુબારકને સફળ બનાવવા માટે પીરે તરીકત સૈયદ અહેમદ બાપુની ટીમ અને શાને મુસ્તુફા કમિટી દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

# અમરેલી : લાઠીના છભાડિયા ગામે પ્રેમ સંબંધ મુદ્દે પ્રેમીના ભાઈની પ્રેમિકાના પરિવારે હત્યા કરી

## ત્રણ સામે દામનગર પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૯

લાઠીના છભાડિયાં ગામે પ્રેમ સંબંધ મુદ્દે પ્રેમીના ભાઈની પ્રેમિકાના ભાઈએ છરીનો ઘા મારી હત્યા નિપજાવી નાખતા ચકચાર મચી જવા પામ્યો છે બનાવ અંગે પ્રેમીએ પ્રેમિકાના ભાઈ અને માતા પિતા સહિત ત્રણ સામે દામનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામા પક્ષ ઉપર પણ હુમલો થતા સામી ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ લાઠી તાલુકાના છભાડીયા ગામે મફતપરામાં રહેતો રવિ રાજુભાઈ બાહુકિયા (ઉ.વ.૧૯)ને ગામમાં જ રહેતા તુલસીભાઈ ભવાનભાઈ માંડલિયાની પુત્રી ખુશી સાથે છેલ્લા ચાર પાંચ વર્ષથી પ્રેમ સંબંધ હોય અને તે પ્રેમ સંબંધની જાણ ખુશીના પરિવારને થતા આ સબંધનો તેમને વિરોધ હોય જેથી આજે બપોરના સમયે તે બાબતનું મનદુઃખ રાખી રવિ સાથે પ્રેમિકાની માતા દુર્ગાબેન સાથે માથાકૂટ થયેલ તે દરમ્યાન રવિનો ભાઈ મનીષ (ઉ.વ.૨૪) ત્યાં આવેલ હતો અને આ વખતે યુવતીનો ભાઈ કુલદીપ તેમજ તેના પિતા તુલસીભાઈ પણ હાજર હોય દરમ્યાન મામલો બને પક્ષ વચે ઉગ્ર બનેલ જેમાં રવિને દુર્ગાબેન ધોકા વડે હુમલો કરી મુંઢ ઈજા પહોંચાડી હતી અને તુલસી ભાઈ એ મનીષને પકડી રાખી કુલદીપ એ છરીનો એક ઘા પડખાના ભાગે મારી દેતા પ્રથમ લાઠી અને ત્યાંથી અમરેલી સારવારમાં લઈ જતા મનીષ રાજુભાઈ બાહુકિયા ૨૪નું સારવાર વેળા મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો બનાવ અંગે રવિ રાજુભાઈ બાહુકિયાએ પ્રેમિકાની માતા દુર્ગાબેન તુલસીભાઈ માંડલિયા તુલસીભાઈ ભવાનભાઈ માંડલિયા અને કુલદીપ તુલસીભાઈ સામે દામનગર પોલીસમાં હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તેમજ સામા પક્ષે પણ હુમલો કર્યાની રવિ તેમજ મનીષ સામે ફરિયાદ નોંધાવી હતી હત્યાની ઘટનાથી ચકચાર મચેલ છે બનાવ અંગે દામનગર પી.આઈ રાવળ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# ચોટીલામાં ભારે વરસાદ અને પવનને કારણે રોડ પર વૃક્ષોની ડાળીઓ તૂટી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો



(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

ચોટીલામાં ભારે વરસાદ અને પવનને કારણે મુળી-વગડીયા રોડ પર વૃક્ષોની ડાળીઓ તૂટી પડતા વાહનવ્યવહાર અવરોધાયો હતો. આ સમયે નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચી જાતે રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.

નાયબ કલેક્ટર મકવાણા મુળી તાલુકાના આસુન્દ્રાળી, વગડીયા અને ધોળીયા વિસ્તારમાં તપાસ અર્થે ગયા હતા. તે દરમિયાન મુળી-વગડીયા રોડ પર બે અલગ-અલગ જગ્યાએ વૃક્ષોની ડાળીઓ રસ્તા પર પડી ગઈ હતી. આના કારણે વાહનવ્યવહારમાં મોટી અડચણ ઊભી થઈ હતી.

માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિકોને કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે, નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી. તેમણે જાતે જ રસ્તા પર પડેલી વૃક્ષોની ડાળીઓ દૂર કરી માર્ગને વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો કર્યો. આ ઝડપી કાર્યવાહીના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો તેમજ આસપાસના ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

# ગુજરાત પોલીસનું બોર્ડ લગાવી ફરતા યુવાનને ઝડપી લીધો

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ બી ડિવિઝન પોલીસે ચોબારી ફાટક પાસેથી રાજયસેવક તરીકે હોદ્દો ધરાવતા ન હોવા છતા ગુજરાત પોલીસનું બોર્ડ લગાવી ફરતા યુવાનને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડિવિઝન પોલીસે ગતરાત્રીના ચેકીંગ દરમ્યાન કૃણાલભાઈ ધીરૂપરી ગૌસ્વામી (ઉ.વ.૩૭)ને ફોર વ્હીલ કાર હોન્ડા અમેઝ નં.જીજે-૦૬-એચએલ-૯૯૭૦માં આગળના કાચમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે અંગ્રેજી ભાષામાં ગુજરાત પોલીસનું એક્રેલીક બોર્ડ મારી પોતે પોલીસ રાજયસેવક તરીકે હોદ્દો ધરાવતા ન હોવા છતા ખોટી રીતે દેખાવ કરવા પોતાની પ્રાઈવેટ કારમાં ગુજરાત પોલીસનું એક્રેલીક બોર્ડ લગાવી ફરતા ઝડપી લઈ બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત : છેડતીના આરોપમાં સગીરનું અપહરણ કરી ઢોરમાર મરાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

સચીન વિસ્તારમાં રહેતા એક ૧૬ વર્ષિય સગીરને છેડતીના આરોપસર અપહરણ કરી લઈ જઈ પાંચ જણાએ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવા અંગેની ફરિયાદ સચીન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ બનાવની વિગત અનુસાર મુળ બિહારનો વતની અને હાલ સચીન પારડી કણદે ખાતે શિવ દૃષ્ટી સોસાયટીમાં રહેતો રોશનકુમાર રાજપુતે વિશાલ ભરવાડ, અમીત રાઠોડ, કીશન ચૌહાણ તેમજ શંકર નાયર અને બાબુ ઉર્ફે રવિ રાઠોડ સામે રાયોટીંગનો ગુનો નોંધાવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, તેના સાળા કે જેની ઉંમર ૧૬ વર્ષની છે તેનું છેડતીના આરોપસર અપહરણ કરી લઈ જઈ તેને ઢીક મુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી.

# ઝાંઝરડા ચોકડીએ ડ્રગ્સ વેચતો શખ્સ ઝડપાયો

જૂનાગઢ, તા.૨૯

એસઓજીની ટીમે ઝાંઝરડા રોડ પરથી ડ્રગ્સ સહીતના કેફી પદાર્થનું વેચાણ કરતા શખ્સને પકડી પાડયો હતો. આ શખ્સને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે આપેલી માહિતી અનુસાર ઝાંઝરડા રોડ, રેખાખંડ બંગલા સામે રહેતા ધવલ સીંસાગીયા નામનો શખ્સ ગેરકાયદેસર નાર્કોટીકસના પદાર્થ, કેફી ઔષધો સહીતના દ્રવ્યોની હરાફેરી અને વેચાણ કરતો હોવાથી પોલીસે એનડીપીએસ એકટ મુજબ દરખાસ્ત તૈયાર કરી ગાંધીનગર મોકલવામાં આવી હતી. દરખાસ્ત મંજૂર થતા શખ્સને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ડીટેઈન કરવામાં આવ્યો હતો. આમ એસઓજી પીઆઈ જે.જે. પટેલે જણાવ્યું છે. વિશેષમાં આરોપી વિરૂદ્ધ અગાઉ જૂનાગઢ તાલુકા પોલીસમાં પણ એક ગુનો નોંધાયેલ છે.

# તા. ૨ ઓકટોબરે આંખનો વિનામૂલ્યે કેમ્પ યોજાશે

જોડિયા, તા.૨૯

ગુરૂવારે તા.૨/૧૦/ ૨૦૨૫ના રોજ સવારના ૯ વાગ્યે આંખનો વિનામૂલ્યે કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર-શ્રી રણછોડદાસ બાપુ આશ્રમ રાજકોટ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગરના સહયોગથી રંગુનવાલા હોસ્પિટલમાં યોજવામાં આવશે. આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દવા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને શ્રી રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ બસમાં લઈ જવામાં આવશે. ત્યા રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. ત્યાં આંખનું ઓપરેશન ફેકો પદ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મૂકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામૂલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે. કેમ્પમાં આવનાર દરેક વ્યક્તિએ મોઢા પર માસ્ક પહેરીને આવવાનું જેની ખાસ નોંધ લેવા રંગુનવાલા ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે. મોતિયાના દર્દીઓએ પોતાના આધારકાર્ડની ઝેરાક્ષમાં મોબાઈલ નંબર લખી સાથે લાવવી ફરજિયાત છે.

# વંથલીના ચકચારી ખાતર કૌભાંડમાં પૂર્વ કોંગ્રેસ પ્રમુખની ધરપકડ

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢના વંથલીમાં ખાતર કૌભાંડમાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખની ધરપકડ કરવામાં આવી છે. પ્રમુખ દ્વારા રૂા.૩૧ લાખથી વધુનું કૌભાંડ કર્યુ હોવાનું ઓડીટમાં સામે આવતાં વંથલી પોલીસે ત્રણ આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. જૂનાગઢના વંથલીમાં ખાતર કૌભાંડમાં કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ મનસુખ પાડલીયાની ધરપકડ કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વંથલી પોલીસ મથકે ખરીદ વેચાણ સંઘના મેનોજરે નાણાંકીય ઉચાપત થઈ હોવાની ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જેનાં આધારે પોલીસે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મનસુખ પાડલીયાની રૂા.૩૧ લાખથી વધુના ખાતર કૌભાંડમાં પોલીસે ધરપકડ કરી છે.

### મુસ્લિમ લઘુમતી શાળા સંકલન સમિતિ દ્વારા

# વડોદરાની એમ. ઈ. એસ. બોયઝ હાઈસ્કૂલ ખાતે પ્રથમ સ્ટેટ મિલન સમારોહ યોજાયો

## ગુજરાતની ૪૦૦થી વધુ મુસ્લિમ શાળાના પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

મુસ્લિમ લઘુમતિ શાળા સંકલન સમિતિ દ્વારા શહેરની એમ. ઈ. એસ. બોયઝ હાઈસ્કૂલ ખાતે પ્રથમ સ્ટેટ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરની ૪૦૦થી વધુ શાળાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મુસ્લિમ લઘુમતિ શાળા સંકલન સમિતિ દ્વારા યોજાતું પ્રથમ સ્ટેટ મિલન સમારોહ એકતા, શૈક્ષણિક વિકાસ અને ભવિષ્યની પેઢી માટે માર્ગદર્શક સાબિત થઈ રહ્યું છે. ગુજરાત રાજ્યના ૪૦૦થી વધુ મુસ્લિમ લઘુમતિ શાળઓના પ્રતિનિધિઓ (ટ્રસ્ટીઓ) આ કાર્યક્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે ડો. મોહમ્મદ હુસૈને જણાવ્યું હતું કે, આ એક ઐતિહાસિક ક્ષણ છે જ્યાં આપણે સૌ એકતા સાથે શૈક્ષણિક સુધારણા અને ભવિષ્ય માટે કામ કરી રહ્યા છીએ. આ કાર્યક્રમ માત્ર એક મેળાવડો નથી, પરંતુ એક મંચ છે જ્યાં આપણે સૌ મળી શકીએ, એકબીજાના અનુભવોમાંથી શીખી શકીએ અને ગુજરાતની દરેક મુસ્લિમ શાળાઓને મજબૂત બનાવવા માટે નવા વિચારોથી આગળ વધી શકીએ. આ કાર્યક્રમના મુખ્ય એજન્ડામાં ૧. નવી શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) અને અન્ય સરકારી યોજનાઓ અંગે માહિતી વહેંચણી, લાભ મેળવવાના માર્ગો અને સરકાર સાથે રચનાત્મક સંવાદ જાળવવા માટે માળખું ઊભું કરવું, ૨. સમાન તક અને અધિકાર -મુસ્લિમ લઘુમતી વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રમાં સમાન લાભ મળે તે માટે નીતિ નિર્માણમાં રચનાત્મક હાજરી સુનિશ્ચિત કરવી, ૩. ગુણવત્તાસભર શિક્ષણ-આધુનિક માળખાં, ટેક્નોલોજી તથા ગુણવત્તાસભર શિક્ષણ માટે સંકલિત પ્રયાસો, ૪. સામાજિક સશક્તિકરણ-લીડરશિપ ડેવલપમેન્ટ, કૌશલ્ય વિકાસ, રોજગારીલક્ષી તાલીમ અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ આર્થિક સહાય માટે સંયુક્ત મંચ, ૫. કાયદાકીય સહાય કેન્દ્ર-બંધારણની કલમ ૩૦ હેઠળ મળેલા અધિકારો અને કાનૂની સુરક્ષા અંગે માર્ગદર્શન માટે 'Legal Support Cell'ની સ્થાપના, ૬. શિક્ષક તાલીમ અને લીડરશિપ ડેવલપમેન્ટ-રસતત વિચારવિમર્શ અને ડિજિટલ પ્લેટફોર્મ પર તાલીમ કાર્યક્રમો, ૭. પરસ્પર અનુભવ અને સંશોધન આદાન-પ્રદાન-સફળ કાર્યપદ્ધતિઓ, નવીન વિચારો અને સંશોધન પ્રોજેક્ટ્સનું વહેંચાણ, ૮. Minority Education Forumની રચના-બદલાતા રાષ્ટ્રીય શિક્ષણ પ્રવાહોને ધ્યાનમાં રાખીને સંગઠિત મંચની રચના કરવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જનાબ પ્રો. ડો. અકીલ અલી સૈયદ સાહેબ (ફાઉન્ડીંગ વી.સી. જી.એમ. વસ્તાનવી યુનિવર્સિટી, અક્કલકુવા) (ઓનરેબલ ડાયરેક્ટર, સી.વી.એમ. યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર), જનાબ મુજતબા ફારૂક સાહેબ (મેનેજિંગ ડાયરેક્ટર, સાહીન એજ્યુપાવર, ન્યુ દીલ્હી), જનાબ એડવોકેટ તાહીર હકીમ સાહેબ (ગુજરાત હાઈકોર્ટ) (ફાઉન્ડીંગ મેમ્બર લીગલ કમિટી, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ), જનાબ મહંમદ આરીફ પઠાણ સાહેબ (નિવૃત્ત અધિક કલેક્ટર), એમ. ઈ .એસ સ્કૂલના ટ્રસ્ટી ગણના એડવોકેટ મોઈન.ટી. રિફાઈ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




# મહેમદાવાદ તાલુકાના શિક્ષક વિરૂદ્ધ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત

નડિયાદ, તા.૨૯

મહેમદાવાદ તાલુકાની કૈલાશપુરા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અર્જુનભાઈ ભીખાભાઈ ડાભી (રહે. વિજાપુરા, માંકવા, તા.મહેમદાવાદ) વિરૂદ્ધ જિલ્લા પ્રાથમિક શિષ્યના અધિકારી સમક્ષ થયેલી રજૂઆતમાં એવો આક્ષેપ કર્યો છે કે શિક્ષક અર્જુનભાઈ ડાભી મહેમદાવાદ તાલુકાના ખાત્રજ નજીક - રિલાયન્સ પેટ્રેલ પંપ પાછળની બાજુએ જમીન રાખીને રહેણાંક માટેના મકાનોનું બાંધકામ કરી બિલ્ડરનું કામકાજ કરે છે. આ જગ્યાએ આશરે ૩૦ જેટલા મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું છે અને મોટા ભાગના મકાનો શિક્ષકોએ જ ખરીદેલા છે. આ મકાનો એલ.એલ.પી. (LLP) કંપનીના સભ્યો બનીને રહેણાંક માટે લીધેલા હોવાનું પણ અરજીમાં જણાવાયું છે. આ અરજી કરનારાઓમાં અશોકભાઈ પન્નાલાલ સહિત કુલ ૧૧ ગામના આગેવાનોનું કહેવું છે કે શિક્ષક અર્જુનભાઈ ભીખાભાઈ ડાભી પંચાયત સેવાના કર્મચારી છે. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો ૧૯૯૮ના પ્રકરણ નં-૧૬ (ખાનગી ધંધો અને રોજગારી)ના નિયમ ૧ (ક), (૨), (૩), (૪) અને (૫) મુજબ સરકારી કર્મચારી ખાનગી ધંધો કે રોજગાર કરી શકે નહીં. તેમ છતાં શિક્ષક ડાભી દ્વારા ગુજરાત પંચાયત સેવા (૧૯૯૮)ના નિયમોનું ઉલ્લંઘન કરેલ હોય તેમ સ્પષ્ટ જણાય છે. આ સમગ્ર મામલે શિક્ષક અર્જુનભાઈ ડાભી સામે તાત્કાલિક ખાતાકીય તપાસ કરવામાં આવે અને નિયમોના ઉલ્લંઘન બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. અત્રે નોંધનીય છે કે ૪૪ શિક્ષકો સામે અન્ય એક જમીનમાં પ્લોટ પાડી ધંધો કરવાના મુદ્દે ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ થોડા દિવસ પહેલા જ આખરી નોટિસ આપીને ખુલાસો માગ્યો છે ત્યારે વધુ વિશેષતા શિક્ષકો સામે તપાસ કરવા પણ માંગ થઈ છે ત્યારે શિક્ષકો દ્વારા આવા કારસ્તાનને નહીં પ્રજામાં પણ ભારે રોજ છે બીજી બાજુ આ અરજીને ધ્યાનમાં રાખીને શિક્ષણ કચેરી દ્વારા તપાસના આદેશો થયા હોવાનું પણ જાણવા મળે છે.

# સુખી ડેમમાંથી પાણી છોડાતા જનતા ડાયવર્ઝનની એક તરફનો પટ્ટો ખોદી પાણીનો નિકાલ કરાયો

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૨૯

પાવીજેતપુર તાલુકાના સુખી ડેમમાંથી ૨૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવતા જનતા ડાયવર્ઝનને વધુ નુકસાન ન થાય તેમજ ફરીથી જનતા ડાયવર્ઝન બનાવી શકાય તે આશયથી ડાયવર્ઝનની એક તરફનો પટ્ટો ખોદી નાખી પાણીનો નિકાલ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ શુક્રવારના સવારથી અસ્તિત્વમાં આવેલ જનતા ડાયવર્ઝન રવિવારે ૬:૩૦ વાગે સુખી ડેમમાંથી પાણી છોડવાના કારણે બંધ કરવાની ફરજ પડી છે. તા.૨૮ સપ્ટેમ્બરની સાંજે ૫ વાગ્યાના સમયે સુખી ડેમનો એક દરવાજો ખોલી ૨૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવ્યું હતું જેનાથી જનતા ડાયવર્ઝનને મોટું નુકસાન થાય તેમ હતું.જેથી આગમચેતીના ભાગ રૂપે, ડાયવર્ઝન ઉપર પુરાણ કરેલા ભાગને ખોદી નાખી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જનતા ડાયવર્ઝનને ખોદી પાણીનો નિકાલ થવાના કારણે ભૂંગળાઓ પોતાની સ્થિતિ પર યથાવત રહ્યા છે. પાણીનો પ્રવાહ ઓછો થશે એટલે ફરીથી પુરાણ કરી આ જનતા ડાયવર્ઝન પુનઃ શરૂ થઈ શકે તેવું આયોજન આજુબાજુના ગામના યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે. હવે ૫ તારીખ પછી જનતા ડાયવર્ઝન શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે.



(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

# અંકોડિયા ખાતે ગ્રામીણ પ્રાથમિક શાળાની છોકરીઓને સાયકલ વિતરણ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

ફિક્કી ફલો વડોદરા દ્વારા મુકુલ મહાદેવ ફાઉન્ડેશન અને ફિનોલેક્સ પાઈપ્સ એન્ડ ફિટિંગ્સના સહયોગથી, અંકોડિયા ગામમાં એક સીમાચિહ્નરૂપ કૌશલ્ય અને શિક્ષણ સશક્તિકરણ પહેલની સાથે અંકોડિયા ગામ પ્રાથમિક શાળાની બાળ વિધાર્થિનીઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ હેઠળ, શાળાની વિદ્યાર્થિનીઓને ફિક્કી ફલો વડોદરાના હોદ્દેદારો અને મહાનુભાવો દ્વારા સાયકલ ભેટમાં આપવામાં આવી હતી., જેથી તેઓ સુરક્ષિત રીતે શાળાએ જઈ શકે અને સતત ખાતરી કરી શકે કે અંતર અને પરિવહનનો અભાવ તેમના શિક્ષણમાં ક્યારેય અવરોધ ન બને. આ કાર્યક્રમમાં મહાનુભાવો ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ધારાસભ્ય ધારસભ્ય વાઘોડિયા, મયુરીબેન પટેલ, સરપંચ (અંકોડીયા), શિવાની પટેલ, ફિક્કી ફલો વડોદરા પ્રમુખ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે બોલતા, FLO વડોદરાના અધ્યક્ષ શિવાની પટેલે જણાવ્યું હતું કે, 'શિક્ષણ અને ગતિશીલતા એકબીજા સાથે જોડાયેલા છે. એક સાયકલ છોકરીને શાળામાં રહેવા, મોટા સપના જોવા અને અસમાનતાના ચક્રોને તોડવામાં મદદ કરી શકે છે.



# અંકલેશ્વર : ઠગાઈના ગુનામાં ૨ વર્ષથી ફરાર આરોપીની મુંબઈથી ધરપકડ



(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના પી.આઈ. આર.એચ. વાળા અને સેકન્ડ પી.આઈ. એમ.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે છેતરપીંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસ્તા ફરતા આરોપી મુંબઈ ખાતે ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને મુંબઈના અંધેરી વેસ્ટ ખાતે રહેતો દર્શીત જયેશ ભાનુશાળીને ઝડપી પાડ્યો હતો. **(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

# વડોદરા : પાલતુ કૂતરા પર કાર ચડાવી મારી નાખતા સોસાયટીના રહીશ સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

તરસાલી મોતીનગર ખાતે પાલતુ કુતરા પર કાર ચડાવી મારી નાખતા સોસાયટીના રહીશ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વડોદરામાં તરસાલીના મોતીનગરમાં રહેતા હેતાબેન ભટ્ટ મકરપુરા જીઆઈડીસીની જલારામ એન્જિનિયરિંગ કંપનીમાં એચ આર તરીકે નોકરી કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ૨૩મી તારીખે સવારે ૧૦:૦૦ વાગે હું મારી નોકરી પર જવા નીકળી હતી. હું રસ્તામાં હતી તે દરમિયાન મારી માતાએ ફોન કરીને મને ઘરે આવી જવાનું કહેતા હું ઘરે ગઈ હતી મારા ઘર પાસે અમારૂં પાલતુ કુતરો મરણ ગયું હતું મારી માતાને પૂછતા તેમને જણાવ્યું હતું કે આપણું કુતરો ઘરની બહાર સોસાયટીના રોડ પાસે ફરતો હતો ત્યારે પ્રકાશભાઈ તેમની કાર લઈને પૂર ઝડપે આવ્યા હતા અને આપણા પાલતુ કુતરા પર કાર ચડાવી તેને મારી નાખી ભાગી ગયા હતા. ત્યારબાદ મેં પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતા પોલીસની ગાડી આવી ગઈ હતી અને પ્રકાશભાઈ પણ તેમના પત્ની સાથે પોલીસ સ્ટેશન આવ્યા હતા તેમને પોતાની ભૂલ સ્વીકારી હતી મારી વચ્ચે સમાધાન નહીં થતા ફરિયાદ કરી છે.

# વડોદરા શિક્ષણ સમિતિના ચેરમેન નિષિધ દેસાઈનું હાર્ટ એટેકથી નિધન

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯



વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ નિષિધ દેસાઈનું હૃદય રોગના હુમલાથી અવસાન થયું છે. દુઃખદ બનાવથી પરિવારજનો સહિત પાલિકાના પદાધિકારીઓ અને સમિતિના સભ્યોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આજે તેઓ તેમના ઘરે હતા. તે દરમિયાન ગભરામણ અને ચક્કર આવતા તેમને તાત્કાલિક બેન્કર્સ હાર્ટ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ હૃદય રોગનો હુમલો આવવાના કારણે નિધન થયું હોવાની પુષ્ટિ કરી હતી. તેમના નિધનથી પરિવારજનો સહિત પાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. અત્રે નોંધનીય બાબતે છે કે આ પહેલા પણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ અધ્યક્ષ હિતેશ પટણીને પણ સમિતિના કમાટીબાગ ખાતે આયોજિત થતા બાળમેળામાં અંતિમ દિવસે છાતીમાં દુખાવો થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને પણ હૃદય રોગના હુમલાના કારણે નિધન થયું હોવાની પુષ્ટિ થઈ હતી ત્યારે સતત બીજા અધ્યક્ષાનું પણ હૃદય રોગના કારણે નિધન થતા શોકનું મોજું ફરી વળ્યું હતું.

# વડોદરા વાસદ હાઈવે પર આવેલ ઘડિયાળી બાવાની દરગાહ સાથે ટેમ્પો ભટકાયો



(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

વડોદરા-વાસદ હાઈવે પર આવેલી 'ઘડિયાળી બાવા'ની દરગાહમાં બેકાબુ આયશર ટેમ્પો ઘુસી જતા દરગાહના શેડને નુકસાન પહોંચ્યું હતું. વડોદરા-વાસદ હાઈવે પર નંદેસરી નજીક આવેલી હઝરત બાલાપીર બાવાની દરગાહ, જેને લોકો 'ઘડિયાળી બાવા' તરીકે ઓળખે છે, આજે અમદાવાદ પાર્સિંગનો આયશર ટેમ્પો દરગાહ પાસેથી પસાર થતો હતો ત્યારે તેના ચાલકે અચાનક કાબુ ગુમાવ્યો હતો. અને ટેમ્પો સીધો જ દરગાહ સાથે ધડાકાભેર ભટકાયો હતો. ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ દરગાહનો શેડ તૂટી જવાથી નુકસાન થયું હતું. આ અકસ્માત પછી ટેમ્પો ચાલક ટેમ્પો મૂકી ત્યાંથી નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દરગાહ ખાતે દોડી આવ્યા હતા અને ઘટનાસ્થળે ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. અકસ્માતની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, શ્રદ્ધાળુઓની આસ્થા કેન્દ્ર બનેલી આ દરગાહ પર માનતા પૂરી થાય ત્યારે લોકો ઘડિયાળ ચઢાવતા હોય છે.

# અંકલેશ્વરની પ્રતિન ચોકડી પર ચાલતા કન્ટેનરનું ટાયર નીકળ્યું

## સ્થાનિકોની સજાગતાથી મોટી દુર્ઘટના ટળી

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વરની પ્રતિન ચોકડી પર આજે એક મોટી દુર્ઘટના થતા માંડ-માંડ ટળી હતી. પ્રતિન ચોકડી પાસેથી પસાર થઈ રહેલા એક કન્ટેનર ટ્રકનું ટાયર અચાનક બોલ્ટ ખૂલી જવાથી ગાડીમાંથી છૂટું પડી ગયું હતું અને તે રોડ પર આગળ ધસી ગયું હતું. છૂટું પડેલું ટાયર કોઈ અન્ય વાહન કે રાહદારીને ટકરાઈને ગંભીર જાનહાનિ કરી શકે તેમ હતું. પરંતુ આ કટોકટીની ક્ષણે ચોકડી પર હાજર રહેલા સ્થાનિક લોકોએ અદ્ભુત ચતુરાઈ અને બહાદુરીનું પ્રદર્શન કર્યું હતું. કોઈ પણ જાતના ડર વગર સૌએ આગળ ધસી રહેલા ટાયરને પકડી પાડ્યું અને તેને પાછું કન્ટેનર સુધી લાવ્યા હતા. સ્થાનિકોએ માત્ર ટાયર પકડવામાં જ મદદ ન કરી પરંતુ ડ્રાઈવરની મદદ માટે પણ આગળ આવ્યા. સૌના સહયોગથી તુરંત જ જેક લગાવીને છૂટું પડેલું ટાયર ફરીથી કન્ટેનરમાં ફિટ કરવામાં આવ્યું હતું. સ્થાનિકોની આ માનવતાભરી મદદ અને સમય સૂચકતાને કારણે કોઈ પણ પ્રકારની મોટી જાનહાનિ કે વાહન-વ્યવહારને નુકસાન થતું અટક્યું હતું. સમગ્ર ઘટનાથી બચી ગયેલા કન્ટેનરના ડ્રાઈવરે રાહતનો શ્વાસ લીધો હતો.

# THE WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા જંબુસર મુકામે યોજાઈ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૯

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન સંચાલિત THE WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.ભરૂચની વાર્ષિક સાધારણ સભા તારીખ-૨૮/૦૯/૨૦૨૫ને રવિવારના રોજ આદર્શ હાઈસ્કૂલ, જંબુસરના હોલમાં મંડળીના પ્રમુખ જનાબ મહમદ હનીફ પટેલની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. જેમાં WBVF સંગઠનના ઈન્ડિયા ચેપ્ટરના પ્રમુખ નાસીરભાઈ પટેલ તથા મંડળીના હોદ્દેદારો તથા કારોબારી કમિટીના સભ્યો સહિત સારી એવી સંખ્યામાં સભાસદોએ હાજરી આપી હતી. પરંપરા અનુસાર તિલાવતે કુર્આનથી સભાની શરૂઆત કરવામાં આવી હતી. સભાના અધ્યક્ષની વરણી તથા સ્વાગત પ્રવચન બાદ મંડળીના સેક્રેટરી રફીક અહમદ એ.પટેલ દ્વારા ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ, મંડળીની આવક-જાવકનું સરવૈયું, ઓડિટ રિપોર્ટ, મંડળીનો પ્રગતિ અહેવાલ સાધારણ સભામાં રજૂ કરવામાં આવ્યો હતો. જેને ઉપસ્થિત તમામ સભાસદોએ સર્વાનુમતે અનુમતિ આપી હતી. મંડળીના જોઈન્ટ સેક્રેટરી યાકુબભાઈ ઉઘરાતદારે બાળ બચત યોજના વિશે માહિતી આપી તેને લાગુ કરવા સભાની મંજૂરી મેળવી હતી. ત્યારબાદ WBVF ઈન્ડિયા ચેપ્ટરના પ્રમુખ જનાબ નાસીરભાઈ પટેલએ મંડળીની ભવિષ્યની યોજનાઓ તથા મંડળીના આગામી વિકાસલક્ષી આયોજનો વિશે વિસ્તૃત માહિતી આપી, મંડળીની તત્કાલ ધિરાણ યોજના નું વિધિવત લોન્ચિંગ કરી, મંડળીને વધુને વધુ સદ્ધર બનાવવા ઉપસ્થિત તમામને સહકાર આપવા ભાવસભર અપીલ કરી હતી. ત્યારબાદ મંડળી સંચાલિત અલીફ માર્ટના સ્ટાફને પ્રોત્સાહક પ્રમાણપત્રો તથા રોકડ ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હાજર સભાસદોએ વાર્ષિક સાધારણ સભાના તમામ એજન્ડા ઉપર થયેલ ચર્ચા વિચારણા-કાર્યવાહીને મૌખિક સંમતિ આપી, તે અંગેના તમામ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. અંતમાં, પ્રમુખસ્થાનેથી મહમદહનીફ પટેલ દ્વારા માઈક્રોફાઈનાન્સ-ગ્રામિણ બેંકના પ્રણેતા અને બાંગ્લાદેશના પ્રવર્તમાન પ્રમુખ મોહંમદયુનુસનું સુંદર દષ્ટાંત આપી મંડળીના ઉમદા હેતુઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં WBVF જંબુસર તાલુકા સંયોજકો તથા આદર્શ હાઈસ્કૂલના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી સુંદર અને અભિનંદનને પાત્ર આયોજન કર્યું હતું. સભાનું સંચાલન WBVFના મેનેજર મહમંદ ભોપાએ કર્યું હતું.



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

# ભરૂચ જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારિતા અંગેની તાલીમનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૨૯

જન શિક્ષણ સંસ્થાન ભરૂચ ખાતે યુવક સહકારીતા અંગેની તાલીમનું ભરૂચ જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજન કરાયું હતું. જેમાં ટ્રેનર મમતાબેન દ્વારા તાલીમાર્થી બહનોને સહકારીતાના જુદા- જુદા પાસા અંગે માહિતી પૂરી પાડી હતી અને ભરૂચમાં કાર્યરત ભરૂચ જિલ્લા મહિલા કો.ઓપરેટીવ બેંકની બહેનોને મુલાકાત કરાવી હતી. આ કાર્યક્રમના સમાપન પ્રસંગે ભરૂચ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભરતભાઈ પટેલ તથા મહિલા સહકારી સમિતિના અધ્યક્ષા નિરૂબેન આહીર તથા જિલ્લા સંઘના એકઝીક્યુટીવ નરેન્દ્રભાઈ લીંબાચીયા તથા જે.એસ.એસના નિયામક ઝયનુલ સૈયદની ઉપસ્થિતિમાં પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો. પ્રમુખ સ્થાનેથી બોલતા ભરતભાઈ પટેલે બહેનોને જુદી-જુદી સહકારી સંસ્થાઓના દાખલા આપી સહકારી ક્ષેત્રે પોતાનો વ્યવસાય શરૂ કરી આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સારથી પટેલે કર્યું હતું.



# વૈદિક ગણિત વિષય ઉપર લિખિત પુસ્તકનું વિમોચન

અમદાવાદ, તા.૨૯

ખૂબ રસપ્રદ અને જૂનો વિષય વૈદિક ગણિતને લોકભોગ્ય બનાવવા અને વિષય પ્રત્યેની રૂચી કેળવાય તે હેતુથી છેલ્લા દસ વર્ષથી હાર્દિક પરીખ અને ડો. પરિધિ ખૂબ મહેનત કરી રહ્યા છે. આ વિષય ઉપર તેઓએ અંગ્રેજી, ગુજરાતી ભાષામાં પુસ્તક સેટ બનાવ્યો છે. તેનુ વિમોચન તાજેતરમાં, રાજ્યના શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ હાર્દિકભાઈ અને પરિધિબેનને અભિનંદન આપી તેઓની મહેનતને બિરદાવી હતી. વૈદિક ગણિતનુ ઉદાહરણ આપતા ભૂપેન્દ્રસિંહએ જણાવ્યુ કે, વિષય થોડો અલગ અને કોઠાસૂઝ વાળો છે. સાણંદ તાલુકાના બકરાણા ગામના સ્વ. રવુભા વાઘેલા ચાર ધોરણ ભણેલા હતા અને સૌ ભણેલાઓની હાજરીમાં નાની મોટી રકમના ગુણાકાર મોઢેજ કહી દેતા, ૯૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા તે પહેલા સો આંકડા ગૂણ્યા સો આંકડાનો જવાબ તેઓએ ધ્યાનમા બેસી બે દિવસે આપી સૌને ચોંકાવી દીધા હતા. વિશ્વ વિખ્યાત Time મેગેઝીનમા પહેલા પાના ઉપર તેમનો ફોટો પચાસ વર્ષ પહેલા છપાયો હતો 'A man with computer under' Paghadi' (પાઘડી). ઋષિકેશભાઈ સહિત સૌએ યુવાન કપલની મહેનતને તાળીઓથી વધાવી અને બિરદાવી હતી.




### એશિયા કપ ફાઈનલમાં ભારતના વિજય બાદ

# વડોદરા શહેર દેશભક્તિના રંગમાં રંગાયું, વિજયોત્સવ મનાવાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

એશિયા કપ ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવી ઐતિહાસિક વિજય નોંધાવ્યો હતો. આ જીત સાથે ભારતીય ક્રિકેટપ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. દેશભરમાં લોકો ઘરની બહાર નીકળી ફટાકડા ફોડીને, તિરંગા લહેરાવીને જુદી-જુદી રીતે આનંદ વ્યક્ત કર્યો હતો. અનેક શહેરોમાં રસ્તાઓ પર લોકો એકત્ર થઈ ઉજવણી કરતા જોવા મળ્યા હતા. આકાશમાં ચમકતી આતશબાજીએ ઉજવણીને વધુ રોશન બનાવી હતી. વડોદરા શહેરમાં પણ ક્રિકેટ પ્રેમીઓએ ભારે ઉત્સાહ સાથે ભારતની જીતની ઉજવણી કરી હતી. અટલ બ્રિજ, ચાર દરવાજા સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં યુવાનો તિરંગા સાથે એકત્ર થયા હતા. ક્રિકેટની આ ઐતિહાસિક જીતથી શહેર દેશભક્તિના રંગમાં રંગાયું હતું. તિરંગા લહેરાવતાં લોકોનો ઉત્સાહ જોઈને સમગ્ર વાતાવરણ દેશપ્રેમથી પ્રેરિત બન્યું હતું. ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન ખડે પગે તૈનાત રહ્યું હતું. સોશિયલ મીડિયા પર કોઈ વિવાદિત પોસ્ટ ન ફેલાય તે માટે પોલીસએ જનતાને સાવચેત રહેવાની અપીલ પણ કરી હતી. એકંદરે ભારતની જીત વડોદરાવાસીઓ માટે ઉત્સવ સમાન બની હતી.

# વિસનગર તાલુકા ખરીદ-વેચાણ સંઘમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ ચૌધરી અને ઉપપ્રમુખ પદે વિષ્ણુભાઈ પટેલની બિનહરીફ વરણી

(સંવાદદાતા દ્વારા)

વિસનગર, તા.૨૯

વિસનગર સ્થિત ખેડૂતોની સહકારી સંસ્થા તાલુકા ખરીદ વેચાણ સંઘમાં સોમવારે પ્રમુખ ઉપપ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂરી થતાં બાકી રહેલી મુદત માટે ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારી વિકાસ રાતડાએ ચૂંટણી કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં તાલુકા ખરીદ-વેચાણ સંઘમાં પ્રમુખ તરીકે ચૌધરી મહેન્દ્રભાઈ માવજીભાઈ (ગુંજાળા) વાઈસ ચેરમેન પટેલ વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ (જેતલવાસણા)નો ભાજપ તરફથી મેન્ડેડ આવતાં બિન હરીફ ચૂંટાયા હતા. નવીન ચૂંટાયેલા પ્રમુખ-ઉપપ્રમુખને તેમના સમર્થકોએ અભિનંદન આપ્યા હતા. પ્રમુખ તરીકે ચૂંટાયેલા મહેન્દ્રભાઈ ચોધરીએ જણાવ્યું હતું કે, પાર્ટી એ તેમના ઉપર વિશ્વાસ મુક્યો છે તે કાયમ રહેશે અને ખેડૂતો માટેની આ સંસ્થામાં ખેડૂત હીત હોય તેવા કાર્યો કરવામાં આવશે.



(તસવીર : જી.એ. મન્સુરી, વિસનગર)

# ગાંધીનગર ખાતે આગામી તા. ૩ અને ૪ ઓક્ટોબરના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર યોજાશે નેશનલ કોન્ફરન્સ

## આ બે દિવસીય નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને દેશભરના વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ રહેશે ઉપસ્થિત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર , તા.૨૯

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે, આગામી તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામના લક્ષ્યો હાંસલ કરવા માટેના વિઝન, નોલેજ શેરિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, બેસ્ટ પ્રેક્ટિસીસ, ઈનોવેશન કેસ સ્ટડી તથા પોલિસી સ્ટ્રક્ચર વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. ડૉ. જયંતી રવિએ આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત દેશભરના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે.

જેમાં દેશના રાજ્યોના જમીન રેકોર્ડ તથા આપદા વ્યવસ્થાપન સંબંધિત બાબતો, જમીન સિસ્ટમ અને રેકોર્ડનો ઐતિહાસિક વિકાસ વગેરે મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. તેમજ જમીન ટાઈટલ અને મહેસૂલી, પેપરલેસ ઓનલાઈન રજિસ્ટ્રેશન, જમીન રેકોર્ડ મેનેજમેન્ટ અને નગર રચના, રેવન્યુ અને સિવિલ કોર્ટ કેસ તથા પેપરલેસ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જમીન વહીવટ માટે સ્ટાફિંગ અને માનવ સંસાધન વ્યવસ્થા જેવા વિષયો ઉપર પણ વિશદ ચર્ચા કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, આ કોન્ફરન્સમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ, વિવિધ રાજ્યોના વિશેષજ્ઞો, NIC, Survey of India, NDMA, GSDMA, BISAG-N, NIC, GNLU, IIM-A, IIT-Gn, ISRO, CEPT, TISS, બેન્કિંગ સેક્ટર, ટેક કંપનીઓ CREDAI, Advocates, Land Stack જેવી સંસ્થાઓની પણ સહભાગિતા પ્રાપ્ત થશે. મહાત્મા મંદિર ખાતે યોજાનાર બે દિવસના આ રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમમાં ગુજરાત રાજયમાં રી-સર્વે પ્રવૃત્તિઓ – પડકારો, તેના ઉકેલ તથા બેસ્ટ પ્રેક્ટિસિસ ઉપર પણ ચર્ચા વિચારણા કરીને ફોકસ કરવામાં આવશે. તેમજ આપદા નિવારણ ક્ષેત્રે બેસ્ટ પ્રેક્ટિસિસનું અનુભવ-શેરિંગ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# શહેરમાં ત્રણ જગ્યાએ બસ ડેપો બનશે

## મુસાફરોને AMTS-BRTS મળશે, એક જ સ્થળેથી શહેરના કોઈપણ સ્થળે જવું હોય તો સરળ થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ શહેરમાં દરરોજ અબજે એક લાખથી વધુ મુસાફરો AMTS અને BRTS બસમાં મુસાફરી કરે છે. જ્યારે બહારગામ જવા માટે લોકો એસટી બસનો ઉપયોગ કરતા હોય છે, ત્યારે હવે શહેરના છેવાડાના વિસ્તારોમાં એક જ જગ્યાએથી લોકોને એસટી બસ સ્ટેન્ડ અને AMTS તેમજ BRTS બસ સ્ટેન્ડ મળે તે પ્રકારનું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. શહેરના ઝુંડાલ, સુભાષબ્રિજ RTO અને નિકોલ કઠવાડા ખાતે બસ ડેપો બનાવવામાં આવશે. AMTS દ્વારા આ પ્રકારના બસ ડેપો બનાવવા માટેની ડિઝાઈન તૈયાર કરવા માટે કંપનીને કામગીરી સોંપવામાં આવનાર હતી, જોકે તેની ફીમાં વધારો હોવાના કારણે હાલ પૂરતી આ દરખાસ્તને બાકી રાખવામાં આવી છે. AMTS કમિટીના ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના શહેરના સરદાર પટેલ રિંગરોડ પર ઝુંડાલ સર્કલ નજીકનો ૧૦૦૦૦ ચો. મી, સુભાષ બ્રિજ આરટીઓ સર્કલ પાસે ૧૦,૦૦૦ ચો.મીટર અને નિકોલ કઠવાડા ખાતે ૧૬૩૪૨ ચો.મી જેટલા પ્લોટમાં બસ ડેપો બનાવવામાં આવશે. જેના માટેની ડિઝાઈન બનાવવાની દરખાસ્ત મુકવામાં આવી હતી. આજે મળેલી કમિટી દરમિયાન એક જ સ્થળ ઉપર મુસાફરોને AMTS, BRTS અને એસટી બસની સુવિધા મળી રહે તેના માટે બસ ડેપોની ડિઝાઈન બનાવવા માટે HCP ડિઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીને કુલ પ્રોજેક્ટના ૪% જેટલી રકમ આપવા માટેની દરખાસ્ત અને બાકી રાખવામાં આવી છે. આ ડિઝાઈન બનાવવા માટેની જે ફી છે તે વધારે હોવાનું લાગી રહ્યું છે જેથી આ બાબતે હાલમાં ફી અંગે કન્સલ્ટન્ટ સાથે ફરી એકવાર ચર્ચા કરી અને બાદમાં તેનો નિર્ણય લેવામાં આવશે.

# સેવન્થ ડે સ્કૂલ તપાસ દરમિયાન અન્ય પ્રકારની ગેરરીતિઓ પણ મળી આવી

## સ્કૂલની ફી કમિટીની દરખાસ્તમાં અને ઓડિટમાં ચૂકવેલ ભાડાની રકમમાં મોટો તફાવત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા હજુ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં પોતાનો અહેવાલ સુપરત કરશે. પરંતુ તપાસ દરમિયાન સ્કૂલની અનેક પ્રકારની ગેરરિતીઓ સામે આવી હોવાનું જાણવા મળે છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટીમાં રજૂ કરેલી દરખાસ્તમાં ચુકવેલા ભાડાની રકમ અને ઓડિટમાં મુકેલી ચુકવેલા ભાડાની રકમમાં ખુબ જ મોટો અંતર જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલની તપાસ માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બનાવેલી કમિટી દ્વારા અત્યાર સુધી મોટાભાગના મુદ્દાઓ પર તપાસ કરી લીધી છે. જોકે, સ્કૂલ તરફથી કમિટીને પુરતા ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા ન હોવાનું પણ જાણવા મળે છે. પરંતુ જેટલા ડોકયુમેન્ટ કમિટીને મળ્યા છે તેને જોતા સ્કૂલમાં અનેક પ્રકારની ગરેરિતીઓ હોવાનું સામે આવ્યું છે. જેથી આ તપાસ કમિટીના રિપોર્ટ બાદ સ્કૂલની ફરતે ગાળીયો મુજબત થશે તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. હાલમાં કમિટીની તપાસ અંતિમ તબક્કામાં છે અને આગામી દિવસોમાં કમિટી પોતાનો રિપોર્ટ સમબીટ કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જો કે, કમિટીની અત્યાર સુધીની તપાસમાં આવેલી અનેક પ્રકારની ગેરરિતી પૈકી ભાડાની ચુકવણીની ગેરરિતી પણ મળી છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટી સમક્ષ કરેલી દરખાસ્તમાં રૂા. ૪૦ હજાર ભાડું ચુકવવામાં આવ્યું હોવાનું દર્શાવ્યું છે. જ્યારે કમિટી સમક્ષ રજુ કરેલા ઓડિટના ડોક્યુમેન્ટમાં ભાડા પેટે રૂા. દોઢ કરોડથી વધુની રકમ ચુકવી હોવાનું દર્શાવ્યું છે. આમ, ભાડાની ચુકવણીના આંકડાઓમાં પણ ગેરરિતી જોવા મળી રહી છે. ઉપરાંત સ્કૂલ દ્વારા ઓડિટમાં સ્ટેશનરી વેચાણ પૈકી રૂ. સવા બે કરોડ જેટલી આવક હોવાનું દર્શાવ્યું છે. નિયમ મુજબ સ્કૂલ પોતાના કેમ્પસમાં બુક સ્ટોર ચલાવી શકે નહીં, પરંતુ તેમ છતાં સ્કૂલ પોતાની રીતે જ બાળકોને સ્કૂલમાંથી પુસ્તકો આપતી હોવાનું અને તેના થકી કરોડોની આવક રળતી હોવાનું સામે આવ્યું છે.

# સુરતમાં રૂા.૮.૭૭ કરોડની શંકાસ્પદ એમ્બરગ્રીસ સાથે ૯ યુવાનો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

સુરતમાં ઉમરા પોલીસે ઈન્ડોર સ્ટેડિયમ નજીકથી દરોડો પાડી અંદાજિત ૮ કિલો શંકાસ્પદ 'એંબરગ્રીસ' જપ્ત આગળની કાર્યવાહી હાથ ધરી છે. રૂા.૮,૮૮,૪૩,૦૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ૯ જેટલા યુવાનોને ઝડપી પાડ્યા છે. જે સુરત શંકાસ્પદ 'એંબરગ્રીસ' વેચવા માટે આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ પણ સામેલ છે.વન વિભાગની મદદ થી આગળની તપાસ ઉમરા પોલીસ દ્વારા શરૂ કરવામાં આવશે.. ૧૦ દિવસની અંદર સુરત પોલીસે ૧૮ કરોડથી પણ વધુ શંકાસ્પદ 'એંબરગ્રીસ' જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. પોલીસ ટીમે સુરત ઈન્ડોર સ્ટેડિયમ પાસે આવેલ ધવલગીરી એપાર્ટમેન્ટની ગલીના નાકે ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓના કબજામાં રહેલી બે ફોર વ્હીલ ગાડીઓમાંથી શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. તેનું વજન કરતા તે ૮.૭૭૬ કિલોગ્રામ હતું. પોલીસે તેની કિંમત ૧ કિલોગ્રામના રૂા.૧ કરોડ ગણીને, આ શંકાસ્પદ એંબરગ્રીસની કુલ આશરે કિંમત રૂા.૮,૭૭,૩૦,૦૦૦ આંકી છે.

આ ઉપરાંત, પોલીસે આરોપીઓ પાસેથી રૂા. ૬,૦૦,૦૦૦ની કિંમતની હ્યુન્ડાઈ વર્ના (રજિ. નં. GJ-07-DC-5106) અને રૂા. ૪,૦૦,૦૦૦ની કિંમતની હ્યુન્ડાઈ I-10 નીઓસ (રજિ. નં. GJ-16-DG-0748) જેવી બે ફોર વ્હીલ ગાડીઓ જપ્ત કરી છે. સાથે જ, આરોપીઓ પાસેથી કુલ ૦૯ મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે, જેની કિંમત રૂા.૧,૧૩,૦૦૦ છે. આમ, પોલીસે કુલ રૂા.૮,૮૮,૪૩,૦૦૦ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે ગેરકાયદેસર એંબરગ્રીસના વેપારમાં સંડોવાયેલા વિવિધ જિલ્લાના ૯ યુવાનોની અટકાયત કરી છે. ભરૂચ અને તેના આસપાસના વિસ્તારના યુવાનોમાં મીહીર સુરેશભાઈ સોલંકી (ઉંમર ૨૦), કેયુર હરીશભાઈ વસાવા (ઉંમર ૨૨), રોનકભાઈ રાજેશખન્ના પરમાર (ઉંમર ૧૯), રૂદ્ર અનીમેષભાઈ વસાવડા (ઉંમર ૧૯) અને અર્પીત ગણપતસિંહ ગોહીલ (ઉંમર ૨૩)નો સમાવેશ થાય છે. આમાંથી મોટાભાગના યુવાનો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત આણંદ જિલ્લાના તારાપૂર અને લાંભેલ રોડ વિસ્તારના ગોપાલ લક્ષ્મણભાઈ ભરવાડ (ઉંમર ૨૨), નરેશભાઈ ભાણાભાઈ ભરવાડ (ઉંમર ૩૯, ધંધો-ખેતી) અને મેહુલભાઈ કાનજીભાઈ ભરવાડ (ઉંમર ૨૧) ની પણ ધરપકડ કરવામાં આવી છે. અંકલેશ્વરમાં રહેતા વિપૂલ ગગજીભાઈ આહીર (ઉંમર ૧૯, મૂળ બોટાદ) પણ પકડાયેલા યુવાનોમાં સામેલ છે. ઉમરા પોલીસે હજી સુધી સત્તવાર રીતે પુષ્ટિ કરી નથી કે, જપ્ત કરાયેલ પદાર્થ ખરેખર વ્હેલ માછલીની ઉલટી જ છે. FSL અને વન વિભાગના રિપોર્ટ બાદ ખબર પડશે.

# હજ-૨૦૨૬ માટે વેઈટીંગમાં પસંદગી પામેલા અરજદારો માટે જરૂરી બાબતો

અમદાવાદ,તા.૨૯

હજ-૨૦૨૬ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા પ્રથમ વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં આવી છે. હજ કમિટી ઓફ ઈન્ડિયાના પરિપત્ર ક્રમાક-૧૧ મુજબ વેઈટીંગ નંબર-૧થી ૨૫૯૮ સુધીના અરજદારોની પસંદગી થયેલ છે. જેઓની યાદી https:// Gujarathajhouse.in પર રાખેલ છે. પ્રત્યેક હજ યાત્રી દીઠ એડવાન્સ હજ એમાઉન્ટ રકમ રૂા.૧,૫૨,૩૦૦/- નિયત કરેલ બેન્કમાં જમા કરાવવાના રહેશે. જે તા.૧૧-૧૦-૨૦૨૫ સુધીમાં હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં જમા કરાવી શકાશે. હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની કોઈપણ બ્રાન્ચમાં ગુજરાત રાજય હજ કમિટીની વેબસાઈટ આપેલ Download printed pay-Slip (Link-https:// slip.ftgujarat.online)ના ઓપ્શનમાં કવર નંબર નાંખી વિગતો ભરેલ SBI અથવા UBI પ્રિન્ટેડ સ્લીપ ડાઉનલોડ કરી શકાશે અથવા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર આપેલ જનરેટ પે-સ્લીપના ઓપ્શનમાં પોતાના કવર નંબર નાંખી નિયત નમુનાની પ્રિન્ટેડ પે-ઈન-સ્લીપ ડાઉનલોડ કરી શકાશે. ઉકત રકમ ભરી ડોકયુમેન્ટ ઓનલાઈન હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર તા.૧૮-૧૦-૨૦૨૫ સુધીમાં અપલોડ કરવાના રહેશે. અથવા જિલ્લાના ફિલ્ડ ટ્રેનર તથા આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરની યાદી લિન્ક પર https:// Gujarathajhouse.in/ft-aft-2026 મુકેલ છે જ્યાં આપના જિલ્લામાં પણ આપ જમા કરાવી શકો છો. ઉપરાંત હજ હાઉસ, અમદાવાદ ખાતે પણ જમા કરાવી શકો છો. ઉકત કોઈપણ પ્રક્રિયા કરવા માટે કોઈપણ હજ યાત્રિકોને કોઈપણ માર્ગદર્શન તથા મદદની જરૂર પડેતો તેઓ તેમના જિલ્લાના હજ કમિટી દ્વારા નિયુકત ફિલ્ડ ટ્રેનર તથા આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરનો સંપર્ક કરી મદદ મેળવી શકે છે. જિલ્લા વાઈઝ ફિલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરની યાદી https://Gujarathajhouse.in/ ft-aft-2026 મુકેલ છે. તથા હજ હાઉસ, અમદાવાદ ખાતે સંપર્ક સાધી શકો છો. આથી દરેક હજ યાત્રિકોને વિનંતી કરવામાં આવે છે કે એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને તમારી પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં તેમ એક અખબારી યાદીમાં ગુજરાત રાજય હજ સમિતિના સચિવ આઈ.એમ. ઘાંચીએ જણાવ્યું છે.

## આપઘાત કરતા પહેલા વીડિયો પણ બનાવ્યો

# કલોલના નારદીપુરના તળાવમાં ત્રણ યુવકોએ આપઘાત કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

ગાંધીનગરના કલોલમાં ૩ યુવકે આપઘાત કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. કલોલ પાસે નારદીપુર તળાવમાં પડી ૩ યુવકે આપઘાત કર્યો છે. બનાવના પગલે પોલીસે તપાસ શરુ કરી છે. આ બનાવના પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. મળેલી માહિતી પ્રમાણે આ યુવકોએ તળાવમાં કૂદીને આપઘાત કર્યો છે. નારદીપુરના તળાવમાં પડતા પહેલા આ યુવકોએ વીડિયો પણ બનાવ્યો હતો અને ઈન્સ્ટાગ્રામમાં પણ વાયરલ કર્યો હતો. એક સાથે ત્રણ યુવકે તળાવમાં પડી આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. હાલ તો અગમ્ય કારણોસર તળાવમાં પડી યુવકોએ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ યુવકોના નામ ધૈર્ય શ્રીમાળી, કૌશિક મહેરીયા, અશોક વાઘેલા હોવાનું જાણવા મળ્યું છે.રૂ પોલીસે પણ સમગ્ર બનાવની તપાસ શરુ કરી છે તથા તેમના વીડિયોની પણ ચકાસણી કરાઈ રહી છે. ત્રણેય યુવકો નારદીપુરના જ રહેવાસી છે.

# અમદાવાદ ખાતે ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ દ્વારા ડાયમંડ જ્યુબિલી વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાયો



અમદાવાદ,તા.૨૯

તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ દ્વારા ડાયમંડ જ્યુબિલી ૭૫મા વાર્ષિક સમારંભ અમદાવાદમાં લાલજી મૂળજી પરમાર હોલ ખાતે રાખવાંમાં આવ્યો હતો, આ દિવસે સમાજના તેજસ્વી તારલાઓને ટ્રોફી, સર્ટિફિકેટ, સિલ્વર મેડલ અને રોકડ ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા, સાથે સાથે મંડળની ભવિષ્યની યોજનાઓ જાહેર કરવામાં આવી જેવી કે મલ્ટી પરપઝ કોમ્યુનિટી સેન્ટર બનાવવું જેમાં લગ્ન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો, બહેનો માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, અત્યાધુનિક સુવિધા સાથે ગેસ્ટ હાઉસ, લાયબ્રેરી અને એજ્યુકેશનલ સેન્ટર ગર્લ્સ હોસ્ટેલ, ટ્રેડ શો માટે હોલ તથા કોન્ફરન્સ હોલ વગેરે. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ હાજી યાકુબભાઈ ઉમરજીભાઈ (કોઠીવાતરસા), સેક્રેટરી મુશ્ત્રિયાર એહમદભાઈ પટેલ (શેરપુરા) અને તમામ કારોબારી સભ્યોએ ખૂબ જ મેહનત કરી હતી. આ કાર્યક્રમમાં વર્લ્ડ વોહરા ફેડરેશનના પ્રમુખ નસીર પટેલે ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક, અહમદાબાદ મંડળની ભવિષ્યની યોજનામાં દરેક બનતી મદદ કરવા માટે વચન આપ્યું. IMAથી ગોલ્ડ મેડાલિસ્ટ ફેસલ કુરેશીએ યુવા પેઢી અને વિદ્યાર્થી તથા વાલીઓને સ્કિલ ભણતર તરફ આગળ આવવા માટે હાકલ કરી હતી.

# ગોમતીપુર ખાતે 'યુવતીઓની સમસ્યાઓ અને ઉકેલ' વિષય પર કાર્યક્રમ યોજાયો




અમદાવાદ, તા.૨૯

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં 'ઈદારતુલ ઉમ્મત ગ્રુપ' દ્વારા, ગર્લ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ગુજરાત, રખિયાલ યુનિટના સહયોગથી યુવતીઓની સમસ્યાઓ અને ઉકેલ વિષય પર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫, રવિવારના રોજ એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શાઝિયા શેખ (સચિવ, મહિલા વિભાગ, જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત) ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ડૉ. કૌસર ઈંદોરી (પ્રમુખ, GIO ગુજરાત) અને તૈય્યબા મુહમ્મદી (પ્રમુખ, GIO રખિયાલ યુનિટ) એ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્થાનિક નસીમ આપાએ પણ પ્રસંગને અનુરૂપ પોતાની વાતો રજૂ કરી હતી.

ડૉ. કૌસર ઈંદોરીએ જણાવ્યું કે, મહિલાની ઈજ્જત અને અઝમત તેની ફરજ-એ-ઐન (વ્યક્તિગત ફરજ) અને ફરજ-એ-મન્સબ (સામાજિક ફરજ)ની સાચી અદાયગીમાં છે. ઈસ્લામ મહિલાને માત્ર ઘર સુધી સીમિત નથી કરતો, પણ તેની ક્ષમતાને આધારે સમાજ, દીન તથા વ્યક્તિગત જીવનમાં શ્રેષ્ઠ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. તૈય્યબા મુહમ્મદીએ ભારપૂર્વક કહ્યું કે ઈસ્લામના આગમન પહેલાંના યુગમાં મહિલાઓને હેરાન-પરેશાન કરવામાં આવતી અને તેમને માનવ ગણવામાં નહોતી આવતી. ઈસ્લામે મહિલાને તેનો ગુમાવેલો હક આપ્યો, પરંતુ આજની મહિલાઓ પશ્ચિમની સંસ્કૃતિનું અંધાનુકરણ કરીને ફરી તે જ અજ્ઞાન તરફ જઈ રહી છે. 'આઝાદી'ના નામે મહિલાઓનો માત્ર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મુખ્ય વક્તા શાઝિયા શેખે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, મનુષ્યની જિંદગીનો સૌથી કિંમતી સમય યુવાનીનો સમય છે. ઈસ્લામ યુવતીઓને તેમની યુવાનીને ઈમાન, હયા, વ્યક્તિત્વ-નિર્માણ અને ખિદમત સાથે જોડવાની તાલીમ આપે છે. અલ્લાહની નજરે સૌથી ઊંચો દરજ્જો તેને મળે છે જે પોતાની યુવાનીને ઈબાદત, પવિત્રતા અને આજ્ઞાપાલનમાં પસાર કરે છે. તેમણે કેટલીક સહાબિયાતનાં ઉદાહરણો પણ આપ્યાં કે જેમણે પોતાની યુવાની દીનની ખિદમતમાં વાપરી હતી.

શાઝિયા શેખે જણાવ્યું કે આજની યુવા પેઢી અનેક પડકારોનો સામનો કરી રહી છે, જેમ કે સોશિયલ મીડિયાનો ગેરઉપયોગ, ફેશન અને બેફિકરાઈ જીવન, શિક્ષણનો ખોટો ખ્યાલ જે ફક્ત દુન્યવી ફાયદા સુધી સીમિત થઈ ગયો છે, પશ્ચિમની સંસ્કૃતિનું અનુસરણ અને ફેમિનિઝમનાં નામે જવાબદારીઓથી દૂર ભાગવું. આવા સમયમાં ઈસ્લામ યુવતીઓને માર્ગદર્શન આપે છે કે તેઓ પોતાનું ઈમાન મજબૂત બનાવે, નમાઝ, કુર્આન અને ઝિકરને પકડી રાખે, દીની તેમજ દુન્યવી બંને પ્રકારની તાલીમ હાંસલ કરે, પોતાની હયા અને પવિત્રતાની રક્ષા કરે, પોતાના સમયનો યોગ્ય ઉપયોગ કરે અને દીન તથા ઈન્સાનિયત બંનેની ખિદમતમાં યોગદાન આપે. 'ઈદારતુલ ઉમ્મત ગ્રુપ'ના પ્રમુખ શેખ મુદસ્સિર ભાઈ, સભ્ય શબ્બીર શેખ અને હાફિઝ રાહિલ, તેમજ જમાઅતે ઈસ્લામી હિંદ, અહમદાબાદ પૂર્વના ઉપપ્રમુખ આફતાબ આલમે કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ક્રાઈમ ડાયરી

### એક્ટિવા આગળ મુકેલ આઈફોન સહિત રૂા.૧.૧૨ લાખની મત્તાની ચોરી થઈ

પાર્થકુમાર મહેશભાઈ મકવાણા (ઉ.વ.૩૨, રહે. સત્યમ ફલેટ મેડાવાળી ચાલી, દશામાના મંદીર પાસે, સરસપુર રોડ રખિયાલ)એ તા.૨૮/૯/૨૦૨૫ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૨૩/૯/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે જે.જે. પાર્ક સોસાયટી સામે એપ્પલ ગ્લોરી ફલેટ, બંગલા એરિયા કુબેરનગરની બાજુમાં આવેલ બંગલા આગળ રોડ ઉપર એકિટવાના આગળના ભાગે મુકેલ બોરો કે જેમાં અલગ અલગ પાર્સલમાં એપ્પલ કંપનીના 'આઈફોન ૧૫ મોબાઈલ ફોન' નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૯૨,૦૦૦/- આઈકયુ કંપનીનો ઝેડ '૧૦' મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ અલગઅલગ પાર્સલ નંગ-૧૭ જેમાં મોબાઈલની એસેસરીઝ અને અન્ય પાર્સલો મળી કિંમત રૂપિયા ૧૦,૩૩૨/- સાથે તમામ પાર્સલો કુલ કિંમત રૂપિયા ૧,૧૨,૩૩૨/- મતાના અજાણી વ્યકિત ચોરી કરી લઈ ગઈ હતી.

### નિકોલમાં મહિલાએ ઝેરી દવા ગટગટાવી

જયાબહેન વા/ઓ હરિશભાઈ ચાવડા (ઉ.વ.૪૫, રહે. આમ્રપણ આવાસ દાસ્તાન સર્કલ કઠવાડા)એ અગમ્ય કારણસર તા.૨૮/૯/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

### વટવામાં યુવતીનો આપઘાત

સીતાબહેન વા/ઓ આદિત્ય ઠાકોર (ઉ.વ.૨૨, રહે. માંડવી વાળો ઠાકોરવાસ વટવા ગામ)એ અગમ્ય કારણસર તા.૨૭/૯/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને એલજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૮/૯/૨૦૨૫ કલાક ૩/૨૪ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

### સાબરમતી નદીમાં ઝંપલાવી યુવાને આત્મહત્યા કરી

પંકજ ઈશ્વરભાઈ સિરોયા (ઉ.વ.૩૫, રહે. રબારી વાસ કમોડ ગામ તા. દસક્રોઈ જી. અમદાવાદ)એ બીમારીથી કંટાળી તા.૨૭/૯/૨૦૨૫ સવારના ૬/૦૦થી તા.૨૮/૯/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ કમોડ રીંગ રોડ બ્રિજ નીચે સાબરમતી નદીમાં ઝંપલાવી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

# પાલડી હત્યા કેસના સગીર આરોપીના જામીન જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ફગાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં જાહેરમાં નૈષલ ઠાકોર નામના યુવાન પર જીવલેણ હથિયારો વડે હુમલો કરી તેમજ તેના પર વાહન ચલાવી જાહેરમા હત્યા કરવાના કેસમાં પોલીસે એક સગીરને પણ ઝડપી લઈ બાળ સુધારણા ગૃહમાં મોકલી આપ્યો છે. ત્યારે આ કેસમાં કાયદાના સંઘર્ષમાં આવેલ સગીરે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં જામીન અરજી કરી હતી. જેમાં સરકારી વકીલે દલીલ કરી હતી કે, આવા ગુના આચરવાથી સગીરના વાલીની બેદરકારી સ્પષ્ટ દેખાઈ આવે છે, ત્યારે જામીન મુક્ત ન કરવો જોઈએ. આવી રજૂઆત બાદ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના પ્રિન્સિપલ મેજિસ્ટ્રેટ એમ. વી. પંડ્યાએ સગીરની જામીન અરજી નામંજૂર કરી છે. પાલડી જાહેરમાં હત્યા કેસમાં ઝડપાયેલ સગીરને બાળ સુધારણા ગૃહમાં મોકલી આપવામાં આવ્યો છે. ત્યારે બાળક તરફે તેના વાલી દ્વારા જામીન માટે અરજી કરવામાં આવી હતી. જેમાં બાળ આરોપીનો રોલ ન હોવા સહિતના મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે સામાન્ય રીતે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ સગીર વયના આરોપીને કાઉન્સેલિંગ કર્યા બાદ જામીન મુક્ત કરવામાં આવતા હોય છે. સરકાર તરફથી સરકારી વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સગીર અન્ય આરોપી સાથે કાવતરું રચીને રાત્રિ દરમિયાન હુમલો કરવામાં આવ્યો છે. સગીર વયના બાળકની મોડીરાત સુધી અસામાજિક તત્વો સાથે ફરવા અને ગુના આચરવાથી સગીરના વાલીની બેદરકારી સ્પષ્ટ દેખાઈ આવે છે. જો સગીર બાળકને જામીન મુક્ત કરવામાં આવે તો ફરીથી ગુના સાથે સંકળાયેલા વ્યક્તિઓ સાથે જોડાઈ જાય અને તેના કુમળા માનસ ઉપર ગંભીર અસરો પડે તેવી છે. જેથી જામીન અરજી નામંજૂર કરવી જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બાળ આરોપીના જામીન ફગાવી દીધા છે.

# મન્સુરી ઉઝૈર સમીરભાઈએ જુડો કરાટે ક્ષેત્રે સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલનું નામ રોશન કર્યું



અમદાવાદ, તા.૨૯

તારીખ : ૨૭/૯/૨૫નાં રોજ કરાટે એસોસિએશન ઓફ અમદાવાદ દ્વારા એ.પી.ચંદ્ર મૌલીશ્વર હોલ, વાસણા, અમદાવાદ ખાતે K.A.A કરાટે કુમીતે (ફાઈટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરની વિવિધ સ્કૂલનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉપરોક્ત સ્પર્ધામાં સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલનાં વિદ્યાર્થી મન્સુરી ઉઝૈર સમીરભાઈએ કુમીતે ફાઈટમાં વિજય મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યુ હતુ અને સ્પર્ધામાં બીજો નંબર હાસલ કરી સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલનું નામ રોશન કર્યુ હતું. આ પ્રસંગે સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલનાં મેનેજીંગ ટ્રસ્ટી (મુફતી) અબ્દુલ કય્યુમ એ. મન્સુરી, મૌલાના સલમાન શેખ અને પ્રિન્સિપાલ ઈદરીશ સિપાઈએ વિજયી બાળક મન્સુરી ઉઝૈર સમીરભાઈને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલ ખાતે કરાટે, સેલ્ફ ડિફેન્સનાં કોચીંગ કલાસ ચલાવતા Z.S. કરાટે એકેડમીનાં કોચ ઝાકિર ભાઈનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. તેમ એક અખબારી યાદીએ જણાવાયું છે.

# ગાઝા શહેરમાં સતત હુમલાઓને કારણે બે ઈઝરાયેલી બંધકો સાથેનો સંપર્ક તૂટી ગયો : હમાસ

(એજન્સી) તા.૨૯

પેલેસ્ટીની પ્રતિકાર સમુહ હમાસે રવિવારે જણાવ્યું કે, ગાઝા શહેરમાં સતત ઈઝરાયેલી હુમલાઓ વચ્ચે તેણે બે ઈઝરાયેલી બંધકો સાથેનો સંપર્ક ગુમાવ્યો છે. સમુહની સશસ્ત્ર શાખા, કાસમ બ્રિગેડ્સે જણાવ્યું કે, પાછલા ૨૪ કલાકમાં ગાઝા શહેરના સાબ્રા અને તેલ અલ-હવા વિસ્તારોમાં 'ક્રૂર લશ્કરી કાર્યવાહી અને ભારે બોમ્બમારા'ના પરિણામે બંધક ઓમરી મીરાન અને મતાન એંગ્રેસ્ટ સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

એક નિવેદનમાં ચેતવણી આપવામાં આવી છે કે, 'બંદીવાનોનો જીવ ખરેખર જોખમમાં છે.'

સમુહે માંગ કરી કે, ઈઝરાયેલી દળો તરત જ તેલ અલ-હવામાં સ્ટ્રીટ ૮ની દક્ષિણે પાછા હટી જાય અને સાંજે ૬ વાગ્યાથી ૨૪ કલાક માટે હવાઈ ફલાઈટ્સ અટકાવે. બે બંધકોને છોડાવવાના પ્રયત્નોને મંજૂરી આપવા માટે સ્થાનિક સમય.

ઈઝરાયેલી સૈન્યએ હમાસના નિવેદન પર ટિપ્પણી કરી નથી.

સોમવારે, ઈઝરાયેલી દળોએ દક્ષિણ-પશ્ચિમ ગાઝા શહેરમાં તેલ અલ-હવાના ઉત્તરમાં કેટલાક મીટર ઘૂસણખોરી કરી, જે સમગ્ર શહેરને કબજે કરવા અને તેના રહેવાસીઓને દક્ષિણમાં સ્થાનાંતરિત કરવાના તેલ અવીવના પ્રયાસનો ભાગ છે.

ઈઝરાયેલનો અંદાજ છે કે તેના ૪૮ નાગરિકો ગાઝામાં બંદીવાન છે, જેમાંથી ૨૦ જીવિત છે. દરમિયાન, પેલેસ્ટીની



અને ઈઝરાયેલના માનવાધિકાર સ્ત્રોતો અનુસાર, આશરે ૧૧,૧૦૦ પેલેસ્ટીની ઈઝરાયેલમાં કેદ છે, જ્યાં તેઓ ત્રાસ, ભૂખમરો અને તબીબી ઉપેક્ષાનો સામનો કરે છે, અને ઘણા મૃત્યુ પામ્યા છે. ઈઝરાયેલી સૈન્યએ ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં ૬૬,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. સતત બોમ્બમારાથી આ વિસ્તાર નિર્જન થઈ ગયો છે અને ભૂખમરો અને બીમારીના ફેલાવાને વેગ આપ્યો છે.

# ઉત્તરી ઈટાલીમાં પેલેસ્ટીન સમર્થક વિરોધીઓ અને પોલીસ વચ્ચે અથડામણ, ૧૦ ઘાયલ

(એજન્સી) તા.૨૯

ઈટાલિયન સમાચાર એજન્સી ANSA અનુસાર, ઉત્તરી ઈટલીમાં શનિવારે પ્રો-પેલેસ્ટીની પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી, જેના પરિણામે અનેક લોકો ઘાયલ થયા છે.

ઈટલીના પીડમોન્ટ પ્રદેશના મેટ્રોપોલિટન શહેર તુરીનમાં પોલીસ સાથે પેલેસ્ટીન સાથે એકતા દર્શાવતા પ્રદર્શનકારીઓની અથડામણ થતાં લગભગ ૧૦ લોકો ઘાયલ થયા છે.

તુરીન સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહેલા પ્રદર્શનકારીઓએ કથિત રીતે અથડામણ શરૂ થતાં પહેલા 'કૃપા કરીને અમને જવા દો; અમે તમને માનવતાની ઈચ્છા કરીએ છીએ,' એવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

તેઓએ અધિકારીઓ પર કાચની બોટલો, પથ્થરો, ટોર્ચ, સ્મોક બોમ્બ અને ફટાકડા ફેંક્યા, જ્યારે અધિકારીઓએ વોટર કેનન અને ટીયર ગેસ વડે તેમનો રસ્તો રોકી દીધો.

રોમમાં ઓક્ટોબર ૪ના રોજ નિર્ધારિત રાષ્ટ્રીય વિરોધ પહેલા, ગાઝા અને પેલેસ્ટીની વસ્તીના સમર્થનમાં દેખાવો બંદરો, યુનિવર્સિટીઓ, શાળાઓ અને જાહેર ચોકમાં વધી રહ્યા છે.

શુક્રવારે રોમ, મિલાન, નેપલ્સ અને બોલોગ્નામાં શરૂ થયેલ વિરોધ શનિવારે ફ્લોરેન્સ, પીસા, એંક્રોના, ટ્રીસ્ટે, બારી અને એલેસાન્ડ્રિયામાં ફેલાઈ ગયો.

૨ માર્ચથી, ઈઝરાયેલે ગાઝા તરફના ક્રોસિંગને સંપૂર્ણપણે



બંધ કરી દીધી છે, ખોરાક અને સહાય કાફલાને અવરોધિત કરી દીધા છે અને આ પ્રદેશમાં દુષ્કાળને વધારે છે. છૂટાછવાયા રૂપે ફક્ત મર્યાદિત પુરવઠાની મંજૂરી છે, અને તેમાંથી મોટાભાગની સશસ્ત્ર જૂથો દ્વારા લૂંટ કરવામાં આવે છે, જે ગાઝા સત્તાવાળાઓ ઈઝરાયેલને રક્ષણ આપવાનો આરોપ મૂકે છે. ઈઝરાયેલી સૈન્યએ ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં આશરે ૬૬,૦૦૦ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. સતત બોમ્બમારાથી આ વિસ્તાર નિર્જન થઈ ગયો છે અને ભૂખમરો અને બીમારીના ફેલાવાને વેગ આપ્યો છે.

# ઈરાને સંયુક્ત રાષ્ટ્ર પ્રતિબંધો ફરીથી લાદવાની ટીકા કરી, યુરોપિયનો પર પરમાણુ કરારનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૯

ઈરાને રવિવારે સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધોને 'ગેરકાયદેસર' ગણાવ્યા અને યુરોપિયન દેશો પર ૨૦૧૫ના પરમાણુ કરારનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

ઈરાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 'રદ કરાયેલા ઠરાવોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ માત્ર કાયદાકીય રીતે પાયાવિહોણો અને ગેરવાજબી નથી, પરંતુ નૈતિક અને તાર્કિક દૃષ્ટિકોણથી સંપૂર્ણપણે અસ્વીકાર્ય પણ છે.'

તેમાં ઉમેર્યું કે, 'ઈરાનનું ઈસ્લામિક રિપબ્લિક ઈરાનના રાષ્ટ્રીય અધિકારો અને હિતોની મજબૂતીથી બચાવ કરશે અને ઈરાનના લોકોના અધિકારો અથવા હિતોને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી લેવામાં આવેલા કોઈપણ પગલાને યોગ્ય અને નિર્ણાયક પ્રતિસાદ આપવામાં આવશે.'

વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસને પણ પત્ર મોકલ્યો હતો, જેમાં બ્રિટન, ફ્રાન્સ અને જર્મની (જે E3 તરીકે પણ ઓળખાય છે) દ્વારા રિઝોલ્યુશન ૨૨૩૧ હેઠળ તેના પરમાણુ જવાબદારીઓનું પાલન ન કરવા બદલ ઈરાન પર ફરીથી પ્રતિબંધો લાદવાના નિર્ણયની ચર્ચા કરી છે. અરાઘચીએ પત્રમાં જણાવ્યું કે, 'E3એ JCPOA અને રિઝોલ્યુશન ૨૨૩૧ બંને હેઠળ તેમની જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે, જેનાથી 'નોંધપાત્ર બિન-પ્રદર્શન' લાગુ કરવાની કોઈપણ સત્તા ગુમાવી દીધી છે. કહેવાતા સ્નેપબેક મિકેનિઝમની તેમની વિનંતી એ પ્રક્રિયાનો સ્પષ્ટ દુરૂપયોગ છે.

તેમણે જણાવ્યું કે, E3નું પગલું 'કાયદેસર અને પ્રક્રિયાગત રીતે ખામીયુક્ત છે અને તેથી અર્થહીન છે.' તેમણે ઉમેર્યું કે, પરમાણુ કરાર પર યુરોપીયન હસ્તાક્ષરકર્તાઓએ તેમની



જવાબદારીઓને જાળવી રાખવાનો ઈન્કાર કર્યો અને જૂનમાં ઈરાનના પરમાણુ કેન્દ્રો પર ઈઝરાયેલ અને યુએસના હુમલા પછી કરાર હેઠળ વિવાદ નિવારણ મિકેનિઝમ (ડીઆરએમ) ને સમાપ્ત કરવામાં નિષ્ફળ ગયા હતા.

આનાથી 'મૂળભૂત રીતે સંજોગો બદલાયા, અને તે સમાપ્ત કરાયેલ દરખાસ્તો અપ્રચલિત બની ગઈ અને વર્તમાન વાસ્તવિકતાઓથી ડિસ્કનેક્ટ થઈ ગઈ.'

E3એ સ્નેપબેક મિકેનિઝમનો ઉપયોગ કર્યા પછી અને તેહરાન પર તેની પરમાણુ જવાબદારીઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા પછી, રવિવારે એક દાયકામાં પ્રથમ વખત ઈરાન પર સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધો અમલમાં આવ્યા.

આ પ્રતિબંધો તેહરાનના પરમાણુ અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમોને લગતા વ્યવહારો પર પ્રતિબંધ મૂકે છે અને દેશની અર્થવ્યવસ્થા પર પણ વ્યાપક અસર થવાની અપેક્ષા છે.

# ઈઝરાયેલી સેનાએ ગાઝા શહેરમાં નવા બહુમાળી ટાવર પર બોમ્બમારો કર્યો, સેંકડો લોકો વિસ્થાપિત થયા

(એજન્સી) તા.૨૯

ઈઝરાયેલી દળોએ રવિવારે ગાઝા શહેરના મક્કા ટાવર પર બોમ્બમારો કર્યો, સાક્ષીઓના જણાવ્યા અનુસાર, તરત જ રહેવાસીઓને સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો. દક્ષિણી રિમલ પડોશમાં બહુમાળી ઈમારત પર હુમલાના સ્થળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા.

સેંકડો વિસ્થાપિત પેલેસ્ટીની પરિવારો બિલ્ડિંગમાં આશ્રય આપી રહ્યા હતા, જ્યારે તેની આસપાસ સેંકડો તંબુઓ મૂકવામાં આવ્યા હતા જેમાં અન્ય વિસ્થાપિત નાગરિકો રહે છે.

સૈન્યએ રહેવાસીઓને ટાવર ખાલી કરવા અને દક્ષિણ ગાઝામાં અલ-મવાસી વિસ્તારમાં જવાની ચેતવણી આપ્યાના થોડા સમય બાદ આ હુમલો થયો હતો.

'સલામત ક્ષેત્ર' જાહેર કરવામાં આવ્યું હોવા છતાં, અલ-માવસી પર ઈઝરાયેલ દ્વારા વારંવાર હુમલો કરવામાં આવ્યો છે, જેના પરિણામે સેંકડો મૃત્યુ અને ઈજાઓ થઈ છે અને નાગરિકો માટે જીવનની સ્થિતિ ગંભીર રીતે ખરાબ થઈ રહી છે.

ઈઝરાયેલી સૈન્યએ તાજેતરના અઠવાડિયામાં ગાઝા શહેરમાં ડઝનેક ઉંચી ઈમારતો અને સેંકડો રહેણાંક ઈમારતો પર બોમ્બમારો કર્યો છે. પેલેસ્ટીની અધિકારીઓ અને માનવાધિકાર સમુહો કહે છે કે આ નીતિનો ઉદ્દેશ્ય રહેવાસીઓને બળજબરીથી



વિસ્થાપિત કરવાનો અને વિસ્તાર પર કબજો કરતા પહેલા શહેરને સાફ કરવાનો છે.

ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી દળોએ ગાઝામાં ૬૬,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, જેમાંથી મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે. સતત બોમ્બમારાથી આ પ્રદેશને વસવાટ માટે અયોગ્ય છે અને ભૂખમરો અને રોગના ફેલાવાને વેગ મળ્યો છે.

# નરસંહારના બે વર્ષ : ગાઝાનો પ્રતિકાર ક્યારેય હાર માનશે નહીં

**લગભગ બે વર્ષ પહેલાં ગાઝા પર નરસંહાર યુદ્ધ શરૂ થયું ત્યારથી, વિશ્વ એક અસાધારણ વાસ્તવિકતાનો સામનો કરી રહ્યું છે: ઘેરાયેલા લોકો જેમના ઘરો ધરાશાયી થઈ ગયા છે, જેમની હોસ્પિટલો બોમ્બમારાથી ફૂંકાઈ ગઈ છે અને જેમના પરિવારો વિખેરાઈ ગયા છે, છતાં વિશ્વની સૌથી ભારે સશસ્ત્ર સૈન્યમાંની એકને પડકારવા માટે તેઓ કાટમાળ નીચેથી ઊભા થાય છે - ક્યારેક ખુલ્લા પગે, ઘણીવાર પ્રાથમિક કક્ષાના કહી શકાય તેવા શસ્ત્રો સાથે**

(એજન્સી) તા.૨૯

આ ફક્ત યુદ્ધ નથી. તે માનવતા માટે અસ્તિત્વની કસોટી છે. તે જીવંત પુરાવો છે કે જ્યારે ગૌરવ, જમીન અને માન્યતા ઊંડે સુધી મૂળ ધરાવે છે, ત્યારે તે વિનાશના સૌથી શક્તિશાળી શસ્ત્રાગારનો પણ સામનો કરી શકે છે.

યુવાન પેલેસ્ટીનીઓ વિખેરાયેલા પડેલા વિસ્તારોમાંથી બહાર આવીને ટેક્રો અને સશસ્ત્ર વાહનોનો સામનો કરી રહ્યા છે, ઈમ્પ્રુવાઈઝ્ડ ઉપકરણો સાથે અદ્યતન શસ્ત્રોનો સામનો કરી રહ્યા છે અથવા તેમના ખુલ્લા દૃઢ નિશ્ચયનો સામનો કરી રહ્યા છે. આ સિનેમેટિક ચિત્રણ નથી; તે દૈનિક વાસ્તવિકતાઓ છે જે એક ઊંડા સમીકરણને ઉજાગર કરે છે: જ્યારે ન્યાયમાં વિશ્વાસ અનંત ઊર્જા બની જાય છે, ત્યારે ટેકનોલોજી પણ તેની સામે લાચાર બની જાય છે.

ગાઝાને નાબૂદ કરવાના લગભગ બે વર્ષના વ્યવસ્થિત પ્રયાસો પછી, ઈઝરાયેલ તેના જાહેર કરેલા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું છે. પ્રતિકારનો નાશ થયો નથી. શરણાગતિ લાદવામાં આવી નથી. તેના બદલે, દરરોજ ઈઝરાયેલની લશ્કરી અને રાજકીય ધારણાઓની નબળાઈ ખુલ્લી પડે છે.

નબળો પડવાને બદલે, પેલેસ્ટીની પ્રતિકાર દરેક બલિદાનથી વધુ શક્તિ મેળવે છે. દરેક શહીદ, દરેક તોડી પાડવામાં આવેલ ઘર, દરેક ડાઘવાળી શેરી લડવાનું બીજું કારણ બની ગયું છે. ઈઝરાયેલમાં પણ અહેવાલો તેના સૈનિકોમાં આઘાત અને માનસિક ભંગાણના વધતા સ્તર તરફ નિર્દેશ કરે છે. તેનાથી વિપરીત, ગાઝાના લડવૈયાઓ તેમના કારણની સ્પષ્ટતા અને આત્મ-બલિદાન માટેની તેમની તૈયારીથી પ્રેરિત છે.

ગાઝામાં જે પ્રગટ થાય છે તે ફક્ત સામ સામા ગોળીબાર નથી. તે બે અસ્તિત્વવાદી ફિલસૂફીનો સંઘર્ષ છે. એક તરફ એક એવી શક્તિ છે જે કોઈપણ કિંમતે વ્યક્તિગત અસ્તિત્વ માટે ગ્રસ્ત છે. બીજી તરફ એવા લોકો છે જે તેમના સામૂહિક અસ્તિત્વ અને ગૌરવને તેમના વ્યક્તિગત જીવન કરતાં વધુ મહત્વપૂર્ણ માને છે. તેમના માટે, પ્રતિકાર એક વ્યૂહાત્મક વિકલ્પ નથી પરંતુ નૈતિક આવશ્યકતા છે. શરણાગતિ સ્વીકારવાનો અર્થ ફક્ત પ્રદેશ ગુમાવવાનો જ નહીં પરંતુ એક પ્રજા તરીકેના તેમના અસ્તિત્વનો નાશ થશે. જેમ ફ્રેન્ચ ચિંતક વોલ્ટેરે એક વખત અવલોકન કર્યું હતુંઃ "જે પોતાના કરતા મોટી વસ્તુ માટે લડે છે તેને હરાવી શકાતો નથી." તેમના શબ્દો ગાઝાના સંઘર્ષનો સાર દર્શાવે છે.

ઈતિહાસે મુક્તિ માટે મહાન સંઘર્ષો જોયા છે, છતાં ગાઝા એક નવું પરિમાણ ઉમેરે છે. અલ્જેરિયાએ ૧૩૦ વર્ષથી વધુ સમય સુધી ફ્રેન્ચ વસાહતી શાસન સહન કર્યું અને આખરે ૧૯૬૨માં સ્વતંત્રતા પ્રાપ્ત કરી. બધી મુશ્કેલીઓ છતાં, થકી ગયેલ વિયેતનામે આખરે યુનાઈટેડ સ્ટેટ્સને હરાવ્યું અને ૧૯૭૫માં તેને પાછીપાની કરવાની ફરજ પડી. ગાઝા આજે પરાક્રમી સંઘર્ષોના સમાન વંશમાં ઉભું છે, પરંતુ એક વિશિષ્ટતા સાથે: ગાઝામાં વિશ્વ જે જુએ છે તે



ખરેખર પહેલાં ક્યારેય જોયું નથી. આ ફક્ત ગેરિલા ચળવળ અથવા પક્ષપાતી ઝુંબેશ નથી. તે એક આખો સમાજ છે. દરેક ગલી, છાવણી, ટનલ અને ખંડેર ઘર પ્રતિકારના જીવંત, શ્વાસ લેતા મોરચામાં પરિવર્તિત થયું છે. અહીં, ૧૯૪૮માં બોલાયેલા પેલેસ્ટીની કમાન્ડર અબ્દુલ કાદર અલ-હુસેનીના શબ્દો હંમેશની જેમ સાચા પડે છેઃ "હું લડી શકતો નથી અને સાથે સાથે શરણાગતિ માટે હાકલ પણ કરી શકતો નથી. તે કાં તો સન્માનનું જીવન છે અથવા ગૌરવપૂર્ણ મૃત્યુ છે." ગાઝાની મક્કમતાએ યુદ્ધના મેદાનમાં ઈઝરાયેલને હચમચાવી જ નથી નાખ્યું પણ તેણે વૈશ્વિક કથાને પણ તોડી પાડી છે. જ્યારે ઈઝરાયેલ "સુરક્ષા" અને "સ્વ-બચાવ"ની ભાષામાં તેના હુમલાને ન્યાયી ઠેરવે છે, ત્યારે ગાઝા એક નૈતિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે જે સમગ્ર વિશ્વમાં એકતાને આદેશ આપે છે. લંડન અને ન્યુ યોર્કની શેરીઓથી લઈને યુએસ અને યુરોપના કેમ્પસ સુધી, ગાઝાએ ન્યાય અને જવાબદારી માટે ચળવળોને આગ આપી છે. ગાઝા વિશ્વને જે આપે છે તે પ્રતિકાર કરતાં વધુ છે; તે ૨૧મી સદીમાં માનવ ગૌરવના અર્થ સાથે નૈતિક મુકાબલો છે.

ગાઝાના લડવૈયાઓ ખરેખર અજોડ સન્માનની જાતિ છે. એટલા માટે નહીં કે તેઓ શ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવે છે, પરંતુ એટલા માટે કે તેઓ તેનાથી પણ કંઈક વધુ એવી દુર્લભ વસ્તુને મૂર્તિમંત કરે છેઃ તેમના હેતુમાં દૃઢ વિશ્વાસ અને બલિદાન આપવાની અસીમ ઈચ્છા. જીવનને વળગી રહેતી સેના અને બલિદાનને ગૌરવના પ્રવેશદ્વાર તરીકે જોનારા લડવૈયાઓ વચ્ચે, આખરે જીત જુસ્સાને મળે છે શસ્ત્રોને નહીં. ગાઝા અટલ રહેશે. તે જેનો સામનો કરી રહ્યું છે તે કોઈ કામચલાઉ યુદ્ધ નથી પરંતુ ભૂંસી નાખવાના હેતુથી નરસંહારનો પ્રોજેક્ટ છે. અને છતાં, તેના લોકોએ સાબિત કર્યું છે કે સૌથી અંધકારમય સમયમાં પણ, શ્રદ્ધા અને ન્યાયથી બંધાયેલો સમુદાય ટકી શકે છે. દુનિયાએ ભાગ્યે જ આટલો સતત સામૂહિક વિરોધ જોયો છે. તે કદાચ ફરી ક્યારેય આવું નહીં જોઈ શકે કારણ કે ગાઝાનો પ્રતિકાર ફક્ત અસ્તિત્વની વાર્તા નથી; તે એક જીવંત સાક્ષી છે કે હિંમત અને બલિદાન જુલમના દરેક શસ્ત્રનો સામનો કરી શકે છે.

# ૧૦૦ વર્ષના મલેશિયાના મહાથિરે કહ્યું ગાઝામાં ઈઝરાયેલનો નરસંહાર ભૂલાશે નહીં

**જ્યારે મલેશિયાના પૂર્વ વડાપ્રધાન મહાથિર મોહમ્મદ આ વર્ષની શરૂઆતમાં ૧૦૦ વર્ષના થયા ત્યારે તેમણે શિસ્તની આજીવન દિનચર્યાનું પાલન કરીને પોતાનો જન્મદિવસ ઊજવ્યો : તેમણે થોડું ખાધું, ઘણું કામ કર્યું અને આરામની લાલચમાં ફસાઈ ન ગયા**

(એજન્સી) તા.૨૯

મહાથિરે મીડિયાને કહ્યું, 'મુખ્ય વાત એ છે કે હું આખો સમય કામ કરૂં છું. હું મારી જાતને આરામ આપતો નથી'.

તેમણે કહ્યું કે, 'હું હંમેશા મારા મન અને શરીરનો ઉપયોગ કરૂં છું. તમારા મન અને શરીરને સક્રિય રાખશો તો તમે લાંબા સમય સુધી જીવશો'.

રાજધાની કુઆલાલંપુરની દક્ષિણે પુત્રજયા શહેરમાં તેમના કાર્યાલયના ડેસ્ક પરથી, તેમણે મોટાભાગના દિવસોની જેમ તેમની શતાબ્દી વિતાવી : મલેશિયાના અર્થતંત્ર, દેશની રાજકીય પરિસ્થિતિ અને વિકસિત થતી વિશ્વ ઘટનાઓ, ખાસ કરીને ગાઝાની પરિસ્થિતિ પર પોતાના વિચારો લખ્યા. પોતાના જન્મદિવસની આસપાસ થાકમાંથી સ્વસ્થ થયા પછી મીડિયા સાથે ઈન્ટરવ્યુ માટે બેઠા, મહાથિરે આગાહી કરી કે ગાઝાની પેલેસ્ટીની વસ્તી સામે ઈઝરાયેલની ક્રૂરતા વિશ્વ ઈતિહાસમાં અંકિત થઈ જશે. મહાથિરે કહ્યું કે, "ગાઝામાં લગભગ ૬૬,૦૦૦ પેલેસ્ટીનીઓની હત્યા, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા, તે ઈઝરાયેલ દ્વારા પેઢીઓ સુધી, કદાચ 'સદીઓ' સુધી યાદ રાખવામાં આવશે".

તેમણે સવાલ કર્યો કે, 'ગાઝા ભયંકર છે. તેઓએ ગર્ભવતી માતાઓ... નવા જન્મેલા બાળકો, યુવાનો, છોકરાઓ અને છોકરીઓ, પુરૂષો અને સ્ત્રીઓ, બીમાર અને ગરીબ..લોકોને મોતને ઘાટ ઉતારી દીધા. આ કેવી રીતે ભૂલી શકાય ?'.

મહાથિરે કહ્યું, 'તે કદાચ સદીઓ સુધી ભૂલી શકાશે નહીં'. ગાઝામાં યુદ્ધને નરસંહાર તરીકે વર્ણવતા જે ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં બોસ્નિયામાં યુદ્ધ દરમિયાન મુસ્લિમોની હત્યા અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝી જર્મની દ્વારા યહૂદીઓની હત્યાની સમાન હતું, મહાથિરે કહ્યું કે, "તેઓ આ વાતથી આશ્ચર્યચકિત છે કે, ઈઝરાયેલના લોકો, જેમણે નરસંહારનો અનુભવ કર્યો હતો, તેઓ બદલામાં નરસંહાર કેવી રીતે કરી શકે ?". તેમણે કહ્યું, 'મને લાગ્યું કે જે લોકો પોતે આ રીતે પીડાયેલા છે તેઓ બીજા લોકો પર તેની અસર જોવા માંગશે નહીં,'. નરસંહારના ભોગ બનેલા લોકોએ



'તેમના જેવી દશા બીજા લોકોની પણ થાય તેવી ઈચ્છા ન રાખવી જોઈએ'. ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં તેઓ જ્યારે તેમની સત્તાની ટોચ પર હતા ત્યારે મહાથિરે ગ્લોબલ સાઉથ માટે એક સ્પષ્ટવક્તા અવાજ અને પશ્ચિમી સામ્રાજ્યવાદ અને નાણાકીય મૂડીના પ્રવાહ દ્વારા વિકાસશીલ દેશોના તેના સમકાલીન શોષણના કટ્ટર ટીકાકાર તરીકે વિશ્વ મંચ પર પ્રતિષ્ઠા મેળવી હતી. પેલેસ્ટીની હેતુના કટ્ટર અને આજીવન સમર્થક, મહાથિરની પશ્ચિમ, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ વિરૂદ્ધ તેમના કડવાશ સાથે 'યહૂદી વિરોધી' નિવેદનો આપવા બદલ પણ ટીકા કરવામાં આવી હતી. પરંતુ, જેમ તેમણે મીડિયાને કહ્યું હતું કે, જ્યારે બીજા વિશ્વયુદ્ધ પછી નાઝીઓની ભયાનકતા ધ્યાનમાં આવી ત્યારે તેમને યહૂદી લોકો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ હતી. તેઓ હવે કહે છે કે, '(યહૂદીઓ)તેમના અનુભવમાંથી કંઈ શીખ્યા નહીં'. તેમણે કહ્યું કે, 'તેઓ ઈચ્છે છે કે જે તેમની સાથે થયું તે જ વસ્તુ તેઓ આરબો સાથે કરવા માંગે છે'.

હવે, ઈઝરાયેલ અને પેલેસ્ટીની લોકો વચ્ચેના સંઘર્ષને ઉકેલવાનો એકમાત્ર 'વાજબી' રસ્તો બે-રાજ્ય ઉકેલ લાગુ કરવાનો હોવાનું તેમણે ઉમેર્યું. પરંતુ મહાથિરે કહ્યું કે, આવા ઉકેલ-જેને તાજેતરમાં ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, કેનેડા, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગડમ સહિત અન્ય દેશો દ્વારા પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવામાં આવી ત્યારે મોટો વેગ મળ્યો-હજુ પણ ખૂબ દૂર છે અને તે જોવા માટે તેઓ જીવિત રહેશે નહીં.

તેમણે કહ્યું, 'ના,મારા જીવનકાળમાં તો હું નહીં જ જોઈ શકું,ખૂબ જ ઓછો સમય છે'.

**ચીન : 'વિશ્વનો નંબર વન દેશ'**

ત્રણ હૃદયરોગના હુમલામાંથી બચી ગયેલા, જેમણે ૯૦ વર્ષથી વધુ ઉંમરના હતા ત્યારે મલેશિયાના જાહેર જીવનમાં એક અદ્દભુત રાજકીય પુનરાગમન કર્યું એવા મહાથિરે કુલ ૨૪ વર્ષ સુધી સત્તા સંભાળી અને મલેશિયાના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા નેતા તરીકે પોતાને અવિશ્વસનીય બિરુદ અપાવ્યું.

જ્યારે તેમનો જન્મ ૧૦ જુલાઈ, ૧૯૨૫ના રોજ ઉત્તરીય મલેશિયાના કેદાહ રાજ્યમાં થયો હતો, ત્યારે ઈંગ્લેન્ડના રાજા જ્યોર્જ પાંચમા હતા, જે સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથ IIના દાદા હતા અને મલેશિયા મલાયા તરીકે ઓળખાતી બ્રિટિશ વસાહત હતી. તેમણે ૧૯૬૦ના દાયકામાં રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૧૯૮૧થી ૨૦૦૩ સુધી વડાપ્રધાન બન્યા અને પહેલી વાર પદ છોડ્યું.

ત્યારબાદ તેમણે ૨૦૧૮માં સત્તામાં આશ્ચર્યજનક વાપસી કરી, જ્યારે તેમણે લાંબા સમયથી શાસન કરી રહેલા બારિસન નેશનલ પાર્ટીને હરાવવા માટે વિરોધ પક્ષોના ગઠબંધનનું નેતૃત્વ કર્યું અને ૯૨ વર્ષની જૈફ ઉંમરે ફરીથી વડાપ્રધાન બન્યા, જેના પરિણામે તેઓ વિશ્વના સૌથી વૃદ્ધ નેતા બન્યા.

**'અમેરિકા બાકીના વિશ્વ સાથે સ્પર્ધા કરી શકશે નહીં'**

ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિપદ હેઠળના સમકાલીન ચીન અને અમેરિકા વચ્ચે વિરોધાભાસ કરતા, મહાથિરે કહ્યું કે ટ્રમ્પનું "ટેરિફ યુદ્ધ" "ખૂબ જ નુકસાનકારક" હતું અને ઉત્પાદનને અમેરિકામાં પાછું લાવવાની તેમની યોજનાઓ ખર્ચમાં વધારો કરશે અને ચીનના વધુ ઉદય માટે માર્ગ મોકળો કરશે. તેમણે કહ્યું, "ટ્રમ્પ ઈચ્છે છે કે કંપનીઓ તેમના કારખાનાઓ અમેરિકામાં શિફ્ટ કરે. ત્યાં વેતન ખૂબ ઊંચું છે. ત્યાં કામ કરવાનો અભિગમ ચીની કામદારો કરતા ઘણો અલગ હશે, જેઓ કલાકો સુધી રહીને કામ કરી શકે છે". તેમણે ઉમેર્યું, 'અમેરિકન કામદારો એવું કરી શકતા નથી. ભવિષ્યમાં અમેરિકામાં ઉત્પાદિત થતી કોઈપણ વસ્તુ, જો તેઓ ફેક્ટરીઓ ત્યાં ખસેડે છે, તો તે મોંઘી પડશે', 'અમેરિકા બાકીના વિશ્વ સાથે સ્પર્ધા કરી શકશે નહીં.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# બેંકો અને બિલ્ડરોની સાંઠગાંઠ પર સુપ્રીમકોર્ટની લગામ આવકારદાયક

શહેરમાં પોતાના ઘરનું દરેકનું સ્વપ્ન હોય છે. આ સ્વપ્ન પૂર્ણ કરવા માટે તેઓ પોતાના આખા જીવનની બચતનું રોકાણ કરે છે. આ સ્વપ્નને પૂર્ણ કરવા માટે, ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો, તેઓ પોતાના રોજિંદા ખર્ચમાં ઘટાડો કરે છે અને બેંકો પાસેથી લોન પણ લે છે. જોકે, જ્યારે તેમને સમયસર ઘર મળતા નથી ત્યારે સમસ્યા વધુ વકરે છે. આ સ્પષ્ટપણે બિલ્ડરોના મનસ્વી વર્તનને કારણે છે. આવા કિસ્સાઓમાં, બેંકોને લોન આપવાની ભૂમિકા પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.

દેશભરમાં આવા સેંકડો કેસ સામે આવ્યા છે, જેમાં બિલ્ડરો અને બેંકો વચ્ચે મિલીભગતનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટનાક્રમમાં, સુપ્રીમ કોર્ટે હવે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને દિલ્હી-NCR પછી મુંબઈ, બેંગલુરૂ, કોલકાતા, મોહાલી અને પ્રયાગરાજમાં ઘર ખરીદનારાઓ સાથે છેતરપિંડી કરવા બદલ છ નવા કેસ નોંધવાની મંજૂરી આપી છે. CBI કહે છે કે પ્રારંભિક તપાસમાં બહાર આવ્યું છે કે આ એક દખલપાત્ર ગુનો છે.

એમાં કોઈ શંકા નથી કે વધતી જતી મોંઘવારીના આ યુગમાં, મધ્યમ વર્ગના પરિવારો માટે શહેરોમાં ઘર ખરીદવા માટે ભંડોળ એકત્ર કરવું ખૂબ મુશ્કેલ છે. આવી સ્થિતિમાં, બેંકો પાસેથી લોન લેવી એ એકમાત્ર વિકલ્પ છે. પરંતુ જો બેંક કર્મચારીઓ બિલ્ડરો સાથે સાંઠગાંઠ કરે છે અને ઘર ખરીદનારાઓને છેતરે છે, તો ક્રેડિટની આ સુવિધા જ તેમને મુશ્કેલીમાં મૂકે છે.

આ વર્ષે જુલાઈમાં, સુપ્રીમ કોર્ટે સીબીઆઈને દિલ્હી-એનસીઆરમાં બેંકો અને બિલ્ડરો વચ્ચેની સાંઠગાંઠની સંપૂર્ણ તપાસ કરવા માટે બાવીસ કેસ નોંધવાની મંજૂરી આપી હતી, જેમાં ઘર ખરીદનારાઓ સામે છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કેસ એનસીઆરમાં કાર્યરત બિલ્ડરો અને ઉત્તર પ્રદેશ અને હરિયાણાના વિકાસ અધિકારીઓ સાથે સંબંધિત છે. કોર્ટે સીબીઆઈને દિલ્હી-એનસીઆરની બહારના હાઉસિંગ પ્રોજેક્ટ્સની પ્રારંભિક તપાસ કરવા માટે છ અઠવાડિયાનો સમય પણ આપ્યો હતો.

ખરેખર, બેંકોએ આ શહેરોમાં ઘર ખરીદનારાઓ માટે વ્યાજ સબસિડી યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ, બેંકો મંજૂર રકમ સીધી બિલ્ડરોના ખાતામાં જમા કરે છે, જેમણે પછી ઘર ખરીદનારાઓને સોંપવામાં ન આવે ત્યાં સુધી મંજૂર લોનની રકમ પર હપ્તા ચૂકવવા પડે છે.

સુપ્રીમ કોર્ટ ૧,૨૦૦થી વધુ ઘર ખરીદનારાઓની અરજીઓ પર સુનાવણી કરી રહી છે જેમણે NCR, ખાસ કરીને નોઈડા, ગ્રેટર નોઈડા અને ગુરુગ્રામમાં વિવિધ હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં વ્યાજ સબસિડી યોજનાઓ હેઠળ ઘરો બુક કરાવ્યા હતા. અરજદારોનો આરોપ છે કે તેમને હજુ સુધી ઘરોનો કબજો મળ્યો નથી, અને બેંકો તેમને લોનના હપ્તા ચૂકવવા દબાણ કરી રહી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે બેંકો નિયમો વિરૂદ્ધ ઘર ખરીદનારાઓ પર કેમ દબાણ કરી રહી છે ?

બેંકોનું આ વલણ સ્પષ્ટપણે મિલીભગત તરફ નિર્દેશ કરે છે, જેના કારણે સુપ્રીમ કોર્ટે આ કેસોની કડક નોંધ લીધી છે. બીજી બાજુ, સરકારે પણ આવા મામલાઓને ગંભીરતાથી લેવા જોઈએ. ખરીદદારોના હિતોનું રક્ષણ કરવા માટે, વિવિધ પ્રોજેક્ટ્સ હેઠળ ખરીદી માટે ઘર ઓફર કરતા બિલ્ડરો અને ધિરાણ આપતી બેંકોનું નિરીક્ષણ કરવા માટે પૂરતી દેખરેખ પદ્ધતિઓ સ્થાપિત કરવી જોઈએ.

# યુપીમાં જાતિ આધારિત રેલીઓ પર પ્રતિબંધ

**ઓક્ટોબર ૨૦૨૧માં ભાજપના લખનૌમાં યાદવ સંમેલનમાં કેબિનેટ મંત્રી સ્વતંત્રદેવસિંહે કહ્યું હતું : ''ભાજપ એક અલગ પ્રકારનો પક્ષ છે. નેતૃત્વ જાતિ પર આધારિત છે, પરંતુ ભાજપ રાષ્ટ્રવાદી છે અને એક વિચાર માટે કામ કરે છે.''**




**ફેબ્રુઆરી ૨૦૨૨માં યોગી આદિત્યનાથે કહ્યું હતું : ''શું કોઈ જાતિ કુળમાં જન્મ લેવો ખરાબ છે? ક્ષત્રિય કુળમાં જન્મ થવાથી શું ખોટું થયું છે? મારું પૂરું નામ અજયસિંહ બિષ્ટ હતું. મને એક ઉમદા કુળમાં જન્મ મળ્યાનો ગર્વ છે''**

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને યુપી સરકારમાં કેબિનેટ મંત્રી સ્વતંત્રદેવ સિંહના આ નિવેદનો પોતાને ઉમદા પરિવારમાંથી હોવાનો દાવો કરે છે અને જાતિના આધારે નેતૃત્વનો દાવો કરે છે.

હવે, ઉત્તર પ્રદેશમાં જાતિ આધારિત રાજકીય રેલીઓ યોજવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટના નિર્દેશ બાદ યુપી સરકારે આ નિર્ણય લીધો છે. દલીલ એ છે કે રાજકીય હેતુઓ માટે યોજાતી જાતિ આધારિત રેલીઓ સમાજમાં જાતિ સંઘર્ષને પ્રોત્સાહન આપે છે, જે જાહેર વ્યવસ્થા અને રાષ્ટ્રીય એકતા માટે હાનિકારક છે.

આવી સ્થિતિમાં, યુપી સરકારે જાતિ સંબંધિત દસ મોટા નિર્ણયો લીધા છે. જાતિના રાજકારણમાંથી ઉદ્ભવતા રાજકીય પક્ષો પર આ નિર્ણયોની શું અસર પડશે?

૨૧ સપ્ટેમ્બરના રોજ, યુપીના મુખ્ય સચિવ દીપક કુમારે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને ટાંકીને દસ નિર્દેશો જારી કર્યા.

**૧. જાતિ આધારિત રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ :** રાજ્યભરમાં

## સત્તા તરફ દોરી જતી જાતિઓની રેલીઓ પર પ્રતિબંધ મૂકવાનો અર્થ શું છે ?

આવશે નહીં.

**૮. રેકોર્ડમાં ફેરફાર :** રિકવરી પંચનામા, ધરપકડ મેમો અને સર્ચ મેમો વગેરેમાં આરોપીની જાતિનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં.

**૯. પિતા અને માતા બંનેનું નામ ફરજિયાત :** પોલીસ રેકોર્ડમાં આરોપીના પિતાના નામ સાથે માતાનું નામ નોંધવું ફરજિયાત રહેશે.

**૧૦. કાનૂની અપવાદો :** જાતિનો ઉલ્લેખ ફક્ત SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસોમાં કરવામાં આવશે, જ્યાં કાયદો પરવાનગી આપે છે.

**હાઈકોર્ટે કયા કેસમાં આ આદેશો આપ્યા?**

પણ ઓળખ અને શક્તિનું એક મહત્વપૂર્ણ પાસું પણ છે. જાતિ આધારિત રાજકીય રેલીઓ, ટીવી ચર્ચાઓમાં જાતિનું મહિમા અને જાતિ સંબંધિત મેળાવડા વારંવાર બનતા રહે છે, જે બંધારણીય નૈતિકતા અને ભારતીય બંધારણની ભેદભાવ વિરોધી જોગવાઈઓની ભાવનાને નબળી પાડે છે. અખબારો અને ઓનલાઈન પોર્ટલમાં લગ્ન સંબંધિત જાહેરાતોમાં પણ જાતિ પસંદગીઓનો ખુલ્લેઆમ ઉલ્લેખ કરવામાં આવે છે, જે ઊંડાણપૂર્વકના સામાજિક વલણને પ્રતિબિંબિત કરે છે.''

હવે, જાતિ આધારિત રેલીઓ પર પ્રતિબંધ પછી, સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે જાતિ આધારિત રાજકારણ સાથે ઓળખાતા પક્ષોનું શું થશે, જેમાંથી કેટલાક હાલમાં ભાજપ સાથે જોડાયેલા છે. આ પક્ષોના નેતાઓ યોગી આદિત્યનાથ સરકારમાં મંત્રી પણ છે. ભાજપના 'જાતિ આધારિત' સાથીઓ અને નેતાઓમાં નિષાદ પાર્ટીનો પણ સમાવેશ થાય છે, જેને નિષાદ સમુદાય માટે એક રાજકીય પ્લેટફોર્મ માનવામાં આવે છે. તેના પ્રમુખ સંજય નિષાદ છે, જે યુપી સરકારમાં મંત્રી પણ છે. ૨૦૧૮ની ગોરખપુર પેટાચૂંટણીમાં, સંજય નિષાદના પક્ષે સપા સાથે જોડાણ કરીને

રાજ્યમાં ભાજપના વિજયના આંકડા પર નજર કરીએ તો, ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીએ ૧૦ બેઠકો જીતી હતી. જોકે, ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીની બેઠકોની સંખ્યા વધીને ૭૧ થઈ ગઈ હતી. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તેની સંખ્યા ૪૭થી વધીને ૩૧૨ થઈ ગઈ હતી. રાજકીય નિષ્ણાતોના મતે, આ ઐતિહાસિક જીતનું એક મુખ્ય કારણ ભાજપનું જાતિગત રાજકારણ છે.

''ભાજપે ઘણી જાતિ પરિષદો કરી''

વરિષ્ઠ પત્રકાર અને રાજકીય નિષ્ણાત સિદ્ધાર્થ કલહંસ કહે છે કે, ''શરૂઆતમાં, ભાજપે બિન-યાદવ પછાત જાતિઓ અને બિન-જાટવ દલિતોને એકત્ર કરીને લોકોને સંદેશ આપ્યો કે યાદવ અને જાટવ તમારા અધિકારો છીનવી રહ્યા છે. ભાજપ તેના આ અભિયાનમાં ઘણી હદ સુધી સફળ રહ્યું હતુ.''

વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક, સિદ્ધાર્થ કલહંસ મુજબ, ભારતીય જનતા પાર્ટીએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી માટે જાતિ સંમેલનો શરૂ કર્યા હતાં. ઉદાહરણ તરીકે, કેશવપ્રસાદ મૌર્યએ લખનૌમાં એક જાતિ સંમેલનને સંબોધિત કર્યું હતું. ચૂંટણી પહેલા, ભાજપે ૨૩ જાતિઓ માટે સંમેલનો યોજ્યા હતા. આ એક પાર્ટી સંગઠનાત્મક કાર્યક્રમ હતો. ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે પણ આવા જ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ભાજપે જાતિ ઓળખના આધારે પક્ષોને એકીકૃત કર્યા. ૨૦૧૯ અને તે પછીના વર્ષો દરમિયાન, ભાજપે ઉત્તર પ્રદેશમાં જાતિ ઓળખના આધારે પક્ષોને એકીકૃત કર્યા હતા. ભલે તે કુર્મી સમુદાય સાથે સંકળાયેલી પાર્ટી અપના દળ હોય, નિષાદ સમુદાય માટે રાજકીય પ્લેટફોર્મ નિષાદ પાર્ટી હોય કે ઓમ પ્રકાશ રાજભરની સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી હોય, ભાજપે આ બધા પક્ષોને એકીકૃત કર્યા હતા. સિદ્ધાર્થ કલહંસ કહે છે, ''એક સમય પછી, ભાજપ સાથે સંકળાયેલી જાતિઓ તેનાથી દૂર જવા લાગી. તેનું પરિણામ ૨૦૨૪ની ચૂંટણીમાં દેખાયું. જેનું કારણ અખિલેશ યાદવનું પીડીએ રાજકારણ હતું. શરૂઆતમાં, એવું લાગતું હતું કે પીડીએ ફક્ત લોકસભા ચૂંટણી સુધી મર્યાદિત રહેશે પરંતુ તે પછી, પીડીએ રાજકારણ વધુ ઊંડું બન્યું. તે દરેક ગામ સુધી પહોંચવા લાગ્યું. દરેક ગામમાં જાતિના આધારે એકત્રીકરણ શરૂ થયું હતું.''

''પછાત વર્ગો એકત્ર થવા લાગ્યા અને ભાજપથી દૂર થવા લાગ્યા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને થયેલા નોંધપાત્ર નુકસાનનું આ મુખ્ય કારણ હતું. અગાઉની ચૂંટણીઓમાં પાર્ટીને જીતવામાં મદદ કરનારી જાતિઓ ભાજપથી દૂર થવા લાગી. ભાજપને આ જાતિઓથી નુકસાન થવા લાગ્યું. કદાચ આ જ કારણ છે કે ભાજપે ફરી એકવાર નવા નિર્ણય દ્વારા પીડીએના રાજકારણને ડામવાનો પ્રયાસ કર્યો છે. જો કે, આ ભાજપ માટે ઉલટું પણ પડી શકે છે. આ નિર્ણય દ્વારા, સમાજવાદી પાર્ટી એવી વાર્તા સ્થાપિત કરી શકે છે કે ભાજપ જાતિઓની વિરુદ્ધ છે.

યુપી સરકારના નિર્ણય પર, અખિલેશ યાદવે ઘર ધોવાની ઘટના યાદ અપાવી અને પૂછ્યું કે કોઈનું ઘર ધોવાનું વિચારીને જાતિ આધારિત ભેદભાવને સમાપ્ત કરવા માટે કયા પગલાં લેવામાં આવશે?

ભાજપના સાથી સંજય નિષાદે પણ કહ્યું હતું કે, જો જાતિઓ અવાજ નહીં ઉઠાવે, તો તેમને હેરાન કરવામાં આવશે. સરકારે પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

આ નિવેદનો વચ્ચે, સમાજવાદી પાર્ટીના નેતા અને સપા પ્રવક્તા રાજકુમાર ભાટીએ ગુર્જર ચૌપાલનું નામ બદલીને પીડીએ ચૌપાલ કરી દીધું છે. હવે જોવાનું એ રહે છે કે, ખુલ્લા પ્લેટફોર્મ અને સાઈનબોર્ડ પર જાતિનો ઉલ્લેખ ન કરવાથી જાતિ સંબંધિત સમસ્યાઓનો અંત આવશે કે પછી આપણે ઉચ્ચ જાતિ અને નીચ જાતિ જેવી વિચારસરણીનો અંત લાવવા માટે ફરીથી નવા વિકલ્પો શોધવા પડશે.

(સૌ. : ધ ક્વિન્ટ હિન્દી.કોમ)

## અલ્હાબાદ હાઈકોર્ટના નિર્દેશને અનુસરીને, સરકારે જાતિ સંબંધિત ૧૦ સૂચનાઓ જારી કરી

રાજકીય હેતુઓ માટે યોજાતી જાતિ આધારિત રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

**૨. જાતિ બોર્ડ અને બેનર પર પ્રતિબંધ :** શહેરો અને જિલ્લાઓમાં લગાવવામાં આવેલા જાતિ ગૌરવ બેનર અથવા સાઈનબોર્ડ તાત્કાલિક દૂર કરવામાં આવશે અને ભવિષ્યમાં તેને લગાવવા પર પ્રતિબંધ રહેશે.

**૩. વાહનો પર જાતિ આધારિત સ્ટીકરો/નારાઓ પર પ્રતિબંધ :** જાહેર સ્થળોએ અથવા વાહનો પર જાતિના નામો અથવા જાતિનો મહિમા કરતા સૂત્રો પ્રદર્શિત કરવા પર મોટર વાહન અધિનિયમ હેઠળ ચલણ ફટકારવામાં આવશે.

**૪. સોશિયલ મીડિયા પર કડકાઈ :** કોઈપણ જાતિનું મહિમા કરતી અથવા નિંદા કરતી પોસ્ટ્સ/સંદેશાઓ પર કડક નજર રાખવામાં આવશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

**૫. CCTNS પોર્ટલમાં ફેરફારો :** આરોપીની જાતિ નોંધવા માટેના કોલમને દૂર કરવા અને પિતાના નામ સાથે માતાનું નામ નોંધવાની વ્યવસ્થા કરવા માટે NCRBને પત્ર લખવામાં આવશે.

**૬. ડેટા એન્ટ્રી અંગેની સૂચનાઓ :** જ્યાં સુધી NCRB આ ફેરફાર ન કરે, ત્યાં સુધી પોર્ટલ પર જાતિનો કોલમ ખાલી રાખવું પડશે.

**૭. પોલીસ સ્ટેશનોમાં નોટિસ બોર્ડ :** પોલીસ સ્ટેશનોના નોટિસ બોર્ડ પર આરોપીઓની જાતિ અને તેમના નામનો ઉલ્લેખ કરવામાં

અલ્હાબાદ હાઈકોર્ટ દારૂની તસ્કરીના કેસની સુનાવણી કરી રહી હતી જેમાં આવા આદેશો આપવામાં આવ્યા હતા.

એપ્રિલ ૨૦૨૩માં દારૂની દાણચોરીના આરોપસર પ્રવીણ છેત્રી નામના યુવાનની ધરપકડ કરવામાં આવી હતી. પ્રવીણ છેત્રીએ પોતાની સામેની ફોજદારી કાર્યવાહી રદ કરવા માટે હાઈકોર્ટ સમક્ષ રાવ નાખી હતી. કોર્ટે ૧૬ સપ્ટેમ્બરના રોજ પ્રવીણ છેત્રી વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય કેસની સુનાવણી દરમિયાન આ નિર્દેશ જારી કર્યો હતો.

સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ વિનોદ દિવાકરે અવલોકન કર્યું હતું કે, પોલીસે FIR અને મેમોમાં આરોપીની જાતિનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રથાને પ્રતિગામી અને આધુનિક, અખંડ ભારતની વિરુદ્ધ ગણાવતા, કોર્ટે ઉત્તર પ્રદેશના DGPને શંકાસ્પદ વ્યક્તિની જાતિનો ઉલ્લેખ કરવાના મહત્વ અને સુસંગતતા સમજાવતું સોગંદનામું રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટના નિર્દેશોમાં જાતિ આધારિત રેલીઓનો ઉલ્લેખ નહોતો. યોજાયેલી સુનાવણીમાં અરજદાર પ્રવીણ છેત્રીની અરજી ફગાવી દેવામાં આવી હતી, પરંતુ કોર્ટે, જાતિ આધારિત રાજકીય રેલીઓની ચોક્કસપણે નિંદા કરીને જાતિના મુદ્દા પર ઉત્તર પ્રદેશ સરકારને કેટલાક નિર્દેશો જારી કર્યા હતા.

કોર્ટે જણાવ્યું હતું કે, ''ભારતમાં જાતિ માત્ર ભેદભાવનો મુદ્દો નથી

ભાજપને હરાવ્યું હતું, પરંતુ ૨૦૧૯માં, તે NDAમાં જોડાઈ ગયા હતાં.

બીજું એક નામ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીનું છે. આ પાર્ટી રાજભર જાતિના રાજકીય પ્રતિનિધિ તરીકે ઓળખાય છે. તેના રાષ્ટ્રીય પ્રમુખ ઓમ પ્રકાશ રાજભર છે. તેઓ યુપી સરકારમાં કેબિનેટ મંત્રી છે. પહેલા તેઓ સમાજવાદી પાર્ટીમાં હતા પરંતુ બાદમાં દ્વદ્ધછમાં જોડાયા સતા.

આ યાદીમાં અન્ય એક નામ જિતિન પ્રસાદનું છે. તેઓ લાંબા સમયથી કોંગ્રેસી છે. ૨૦૧૪ની લોકસભા અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી હાર્યા બાદ, તેમણે ૨૦૨૦માં બ્રાહ્મણ ચેતના પરિષદની રચના કરીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું અને યોગી સરકાર પર બ્રાહ્મણ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો હતો. જિતિનપ્રસાદ ૨૦૨૦ અને ૨૦૨૧ની શરૂઆતમાં ભાજપ સામે આક્રમક હતા, પરંતુ જૂન ૨૦૨૧માં તેઓ ફરી ભાજપમાં જોડાઈ ગયા હતા.

**તો પછી ભાજપે આવો નિર્ણય કેમ લીધો?**

આવી સ્થિતિમાં, એ સમજવું મહત્વપૂર્ણ બની જાય છે કે શું ભાજપ સરકારે આ નિર્ણય ફક્ત કોર્ટના આદેશોનું પાલન કરીને લીધો છે કે પછી કોઈ અન્ય કારણ છે? ઉત્તર પ્રદેશમાં ભાજપના રાજકીય ઉદય પરથી આ સમજી શકાય છે.

# 'ગૌરક્ષાના નામે ખંડણી માંગવામાં આવી અને પછી હત્યા કરવામાં આવી', મૃતકના ભાઈએ કહ્યું કે, 'પોલીસે હળવા આરોપો લગાવ્યા છે'

(એજન્સી) તા.૨૯

શેરૂ મધ્યપ્રદેશના મંદસૌરનો રહેવાસી હતો. ભાઈ મંજૂર પેમલાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. એવો આરોપ છે કે, ગાયની તસ્કરીની શંકામાં ગૌરક્ષકોના ટોળાએ શેરુને નિર્દયતાથી માર માર્યો હતો, ત્યારબાદ ૧૯ સપ્ટેમ્બરના રોજ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તેના ભાઈ કહ્યું કે, અમારો ભાઈ નિર્દોષ હતો. તેણે ફક્ત કાયદેસર રીતે પાલતુ પ્રાણીઓ ખરીદ્યા હતા છતાં ગૌરક્ષકોએ તેને ખોટા આરોપોમાં માર મારીને મારી નાખ્યો. મંઝૂર પેમલાએ ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, અમને ખાતરી છે કે, આ હુમલો ધર્મના નામે કરવામાં આવ્યો હતો, જો કે, શેરૂએ કંઈ ખોટું કર્યું ન હતું. તે કાયદેસર રીતે એક પાલતુ પ્રાણી ખરીદી રહ્યો હતો, પરંતુ તે રાત્રે તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો. હવે અમે ન્યાય ઈચ્છીએ છીએ. ભીલવાડાના બનેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, શેરૂ સુસાદિયા અને તેનો પિતરાઈ ભાઈ મોહસીન ડોલ ૧૬-૧૭ સપ્ટેમ્બરની રાત્રે લાંબિયા રાયલા પશુ મેળામાંથી એક બળદ લઈને મંદસૌર પરત ફરી રહ્યા હતા. લગભગ ૩:૦૦ વાગ્યે જ્યારે તેઓ રાયલા ટોલ પાર કરીને ભીલવાડા તરફ જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી એક કાર આવી. કાર તેમને ઓવરટેક કરી અને તેમની સામે અટકી ગઈ. FIR મુજબ મોટરસાઈકલ પર બીજા ઘણા લોકો ત્યાં પહોંચ્યા. લગભગ ૧૪-૧૫ હુમલાખોરોએ શેરૂ અને મોહસીનને ઘેરી લીધા, તેમને વાનમાંથી બહાર કાઢ્યા અને કંઈ સાંભળ્યા વિના માર મારવાનું શરૂ કર્યું. આરોપીઓએ શેરૂ પર 'ગાયની કતલ' કરવાનો આરોપ લગાવ્યો. શેરૂએ સમજાવવાનો પ્રયાસ



**હુમલાખોરોએ શેરૂ અને મોહસીનને વાનમાંથી ખેંચી કાઢ્યા અને તેમની વાત સાંભળ્યા વિના તેમને 'ગાય હત્યા'નો આરોપ લગાવીને માર મારવાનું શરૂ કર્યું હતું**

કર્યો કે બળદ કાયદેસર રીતે ખરીદવામાં આવ્યા હતા, પરંતુ ગૌરક્ષકોએ તેના પર વિશ્વાસ કરવાનો ઈન્કાર કર્યો. મોહસીન કોઈક રીતે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો અને જંગલમાં આશરો લીધો, જ્યારે હુમલાખોરો શેરૂને મારતા રહ્યા. ધ ક્વિન્ટ સાથે વાત કરતા મોહસીને કહ્યું, 'હુમલાખોરોએ અમારા પશુ ખરીદીની રસીદો પણ છીનવી લીધી અને અમને માર મારતા ગાયના તસ્કરો' બૂમો પાડતા રહ્યા. હું કોઈક રીતે ભાગવામાં સફળ રહ્યો, પરંતુ તેઓ શેરૂને નિર્દયતાથી મારતા રહ્યા. મને આખી રાત મદદ મળી નહીં, તેથી હું જંગલમાં છૂપાઈ ગયો. અમે બળદોને ખેતરોમાં લઈ જઈ રહ્યા હતા, પરંતુ ગૌરક્ષકોએ ધર્મના નામે અમારૂં દુર્વ્યવહાર કર્યું, અમને માર માર્યો અને જંગલમાં ફેંકી દીધા. એફઆઈઆર મુજબ હુમલા દરમિયાન આરોપીઓએ શેરૂ પાસેથી ૩૬,૦૦૦ રૂપિયા પણ છીનવી લીધા. ત્યારબાદ કુણાલ નામના આરોપીએ શેરૂના ફોન પરથી ફોન કરીને ૫૦,૦૦૦ રૂપિયાની ખંડણી માંગી અને જો તે પૈસા નહીં આપે તો તેને મારી નાખવાની ધમકી આપી. ત્યારબાદ શેરૂનો ફોન બંધ થઈ ગયો. મંઝૂર પેમલાએ ધ ક્વિન્ટને જણાવ્યું, 'મને રાત્રે ૩:૩૦ વાગ્યાની આસપાસ એક ફોન આવ્યો. આરોપીએ પહેલા મને શેરૂ સાથે વાત કરવા કહ્યું. શેરૂએ તેમને કહ્યું કે, તેને ગૌરક્ષકોએ પકડી લીધો છે. ત્યારબાદ આરોપીઓએ ફોન છીનવી લીધો અને મારી પાસેથી ખંડણી માંગી, જો હું પૈસા નહીં આપું તો શેરૂને મારી નાખવાની ધમકી આપી.' માથામાં ગંભીર ઈજાને કારણે શેરૂને પહેલા ભીલવાડાની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને બાદમાં જયપુરની એસએમએસ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો. ગંભીર હાલતમાં શેરૂનું ૧૯ સપ્ટેમ્બરના રોજ મોત થયું. ભીલવાડાની મહાત્મા ગાંધી હોસ્પિટલના રેફરલ દસ્તાવેજો દર્શાવે છે કે, માથામાં ગંભીર ઈજાઓને કારણે શેરૂને ન્યુરોસર્જરી માટે જયપુરની સવાઈ માન સિંહ મેડિકલ કોલેજ (SMS) હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. FIR મુજબ ભારતીય દંડ સંહિતા (IPC)ની વિવિધ કલમો હેઠળ ચાર આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. ભીલવાડા પોલીસે હવે હિમાંશુ શર્મા, ધર્મરાજ કુમાવત, દીપક કુમાવત, રાહુલ લોહાર અને દુર્ગેશ બૈરવા સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. જો કે, પોલીસ FIRમાં નામ આપવામાં આવેલા ચાર આરોપીઓ દેવા ગુર્જર, કુણાલ માલપુરા, પ્રદીપ રાજપુરોહિત અને નિતેશ સૈનીની ધરપકડ કરી શકી નથી. તેમની શોધ ચાલુ છે. ભીલવાડાના SP ધર્મેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, એક SITની રચના કરવામાં આવી છે અને CCTV ફૂટેજ, ડિજિટલ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ ચાલુ છે. SIT ઘટનાના તમામ સંભવિત કારણો, જેમ કે વ્યક્તિગત વિવાદો, ખંડણી અથવા રસ્તા પર કોઈપણ પ્રકારની ઝઘડો, તેની પણ તપાસ કરશે. પોસ્ટમોર્ટમ તપાસ કરવામાં આવી છે, પરંતુ મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ નથી. વિવિધ ફોરેન્સિક પરીક્ષણો કરવામાં આવ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. મંઝૂર પેમલાએ જણાવ્યું હતું કે, પોલીસે FIRમાં નામ આપવામાં આવેલા આરોપીઓની હજુ સુધી ધરપકડ કરી નથી. મોહસીન તેમાંથી કેટલાકને ઓળખતો હતો કારણ કે, તેણે તેમને સોશિયલ મીડિયા પરના વીડિયોમાં જોયા હતા. આ લોકો પશુઓનું પરિવહન કરતા લોકોને હેરાન કરતા રહે છે, પરંતુ પોલીસે હજુ સુધી કોઈની ધરપકડ કરી નથી. મંજૂરે ધ ક્વિન્ટને વધુમાં જણાવ્યું, હુમલાખોરોએ વાહન રોક્યું, શેરૂને જંગલમાં લઈ ગયા અને તેને માર માર્યો. જો કે, FIRમાં મોબ લિંચિંગના આરોપોનો સમાવેશ થતો નથી. અમે પોલીસને તેને સામેલ કરવા કહ્યું છે. મારો ભાઈ નિર્દોષ હતો. હવે શેરૂના પરિવારમાં તેની પત્ની અને બે નાના બાળકો, છ મહિનાનો પુત્ર અને અઢી વર્ષની પુત્રી છે.

### પાલઘરમાં આવેલા ડેમ છલકાઈ ગયા

# થાણે અને પાલઘરને વરસાદે ઘમરોળી નાખ્યું : એકનું મોત

**જિલ્લામાં આવેલો મહત્ત્વનો મોડક સાગર બંધ છલકાઈ ગયો છે અને તેમાંથી ૬૨,૨૬૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું**

(એજન્સી) થાણે, તા.૨૯

મુંબઈને અડીને આવેલા થાણે અને પાલઘર જિલ્લામાં રવિવારે થયેલા મુશળધાર વરસાદને પગલે ઠેકઠેકાણે પાણી ભરાઈ જવાની સાથે જ ઝાડ અને દીવાલ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. ભારે વરસાદને પગલે જિલ્લામાં બંધ પણ છલકાઈ ગયા હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. તો પાલઘર જિલ્લામાં વીજળી પડવાથી છ લોકો જખમી થયા હતા. હવામાન વિભાગે થાણે અને પાલઘર જિલ્લા માટે રવિવારના રેડ એલર્ટની ચેતવણી આપી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. તે મુજબ આખો દિવસ વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે સોમવારે માટે ઓરેન્જ અલર્ટ આપીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. થાણે જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે જિલ્લાના બદલાપુરમાં આવેલી ઉલ્હાસ નદીમાં તરવા માટે બે યુવકો ગયા હતા, જેમાંથી એક ભારે વરસાદને પગલે નદીમાં તણાઈ ગયો હતો. ફાયરબ્રિગેડને આ બનાવની લગભગ છ કલાક બાદ જાણ થઈ હતી. આ દરમ્યાન ડૂબી ગયેલો યુવક પાણીમાં દૂર સુધી તણાઈ ગયો હતો. છતાં તેને શોધવાની જહેમત ચાલુ રાખવામાં આવી હતી.આ દરમ્યાન થાણેમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૦૦ મિલીમીટર કરતા પણ વધુ વરસાદ નોંધાયો હતો. રેડ અલર્ટની ચેતવણી હોવાથી થાણે સહિત પાલઘર જિલ્લામાં પ્રશાસન સતર્ક રહ્યું હતું. તેમ જ નાગરિકોને આવશ્યકતા ન હોય તો ઘરમાં જ રહેવાની અપીલ પણ કરવામાં આવી હતી. થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે શનિવારથી ચાલુ થયેલા વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. ભારે પવન ફૂંકાવાને કારણે અનેક જગ્યાએ ઝાડ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં થાણે શહેરમાં ૧૧૫.૭૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો.પાલઘર જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે ૨૭ સપ્ટેમ્બરના રાતથી જિલ્લામાં ભારે પવન ફૂંકાવાની સાથે જ જોશભેર વરસાદ પડી રહ્યો છે. જિલ્લામાં આવેલો મહત્ત્વનો મોડક સાગર બંધ છલકાઈ ગયો છે અને તેમાંથી ૬૨,૨૬૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

**હદીસ બોધ**

સાચા પશ્ચાતાપથી અલ્લાહની માફી મેળવી શકાય છે. (હદીસ બોધ)

**બોધ વચન**

સૂતી વખતે મૃત્યુને ઓશીકે રાખશો અને ઊઠો ત્યારે આંખની સામે. - હઝરત આબિસ

**આજની આરસી**

૩૦ સપ્ટેમ્બર મંગળવાર ૨૦૨૫
૭ રબીઉલ આખર હિજરી ૧૪૪૭
આસો સુદ આઠમ સંવત ૨૦૮૧


| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૨ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૦ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૧ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૯ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ઓલિમ્પિયન ખેલાડી પદ્મશ્રી મોહમ્મદ શાહિદના પૈતૃક ઘરને તોડી પાડવામાં આવતા વારાણસીમાં આક્રોશ

### તેમના ઘરના ધ્વંસથી પરિવાર અને સ્થાનિકોમાં રોષ ફેલાયો છે; પરિવારે 'હોકીના વિઝાર્ડ' વારસાના સન્માનમાં સ્મારક બનાવવાની માંગ કરી

(એજન્સી) વારાણસી, તા.૨૯

ઉત્તરપ્રદેશના વારાણસી શહેરમાં રવિવારે (૨૮ સપ્ટેમ્બર) વધુ એક ડિમોલિશન અભિયાનમાં વહીવટીતંત્રએ પદ્મશ્રી ઓલિમ્પિયન મોહમ્મદ શાહિદના ત્રણ માળના પૈતૃક ઘરને તોડી પાડીને માર્ગ પહોળો કરવાની યોજના અમલમાં મૂકી હતી. 'હોકીના વિઝાર્ડ' તરીકે વૈશ્વિક સ્તરે જાણીતા શાહિદે ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકમાં ટીમને સુવર્ણ ચંદ્રક અપાવવા સહિત પોતાના અસાધારણ પ્રદર્શનથી ભારતને અપાર ગૌરવ અપાવ્યું છે.

કચારી ગોલઘર વિસ્તારમાં આવેલું આ ઘર કચારીથી સંધા સુધીના ૨૬ મીટર પહોળા રસ્તા માટે આંશિક રીતે હસ્તગત કરવામાં આવ્યું હતું. જાહેર બાંધકામ વિભાગ (PWD) કચારીથી પોલીસ લાઇન આંતરછેદ સુધી ચાર-માર્ગીય રસ્તો બનાવી રહ્યું છે, જેમાં કુલ ૬૯ ઘર તોડી પાડવામાં આવશે. ગયા અઠવાડિયે જિલ્લા વહીવટીતંત્ર અને પીડબ્લ્યુડી દ્વારા સંયુક્ત કામગીરીમાં ૩૫ ઘરો તોડી પાડવામાં આવ્યા હતા.

શાહિદના ભાઈએ તેમનું આ મકાન તોડી પાડવા અંગે ઊંડી નિરાશા વ્યક્ત કરતા કહ્યું, 'અમે ટૂંકા ગાળાની મુદત વધારવાની વિનંતી કરી હતી, પરંતુ અધિકારીઓએ સાંભળવાનો ઇન્કાર કર્યો હતો. બુલડોઝર તાત્કાલિક લાવવામાં આવ્યું હતું અને ઘર અને દરવાજો તોડી નાખવામાં આવ્યો છે. તેનાથી પરિવારને ભારે દુઃખ થયું છે.'

પરિવારે અગાઉ શાહિદના માનમાં એક સ્મારક બનાવવાની વિનંતી કરી હતી, જેમાં ભારતીય હોકીમાં તેમના મહાન દરજ્જાને માન્યતા આપવામાં આવી હતી. તેમણે શાહિદના યોગદાનને યાદ કરવા માટે એક સ્મારક બનાવવાની માગણી કરી છે. તેમણે કહ્યું કે, આ માત્ર એક ઘર નથી; તે અમારા પરિવારના ઇતિહાસનો એક ભાગ છે અને હોકીમાં ભારતને ગૌરવ અપાવનાર માણસની સ્મૃતિ છે.

સ્થાનિક રહેવાસીઓ અને અસરગ્રસ્ત ઘરમાલિકોએ પણ તોડી પાડવાની પ્રક્રિયા અને વળતર અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઘણા લોકોનો દાવો છે કે, વહીવટીતંત્રએ ફક્ત બાંધકામ ખર્ચની ભરપાઈ કરી છે અને વાસ્તવિક જમીન મૂલ્યને અવગણ્યું છે.

ભારતીય રમતગમતમાં મોહમ્મદ શાહિદનો વારસો અજોડ છે. વારાણસીમાં જન્મેલા આ ખેલાડી ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાના સૌથી પ્રખ્યાત હોકી ખેલાડીઓ પૈકી એક હતા. તેમની ગતિ, કૌશલ્ય અને ડ્રિબલિંગે તેમને ભારતની જીતમાં મુખ્ય ખેલાડી બનાવ્યા, ખાસ કરીને ૧૯૮૦માં મોસ્કો ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. ભારત સરકારે તેમના યોગદાનને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંના એક પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કર્યું હતું. શાહિદનું ૨૦૧૬માં અવસાન થયું, જે ભારતીય હોકીમાં એક સમૃદ્ધ વારસો ગણવામાં આવે છે.

દેશ અને દુનિયામાં તેમના અમૂલ્ય યોગદાન હોવા છતાં શાહિદના ઘરના ધ્વંસથી વિકાસ પ્રોજેક્ટ્સ અને સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા પ્રત્યેના આદર વચ્ચે ચાલી રહેલ તણાવ દેખાય છે. રહેવાસીઓ અને પરિવાર માંગ કરી રહ્યા છે કે, સરકાર માત્ર વાજબી વળતર જ નહીં પરંતુ ભારતના મહાન રમત નાયકો પૈકી એક શાહિદના સન્માન માટે એક સ્મારક પણ બનાવે.

# BCCIએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે પ્રાઈસ મનીની જાહેરાત કરી

દુબઈ, તા.૨૯

સૂર્યકુમાર યાદવના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાએ ૨૮ સપ્ટેમ્બરના રોજ રવિવારે રમાયેલી એશિયા કપ ૨૦૨૫ની ફાઈનલ મેચમાં ધૂર વિરોધી પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવી દીધું અને રેકોર્ડ ૯મી વખત એશિયા કપ જીત્યો. રિપોર્ટ્સ મુજબ એશિયા કપની પ્રાઈઝ મની આ વખતે ૨.૬ કરોડ રૂપિયા છે. જે ટીમ ઈન્ડિયાને મળશે. પરંતુ ચર્ચામાં તો બીસીસીઆઈની પ્રાઈઝ મની છે. કારણ કે બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે જે પ્રાઈસ મનીની જાહેરાત કરી છે તે એશિયા કપની પ્રાઈઝ મનીથી પણ લગભગ ૧૦ ગણી વધારે છે. બીસીસીઆઈએ એક્સ પર એશિયા કપની પ્રાઈસ મનીની જાહેરાત કરી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ભરપૂર ટ્રોલ પણ કર્યું. ભારતીય ખેલાડીઓએ એક પણ મેચ હાર્યા વગર એશિયા કપ ૨૦૨૫ ટુર્નામેન્ટ જીતી હતી. BCCIએ ટીમ ઈન્ડિયાને આ પ્રદર્શન માટે ઈનામ આપ્યું છે. જ્યારે ભારતીય ખેલાડીઓને ટ્રોફી નહોતી લીધી પરંતુ ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી શાનદાર રહી હતી. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે બધા ખેલાડીઓએ ટ્રોફી પકડી રાખવાની એક્ટિંગ કરી અને હવામાં હાથ ઉંચા કરીને વિજયની ઉજવણી કરી. ભારતીય કેપ્ટને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટીમના ઉજવણીનો ફોટો પણ શેર કર્યો, જેમાં ટ્રોફીનો ફોટો અલગથી એડિટ કરવામાં આવ્યો હતો.

# એશિયા કપ ૨૦૨૫માં કયા ખેલાડીએ જીત્યો કયો એવોર્ડ

### એશિયા કપ ફાઇનલમાં ટીમ ઇન્ડિયાની જીતના હીરો તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

દુબઈ, તા.૨૯

ભારતે એશિયા કપ ફાઈનલમાં પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવ્યું અને ૯મી વખત એશિયા કપનો ખિતાબ જીત્યો. ભારતે માત્ર એશિયા કપનો ખિતાબ જ નહીં પરંતુ તમામ ટુર્નામેન્ટના એવોર્ડ પણ જીત્યા. એશિયા કપ ફાઈનલમાં ટીમ ઈન્ડિયાની જીતના હીરો તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. તિલક વર્માએ ૫૩ બોલમાં ૬૯ રનની અણનમ મેચ-વિનિંગ ઈનિંગ રમી. એશિયા કપ ફાઈનલમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શિવમ દુબેને ગેમ ચેન્જર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. શિવમે ૨૨ બોલમાં ૩૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી અને ટીમ ઈન્ડિયાને વિજયની નજીક લાવી. ફાઈનલમાં સૌથી વધુ છગ્ગા મારવા બદલ તિલક વર્માને મોસ્ટ સિક્સિસનો એવોર્ડ પણ મળ્યો. પાકિસ્તાન સામેની ફાઈનલમાં તિલકને ચાર સિક્સ ફટકારી હતી. અભિષેક શર્માને એશિયા કપ ૨૦૨૫ માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો. અભિષેક એશિયા કપમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. અભિષેકે ૭ મેચમાં ૪૪.૮૫ની સરેરાશથી ૩૧૪ રન બનાવ્યા. અભિષેકને ૧૫,૦૦૦ યુએસ ડોલર અને એક એસયુવી પણ મળી.કુલદીપ યાદવને મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર જાહેર કરવામાં આવ્યો. કુલદીપે એશિયા કપ ૨૦૨૫માં સૌથી વધુ વિકેટ લીધી. આ ભારતીય બોલરે ૭ મેચમાં ૧૭ વિકેટ લીધી.

# પાકિસ્તાનના મંત્રી નકવી એશિયા કપ ટ્રોફી લઈને ચાલતા થયા પછી તેમને ACCમાંથી હાંકી કાઢવા માટે BCCIનું દબાણ



તા.૨૯

BCCI નવેમ્બરમાં યોજાનારી ICC બેઠકમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના વડા મોહસીન નકવી સાથે બનેલી ઘટના પર 'ખૂબ જ કડક વિરોધ' નોંધાવવા માટે તૈયાર છે, જેઓ દુબઈમાં ભારતીય ટીમે એશિયા કપ ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યા દરમિયાન ભારતીય ટીમના પ્રદર્શનની પ્રશંસા કરી. તેમણે કહ્યું, "ભારતે તમામ સાત મેચ જીતી, ત્રણ ગ્રુપ સ્ટેજમાં, ત્રણ સુપર ફોરમાં અને ફાઈનલ. આમાંથી, ભારતે પાકિસ્તાનને ૩-૦થી હરાવ્યું. આ એક મોટી જીત અને દેશ માટે એક મોટી ક્રિકેટ સિદ્ધિ છે". પાકિસ્તાન સાથે સંકળાયેલી ટુર્નામેન્ટમાં છેલ્લા ૧૨થી ૧૫ વર્ષથી આવું કરી રહ્યું છે'. 'હવે સરકારે કહ્યું છે કે, એશિયા કપ જેવી બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં, જ્યાં અન્ય ઘણા દેશો સામેલ હોય છે,તેમાં ભારતીય ટીમોએ ભાગ લેવો જ જોઈએ. નહીંતર, આપણી અન્ય રમતોને નુકસાન થશે અથવા ફેડરેશન પર આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ

## BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ ભારતીય ટીમના વલણનો બચાવ કરતા કહ્યું કે, ભારત 'દેશ સામે યુદ્ધ છેડનાર' વ્યક્તિ પાસેથી ટ્રોફી સ્વીકારી શકે નહીં

પછી કથિત રીતે એશિયા કપ ટ્રોફી લઈને જતાં રહ્યા હતા. BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ ભારતીય ટીમના વલણનો બચાવ કરતા કહ્યું કે, ભારત 'દેશ સામે યુદ્ધ છેડનાર' વ્યક્તિ પાસેથી ટ્રોફી મેળવી શકે નહીં. સૈકિયાએ કહ્યું, 'જ્યાં સુધી ટ્રોફીનો સવાલ છે, ભારત આપણા દેશ સામે યુદ્ધ છેડનાર વ્યક્તિ પાસેથી ટ્રોફી સ્વીકારી શકે નહીં'. તેમણે કહ્યું, 'અમે ટ્રોફી ન સ્વીકારવાનો નિર્ણય લીધો છે, પરંતુ તે સજ્જનને ટ્રોફી અને મેડલ તેની હોટલમાં લઈ જવાની મંજૂરી આપતું નથી.' નકવીના આ પગલાંને 'અનપેક્ષિત' અને 'ખૂબ જ બાલિશ સ્વભાવનું' ગણાવતા, સૈકિયાએ પુષ્ટિ આપી કે બોર્ડ દુબઈમાં ICC મીટિંગમાં આ મુદ્દો ઔપચારિક રીતે ઉઠાવશે. નકવી, જે હાલમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા છે અને પાકિસ્તાનના ગૃહમંત્રી તરીકે પણ સેવા આપે છે, ફાઈનલમાં ભારતની પાકિસ્તાન પર પાંચ વિકેટથી શાનદાર જીત બાદ મેચ પછીના સમારોહમાં હાજર હતા. તિલક વર્માના અણનમ ૬૯ રનથી તેમને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. સૈકિયાએ સમગ્ર ટુર્નામેન્ટ ભારતની ભાગીદારી અંગે ટીકા વચ્ચે, ખાસ કરીને પહેલગામ આતંકવાદી હુમલા પછી, સૈકિયાએ સ્પષ્ટતા કરી કે BCCI સરકારી નીતિનું ચુસ્ત રીતે પાલન કરે છે. તેમણે સમજાવ્યું કે, 'જ્યારે તે દ્વિપક્ષીય ટુર્નામેન્ટ હોય છે, ત્યારે ભારત પાકિસ્તાન કે અન્ય કોઈ પ્રતિકૂળ દેશ સામે રમવાનું નથી, અને BCCI દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવશે. તેથી અમે કેન્દ્ર સરકારની નીતિનું પાલન કર્યું અને કેટલાક વર્ગોના વિરોધ છતાં ભાગ લીધો.' તેમણે કહ્યું, 'આજે, પાકિસ્તાન પર આ સુંદર જીત અને ૩-૦ની શાનદાર જીત સાથે, મને ખાતરી છે કે અમે આપણાં લોકો માટે ઘણી ખુશીઓ લાવીશું. દેશને ભારતીય ક્રિકેટ ટીમના પ્રદર્શન પર ખરેખર ગર્વ છે'.

# કોંગ્રેસે ભાજપ-RSS પર પ્રહારો કર્યા, રાહુલ ગાંધીને ચૂપ કરાવવાનું 'ષડ્યંત્ર' રચવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૯

કોંગ્રેસે સોમવાર, ૨૯ સપ્ટેમ્બરના રોજ વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ એક ટીવી ડિબેટ દરમિયાન ABVPના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને ભાજપના પ્રવક્તા પ્રિન્ટુ મહાદેવ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવ્યા બાદ ભાજપ અને RSS પર પોતાનો હુમલો વધુ તેજ બનાવ્યો છે. કોંગ્રેસના નેતાઓએ આ ટિપ્પણીઓને 'ઠંડી, ગણતરીપૂર્વકની અને ઘૃણાસ્પદ' ગણાવી હતી અને આક્ષેપ કર્યો હતો કે, જેઓ રાહુલ ગાંધી સામેની 'વૈચારિક લડાઈ હારી રહ્યા છે' તેઓ હવે તેમને ચૂપ કરાવવાના પ્રયાસમાં હિંસાની ધમકીઓનો સહારો લઈ રહ્યા છે. કોંગ્રેસના મીડિયા અને પબ્લિસિટી વિભાગના વડા પવન ખેરાએ કહ્યું, 'એક ભાજપના પ્રવક્તાએ ટીવી પર કહ્યું કે, રાહુલ ગાંધીને છાતીમાં ગોળી મારવામાં આવશે અને અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.' તેમણે શાસક પક્ષ પર રાહુલ ગાંધીની સુરક્ષાનું રાજકારણ કરવાનો પણ આરોપ લગાવ્યો અને અગાઉના એક બનાવનો ઉલ્લેખ કર્યો જેમાં CRPFએ ગાંધીની સુરક્ષા કવચ વિશે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને લખેલો પત્ર લીક કર્યો હતો. ખેરાએ એક વીડિયો નિવેદનમાં કહ્યું, 'આ ષડ્યંત્રની ગંધ આવે છે' અને પૂછ્યું કે, આવી ધમકીઓ કોણ કરાવી રહ્યું છે. 'પહેલા તમે અપશબ્દોથી તેમને ચૂપ કરાવવાનો પ્રયાસ કર્યો, હવે તમે ગોળીઓની ધમકી આપી રહ્યા છો. સત્ય એ છે કે, કાશ્મીરથી કન્યાકુમારી સુધીના લોકો તેમના સંદેશ સાથે જોડાઈ રહ્યા છે, તે વાત તમે પચાવી શકતા નથી.' ખેરાએ આક્ષેપ કર્યો કે, ભાજપ દ્વારા લોકશાહીની 'ચોરી', જેમાં ચૂંટણીલક્ષી ગેરરીતિઓનો સમાવેશ થાય છે, તે ખુલ્લી પડી ગઈ છે અને હવે પક્ષ ગભરાઈ ગયો છે. તેમણે ઉમેર્યું, 'તેઓ વિચારોની લડાઈ હારી રહ્યા છે. જ્યારે પણ RSS નિષ્ફળ જાય છે, ત્યારે તેના પાયદળ સૈનિકો હિંસા તરફ વળે છે. ત્યારે એક ગોડસેએ ગાંધીની હત્યા કરી હતી અને હવે તેમના નેતાઓ રાહુલ ગાંધીને પણ તે જ ભાવિની ધમકી આપી રહ્યા છે.' કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે પણ રવિવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને એક સખત શબ્દોમાં પત્ર લખીને મહાદેવ વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી. આ નિવેદનને જીભની લપસણી નહીં પણ 'ઈરાદાપૂર્વકની અને ધ્રુજાવી દેનારી ધમકી' ગણાવીને, વેણુગોપાલે ચેતવણી આપી કે કાર્યવાહી કરવામાં નિષ્ફળતાને ગુનામાં સહભાગીતા ગણવામાં આવશે. વેણુગોપાલે લખ્યું, 'આ માત્ર રાહુલ ગાંધી પર વ્યક્તિગત હુમલો નથી, પરંતુ તે જે લોકશાહી ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે તેના પર હુમલો છે.' તેમણે ભાજપ પર 'નફરતનું ઝેરી વાતાવરણ' ઊભું કરવાનો આરોપ લગાવ્યો જે વિપક્ષના નેતાને જોખમમાં મૂકે છે અને ભારતના બંધારણ અને કાયદાના શાસનને નબળું પાડે છે. વેણુગોપાલે કહ્યું કે, ભાજપ ધમકી અને હિંસાની આવી રાજનીતિને સમર્થન આપે છે કે કેમ તે સ્પષ્ટ કરવાની જવાબદારી શાહની છે. તેમણે ચેતવણી આપી, 'ઝડપથી અને નિર્ણાયક રીતે પગલાં લેવામાં નિષ્ફળતાને રાજકારણમાં હિંસાના સામાન્યકરણ માટે લાઈસન્સ તરીકે જોવામાં આવશે.' કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધીની વધતી લોકપ્રિયતા અને ભાજપ પરના તેમના આકરા હુમલાઓ – જેમાં 'મતની ચોરી'ના આરોપોનો સમાવેશ થાય છે – શાસક પક્ષને વિચલિત કરી દીધા છે. તેઓએ કહ્યું કે, આ ધમકી ભારતના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો વતી તેમના અવાજને ચૂપ કરવાના મોટા ષડ્યંત્રનો એક ભાગ છે.

# એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતનું વર્ચસ્વ કાયમ રહ્યું

દુબઈ, તા.૨૯

ડાબેરી બેટર તિલક વર્માએ શાનદાર બેટિંગ કરીને અડધી સદી ફટકારતાં ભારતે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાન સામે જોરદાર લડત આપીને ભારતને પાંચ વિકેટે રોમાંચક વિજય અપાવ્યો હતો. ભારત એક સમયે નબળી સ્થિતિમાં આવી ગયું હતું પરંતુ તિલક વર્માએ છેક સુધી હિંમત હાર્યા વિના બેટિંગ કરી હતી. આ સાથે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતે પોતાના આ કટ્ટર હરીફ સામે વર્ચસ્વ કાયમ રાખ્યું હતું. પાકિસ્તાનને આ ટુર્નામેન્ટમાં સળંગ ત્રીજા રવિવારે ભારત સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આમ આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતે વિજયની હેટ્રિક નોંધાવી હતી. અહીંના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાન તેની ૨૦ ઓવર પૂરી કરી શક્યું ન હતું અને ૧૯.૧ ઓવરમાં ૧૪૬ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું જેના જવાબમાં ભારતે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૦ રન કર્યા હતા. તિલક વર્મા ૫૩ બોલમાં ચાર સિક્સર સાથે ૬૯ રન ફટકારીને અણનમ રહ્યો હતો. મેચ જીતવા માટે ૧૪૭ રનના ટારગેટ સામે રમતાં ભારતે પણ કંગાળ પ્રારંભ કર્યો હતો. જે રીતે પાકિસ્તાને અંતમાં વિકેટો ગુમાવી હતી તે રીતે ભારતે શરૂઆતમાં વિકેટો ગુમાવી હતી. ટુર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ બેટર અભિષેક શર્માનું નુકસાન ભારતને ભારે પડ્યું હતું તે બીજી ઓવરના પહેલા બોલે ફહીમ અશરફના બોલે આઉટ થઈ ગયો હતો તો શુભમન ગિલ ૧૨ અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે માત્ર એક રન કરીને આઉટ થઈ જતાં ભારતે ચોથી ઓવરના અંતે ૨૦ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. તિલક વર્મા અને સંજુ સેમસને સ્કોર ૭૭ સુદી પહોંચાડ્યો ત્યારે સેમસન મક્કમ રીતે રમી રહ્યો હતો પરંતુ પ્રતિભાશાળી સ્પિનર અબરાર અહેમદે તેને આઉટ કરી દીધો હતો. સંજુએ ૨૧ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા. તિલક વર્મા અને શિવમ દૂબેએ શાનદાર લડત આપીને ટીમનો સ્કોર ૭૭થી ૧૩૭ સુધી પહોંચાડ્યો હતો. ૧૯મી ઓવરના છેલ્લા બોલે શિવમ દૂબે ૨૨ બોલમાં બે સિક્સર સાથે ૩૩ રન ફટકારીને આઉટ થયો હતો. તે સમયે ભારતને જીતવા માટે દસ રનની જરૂર હતી. અગાઉ ભારતે ટોસ જીતીને પાકિસ્તાનને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. જે રીતે સાહિબજાદા ફરહાન અને ફખર ઝમાને પાકિસ્તાન માટે ઝડપી પ્રારંભ કર્યો હતો તે જોતાં સૂર્યકુમારનો આ નિર્ણય યોગ્ય જણાતો ન હતો. પાકિસ્તાની ઓપનિંગ જોડીએ દસમી ઓવર સુધીમાં જ ૮૪ રન ફટકારી દીધા હતા. ફરહાન વધારે આક્રમક હતો. તેણે માત્ર ૩૮ બોલમાં ૫૭ રન ફટકારી દીધા હતા જેમાં ત્રણ સિક્સર ઉપરાંત પાંચ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ફખર ઝમાને પણ એવી જ આક્રમક બેટિંગ કરી હતી. તેણે ૩૫ બોલમાં સિક્સર સાથે ૪૬ રન ફટકાર્યા હતા.જોકે ૧૩મી ઓવરમાં પાકિસ્તાનનો સ્કોર ૧૧૩ હતો ત્યારે ભારતીય સ્પિનર અને ખાસ કરીને કુલદીપ યાદવે વળતો પ્રહાર કર્યો હતો. તેને અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીનો સહકાર સાંપડ્યો હતો. આ ત્રણેય સ્પિનરે હરીફ ટીમની બેટિંગ હરોળ તોડી નાખી હતી. ફરહાનના ૫૭ અને ઝમાનના ૪૬ રન બાદ એકમાત્ર ઐયુબ એવો બેટર હતો જે ડબલ ફિગર સુધી પહોંચી શક્યો હોય. આ સિવાય ચોથા ક્રમથી ૧૧મા ક્રમ સુધીનો એકેય બેટર ડબલ ફિગર સુધી પહોંચી શક્યો ન હતો.

# નાયડુએ ફરી એકવાર દલિતો સાથે દગો કર્યો

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૯

તાડેપલ્લીમાં YSRCP કેન્દ્રીય કાર્યાલય ખાતે MLC અને પાર્ટી કાર્યાલયના પ્રભારી લેલ્લા અપ્પી રેડ્ડીના નેતૃત્વમાં આયોજિત ગુરરામ જશુવા જયંતિ કાર્યક્રમમાં, નેતાઓએ ચંદ્રાબાબુ નાયડુ પર તેમના દલિત વિરોધી વલણ બદલ આકરા પ્રહારો કર્યા. લેલા અપ્પી રેડ્ડીએ કહ્યું કે, YSR અને YS જગને ફી ભરપાઈ અને નાડુ-નેડુ શાળા આધુનિકીકરણ દ્વારા શિક્ષણ ક્રાંતિ સર્જી હતી, પરંતુ ચંદ્રાબાબુએ વ્યવસ્થિત રીતે તેને તોડી પાડી, કામો અટકાવી દીધા અને હવે ગરીબ વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવેલી મેડિકલ કોલેજોનું ખાનગીકરણ કરી રહ્યા છે. SC સેલના રાજ્ય પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય ટીજેઆર સુધાકર બાબુએ યાદ કર્યું કે, જ્યારે જશુવાએ તેમના લખાણો દ્વારા જાતિ ભેદભાવ સામે લડત આપી હતી, ત્યારે ચંદ્રાબાબુએ અમરાવતીમાં ૫૪,૦૦૦ આવાસ પ્લોટ રદ કરીને દલિતોનું અપમાન કર્યું હતું અને એક વખત બેશરમીથી પ્રશ્ન કર્યો હતો કે, દલિત તરીકે કોણ જન્મ લેવા માંગશે,તેમણે યાદ અપાવ્યું કે YS જગનના શાસને SCને ૬૯,૮૪૮ કરોડ રૂપિયાનું કલ્યાણ પહોંચાડ્યું હતું, જેને વર્તમાન ગઠબંધને રદ કરી દીધું હતું. કાર્યકારી પ્રમુખ કનક રાવે જણાવ્યું હતું કે, ગઠબંધન શાસન શિક્ષણ, આરોગ્યસંભાળ, ઉદ્યોગ, બંદરો અને મંદિરની જમીન-દરેક ક્ષેત્રમાં દલિતો પર હુમલો કરી રહ્યું છે. પોલીસ, ખોટા કેસ અને દમનનો ઉપયોગ કરીને અવાજોને દબાવી રહ્યું છે. પૂર્વ મંત્રી વેલામપલ્લી શ્રીનિવાસ, કાનૂની સેલના પ્રમુખ મનોહર રેડ્ડી અને કાર્યકારી પ્રમુખ જલ્લા સુદર્શન રેડ્ડીએ પણ TDPના જાતિ અપમાનના ઈતિહાસની નિંદા કરી હતી, જેમાં TDP નેતાઓ દ્વારા દલિતો વિરૂદ્ધ ભૂતકાળમાં અપમાનજનક ટિપ્પણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. YSRCPએ ગઠબંધનની દલિત વિરોધી નીતિઓ સામે ૩૦ સપ્ટેમ્બરના રોજ જિલ્લા મુખ્યાલયોમાં આંબેડકરની પ્રતિમાઓ પર રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી.

## દલિત મહિલાઓનું અપમાન કરવા બદલ કોંગ્રેસે બસવરાજ પાટિલ યત્નાલની માફી માંગી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૯

કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના SC/ST સેલના પ્રમુખ આર. ધર્મસેનાએ વિજયપુરા બસવરાજ પાટિલ યત્નાલના ધારાસભ્ય પાસેથી દલિત મહિલાઓને અપમાનજનક નિવેદન બદલ માફી માંગી. રવિવારે અહીં પત્રકારો સાથે વાત કરતા, પૂર્વ MLC શ્રી ધર્મસેનાએ જણાવ્યું હતું કે, શ્રી યત્નાલે કહ્યું છે કે, દેવી ચામુંડેશ્વરી પર ફૂલો વરસાવવાનો અધિકાર સનાતાની પાસે છે અને એક સામાન્ય દલિત મહિલાને પણ દેવી પર ફૂલો વરસાવવાનો કોઈ અધિકાર નથી. શ્રી યત્નાલનું નિવેદન રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર વિજેતા બાનુ મુશ્તાકને આ વર્ષના મૈસુરૂ દશેરાના મૈસુરૂમાં લોન્ચ કરવા માટે આમંત્રણ આપ્યું હતું તેના સંદર્ભમાં હતું. શ્રી ધર્મસેનાએ કહ્યું, જ્યારે તેમના નિવેદન પર ઘણી ટીકા થઈ હતી, ત્યારે શ્રી યત્નાલે જવાબ આપ્યો કે તેમના નિવેદનનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે અને તેઓ ઈચ્છતા હતા કે દલિત મહિલા મૈસુરૂ દશેરાનું ઉદ્‌ઘાટન કરે. તેમણે કહ્યું કે, શ્રી યત્નાલે તેમના નિવેદન માટે માફી માંગવી જોઈએ, જેનાથી ઘણા દલિતોને દુઃખ થયું છે. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય, તો SC/ST સેલ શ્રી યત્નાલ દ્વારા હાજરી આપનારા તમામ જાહેર કાર્યક્રમોમાં વિરોધ પ્રદર્શન કરશે.

# તિલોઈમાં દલિત યુવાનની હત્યાનો પ્રયાસ : ગ્રામજનોએ તેને બચાવ્યો; દુકાન ઉથલાવી પાડવામાં આવી, પોલીસ કાર્યવાહી કરી રહી છે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૯

અમેઠીના તિલોઈ તાલુકામાં આવેલા આસ્ની ગામમાં એક દલિત યુવક પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોની દરમિયાનગીરીથી યુવકનો જીવ બચી ગયો હતો. આ ઘટના ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે બની હતી. પીડિત બદ્રી પ્રસાદ કોરીએ મોહનગંજ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ગામમાં પંચરની દુકાન ચલાવતા બદ્રી પ્રસાદ કોરીએ જણાવ્યું હતું કે, રાની પૂર્વાનો એક યુવક દારૂના નશામાં તેની દુકાન પર આવ્યો હતો. યુવકે બદ્રી પ્રસાદ પર જાતિવાદી અપશબ્દો ફેંક્યા હતા અને નજીકમાં કામ કરતા નરેગા કામદારો સાથે પણ દુર્વ્યવહાર કર્યો હતો. જ્યારે બદ્રી પ્રસાદે વાંધો ઉઠાવ્યો ત્યારે તે યુવકે તેને લાતો અને મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. હુમલાખોરે નરેગા કામદારોમાંથી એક પાસેથી પાવડો છીનવી લીધો અને બદ્રી પ્રસાદ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. જો કે, ઘટનાસ્થળે હાજર ગ્રામજનોએ દરમિયાનગીરી કરીને બદ્રી પ્રસાદનો જીવ બચાવ્યો હતો.

પોલીસ સ્ટેશનથી ઘરે પાછા ફર્યા પછી, બદ્રી પ્રસાદે જોયું કે તે યુવકે તેની પંચર દુકાન ઉથલાવી દીધી હતી. ગામલોકોએ અહેવાલ આપ્યો કે તે યુવક જાતિવાદી અપશબ્દો બોલી રહ્યો હતો અને જો તે કોરીને શોધી કાઢશે તો તેને મારી નાખવાની ધમકી આપી રહ્યો હતો. સ્ટેશન ઈન્ચાર્જે જણાવ્યું કે, ફરિયાદ મળી છે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ‘આ પહેલી સરકાર છે જે સિનેમા હોલમાં પડી ગઈ છે’ : અખિલેશ યાદવે યોગી આદિત્યનાથની બાયોપિક ફિલ્મ ‘અજેય’ની મજાક ઉડાવતા કહ્યું કે, ભાજપના ધારાસભ્યોએ પણ સ્ક્રીનિંગમાં હાજરી આપી ન હતી

## રવિન્દ્ર ગૌતમ દ્વારા દિગ્દર્શિત અને ઋતુ મેંગી દ્વારા નિર્મિત આ ફિલ્મમાં અનંત જોશી મુખ્ય ભૂમિકામાં છે, તેમની સાથે દિનેશલાલ યાદવ, અજય મેંગી, પવન મલ્હોત્રા, રાજેશ ખટ્ટર, ગરિમા વિક્રાંત સિંહ અને સરવર આહુજા મુખ્ય ભૂમિકામાં છે

(એજન્સી) લખનૌ, તા.૨૯

સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવે રવિવારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની જીવનચરિત્રાત્મક ફિલ્મ ‘અજેય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’ પર કટાક્ષ કર્યો અને દાવો કર્યો કે, ભાજપના ધારાસભ્યોએ પણ તે ફિલ્મ જોઈ નથી.

આ ફિલ્મ પડદા પર હારી ગઈ છે પણ સંવાદ ચાલુ છે. મેં સાંભળ્યું છે કે, ભાજપના ૪ ધારાસભ્યો પણ ફિલ્મ જોવા ગયા ન હતા અને તેમાંથી કોઈએ ફિલ્મ જોતી વખતે ફોટો પોસ્ટ કર્યો ન હતો. એવું લાગે છે કે, ફિલ્મના નિર્માતાઓ ફિલ્મ જોવા બદલ વ્હીપ જારી કરવાનું ભૂલી ગયા હતા. આ તર્ક દ્વારા, આ સરકાર પડી ગઈ માનવામાં આવશે અને આ પહેલી સરકાર હશે જે ‘વિધાનસભા ગૃહ’માં નહીં પણ ‘સિનેમા ગૃહ’માં પડી ગઈ છે.



તેમણે આગાહી કરી હતી કે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં મતદારો યોગી સરકારને નકારી કાઢશે. ફિલ્મ વિવેચકો કહી રહ્યા છે કે, ફિલ્મની નિષ્ફળતા પાછળના કારણોની તપાસ કરવા માટે SITની રચના કરવાની જરૂર છે; ગમે તે હોય, એક કારણ એ છે કે, દર્શકો સાચી ભાવનાત્મક ફિલ્મો જોવા માંગે છે, પરંતુ આ ફિલ્મ સત્યથી અને માનવીય સંવેદનશીલતાથી માઈલો દૂર છે. હમણાં દર્શકોએ ફિલ્મને નકારી કાઢી છે; મતદારો ‘૨૦૨૭માં ફરીથી તેમને નકારી કાઢશે અને તેઓ તેમના ઘમંડથી મુક્ત થશે. ‘અજેય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી’એ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આધારિત જીવનચરિત્રાત્મક ફિલ્મ છે, જે શાંતનુ ગુપ્તા દ્વારા લખાયેલ જીવનચરિત્ર ‘ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર’ પરથી પ્રેરિત છે. રવિન્દ્ર ગૌતમ દ્વારા દિગ્દર્શિત અને ઋતુ મેંગી દ્વારા નિર્મિત આ ફિલ્મમાં અનંત જોશી મુખ્ય ભૂમિકામાં છે, તેની સાથે દિનેશ લાલ યાદવ, અજય મેંગી, પવન મલ્હોત્રા, રાજેશ ખટ્ટર, ગરિમા વિક્રાંત સિંહ અને સરવર આહુજા મુખ્ય ભૂમિકામાં છે. ગુરૂવારે દિલ્હીમાં એક ખાસ સ્ક્રીનિંગ યોજાયું હતું અને આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

# ટ્રકમાં સવાર બંદૂકધારીનો મિશિગન ચર્ચમાં ઘૂસીને ગોળીબાર ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત, આઠ ઘાયલ

## બંદૂકધારી ટ્રકમાં બે અમેરિકન ધ્વજ સાથે ચાર દરવાજાવાળા પિકઅપમાંથી બહાર નીકળ્યો અને ગોળીબાર શરૂ કર્યો, પોલીસે શકમંદને ગોળી મારીને ઠાર માર્યો

(એજન્સી) મિશિગન, તા.૨૯

મિશિગનમાં રવિવારની સેવા દરમિયાન સેંકડો લોકોની હાજરીમાં ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સ ચેપલના દરવાજા તોડીને પિકઅપ ટ્રકમાં સવાર એક બંદૂકધારીએ આડેધડ ગોળીબાર કર્યો અને ઈમારતને આગ લગાવી દીધી, જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા અને આઠ ઘાયલ થયા. પોલીસ વડા વિલિયમ રેનેયે પત્રકારોને જણાવ્યું હતું કે, પોલીસે શકમંદને ગોળી મારીને મારી નાખ્યો. બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ એન્ડ એક્સપ્લોઝિવ્સના જેમ્સ ડાયરે જણાવ્યું હતું કે, “આ હુમલો સવારે લગભગ ૧૦:૨૫ વાગ્યે થયો હતો. બંદૂકધારી ટ્રકમાં બે અમેરિકન ધ્વજ સાથે ચાર દરવાજાવાળા પિકઅપમાંથી બહાર નીકળ્યો અને ગોળીબાર શરૂ કર્યો. તેણે આગ શરૂ કરવા માટે ગેસનો ઉપયોગ કર્યો હોવાનું અને તેની પાસે વિસ્ફોટક ઉપકરણો પણ હતા, પરંતુ તે સ્પષ્ટ નથી કે તેણે તેનો ઉપયોગ કર્યો હતો કે નહીં.” બ્યુરોના ચાર્જમાં રહેલા ખાસ એજન્ટ રૂબેન કોલમેને જણાવ્યું હતું કે, “અધિકારીઓએ ગોળીબાર કરનારની ઓળખ નજીકના નાના શહેર બર્ટનના ૪૦ વર્ષીય થોમસ જેકબ સેનફોર્ડ તરીકે કરી છે. એફબીઆઈ તપાસનું નેતૃત્વ કરી રહી છે અને તેને ‘લક્ષિત હિંસાનું કૃત્ય’ ગણાવી રહી છે.” ૯૧૧ કોલનો જવાબ આપતા અધિકારીઓ ૩૦ સેકન્ડમાં ચર્ચમાં પહોંચી ગયા હતા અને લગભગ આઠ મિનિટ પછી ગોળીબાર કરનારને મારી નાખ્યો હોવાનું રેનેયે જણાવ્યું હતું. ચીફે કહ્યું કે, “શંકાસ્પદ વ્યક્તિ ચર્ચમાંથી બહાર નીકળ્યા પછી, બે અધિકારીઓ તેનો પીછો કર્યો અને ‘ગોળીબારમાં જોડાયા’’. રેનેયે જણાવ્યું હતું કે, હુમલા દરમિયાન ચર્ચની અંદરના લોકો ‘બાળકોને બચાવી રહ્યા હતા’ અને ‘તેમને સલામત સ્થળે ખસેડી રહ્યા હતા.’



આગ બુઝાય તે પહેલાં કલાકો સુધી મોટા ચર્ચમાંથી જ્વાળાઓ અને ધુમાડાના ગોળા નીકળતા જોઈ શકાયા હતા. રેનેયે જણાવ્યું હતું કે, અધિકારીઓએ કાટમાળની શોધખોળ કરતા બે પીડિતોના મૃતદેહ મળી આવ્યા હતા. તેમણે કહ્યું કે, અધિકારીઓ હજુ સુધી આખા ચર્ચમાં પહોંચી શક્યા નથી અને વધુ પીડિતો મળી શકે છે. રવિવારે સાંજે ઘાયલોમાંથી એકની હાલત ગંભીર હતી અને અન્ય સાત લોકો સ્થિર હતા. રેનયે કહ્યું કે, ‘કેટલાક’ લોકો ગુમ છે, પરંતુ તેમની પાસે ચોક્કસ સંખ્યા નહોતી. મિશિગન સ્ટેટ પોલીસ લેફ્ટનન્ટ કિમ વેટરે જણાવ્યું હતું કે, અધિકારીઓએ સેનફોર્ડને ગોળી મારીને મારી નાખ્યા પછી વિસ્તારના અન્ય ચર્ચોમાં બોમ્બની ધમકીઓ આપવામાં આવી હતી. કોઈ બોમ્બ મળ્યો નથી અને પોલીસ ધમકીઓની તપાસ કરી રહી છે.

### આ ઘટના પાછળનો હેતુ અસ્પષ્ટ

તપાસકર્તાઓ સેનફોર્ડના નિવાસસ્થાનની તપાસ કરી રહ્યા હતા પરંતુ અધિકારીઓએ તેમને શું મળ્યું તે જણાવ્યું ન હતું અથવા તેમના વિશે કોઈ વધારાની વિગતો આપી ન હતી, જેમાં તે મોર્મોન ચર્ચ તરીકે જાણીતા ધ ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સનો સભ્ય હતો કે નહીં તે પણ શામેલ નથી. મીડિયા દ્વારા મેળવેલા લશ્કરી રેકોર્ડ અનુસાર, સેનફોર્ડે જૂન ૨૦૦૪થી જૂન ૨૦૦૮ સુધી મરીનમાં સેવા આપી હતી, ઓટોમોટિવ મિકેનિક અને વાહન પુનઃપ્રાપ્તિ ઓપરેટર તરીકે કામ કર્યું હતું. તેમને ઓગસ્ટ ૨૦૦૭થી માર્ચ ૨૦૦૮ સુધી ઈરાકમાં તૈનાત કરવામાં આવ્યા હતા અને તેઓ સાર્જન્ટનો હોદ્દો ધરાવતા હતા. છેલ્લા ૨૦ વર્ષોમાં યુ.એસ.માં પ્રાર્થનાસ્થળો પર થયેલા અનેક ગોળીબાર હુમલાઓમાં આ તાજેતરનો હુમલો હતો, જેમાં ઓગસ્ટમાં મિનિયાપોલિસમાં ચર્ચ ઓફ ધ એન્યુનસિએશનમાં પ્રાર્થના દરમિયાન બે બાળકોના મોતનો પણ સમાવેશ થાય છે. યુ.એસ.માં ૨૪ કલાકથી ઓછા સમયમાં આ બીજો સામૂહિક ગોળીબાર હતો. શનિવારે રાત્રે, ઉત્તર કેરોલિનાના સાઉથપોર્ટમાં એક બોટમાં સવાર એક વ્યક્તિએ ભીડ પર ગોળીબાર કર્યો, જેમાં ત્રણ લોકો માર્યા ગયા અને પાંચ ઘાયલ થયા, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમને મિશિગન ગોળીબાર વિશે માહિતી આપવામાં આવી હતી અને તેમણે તેના પ્રતિભાવ માટે FBIની પ્રશંસા કરી હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, FBI ગ્રાન્ડ બ્લેન્ક ટાઉનશીપમાં ૧૦૦ એજન્ટો મોકલી રહ્યું છે, જે ફ્લિન્ટની બહાર આશરે ૪૦,૦૦૦ લોકોનો સમુદાય છે. ટ્રમ્પે લખ્યું કે, ‘પીડિતો અને તેમના પરિવારો માટે પ્રાર્થના કરો. આપણા દેશમાં હિંસાનો આ જુવાળ તાત્કાલિક સમાપ્ત થવો જોઈએ !’. પાર્કિંગ લોટ અને મોટા લૉનથી ઘેરાયેલું ચર્ચ બિલ્ડિંગ રહેણાંક વિસ્તારો અને યહોવાહના સાક્ષીઓના ચર્ચની નજીક છે. બ્રેડ સ્નીમેન, જેમનું ઘર ચર્ચથી લગભગ ૪૦૦ યાર્ડ (૩૬૫ મીટર) દૂર છે, તેમણે મીડિયાને જણાવ્યું હતું કે, તેમણે અને તેમની પુત્રીએ સવારે ૧૦:૩૦ વાગ્યે ‘ચારથી પાંચ ગોળીબારના બે રાઉન્ડ’ સાંભળ્યા હતા. ‘પછી, અમે ખરેખર થોડા સમય માટે કંઈ સાંભળ્યું નહીં’ અને પછી તેઓ શું ચાલી રહ્યું છે તે જોવા માટે તેમના ઘરની બહાર દોડી ગયા.

### ચુસ્ત ચર્ચ સમુદાય

૪૮ વર્ષીય ટિમોથી જોન્સે જણાવ્યું હતું કે, તેમનો પરિવાર બીજા ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સ મંડળનો ભાગ છે, અથવા વોર્ડ, જે લગભગ ૧૫ મિનિટ દૂર છે, પરંતુ તેમના બાળકો શનિવારે રાત્રે યુવા પાનખર ઉત્સવ માટે ગ્રાન્ડ બ્લેન્ક ટાઉનશીપ વોર્ડમાં હતા. તેમણે કહ્યું કે, તે અને તેમનો પરિવાર બે વર્ષ પહેલાં ફ્લિન્ટ ગયા હતા કારણ કે આ વિસ્તારમાં આ પંથનો સમુદાય ઘણો મજબૂત છે. તેમણે કહ્યું કે, રવિવારની સેવા દરમિયાન તેમના મંડળના લોકોને ટેક્સ્ટ અને ફોન કોલ્સ દ્વારા ગોળીબારની જાણ થતાં, તેમના વોર્ડને લોકડાઉન કરવામાં આવ્યો અને પોલીસ સાવચેતી તરીકે આવી, તેમણે કહ્યું. તેમના બાળકો ‘હાંફળા ફાંફળા થઈને, લોકોને ઠીક છે તે જણાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.’ જોન્સે કહ્યું કે, રવિવાર ‘શાંતિનો સમય, ચિંતન અને પૂજાનો સમય માનવામાં આવે છે.’ તેમણે ઉમેર્યું, “છતાં અન્ય પૂજાસ્થળોમાં હિંસાને પગલે, ગોળીબાર અનિવાર્ય લાગતો હતો, અને તેના કારણે વધુ દુઃખ થાય છે”. ઉટાહ સ્થિત ધર્મના સૌથી વૃદ્ધ પ્રમુખ રસેલ એમ. નેલ્સનનું ૧૦૧ વર્ષની વયે અવસાન થયાના બીજા દિવસે સવારે ગોળીબાર થયો હતો. ચર્ચ પ્રોટોકોલ મુજબ, આગામી પ્રમુખ ડેલિન એચ. ઓક્સ હોવાની અપેક્ષા છે. પ્રવક્તા ડગ એન્ડરસને જણાવ્યું હતું કે, તપાસ ચાલુ હોવાથી અને અમને અસરગ્રસ્તોની સ્થિતિ અંગે અપડેટ્સ મળી રહી હોવાથી ચર્ચ સ્થાનિક કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે સંપર્કમાં છે. ‘પૂજા સ્થાનો શાંતિ સ્થાપન, પ્રાર્થના અને જોડાણના મંદિરો બનવા માટે રચાયેલ છે. અમે સંડોવાયેલા બધા માટે શાંતિ અને સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ.’

### ગોળીબારની અસર સમગ્ર વિસ્તારમાં ફેલાઈ

ટીમસ્ટર્સ લોકલ ૩૩૨ના પ્રમુખ ડેન ગ્લાસે જણાવ્યું હતું કે, જ્યારે નજીકના હેનરી ફોર્ડ જેનેસિસ હોસ્પિટલની હડતાળ કરતી નર્સોએ ગોળીબાર વિશે સાંભળ્યું, ત્યારે કેટલાક લોકો ધરણાં છોડીને ચર્ચ તરફ દોડી ગયા અને પ્રથમ પ્રતિભાવ આપનારાઓને મદદ કરવા માટે દોડી ગયા. ગ્લાસે જણાવ્યું હતું કે, ‘માનવ જીવન આપણા મજૂર વિવાદ કરતાં વધુ મહત્વનું છે’. મિશિગનના ગવર્નર ગ્રેચેન વ્હિટમરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમનું હૃદય સમુદાય માટે તૂટી રહ્યું હતું. તેમણે કહ્યું, “કોઈપણ જગ્યાએ હિંસા, ખાસ કરીને પૂજા સ્થળમાં, અસ્વીકાર્ય છે,” આ અસર પડોશી સમુદાયોમાં ઝડપથી ફેલાઈ ગઈ, જેમાં ટાઉનશીપ સાથે નામ શેર કરતા નાના શહેરનો પણ સમાવેશ થાય છે. ગ્રાન્ડ બ્લેન્ક શહેરના મેયર જોન ક્રિસીએ કહ્યું કે, ‘જો કે અમે બે અલગ સરકારી એકમો છીએ, અમે ખૂબ જ સંકલિત સમુદાય છીએ’. ‘આ પ્રકારની વાત આપણા સમગ્ર સમુદાય માટે પીડાદાયક છે.’ ધ ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સથી લગભગ ૫ માઈલ (૮ કિલોમીટર) દૂર એક બિન-સાંપ્રદાયિક ખ્રિસ્તી ચર્ચ, ગ્રાન્ડ બ્લેન્કના ધ રિવર ચર્ચમાં રવિવારે સાંજે પ્રાર્થના સેવા માટે લગભગ ૧૦૦ લોકો એકઠા થયા હતા. ઘણાએ માથું નમાવ્યું, કેટલાક ધીમેથી રડ્યા. કેટલાકે મોટેથી પ્રાર્થના કરી, પીડિતો, પીડિતોના પરિવારો અને પ્રથમ પ્રતિભાવ આપનારાઓ માટે સાજા થવાની વિનંતી કરી. પ્રાર્થનામાં મંડળનું નેતૃત્વ કરતા પાદરી ચક લિન્ડસેએ કહ્યું કે, ‘આપણે એવા દિવસોમાં જીવીએ છીએ જે કઠોર અને મુશ્કેલીભર્યા છે, એવા દિવસોમાં જે કંટાળાજનક અને થકવી નાખે છે’. ‘અમે દુષ્ટતાથી થાકી ગયા છીએ, આ વસ્તુઓથી થાકી ગયા છીએ. પરંતુ પ્રભુ, તમે અમારા આશ્રય છો.’

# ‘RSS કો જવાહરલાલ નેહરૂ, ઈન્દિરા ગાંધી નહીં રૂક્વા શકે; આપકી હૈસિયત હી ક્યા હૈ’ : ગાઝિયાબાદમાં રહેણાંક સોસાયટીની અંદર RSSની શાખામાં અવરોધ ઊભો કરનાર સુરક્ષા ગાર્ડને સંઘના સભ્યએ સંભળાવ્યું, બાદમાં ગાર્ડે માફી માંગી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ગાઝિયાબાદના અજનારા સ્થિત રહેણાંક સોસાયટીના એક સુરક્ષા નિરીક્ષકે ભૂલથી RSSની ચાલી રહેલી શાખામાં વિક્ષેપ પાડ્યો અને તેને અટકાવી દીધી. સુરક્ષા ગાર્ડે આરોપ લગાવ્યો કે રહેણાંક સોસાયટીના પાર્કની અંદર શાખા થઈ રહી હતી, જે સોસાયટીના નિયમોનું ઉલ્લંઘન છે. તેમને વધુ પ્રદર્શન કરતા અટકાવવામાં આવ્યા બાદ ગુસ્સે ભરાયેલા સમુદાયના સભ્યો તેમની સાથે દલીલ કરતા જોવા મળ્યા. દર્શકો દ્વારા એક વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. બાદમાં, સુરક્ષા નિરીક્ષકે સોશિયલ મીડિયા પર વીડિયો દ્વારા માફી માંગી હતી. રવિવારે શરૂઆતમાં વાયરલ થયેલા વાયરલ વીડિયોમાં, ગાર્ડ ચોક્કસ શાખાના સભ્યો સાથે રહેણાંક સોસાયટીના પાર્કની અંદર પ્રદર્શન ન કરવા અંગે દલીલ કરતા જોઈ શકાય છે. જેમાં સભ્યો દલીલ કરતા સાંભળી શકાય છે કે તેઓ પાર્કની અંદર શાખા ચલાવવાથી દૂર રહેશે નહીં, ભલે ગમે તે હોય. દલીલો દરમિયાન, શાખાના એક વૃદ્ધ સભ્યને કહેતા સાંભળી શકાય છે, RSS કો જવાહરલાલ નેહરૂ, ઈન્દિરા ગાંધી નઈ રૂક્વા સકે. આપકી હૈસિયત હી ક્યા હૈ આ અંધાધૂંધ ભૂલ અને ઘટનાનો વીડિયો વાયરલ થયાના એક દિવસ પછી, સુરક્ષા સુપરવાઈઝરે RSSના સભ્યોના અપમાન બદલ માફી માંગી.



તેમણે કહ્યું કે તેમને RSS શાખા ચલાવવામાં આવી રહી છે તેની જાણ નહોતી, અને તેમને પાર્કમાં ચાલી રહેલી કેટલીક પ્રવૃત્તિઓ બંધ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો કે ચાલી રહેલી RSS શાખા બંધ કરવા માટે તેમને આ વાતની ગેરસમજણ થઈ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી વર્ષ નિમિત્તે એક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડશે. સૂત્રો અનુસાર, સ્ટેમ્પ અને સિક્કાનું વિમોચન ૧લી ઓક્ટોબર ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં થશે અને RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલે ભાગ લેશે.

# વક્ફ કાયદા અંગે સુપ્રીમ કોર્ટના વચગાળાના ચુકાદાથી સમુદાયમાં ચિંતા છે : એડવોકેટ ફુઝૈલ અયુબી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH) મુખ્યાલય ખાતે આયોજિત એક કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના એડવોકેટ-ઓન-રેકોર્ડ, ફુઝૈલ અયુબીએ વક્ફ (સુધારા) અધિનિયમ ૨૦૨૪ પર સુપ્રીમ કોર્ટના વચગાળાના ચુકાદાનું વિગતવાર વિશ્લેષણ કર્યું અને ચેતવણી આપી કે આ ચુકાદો કામચલાઉ હોવા છતાં દેશભરની વક્ફ મિલકતો પર તાત્કાલિક અને ગંભીર અસરો ધરાવે છે. તેમણે શ્રોતાઓને યાદ અપાવ્યું કે જ્યારે નિર્ણય વચગાળાનો છે, ત્યારે જે મેળવ્યું છે તે કામચલાઉ છે અને જે ગુમાવ્યું છે તે પણ કામચલાઉ છે, પરંતુ તેની અસરને ઓછી ન આંકવી જોઈએ. સુપ્રીમ કોર્ટે મે મહિનામાં ચુકાદો અનામત રાખ્યા પછી ૧૫ સપ્ટેમ્બરના રોજ પોતાનો આદેશ આપ્યો હતો, જ્યારે આ મામલાની બે દિવસ સુધી વિગતવાર સુનાવણી થઈ હતી. કાર્યવાહી દરમિયાન સરકારે કોર્ટને ખાતરી આપી હતી કે, કેસ તેના નિષ્કર્ષ પર ન આવે ત્યાં સુધી વક્ફ બોર્ડ અથવા કાઉન્સિલમાં કોઈ નવી નિમણૂકો કરવામાં આવશે નહીં અને વક્ફ મિલકતોના પાત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ ખાતરીઓ છતાં વચગાળાના આદેશમાં અનેક દિશાનિર્દેશો રજૂ કરવામાં આવ્યા હતા જે અયુબીના મતે મસ્જિદો, કબ્રસ્તાનો અને સદીઓ જૂની ધાર્મિક સંસ્થાઓને ગંભીર રીતે અસર કરી શકે છે. કોર્ટ સમક્ષ સૌથી સંવેદનશીલ પ્રશ્નોમાંનો એક વપરાશકર્તા દ્વારા વક્ફની વિભાવનાને નાબૂદ કરવાનો હતો, જે મિલકતોને વક્ફ તરીકે માન્યતા આપતો હતો જો તેનો ઉપયોગ પેઢીઓથી ધાર્મિક હેતુઓ માટે કરવામાં આવ્યો હોય, ઔપચારિક દસ્તાવેજો વિના પણ. કોર્ટે આ ખ્યાલને સંપૂર્ણપણે નકારી કાઢ્યો અને કહ્યું કે, તે ઈસ્લામિક કાયદાનો ભાગ નથી પરંતુ સમય જતાં વિકસિત ન્યાયિક રચના છે, જેનો ઉલ્લેખ બાબરી મસ્જિદ કેસમાં પણ કરવામાં આવ્યો છે. અયુબીએ ચિંતા વ્યક્ત કરી હતી કે, આ અર્થઘટન સદીઓ જૂની સમુદાય પ્રથાઓને અવગણે છે અને પરંપરા દ્વારા અસ્તિત્વમાં આવેલી સંસ્થાઓની સાતત્ય માટે ધમકી છે. આ ચુકાદાએ સુધારેલા કાયદા હેઠળ કલેક્ટર્સને આપવામાં આવેલી વ્યાપક સત્તાઓને પણ સમર્થન આપ્યું હતું, જેનાથી તેઓ તપાસ પૂર્ણ થાય તે પહેલાં જ મિલકતોને સરકારી માલિકીની જાહેર કરી શકે છે. અયુબીએ દલીલ કરી હતી કે, આ વ્યાપક સત્તાઓ અમલદારોના હાથમાં પ્રચંડ સત્તા આપે છે અને પવિત્ર દાન પર ‘કલેક્ટર રાજ’નું જોખમ છે, જે ધાર્મિક સંસ્થાઓ દ્વારા માણવામાં આવતી સ્વાયત્તતાને નબળી પાડે છે. તે જ સમયે કોર્ટે આ જોગવાઈઓના કેટલાક મનસ્વી તત્ત્વોને ફગાવી દીધા, પરંતુ રાજ્ય નિયંત્રણનું મુખ્ય માળખું અકબંધ રહ્યું છે. આ ચુકાદાનું એક મુખ્ય પરિણામ એ છે કે, છ મહિનાની અંદર બધી વક્ફ મિલકતો, જૂની અને નવી, ફરીથી નોંધણી કરવાની જરૂરિયાત છે. જે મિલકતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે તેમને વક્ફ તરીકે માન્યતા આપવામાં આવશે નહીં, જેનાથી તેમને કાનૂની રક્ષણ મળશે નહીં. અયુબીએ ચેતવણી આપી હતી કે, આ જોગવાઈ હજારો મસ્જિદો, કબ્રસ્તાનો અને ધાર્મિક સ્થળોને જોખમમાં મૂકી શકે છે, ખાસ કરીને જે સદીઓ જૂની છે અને જેમની પાસે ઔપચારિક દસ્તાવેજોનો અભાવ છે. તેમણે કહ્યું કે, આ બોજ સ્થાનિક મુતવલ્લીઓ અથવા ટ્રસ્ટીઓ પર પડશે, જેમાંથી ઘણા પાસે જટિલ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સાધન અથવા જાગૃતિ નહીં હોય, જેના કારણે સમુદાયના વારસાને નુકસાન થઈ શકે છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ હેઠળની



મિલકતો તેમજ અનુસૂચિત જનજાતિ વિસ્તારોમાં સ્થિત મિલકતોને વક્ફ તરીકે ગણવામાં આવતી નથી. કોર્ટે તર્ક આપ્યો કે આવા બાકાત રાખવાથી સ્મારકોનું રક્ષણ થાય છે અને આદિવાસી અધિકારોનું રક્ષણ થાય છે. જો કે, અયુબીએ ચેતવણી આપી હતી કે, આ સંપૂર્ણ ચુકાદો લક્ષદ્વીપ જેવા મુસ્લિમ બહુમતી ધરાવતા આદિવાસી પ્રદેશોની વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેતો નથી, જ્યાં મસ્જિદો અને અન્ય દાન સમુદાયના જીવનનો અભિન્ન ભાગ છે. વક્ફ બોર્ડ અને પરિષદોની રચના અંગે કોર્ટનો વલણ પણ એટલો જ વિવાદાસ્પદ હતો. ચુકાદામાં બિન-મુસ્લિમોનો સમાવેશ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, જેમાં કેન્દ્રીય વક્ફ કાઉન્સિલમાં ચાર અને રાજ્ય બોર્ડમાં ત્રણ સભ્યોની મર્યાદા હતી. જ્યારે સંખ્યા મર્યાદિત હતી, ત્યારે અયુબીએ કહ્યું કે, એક પણ બિન-મુસ્લિમ નિમણૂક બંધારણના અનુચ્છેદ ૨૫ અને ૨૬માં દખલ કરે છે, જે ધાર્મિક જૂથોને તેમના પોતાના કાર્યોનું સંચાલન કરવાનો અધિકાર આપે છે. તેવી જ રીતે વક્ફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારીઓના મુદ્દા પર, કોર્ટે સૂચવ્યું હતું કે, મુસ્લિમની નિમણૂક કરવી વધુ સારૂં રહેશે પરંતુ તેને કાનૂની જરૂરિયાત બનાવવામાં નિષ્ફળ રહ્યા. અયુબીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ઈસ્લામિક કાયદા અનુસાર શિયા અને સુન્ની દાનનું સંચાલન કરવાની સમુદાયની ક્ષમતાને નબળી પાડે છે. કોર્ટે વક્ફ કાયદાના દુરૂપયોગના ઉદાહરણો આપીને આમાંની ઘણી જોગવાઈઓને ન્યાયી ઠેરવી હતી અને નોંધ્યું હતું કે, ક્યારેક લેણદારોથી બચવા અથવા ગેરકાયદેસર વ્યવહારોને છૂપાવવા માટે દાનનો ઉપયોગ કરવામાં આવતો હતો. દુરૂપયોગ થાય છે તે સ્વીકારતા અયુબીએ દલીલ કરી હતી કે, વ્યક્તિગત કેસોને કારણે સમગ્ર સંસ્થાને દંડ કરવો અન્યાયી છે. દરેક દુરૂપયોગ માટે કાયદો છે પછી ભલે તે દહેજ કાયદા હોય કે અનુસૂચિત જાતિ અને જનજાતિનું રક્ષણ કરતા કાયદા હોય. તે મૂળભૂત અધિકારો છીનવી લેવાનું કારણ ન હોઈ શકે. તેમણે નોંધ્યું હતું કે, કોર્ટે એવા મંતવ્યો વ્યક્ત કર્યા છે જેને પાછળથી રદ કરી શકાય છે. આપણે મજબૂત દલીલો અને પૂર્વધારણાઓ સાથે જવાબ આપવો જોઈએ, તાત્કાલિક પડકાર એ છે કે, નવી આવશ્યકતાઓનું પાલન કરવું, ખાસ કરીને ફરજિયાત નોંધણી, જ્યારે સાથે-સાથે અંતિમ સુનાવણીની તૈયારી કરવી જોઈએ. આ ફક્ત એક મોટી કાનૂની લડાઈની શરૂઆત છે. વચગાળાની પ્રકૃતિ આપણને સમય આપે છે પણ શું જોખમમાં છે તે પણ સ્પષ્ટ કરે છે. આપણે સતર્ક રહેવું જોઈએ, તૈયાર રહેવું જોઈએ અને આપણે આ ચુકાદાને હળવાશથી ન લેવો જોઈએ.

# કેરળના બે વિદ્યાર્થીઓએ દિલ્હી પોલીસ પર કસ્ટોડિયલ ત્રાસ, જાતિગત દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો; SFI અને CPIMએ ન્યાયની માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

દિલ્હી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા કેરળના બે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ દિલ્હી પોલીસ પર કસ્ટોડિયલ ત્રાસ, શારીરિક હુમલો અને જાતિગત ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે, જેના કારણે વ્યાપક નિંદા થઈ રહી છે અને વિદ્યાર્થી અને રાજકીય જૂથો તરફથી જવાબદારી લેવાની માંગ કરવામાં આવી છે. ઝાકિર હુસૈન કોલેજમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો છે કે, ૨૪ સપ્ટેમ્બરની સાંજે લાલ કિલ્લા પાસે સ્થાનિકોના જૂથ સાથેના મુકાબલા બાદ પોલીસ અધિકારીઓ દ્વારા તેમની પર હુમલો અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. ઉત્તર દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસને સોંપવામાં આવેલી ઔપચારિક ફરિયાદમાં વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, તેમના પર ચોરીનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા તેમની સાથે ક્રૂર વર્તન કરવામાં આવ્યું હતું. તેમની ફરિયાદ મુજબ આ ઘટના સાંજે ૬:૩૦-૭:૦૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી જ્યારે એક વ્યક્તિએ તેમને એપલ વોચ અને ફોન વેચવાનો પ્રયાસ કર્યો હતો, જેને તેમણે નકારી કાઢ્યો હતો. થોડીવાર પછી તે વ્યક્તિ ૬-૭ લોકોના જૂથ સાથે પાછો ફર્યો અને વિદ્યાર્થીઓ પર ચોરીનો ખોટો આરોપ લગાવીને તેમને હેરાન કરવાનું શરૂ કર્યું. રવિરંગા તરીકે ઓળખાતા પોલીસ અધિકારીની મદદ માંગવા છતાં અધિકારીએ ટોળાનો સાથ આપ્યો. તે હુમલો કરનારાઓમાં જોડાયો, અમારો ફોન છીનવી લીધો અને સ્થાનિક વ્યક્તિને આપ્યો જેણે દાવો કર્યો કે તે તેમનો છે. જ્યારે વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા અને પોલીસ સ્ટેશન અને લાલ કિલ્લા પોલીસ બૂથ બંને પર માર મારવામાં આવ્યો ત્યારે પરિસ્થિતિ વધુ વણસી. તેઓએ સત્યપ્રકાશ અને રવિરંગાને શારીરિક હુમલો કરનારાઓમાં ઓળખી કાઢ્યા હતા. તેમના નિવેદનમાં વિદ્યાર્થીઓએ કહ્યું કે, જ્યારે તેઓ અંગ્રેજીમાં બોલવાનો પ્રયાસ કરતા હતા ત્યારે તેમની સાથે વારંવાર દુર્વ્યવહાર કરવામાં આવતો હતો અને માર મારવામાં આવતો હતો. અમે હિન્દી બોલી શકતા ન હોવાથી તેઓ વધુ ગુસ્સે થયા. તેઓએ અમારા શરીર પર, અમારા ચહેરા પર પણ લાત મારી. અમને ફાઈબરના લાઠીઓથી માર મારવામાં આવ્યો, થપ્પડ મારી અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો. એક વિદ્યાર્થીએ આરોપ લગાવ્યો કે, રક્ષણ માટે નજીકના પોલીસ સ્ટેશન દોડ્યા પછી પણ તેમના પર હુમલો કરવામાં આવ્યો. હું સમજાવી



શકું તે પહેલાં અધિકારીએ મને માર મારવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, લગભગ બે કલાકના કથિત ત્રાસ દરમિયાન તેમને કપડાં ઉતારવામાં આવ્યા હતા, બુટથી મારવામાં આવ્યા હતા અને લાઠીઓથી મારવામાં આવ્યો હતો. અગ્નિપરીક્ષા દરમિયાન ઘડિયાળ અને સેન્ડલ સહિતનો અંગત સામાન ચોરાઈ ગયો હોવાના અહેવાલ છે. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) દ્વારા હસ્તક્ષેપ કર્યા પછી જ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા, જેના કાર્યકરો પોલીસ બૂથ પર પહોંચ્યા હતા અને તેમની મુક્તિની માંગ કરી હતી. CPI(M)ના રાજ્યસભા સાંસદ જોન બ્રિટાસે આ ઘટનાની નિંદા કરતા કહ્યું હતું કે, વિદ્યાર્થીઓને ‘ખોટા આરોપો અને હિન્દી ન બોલવા બદલ’ નિશાન બનાવવામાં આવ્યા હતા. બ્રિટાસે કહ્યું કે, તેમણે દિલ્હી પોલીસ કમિશનરને તાત્કાલિક કાર્યવાહી માટે પત્ર લખ્યો છે. SFIએ DCP (ઉત્તર દિલ્હી), પોલીસ ફરિયાદ સત્તામંડળ અને માનવ અધિકાર આયોગને ઔપચારિક ફરિયાદો સબમિટ કરી છે, જેમાં સામેલ અધિકારીઓ માટે નિષ્પક્ષ તપાસ અને જવાબદારીની માંગ કરવામાં આવી છે. SFI દિલ્હી રાજ્ય પ્રમુખ સૂરજ એલામોને પીડિતોને સંપૂર્ણ કાનૂની સમર્થન આપવાની ખાતરી આપી અને ન્યાય માટે પ્રતિજ્ઞા લીધી હતી. વિદ્યાર્થીઓએ ઘટનાની સંપૂર્ણ તપાસ અને તેમની ફરિયાદમાં નામ આપવામાં આવેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની અપીલ કરી છે. આ કેસે દેશભરના માનવાધિકાર જૂથો અને વિદ્યાર્થી સંગઠનોનું ધ્યાન ખેંચ્યું છે અને દિલ્હી પોલીસ પાસે આરોપોની તપાસ કરવા અને તમામ વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝડપી પગલાં લેવાની માગણીઓ વધી રહી છે.

# લિંબાયતમાં બનેલી ઘટના બાદ લોકોમાં આક્રોશ રેલી કાઢી પીઆઈને આવેદનપત્ર અપાયું

## ચાઈલ્ડ હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ ચલાવનાર ટોળકીને ફાંસી આપો અને મીઠી ખાડી વિસ્તારમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓને બંધ કરાવોના સૂત્રોચ્ચાર સાથે રેલી નીકળી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨૯

શહેરના લિંબાયત વિસ્તારમાં રહેતા એક ગરીબ પરિવારની સગીર વયની પુત્રીને સ્થાનિક બે મહિલાઓ અને પુરૂષોની ટોળકી વેચવાની સાથો સાથ હિન્દુ યુવક સાથે તેના લગ્ન કરાવી દીધા હતા. આ રેકેટ સામે આવતા એક બાજુ લિંબાયત પોલીસ દોડતી થઈ ગઈ હતી અને તાત્કાલિક કાયર્વાહી કરી ટોળકીમાં શામેલ આરોપીઓ નુરી, વસીમ અને શોએબની ધરપકડ કરવામાં આવી અને આ રેકટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની તપાસ ચાલી રહી છે. બીજી બાજુ એક ગરીબ પરિવારની પુત્રી સાથે બનેલી સવેદનશીલ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં તેમજ અગ્રણીઓમાં આવા તત્વો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. દરમિયાન ગઈ કાલે સ્થાનિક રહીશો તેમજ અગ્રણીઓ દ્વારા રેલી કાઢી આવા તત્ત્વોને ફાંસીની સજા અપાવાની માંગ કરી પીઆઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સ્થાનિક અગ્રણીઓ ,મહિલાઓ અને પુરૂષો સહિત રહીશો દ્વારા ગઈકાલે સાંજે લિંબાયત વિસ્તારમાં આવેલ નુરાની મસ્જિદ પાસેથી લિંબાયત પોલીસ સ્ટેશન સુધી એક રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં બેનર લઈને "ચાઈલ્ડ હ્યુમન ટ્રાફિકિંગ રેકટ ચલાવનારાઓને ફાંસી આપો ,સગીર વયની પીડિતાને ન્યાય આપો, લિંબાયત, મીઠીખાડી વિસ્તારમાં ચાલતી અસામાજિક પ્રવુત્તિઓને કાયમી ધોરણે બંધ કરાવો. સહિતના સૂત્રોચ્ચાર લખવામાં આવ્યા હતા. શાંતિપૂર્ણ રીતે રહીશો અને અગ્રણીઓ રેલી લઈને પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને પીઆઈ એન.કે. કામળીયાને આવેદન પત્ર પાઠવીને ચાઈલ્ડ હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ ચલાવનાર ટોળકીએ વિસ્તારની અન્ય કેટલી દીકરીઓ સાથે આવું કૃત્ય કર્યું છે એ દિશામાં તપાસ, ચાઈલ્ડ હ્યુમન ટ્રાફિકિંગ રેંકેટ થકી અન્યાયનો ભોગ બનેલ સગીર વયની પીડિત દીકરીને સરકાર દ્વારા માનવતાના ધોરણે આર્થિક મદદ મળે, આવા રેકેટ ચલાવનારા કોઈ ઓર્ગેનાઈઝ ગેંગ, કટ્ટરવાદી સંગઠન સાથે જોડાયેલ હોવાની શક્યતા હોય આ બાબતને ગંભીરતાથી લઈ આ દિશામાં તલસ્પર્શી તપાસ થવી જોઈએ વિગેરે રજૂઆતો કરવામાં આવી હતી.

# ઉકાઈ ડેમમાંથી ૧.૭૦ લાખ ક્યુસેક પાણી છોડવાનું યથાવત્

## ઉપરવાસમાં વરસાદને પગલે ઉકાઈ ડેમમાં ૧.૯૦ લાખ ક્યુસેક પાણીની આવક

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨૯

સુરત શહેરમાં સતત બે દિવસથી વરસાદે પોતાની બેટિંગ યથાવત રાખી છે. બીજી તરફ ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે પણ ઉકાઈ ડેમમાં પાણીની આવક વધી છે. જેથી ઉકાઈ ડેમના સત્તાધિશો દ્વારા પણ ગઈકાલે ઈનફ્લો સામે આઉટફલો વધારે રાખી ડેમની સપાટી ૩૪૪ ફૂટની અંદર લઈ જવાઈ હતી. મોડીરાત્રે ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થયો હતો અને આજે સવારે ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને ૧.૯૦ લાખ ક્યુસેક પર પહોંચી ગઈ હતી. ઉકાઈ ડેમ આ વર્ષે પણ છલોછલ ભરાઈ ગયો છે. ઉપરવાસમાં પડી રહેલા વરસાદને કારણે ઉકાઈ ડેમમાં સતત પાણીની આવક થઈ રહી છે. જો કે, બે દિવસથી ઉકાઈ ડેમમાં પાણીની આવક ઘટી જતા ગઈકાલ સુધીમાં આઉટફલો ઘટાડીને માત્ર ૩૩ હજાર ક્યુસેક સુધી લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ફરીથી ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવક થવા પામી છે. જેથી ગઈકાલે વહેલી સવારથી જ ઉકાઈ ડેમના સત્તાધીશો દ્વારા સતત પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. ઉકાઈ ડેમના સત્તાધીશો દ્વારા સલામતીના ભાગરૂપે અને ડેમની સપાટી ૩૪૪ ફૂટ જાળવી રાખવા માટે ઉકાઈ ડેમમાંથી ગઈકાલે ૧.૭૦ લાખ પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. જો કે, આ દરમિયાન ફરીથી ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે ઉકાઈ ડેમમાં પાણી છોડવામાં આવ્યું છે. મોડીરાત્રે ફરીથી ઉકાઈ ડેમમાં પાણીની આવક વધી ગઈ હતી અને સવારે ૧૦ વાગે ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને ૧.૫૧ લાખ ક્યુસેક પર પહોંચી જવા પામી છે. તંત્ર દ્વારા હાલમાં પણ ઉકાઈ ડેમમાંથી ૧.૭૦ લાખ ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઉકાઈ ડેમમાં ગઈ કાલે છોડવામાં આવેલું પાણી આજે તાપી નદીમાં આવી જતા ફરીથી તાપી નદી બે કાંઠે જોવા મળી છે. જેના કારણે કોઝ્વે ની સપાટીમાં પણ વધારો થયો છે અને હાલમાં કોઝવે ૮.૫૨ મીટર પર પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા દિવસથી કોઝવે ઓવરફ્લો હોવાના કારણે વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યો છે.

# સુરતના કતારગામમાં હીરાના વેપારી સાથે રૂા.૪.૭૮ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨૯

શહેરના કતારગામ વિસ્તારમાં રહેતા અને હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની કતારગામ વિસ્તારમાં વસ્તા દેવડી રોડ ઉપર હીરાની ઓફિસ આવેલી છે. આઠ મહિના પહેલા તેમના ભાગીદાર મારફતે એક હીરા દલાલે અન્ય વેપારી સાથે મળી તેમની પેઢીમાંથી રૂપિયા ૪.૭૮ લાખના હીરાની ખરીદી કરી હતી. જો કે, બાદમાં તેઓએ એક પણ રૂપિયો નહીં ચૂકવી પૈસા આપવામાં ગલ્લાતલ્લા સમય પસાર કરી હાથ ઊંચા કરી લીધા હતા. જેથી આખરે ભોગ બનનાર વેપારીએ આ મામલે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને ઠગ બાજ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે મૂળ અમરેલીના વતની અને સુરતના કતારગામ વિસ્તારમાં રાશી સર્કલ પાસે આવેલ રાજાનંદ સોસાયટીમાં રહેતા દિનેશભાઈ રામજીભાઈ સોજીત્રા હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કતારગામ વિસ્તારમાં વસતા દેવડી રોડ પર જગદીશ એસ્ટેટમાં તેમની હીરાની ઓફિસ આવેલી છે. દિનેશભાઈ તથા નરેશભાઈ હિરાણી બંને ભાગીદારીમાં હીરાનો વેપાર કરે છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં દિનેશભાઈના ભાગીદાર નરેશભાઈ પાસે હીરા દલાલ મુકેશ પરવાળાવાળા સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ હીરા દલાલ મુકેશ મારફતે હીરાના વેપારી તરૂણભાઈ તુલસીભાઈ જાસોલીયા સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ તેઓએ તા.૨૭/૨/૨૦૨૫ના રોજ નરેશભાઈ પાસેથી રૂપિયા ૪.૭૮ લાખના હીરાની ખરીદી કરી હતી. આ પૈસા ટૂંક સમયમાં ચૂકવી આપવાનો વાયદો આપ્યા બાદ બંનેએ પૈસા આપવામાં ગલ્લાંતલ્લા કરી માત્ર સમય પસાર કર્યો હતો અને બાદમાં એક પણ રૂપિયો નહીં આપી જવાબ આપવાનો બંધ કરી દીધું હતું. જેથી આખરે નરેશભાઈ અને દિનેશભાઈએ ભેગા મળી મુકેશભાઈ તથા તરુણભાઈ પાસે પૈસાની માગણી કરતા તેઓએ યોગ્ય જવાબ આપ્યો ન હતો અને બાદમાં દિનેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ તથા તેઓએ આ મામલે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને ઠગબાજો સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છેજ

# આરોગ્ય વિભાગ દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં 'વિશ્વ હૃદય દિવસ'ની ઉજવણી




(સંવાદદાતા દ્વારા)
પ્રભાસ પાટણ, તા.૨૯

દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરના રોજ વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે આપણું હૃદય આપણા જીવનમાં સૌથી મહત્વપૂર્ણ અંગ છે. ગીર સોમનાથ જિલ્લામાં પણ આરોગ્ય વિભાગ દ્વારા 'વિશ્વ હૃદય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીનો હેતુ કાર્ડિયોવેસ્ક્યુલર રોગો અને આ રોગો સામે કઈ રીતે બચી શકાય તેમજ હૃદયને લગતા રોગોની અસરના નિવારણની જાહેર જાગૃતિ વધારવાનો છે. મેડિકલ ઓફિસર ડોક્ટર ખૂશ્બુ સહિતના ડોક્ટર્સ દ્વારા આરોગ્ય તપાસ કરી અને લોકોને વિશ્વ હૃદય દિવસ અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. નિયમિત આરોગ્ય તપાસ થકી હૃદયરોગ પ્રત્યે જાગૃત રહેવાની અને અન્ય લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા આપવાની અપીલ કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં વીજળીના કડાકા-ભડાકા સાથે સાર્વત્રિક એકથી ત્રણ ઈંચ વરસાદ

## વરસાદ સાથે પવન પણ ફૂંકાતા વારંવાર વીજળી ગુલ થવા પામી હતી

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨૯

સમગ્ર રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે ત્યારે આજે આ આગાહીને અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ વીજળીના કડાકા ભડાકા સાથે રાત્રીના વરસાદ શરૂ થયો હતો જેમાં અમરેલી, બગસરા, બાબરામાં ૩ ઈંચ વરસાદ ખાબકી પડ્યો હતો જ્યારે ધારીમાં અઢી ઈંચ સાવરકુંડલા અને રાજુલામાં ખાંભા રાજુલા વડીયામાં ૨ ઈંચ વરસાદ પડ્યો હતો સમગ્ર જિલ્લામાં એકથી ૩ ઈંચ વરસાદથી ઉકળાટભર્યા વાતાવરણ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જિલ્લામાં વરસાદની શરૂઆત સાથે લાઈટો પણ ગુલ થવા પામી હતી કારણ કે વરસાદ શરૂ થયો તેની સાથે જ પવનની ગતિ પણ તેજ હતી જેના કારણે વારંવાર વીજળી ચાલી જવા પામી હતી.

હવામાન વિભાગની આગાહીને પગલે સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી આપવામાં આવેલી હોય જેના અનુસંધાને આજે અમરેલી સહિત જિલ્લાભરમાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો રાત્રિના વીજળીના કડાકા ભડાકા સાથે સમગ્ર જિલ્લામાં ધોધમાર વરસાદ ખાબકી પડ્યો હતો. ત્યારે આજે સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડતા ઠંડકનું વાતાવરણ ફેલાયું હતું.



(તસવીર : માજીદખાન, અમરેલી)

### જિલ્લાના જળાશયોમાં પાણીની આવક થઈ

અમરેલી જિલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે ગઈકાલ મોડી સાંજથી વરસાદ શરૂ થયો હતો અને આખી રાત્રી દરમિયાન સમગ્ર જિલ્લામાં એકથી ત્રણ ઈંચ વરસાદ પડવાથી ધારીનો ખોડીયાર ડેમ પૂર્ણ સપાટી પર પહોંચતા ડેમના ત્રણ દરવાજા બે બે ફૂટ ખોલવામાં આવ્યા હતા જ્યારે સાવરકુંડલાનો સેલ દેદુમલ ડેમમાં પણ ૭૦ ટકાથી વધુ પાણીની આવક થતા ગમે તે ઘડીએ દરવાજા ખોલવાની તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી હતી ગઈકાલ રાત્રિના વરસાદને લઈને જિલ્લાની અનેક નદીઓમાં પૂર આવ્યા હતા. શેત્રુંજી નદીમાં પુર આવતા લોકો પૂર જોવા ઉમટી પડ્યા હતા.

# સતત બીજા દિવસે સુરત શહેર-જિલ્લામાં વરસાદી માહોલ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ વચ્ચે ખેલૈયાઓ અને ગરબાનાં આયોજકોમાં ચિંતાનું મોજું પ્રસરી વળ્યું છે. ગઈકાલે સવારથી શરૂ થયેલા શ્રીકાર વરસાદને પગલે શહેરમાં મોટા ભાગનાં ગરબાનાં આયોજકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જવાની સ્થિતિને પગલે ગરબાનાં કાર્યક્રમો પણ બંધ રાખવાની ફરજ પડી હતી. ત્યારે આજે પણ સવારથી શહેરનાં અલગ-અલગ વિસ્તારમાં હળવાથી ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર પણ દોડતું નજરે પડ્યું હતું. આજે કાળા ડિબાંગ વાદળોની હાજરી વચ્ચે છુટાછવાયા વરસાદને પગલે વાતારણમાં પણ ઠંડક પ્રસરી જવા પામી હતી. બીજી તરફ ઉકાઈ ડેમમાં સતત પાણીની આવકને પગલે ડેમનાં સત્તાધીશો દ્વારા સુરત કલેક્ટર સહિત મ્યુનિસિપલ કમિશનરને પણ પત્ર લખીને હરસંભવ સ્થિતિને પહોંચી વળવા માટે તાકિદ કરવામાં આવી છે. રવિવારે સવારથી જ શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ સર્જાતાં ખૈલેયાઓમાં ભારે નિરાશા પ્રસરી જવા પામી હતી. આજે પણ રાજયનાં કચ્છ, જામનગર, રાજકોટ અને અમરેલી સહિત ગીર સોમનાથ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સવારથી જ શહેરમાં પણ છુટાછવાયા વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદને પગલે ઠેક-ઠેકાણે કાદવ કિચ્ચડનું સામ્રાજ્ય નજરે પડ્યું હતું. ખાસ કરીને ખુલ્લા પ્લોટ્સ પર ગરબાનાં આયોજકોની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

# ભાવનગર શેત્રુંજી ડેમ સાતમી વખત અને બોરતળાવ બીજી વાર ઓવરફ્લો

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨૯

પાલિતાણાનો શેત્રુંજી ડેમ આ સીઝનમાં સતત સાતમી વખત ઓવરફ્લો થયો છે. ગત રાત્રે ૧૧ વાગ્યે શેત્રુંજી ડેમના ૨૦ દરવાજા એક ફુટ ખોલવા પડ્યા હતાં. જ્યારે પાણીની આવક વધતા સવારે ૩ વાગ્યે તમામ ૫૯ દરવાજા ખોલી નખાયા હતાં. જ્યારે ભાવનગરનું બોરતળાવ પણ આ સીઝનમાં બીજીવાર ઓવરફ્લો થયું છે. હાલ શેત્રુંજી ડેમ અને બોરતળાવમાંથી ઓવરફ્લો થઈને પાણી વહી રહ્યું છે. શેત્રુંજી ડેમ ઓવરફ્લો થવાના કારણે તંત્ર દ્વારા પાલીતાણા તાલુકાના ૫ ગામો જેમાં નાની રાજસ્થળી, લાપડીયા, લાખાવાડ, માયધાર અને મેઢા ગામને ખાસ એલર્ટ કરવામાં આવ્યા છે. આ સાથે જ તળાજા તાલુકાના ૧૨ ગામો જેમાં ભેગાડી, દાત્રળ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવવા, તરસરા અને સરતાનપર સહિતના ગામોને પણ સાવચેત રહેવા સૂચનાઓ આપવામાં આવી છે.

# ઉત્રાણમાં નરાધમ સ્કૂલવાન ચાલકે કિશોરી સાથે શારીરિક અડપલાં કર્યાં

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨૯

શહેરના મોટા વરાછા વિસ્તારમાં રહેતી પરણીતાની દીકરી સ્કૂલમાં અને ટ્યુશન ક્લાસમાં અભ્યાસ માટે જતી હતી. તેમને લેવા મૂકવા માટે વાન ભાડે રાખવામાં આવી હતી. છેલ્લા એક વર્ષથી દીકરીને સ્કૂલે લેવા તથા મૂકવા માટે જતા વાનના ચાલકે કિશોરી પર દાનત બગાડી હતી અને તેની સાથે શારીરિક અડપલા કરી છેડતી કરી હતી. બનાવની વિગત એવી છે કે અમરેલી જિલ્લાના વતની અને સુરતના ઉતરાણ વિસ્તારમાં રહેતા પરિવારની ૧૬ વર્ષની દીકરી સ્કૂલમાં અભ્યાસ માટે જતી હતી. દીકરીને સ્કૂલેથી લાવવા તથા લઈ જવા માટે પરિવારજનોએ એક સ્કૂલવાન ભાડે કરાવી આપી હતી. જે સ્કૂલવાન ધર્મેન્દ્ર પટેલ નામનો વ્યક્તિ ચલાવતો હતો. છેલ્લા એક વર્ષથી ધર્મેન્દ્ર પટેલ દરરોજ દીકરીને ઘરે લેવા માટે અને મૂકવા માટે આવતો હતો. આ સમયગાળા દરમિયાન ધર્મેન્દ્ર એ કિશોરી પર દાનત બગાડી હતી અને ગત તા.૨૮/૯/૨૦૨૫ના રોજ ધર્મેન્દ્રએ કિશોરીને ટ્યુશન ક્લાસ પરથી ઘરે પરત મૂકવા આવતો હતો ત્યારે કિશોરીની મરજી વિરૂદ્ધ શારીરિક અડપલા કર્યા હતા. જેથી આખરે ભોગ બનનાર કિશોરીએ ઘરે આવી સઘળી હકીકત માતાને જણાવી હતી. બનાવને પગલે કિશોરીની માતાએ પતિને આ બાબતે જાણ કર્યા બાદ તેઓએ ઉતરાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધર્મેન્દ્ર પટેલ સામે છેડતીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉતરાણ પોલીસે મોડી રાત્રે ધર્મેન્દ્ર પટેલને ઝડપી પાડી તેની ધરપકડ કરી છે.

# પ્રભાસ પાટણ ખાતે આવેલી ધાર્મિક દબાણ દૂર કરાયેલી જમીન પર પ્રવેશ પ્રતિબંધ

(સંવાદદાતા દ્વારા)
પ્રભાસ પાટણ, તા.૨૯

ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણમાં આવેલ સરકાર સદરેની સ.નં.૧૮૫૧ અને સ.નં.૧૮૫૨ વાળી જમીન પરના ધાર્મિક દબાણ દૂર કરવામાં આવ્યાં છે.

આ જમીન પર અન્ય વ્યકિતઓના પ્રવેશ કે દબાણ કરવાથી લોકો વચ્ચે ઘર્ષણ, કોમી હિંસા, રમખાણો તથા તોફાનો થવાની સંભાવના જણાય છે. જેથી જાહેર સુલેહ શાંતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા અગમચેતીના પગલા લેવાના ભાગરૂપે અન્ય કોઈ ઈસમ/સંસ્થા/કંપનીના પ્રવેશબંધી અંગેનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટ એન.વી.ઉપાધ્યાય દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા અનુસાર વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણના શ્રી સરકાર સદરે આવેલ સ.નં.૧૮૫૧ અને ૧૮૫૨ વાળી જમીન/મિલકત પર કોઈ પણ ઈસમ/સંસ્થા/કંપનીએ પ્રવેશ કે દબાણ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર ઠરશે. આ જાહેરનામું તા. ૦૧/૧૦/૨૦૨૫થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

# સુરત : સાડી પ્રિન્ટિંગના કારખાનામાં આગ લાગતાં અફરાતફરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

શહેરના બમરોલી રોડ કોમલ સર્કલની બાજુમાં આવેલ સાડી પ્રિન્ટિંગના કારખાનામાં ગત રાત્રે આગ લાગી ગઈ હતી. આગની ઘટનાને પગલે કારખાનાની અંદર કામ કરી રહેલા કારીગરો અને સ્થળ ઉપર હાજર લોકોમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. જો કે, આગની આ ઘટના અંગે જાણ કરવામાં આવતા અલગ-અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બમરોલી રોડ ખાતે આવેલ કોમલ સર્કલની બાજુમાં શ્રીકૃષ્ણ નામનું સાડી પ્રિન્ટિંગનું કારખાનું આવેલું છે.દરમિયાન ગઈકાલે રાત્રે અહીં રાબેતા મુજબ કારીગરો અંદર કામ કરી રહેલા હતા. દરમિયાન અચાનક ફ્યુઝન સાડી પ્રિન્ટિંગ મશીનમાં આગ લાગી ગઈ હતી. મશીનમાં આગ લાગતા જ ધીરે ધીરે કારખાનામાં આગ પ્રસરવા લાગી હતી અને ધુમાડો પણ વધારે પ્રમાણમાં ફેલાવવા લાગ્યો હતો. ઘટનાને પગલે અંદર કામ કરી રહેલા કર્મચારીઓમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો. જો કે, તેઓ સમયસર પોતાનો જીવ બચાવી બહાર નીકળી ગયા હતા. બીજી તરફ આ ઘટના અંગે જાણ કરવામાં આવતા મજુરા અને ઉધના ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગ પર કાબુ મેળવવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. કારખાનાની અંદર હવા બહાર નીકળવા માટે એટલે કે એક્ઝોસ્ટ જેવી વ્યવસ્થાનો અભાવ હોવાને કારણે ધુમાડો વધારે પ્રમાણમાં અંદર ફેલાઈ ગયો હતો. ધુમાડાને બહાર નીકળવા માટે જગ્યા ન હોવાના કારણે અંદર જ પ્રસરવા લાગ્યો હતો. એટલું જ નહીં કારખાનાની અંદર વાયરીંગો પણ આમતેમ લટકી રહી હતી. અંદર ધુમાડો વધારે હોવાના કારણે ફાયર બ્રિગેડના જવાનોને પણ આગને કંટ્રોલ કરવા માટે અંદર જવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જો કે, બે જવાનોને ઓક્સિજન માસ્ક પહેરાવીને અંદર મોકલવામાં આવ્યા હતા અને તેઓએ ભારે જહેમત ઉઠાવીને પાણીનો સતત મારો ચલાવી આગને કંટ્રોલ કરી હતી.

# જામનગર : દરબારગઢ સર્કલનું નવીનીકરણ કરવા મ્યુ. કમિશનરને લેખિત રજૂઆત

જામનગર,તા.૨૯

જામનગરમાં આવેલા દરબારગઢ સર્કલમાં ગાર્ડન બનાવી, પાણીના ફૂવારા નાખી તેમજ રિનોવેટ કરવા બાબતે જામનગર મનપાના કમિશનરને કાઉન્સિલરો દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે. લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર, હાલ દરબારગઢના ત્રણ નાકાનું રિનોવેશન કરીને કલરકામ કરીને લાઈટ નાખીને તેમજ ગંદકી દૂર કરેલ જેના લીધે સ્થાનિક લોકોમાં ખુબ જ ખુશીનો માહોલ છે. જામનગરમાં દરબાગઢ સર્કલ જેવો ખુબ જ સુંદર સર્કલ છે. તેમાં ઘણા સમયથી સ્ક્રેપ ભંગાર બંધ વાહનો પડેલા હોય છે અને ઝાડી ઝાખરા વધી ગયેલ છે. તેમજ નકામી ચીજવસ્તુઓ લોકો નાખી જતા હોય છે. જેના લીધે સર્કલની અંદર ગંદકી થતી હોય છે માટે આ સર્કલ પડતર રહેવાને બદલે જામનગર શહેરમાં જેમ કે તળાવની પાળ, સાત રસ્તા સર્કલ, ડી.કે.વી. સર્કલ, ટાઉનહોલ સર્કલ, ચાંદી બજાર સર્કલ આવેલા છે તેવી જ રીતે આ દરબારગઢ સર્કલમાં પણ ફૂલઝાડ વાવી અને પાણીના ફૂવારા નાખી વ્યવસ્થિત રીતે આ દરબારગઢ સર્કલ રિનોવેટ કરવામાં આવે તો ત્યાંના સ્થાનિક



લોકોને પણ મનોરંજન માટે દૂર જવું ન પડે તેમજ આ લાખોટા લેકની જેમ દરબારગઢ નાકું પણ શહેરની આન, બાન અને શાન તરીકે વર્ષોથી ફેમસ હોય માટે શહેરની શોભા વધારવા માટે આ દરબારગઢ સર્કલને પણ રિનોવેટ કરીને અંદર ફૂલઝાડ વાવી ગાર્ડન બનાવી આપવામાં આવે તેમજ અંદર પાણીના ફૂવારા નાખી આપવામાં આવે અને વ્યવસ્થિત રીતે રિનોવેટ કરીને શણગારવામાં આવે તેવી સ્થાનિક લોકોની તથા સાથે અમારી પણ માંગણી છે માટે ઉપરોક્ત રજૂઆત ધ્યાને લઈને તાત્કાલિક ધોરણે ઘટતી કાર્યવાહી કરવા યોગ્ય કરશો. અમારા દ્વારા આ બાબતે લેખિત, મૌખિક અને સામાન્ય સભામાં પણ રજૂઆત કરેલ છે. તેમ છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવેલ નથી અને ત્યાં બધા સમાજના તહેવારો ઉજવાતા હોય માટે આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહી આવે તો નાછુટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેમ લેખિત રજૂઆતમાં પૂર્વ વિરોધ પક્ષના નેતા અસલમભાઈ ખીલજી (કોર્પોરેટર), કોર્પોરેટર વકીલ જેનબબેન ખફી અને કોર્પોરેટર ફેમીદાબેન આર. જુણેજાએ જણાવ્યું છે.

# એમડી ડ્રગ્સ કેસમાં ભાગેડુ આરોપીને પકડી પાડતી એસઓજી પોલીસ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા મેફેડ્રોન ડ્રગ્સના એક કેસમાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પોલીસે મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્ર ખાતે ઓપરેશન પાર પાડીને આરોપી મહેશ જીવરાજભાઈ વાઘાણીને ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા પકડાયેલા આરોપી મહેશ વાઘાણીની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ખુલાસો કર્યો હતો કે, તે એક ડ્રગ્સ કેસમાં વોન્ટેડ હતો, જેના કારણે તે પોલીસ પકડથી બચવા નાસતો ફરતો હતો. આ ગુનાની વિગતો આપતા તેણે જણાવ્યું કે, ગત ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પોલીસ દ્વારા ઉધના રોડ નંબર-૦, વંદે માતરમ પાણીની પરબ પાસેથી બે આરોપી જયદીપ ઉર્ફે જેડી તથા જીગર સાવલીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી પોલીસે કુલ ૨૭.૧૧૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો. મહેશભાઈ વાઘાણીને આ ગુનામાં વોન્ટેડ દર્શાવવામાં આવ્યો હોવાથી તે પોલીસથી છૂપાતો ફરતો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજય ઓપરેશન પાર પાડીને આરોપી મહેશ વાઘાણીની ધરપકડ કરી છે. તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીને હવે આગળની વિસ્તૃત તપાસ માટે ઉધના પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. ઉધના પોલીસ દ્વારા હવે મહેશ વાઘાણીની સઘન પૂછપરછ કરવામાં આવશે, જેમાં મેફેડ્રોન ડ્રગ્સના સ્ત્રોત, સુરત શહેરમાં તેનું વિતરણ નેટવર્ક અને આ ગુનામાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે.

## અવસાન નોંધ

### પાલીતાણા

મર્હૂમ સલેમાનભાઈ ઉમરભાઈ ડેરૈયાના દીકરા ઈસુબભાઈ ડેરૈયાની પત્ની જુબેદાબેન (ઉ.વ. ૭૧)નું સોમવારના રોજ ઈન્તકાલ થયેલ છે. મર્હૂમની ઝિયારત પુરૂષો માટે મસ્જિદે નુરેનબી પરિમલ સોસાયટી પાલીતાણા ખાતે તથા મહિલાઓ માટે અલ-મદીના બાગ પરિમલ સોસાયટી પાલીતાણા ખાતે તા.૧/૧૦/૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૯:૩૦ કલાકે રાખેલ છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ શેખ મોહમદ જુનેદ શબ્બીરહુસૈન હતુ જે બદલીને નવું નામ **શેખ મોહંમદજુનેદ શબ્બીરહુસેન** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ડી-લ્પર, નારિયેલ બજાર, ખીમલીવાડ મસ્જીદ પાછળ, ભરૂચ-૩૯૨૦૦૧.

# ફાગવેલ તાલુકાનું વડું મથક ફાગવેલ જ રાખવાની માંગ સાથે ગ્રામજનોએ હાઈવે ચક્કાજામ કર્યો

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૯

ગુજરાતમાં નવા તાલુકાની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી છે ખેડા જિલ્લામાં નવરચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઈ વિવાદ ઉભો થયો છે રાજ્ય સરકાર દ્વારા નવરચિત ફાગવેલ તાલુકાનુ સૂચિત વડુમથક ફાગવેલ ના બદલે ચીખલોડ (કાપડીવાવ) જાહેર કરતા રોષે ભરાયેલ નવરચિત તાલુકાના સૌથી મોટા ગામ ફાગવેલના ગ્રામજનોએ આજે ગામ નજીકથી પસાર થતાં અમદાવાદ ઈન્દોર હાઈવે રોડને ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. સરકાર દ્વારા થોડા દિવસ પહેલા રાજયમાં નવા ૧૭ તાલુકાની રચના કરવાનું જાહેર કરવામાં આવ્યું છે જેમાં ખેડા જિલ્લામાં કઠલાલ અને કપડવંજ તાલુકામાંથી નવા ફાગવેલ તાલુકાની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે સાથે સરકાર દ્વારા નવ રચિત ફાગવેલ તાલુકાના વડા મથક તરીકે સુચિત ચીખલોડ (કાપડીવાવ)ની જાહેરાત કરવામાં આવી છે જેના પગલે નવું રચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઈ સૌથી મોટા એવા ફાગવેલ ગામના ગ્રામજનોમાં ભારે રોષ ઉભો થયો છે અને ગ્રામજનો દ્વારા નવરચિત તાલુકાના સૌથી મોટા એવા ફાગવેલ ગામને વડુમથક બનાવવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે. દરમિયાન નવરચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઈ ઊભા થયેલ વિવાદના પગલે રોષે ભરાયેલ ફાગવેલ ગ્રામના ગ્રામજનોએ આજે ગામ નજીકથી પસાર થતા અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ ને ચક્કા જામ કરી સરકારના નિર્ણયનો વિરોધ કર્યો હતો. અમદાવાદ ઈન્દોર હાઈવે બંધ કરાતા રસ્તો બંધ થઈ ગયો હતો. અને વહીવટી તંત્ર દોડતુ થઈ ગયુ હતુ. તાલુકાનું મુખ્ય મથક ચિખલોડ ખાતે રાખવાની જાહેરાત કરતાની સાથે જ સ્થાનિક ક્ષત્રિય આગેવાનોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. વિસ્તારના લોકો એવું કહે છે કે તાલુકાનું નામ ફાગવેલ રખાયુ છે. તો પછી તાલુકાનું મુખ્ય મથક પણ ફાગવેલ ખાતે જ રાખવામાં આવે એવી અમારી માગણી છે. આ બાબતે રજૂઆત પણ કરવામાં આવી હતી. તેમછતાં પણ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.



## ચક્કાજામને લઈને રસ્તામાં અટવાયેલી બસમાં નવજાત શિશુની તબિયત લથડી

બાલાસિનોરથી કપડવંજ બસમાં એક માતા નવજાત શિશુને મેડિકલ સારવાર માટે લઈને જઈ રહી હતી તે સમયે બસ ફાગવેલ મુકામે પહોચતા રસ્તા ઉપર ઉતરી આવેલ ભીડમાં બસ સ્થગિત કરવાની ડ્રાઈવરની ફરજ થઈ પડી હતી જ્યારે સારવાર માટે નીકળેલ માતા સાથેના નવજાત શિશુને સમસ્યા હોય માતા આકુળ વ્યાકુળ બનતા પરિસ્થિતિને સમજી બસ કન્ડેક્ટરે ૧૦૮માં ફોન કરી સ્થળ ઉપર એમ્બ્યુલન્સ બોલાવવાની ફરજ પડી અને એમ્બ્યુલન્સ આવતા નવજાત શિશુ અને તેની માતાને સારવાર માટે કપડવંજ રવાના કરેલ આમ કંડકટરે સમજ અને સમય સૂચકતા વાપરી પ્રવાસી માતા બાળકને મદદ રૂપ બનતા બસ પેસેન્જર સ્ટાફના અધિકારી અને મિત્રો સહિત સૌ કોઈ એ બિરદાવ્યું હતું.

# પાટણ અને સિદ્ધપુર નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે બેઠકોની વારાફરતી ફાળવણીનો ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે આદેશ બહાર પાડ્યો

(સંવાદદાતા દ્વારા)
પાટણ, તા.૨૯

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે પાટણ અને સિદ્ધપુર નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણીનો આદેશ બહાર પાડ્યો છે. આ આદેશ મુજબ, પાટણ નગરપાલિકા માટે કુલ ૪૪ અને સિદ્ધપુર નગરપાલિકા માટે ૩૬ બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદાના સુધારા અનુસાર, પછાતવર્ગ માટે ૨૭ ટકા સુધીનું અનામત લાગુ કરાયું છે. આયોગે આ આદેશની નકલો બહોળી પ્રસિદ્ધિ અને સમયસર અમલ માટે પાટણ જિલ્લાના જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, કલેક્ટર તેમજ પાટણ અને સિદ્ધપુર નગરપાલિકાના ચીફ ઓફિસરને મોકલી આપી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના જાહેરનામાથી પાટણ નગરપાલિકા માટે કુલ ૧૧ વોર્ડ અને ૪૪ બેઠકો નિર્ધારિત કરાઈ છે. સને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ, પાટણ નગરપાલિકાની કુલ વસતિ ૧,૪૫,૫૬૬ છે. આ ૪૪ બેઠકો પૈકી કુલ ૩૧ બેઠકો અનામત રાખવામાં આવી છે, જેમાં ૨૨ બેઠકો કુલ સ્ત્રી અનામત તરીકે નિર્ધારિત છે. અનુસૂચિત જાતિ માટે ૪ બેઠકો અનામત છે, જે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિની સ્ત્રીઓ માટે છે. અનુસૂચિત આદિજાતિ માટે ૧ બેઠક અનામત છે અને પછાતવર્ગ માટે ૧૨ બેઠકો અનામત રાખવામાં આવી છે, જે પૈકી ૬ બેઠકો પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત છે. કુલ અનામત બેઠકોની સામે ૩૦ બેઠકો સામાન્ય (બિનઅનામત) રાખવામાં આવી છે.

તેવી જ રીતે, સિદ્ધપુર નગરપાલિકા માટે પણ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના જાહેરનામાથી કુલ ૯ વોર્ડ અને ૩૬ બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે. સને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ, સિદ્ધપુર નગરપાલિકાની કુલ વસતિ ૫૭,૭૮૪ છે. સિદ્ધપુર નગરપાલિકામાં કુલ ૩૬ બેઠકો પૈકી ૨૬ બેઠકો અનામત રાખવામાં આવી છે, જેમાં કુલ ૧૮ બેઠકો સ્ત્રી અનામત તરીકે નિર્ધારિત કરાઈ છે. અનુસૂચિત જાતિ માટે ૩ બેઠકો અનામત છે, જે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત છે. અનુસૂચિત આદિજાતિ માટે ૧ બેઠક અનામત છે. પછાતવર્ગ માટે ૧૦ બેઠકો અનામત રાખવામાં આવી છે, જે પૈકી ૫ બેઠકો પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત છે. કુલ અનામત બેઠકોની સામે ૧૦ બેઠકો સામાન્ય (બિનઅનામત) તરીકે નિર્ધારિત કરવામાં આવી છે.

આ સમગ્ર આદેશ ભારતના બંધારણના અનુચ્છેદ 243-K અને 243-ZAની જોગવાઈઓના આધારે રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી ચૂંટણી સંચાલનની કામગીરીના ભાગરૂપે કરવામાં આવ્યો છે. આદેશમાં ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No 17 of 2023)ની જોગવાઈને ધ્યાનમાં લેવાઈ છે, જેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરીને ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા સ્ત્રીઓની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી દર પાંચ વર્ષે કરવાની જોગવાઈને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. અંતે, આ આદેશ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬ અને ૭ અને સંબંધિત નિયમો અને સુધારાઓની જોગવાઈઓને આધારે અમલમાં મૂકવામાં આવ્યો છે.

# ધોળકા પાલિકા ખાતે લોક કલ્યાણ મેળામાં લાભાર્થીઓને ચેકો અર્પણ કરાયા

ધોળકા, તા.૨૯

ધોળકા નગરપાલિકા ખાતે સોમવારે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ હેઠળ યોજાયેલ પીએમ સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધી (PM સ્વનિધિ ૨.૦) કાર્યક્રમમાં ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ ખાસ હાજરી આપીને લોકકલ્યાણ માટે થયેલ આ વિશેષ પહેલમાં નાના ધંધા દ્વારા રોજગારી મેળવતા લાભાર્થીઓને ચેક અર્પણ કરી માર્ગદર્શન આપ્યું હતું. ધારાસભ્ય એ જણાવ્યું હતું કે નિયમિત લોન ભરનાર વેન્ડર્સને લોન પૂર્ણ થયા બાદ આગામી તબક્કે વધુ લોનની સુવિધા મળી રહેશે ડિજિટલ ટ્રાન્ઝેકશન પ્રોત્સાહનથી ધંધાર્થીઓની આવકમાં વધારો થશે. સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ આપણા આત્મનિર્ભર ભારતના સપના તરફ લઈ જશે. ધોળકા નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ મકવાણાએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં ધોળકા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાર્થનાબેન રાઠોડ, ધોળકા શહેર ભાજપ મહામંત્રી લાભુભાઈ રાણા તથા મેહુલભાઈ રામી, જે.ડી પટેલ, પુનિતભાઈ ધોળકિયા, પૂર્વ પ્રમુખ ધોળકા શહેર રાજુભાઈ દેસાઈ, કનુભાઈ પરમાર, ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન GULM મિશન મેનેજર મિહિર બારોટ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.




# પાલેજ રેફરલ હોસ્પિટલ ખાતે પોષણ માસની ઉજવણી




(સંવાદદાતા દ્વારા)પાલેજ, તા.૨૯

પાલેજ ખાતે પોષણ માસ અંતર્ગત સરકારી હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડોક્ટર મુનિરા બેન શુક્લા (adho) વિશેષ અતિથિ પદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાત પાલેજ chc પાલેજનાં ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડો.રાજીકા પટેલ તથા ડૉ.હિરેન રાણા.ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન ન્યુટ્રિશન આસિસ્ટન્ટ જયશ્રી વી.કટારીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. નાના બાળકો એ વેલ્કમ ડાન્સ કર્યો હતો. આ પ્રસંગે લાભાર્થીઓ વિવિધ વાનગીઓ બાલ શક્તિ.માતૃ શક્તિ.પુર્ણા શક્તિ.નિલેટ્રસમાંથી વિવિધ પોષણ યુક્ત વાનગીઓ બનાવી લાવ્યા હતાં.

# કપડવંજ, ઠાસરા, કઠલાલ અને કણજરી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓ શરૂ

## ચાર નગરપાલિકામાં કયા વોર્ડની કઈ બેઠક અનામત તેમજ કઈ બેઠક સામાન્યની જાહેરાત ચૂંટણી પંચે કરી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૯

ખેડા જિલ્લામા આવેલી ચાર નગરપાલિકાઓમાં સામાન્ય ચૂંટણીએ જોવા માટે તંત્ર સજ્જ બન્યું છે હાલમાં ચૂંટણી પંચે આ ચાર નગરપાલિકામાં બેઠકોનું રોસ્ટર જાહેર કરી દીધું છે કઈ બેઠક કઈ રહેશે અનામત બેઠકો કેટલી વગેરે જાહેર કરી દીધું છે.

ખેડા જિલ્લામાં કપડવંજ, કઠલાલ, ઠાસરા અને કણજરી નગરપાલિકા માં સામાન્ય ચૂંટણીની તૈયારીઓ ચૂંટણી પંચે શરૂ કરી દીધી છે ટર્મ પૂરી થતી હોય આગામી માટે આ તૈયારીઓના ભાગરૂપે હાલમાં બેઠકોનું રોસ્ટર જાહેર કરવામાં આવ્યું છે.

ખેડા જિલ્લામાં આવેલી ચાર નગરપાલિકાઓમાં બેઠકોને વારાફરતી અનામતની ફાળવણી કરવાનો આદેશ રાજ્ય ચૂંટણી આયોગના સચિવે કર્યો છે. કપડવંજ નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ ૪૯૩૦૮ છે. જેમાં કુલ વોર્ડની સંખ્યા ૦૭ છે. તેમજ વોર્ડ દીઠ સરેરાશ વસતિ ૭૦૪૪ નક્કી કરાઈ છે. સાત વોર્ડમાં કુલ ૨૮ બેઠકો છે. જે પૈકી ૧૪ બેઠકો સ્ત્રી માટે અનામત જ્યારે અનુસૂચિત જાતિ માટે બે બેઠકો અનામત તે પૈકી તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત, જ્યારે અનુસૂચિત આદિજાતિ માટે ૧ બેઠક અનામત રાખવામાં આવી છે. જ્યારે પછાતવર્ગ માટે કુલ ૮ બેઠકો અનામત રખાઈ છે. જે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત, છે. આમ કુલ ૨૦ બેઠકો અનામત જાહેર કરાઈ છે. જ્યારે ૦૮ બેઠકો સામાન્ય છે. આજ રીતે ઠાસરા નગરપાલિકામાં વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણુ કુલ વસ્તી ૧૫૮૦૬ છે. જે મુજબ વોર્ડની સરેરાશ વસ્તી ૨૬૩૪ છે. તેમજ ૬ વોર્ડ નક્કી કરાયા છે. જેમાં ૨૪ બેઠકો છે. સરેરાશ વોર્ડની વસ્તી ૨૮૯૭ છે. તેમજ આ ૨૪ બેઠકો પૈકી ૧૨ બેઠકો સ્ત્રી માટે અનામત છે. જ્યારે અનુસૂચિત જાતિ માટે ૦૧ બેઠક અનામત છે. અનુસૂચિત આદિજાતિ માટે ૨ બેઠક અનામત છે. તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત, જ્યારે પછાતવર્ગ માટે કુલ ૦૬ બેઠકો અનામત જાહેર કરાઈ છે. તે પૈકી ત્રણ બેઠક પછાત વર્ગની સ્ત્રી માટે અનામત છે. આમ કુલ ૧૭ બેઠકો અનામત અને ૭ બેઠકો સામાન્ય છે. જ્યારે કઠલાલ નગરપાલિકાની કુલ વસતિ ૨૨૦૭૧ છે. તે મુજબ દરેક વોર્ડમાં સરેરાશ ૩૬૭૯ વસ્તી રાખીને છ વોર્ડ નકકી કરાયા છે. તેમજ ૨૪ બેઠકો નક્કી કરાઈ છે. આ બેઠકોમાં ૧૨ બેઠકો મહિલા માટે અનામત છે. તેમજ અનુસૂચિત જાતિ માટે ૧ બેઠક અનામત છે. પછાતવર્ગ માટે ૦૬ બેઠકો અનામત છે. તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત રખાઈ છે. આમ કુલ અનામત બેઠકોની સંખ્યા ૧૬ અને સામાન્ય બેઠકો ૦૮ છે. તેજ પ્રમાણે કણજરી નગરપાલિકામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસ્તી ૧૭૮૮૧ છે. તે મુજબ કુલ ૦૬ વોર્ડ છે. જેમાં વોર્ડની સરેરાશ વસ્તી ૨૯૮૦ છે. તેમજ વોર્ડમાં બેઠકોની સંખ્યા ૨૪ પૈકી ૧૨ બેઠકો સ્ત્રી માટે અનામત છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિ માટે ૧ બેઠક અનામત જાહેર કરાઈ છે. જ્યારે પછાતવર્ગ માટે ૦૬ બેઠકો અનામત છે. તે પૈકી ત્રણ બેઠકો સ્ત્રી માટે અનામત જાહેર કરાઈ છે. આમ કુલ ૧૬ બેઠકો અનામત છે. અને ૮ બેઠકો સામાન્ય છે. આમ આગામી ચૂંટણી આ ફાળવણી મુજબ જ યોજાશે.

# ડીસા તાલુકાના ક્ષતિગ્રસ્ત માર્ગોનું સમારકામ અને પેચવર્કનું કામ હાથ ધરાયું



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૨૯

ડીસા તાલુકામાં ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું માર્ગ અને મકાન પંચાયત વિભાગ બનાસકાંઠા દ્વારા સમારકામ અને પેચવર્કનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ગ્રામીણ પ્રજા અને વાહનચાલકોને સરળ અને સુરક્ષિત મુસાફરી મળી રહે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરાઈ છે.ડીસા તાલુકાના ઢુવા, ધરપડા, આસેડા ગામોને જોડતા તેમજ અન્ય ગ્રામ્ય માર્ગો પર ચાલુ વર્ષે ભારે વરસાદના કારણે નુકસાન પામેલા રસ્તાઓના નાના-મોટા ખાડાઓને પેચવર્ક કરી પુરવામાં આવી રહ્યા છે. આમ તમામ નાના-મોટા રસ્તાઓના રિપેરિંગ, રિસરફેસિંગ તેમજ ડામર સાઈડોમાં પડેલા ખાડાઓ પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવતા વિસ્તારના વાહનચાલકોમાં પણ ખુશી જોવા મળી રહી છે. માર્ગ મકાન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ માર્ગોનું સમારકામ ઝડપથી પૂરૂં કરવામાં આવશે અને સતત રિપેરિંગ કામ ચાલુ રહેશે.

# સુરતના કતારગામમાં હીરાના વેપારી સાથે રૂા.૪.૭૮ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

શહેરના કતારગામ વિસ્તારમાં રહેતા અને હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની કતારગામ વિસ્તારમાં વસ્તા દેવડી રોડ ઉપર હીરાની ઓફિસ આવેલી છે. આઠ મહિના પહેલા તેમના ભાગીદાર મારફતે એક હીરા દલાલે અન્ય વેપારી સાથે મળી તેમની પેઢીમાંથી રૂપિયા ૪.૭૮ લાખના હીરાની ખરીદી કરી હતી. જો કે, બાદમાં તેઓએ એક પણ રૂપિયો નહી ચૂકવી પૈસા આપવામાં ગલ્લાતલ્લા સમય પસાર કરી હાથ ઊંચા કરી લીધા હતા. જેથી આખરે ભોગ બનનાર વેપારીએ આ મામલે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને ઠગ બાજ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે મૂળ અમરેલીના વતની અને સુરતના કતારગામ વિસ્તારમાં રાશી સર્કલ પાસે આવેલ રાજાનંદ સોસાયટીમાં રહેતા દિનેશભાઈ રામજીભાઈ સોજીત્રા હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કતારગામ વિસ્તારમાં વસતા દેવડી રોડ પર જગદીશ એસ્ટેટમાં તેમની હીરાની ઓફિસ આવેલી છે. દિનેશભાઈ તથા નરેશભાઈ હિરાણી બંને ભાગીદારીમાં હીરાનો વેપાર કરે છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં દિનેશભાઈના ભાગીદાર નરેશભાઈ પાસે હીરા દલાલ મુકેશ પરવાળાવાળા સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ હીરા દલાલ મુકેશ મારફતે હીરાના વેપારી તરૂણભાઈ તુલસીભાઈ જાસોલીયા સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ તેઓએ તા.૨૭/૨/૨૦૨૫ના રોજ નરેશભાઈ પાસેથી રૂપિયા ૪.૭૮ લાખના હીરાની ખરીદી કરી હતી. આ પૈસા ટૂંક સમયમાં ચૂકવી આપવાનો વાયદો આપ્યા બાદ બંનેએ પૈસા આપવામાં ગલ્લાંતલ્લા કરી માત્ર સમય પસાર કર્યો હતો અને બાદમાં એક પણ રૂપિયો નહી આપી જવાબ આપવાનો બંધ કરી દીધું હતું. જેથી આખરે નરેશભાઈ અને દિનેશભાઈએ ભેગા મળી મુકેશભાઈ તથા તરુણભાઈ પાસે પૈસાની માગણી કરતા તેઓએ યોગ્ય જવાબ આપ્યો ન હતો અને બાદમાં દિનેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ તથા તેઓએ આ મામલે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને ઠગબાજો સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છેજ

# અમદાવાદ ખાતે ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ દ્વારા ડાયમંડ જ્યુબિલી વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાયો

અમદાવાદ,તા.૨૯

તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ દ્વારા ડાયમંડ જ્યુબિલી ૭૫મા વાર્ષિક સમારંભ અમદાવાદમાં લાલજી મૂળજી પરમાર હોલ ખાતે રાખવામાં આવ્યો હતો, આ દિવસે સમાજના તેજસ્વી તારલાઓને ટ્રોફી, સર્ટિફિકેટ, સિલ્વર મેડલ અને રોકડ ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા, સાથે સાથે મંડળની ભવિષ્યની યોજનાઓ જાહેર કરવામાં આવી જેવી કે મલ્ટી પરપઝ કોમ્યુનિટી સેન્ટર બનાવવું જેમાં લગ્ન તથા સાંસ્કૃતિક કાર્યકમો, બહેનો માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, અત્યાધુનિક સુવિધા સાથે ગેસ્ટ હાઉસ, લાયબ્રેરી અને એજ્યુકેશનલ સેન્ટર ગર્લ્સ હોસ્ટેલ, ટ્રેડ શો માટે હોલ તથા કોન્ફરન્સ હોલ વગેરે. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ હાજી યાકુબભાઈ ઉમરજીભાઈ (કોઠીવાતરસા), સેક્રેટરી મુખ્તિયાર એહમદભાઈ પટેલ (શેરપુરા) અને તમામ કારોબારી સભ્યોએ ખૂબ જ મેહનત કરી હતી. આ કાર્યક્રમમાં વર્લ્ડ વોહરા ફેડરેશનના પ્રમુખ નસીર પટેલે ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક, અહમદાબાદ મંડળની ભવિષ્યની યોજનામાં દરેક બનતી મદદ કરવા માટે વચન આપ્યું. IMAથી ગોલ્ડ મેડાલિસ્ટ ફેસલ કુરેશીએ યુવા પેઢી અને વિદ્યાર્થી તથા વાલીઓને સ્કિલ ભણતર તરફ આગળ આવવા માટે હાકલ કરી હતી.



# વડોદરામાં ભારે વરસાદ વચ્ચે વીજળી પડવાથી મહિલાનું મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૯

રાજયમાં છેલ્લા બે દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. કેટલાક સ્થળોએ કડાકા-ભડાકા સાથે મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. તો અહીં વડોદરા શહેરના કેટલાક જિલ્લામાં પણ ભારે વરસાદે વિનાશ વેર્યો છે. જેના કારણે ગઈકાલે નવરાત્રિ કાર્યક્રમમાં પણ વિઘ્ન આવ્યું હતું. ભારે વરસાદ અને વીજળી પડવાથી વડોદરા જિલ્લામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. વડોદરા જિલ્લાના વાઘોડિયાના ખંધા રોડ પાસે જીઆઈડીસી વિસ્તારની સીમમાં રહેતા રમીલાબેન રાયસીંગભાઈ સોલંકી તેમના પશુ ચરાવવા માટે ગયા હતા. જ્યારે સાંજે પશુ લઈને ઘર ન ફરતાં પરિવારે શોધખોળ આદરી હતી. ગ્રામજનો અને પરિવારે શોધખોળ કરતાં રમીલાબેનનો મૃતદેહ વાઘોડિયા જીઆઈડીસી હદ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. ઘટના સ્થળેથી તેમની છત્રી અને મોબાઈલ મળી આવ્યા હતા. બનાવ અંગે પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માત : એકનું મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

વડોદરા દિલ્હી એક્સપ્રેસ હાઈવે ઉપર વહેલી સવારે એક ટ્રકની સાથે કાર અથડાતા કારમાં સવાર અમદાવાદના યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે મૃતકના પત્ની, સસરા અને સાળાને ઈજા થતાં તેઓને સારવાર માટે ખસેડાયા છે.સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકામાં સારા ગામમાં રહેતા દિશાંત લલિત પારેખે પાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું બંસી ફૂડ નમકીનનું ઉત્પાદન કરૂં છું. તા.૨૮ના રોજ સવારે ૪:૦૦ વાગે અમદાવાદમાં રહેતા મારા મોટી બેન ડોલીના ઘેરથી હું મારા બનેવી મૌલિક અશ્વિનભાઈ શાહ ભાણી હારવી ભાણેજ સ્નેહ અને મારા પિતા લલિતભાઈ બનેવીની બલેનો કાર લઈને સુરત વેસુ ખાતે મારા મામાની પુત્રી દીક્ષા રહેતી હોવાથી આમંત્રણ પત્રિકા લખવા માટે જવા નીકળ્યા હતા.સવારે ૬:૦૦ વાગે વડોદરા દિલ્હી એક્સપ્રેસ હાઈવે ઉપર સરસવણી ગામ પાસેથી પસાર થતા હતા કાર હું ચલાવતો હતો તે વખતે પહેલા ટ્રેક પર ચાલતી ટ્રક અચાનક બીજા ટ્રેક પર લાવતા કાર ટ્રકની પાછળની સાઈડ અથડાઈ હતી. આ અકસ્માત બાદ ટ્રક લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. જ્યારે મારી બાજુની સીટ પર બેઠેલા બનેવી મૌલિક શાહનું સ્થળ પર મોત નિપજ્યું હતું. અકસ્માતમાં મને, મારી બહેન તેમજ પિતાને ઈજા થતાં તેઓને સારવાર માટે ખસેડાયા છે.

# મેઘરાજાએ જતાં જતાં જૂનાગઢ જિલ્લાને પાણી-પાણી કરી દીધો સૂત્રાપાડામાં ૯, માંગરોળમાં ૮.૫ ઈંચ ધોધમાર વરસાદ

## હાથિયાએ સૂંઢ ફેરવતા નવરાત્રિના કાર્યક્રમો રદ : પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, દીવમાં રેડ એલર્ટ

જૂનાગઢ,માંગરોળ, તા.૨૯

એક તરફ દેશમાંથી ચોમાસાની વિદાયના અહેવાલો આવી રહ્યા હતા તો વચ્ચે ગઈકાલથી અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા મેઘરાજાએ સૌરાષ્ટ્રની ધરાને ફરી એકવાર રસતરબોળ કરી દીધી છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ માંગરોળ ખાતે આજે બપોરના ૧૨ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૮.૫ ઈંચ વરસાદ ખાબકતા માંગરોળ શહેર જળબંબાકાર થઈ ગયું છે. માંગરોળ શહેરમાં આજે સવાર સુધીમાં ૧૧૨ મીમી તથા ત્યારબાદ છેલ્લા ૪ કલાકમાં વધુ ૧૦૨ મીમી વરસાદ ખાબકતાં કુલ ૨૧૪ મીમી ૮.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ગીર-સોમનાથ જિલ્લાના સૂત્રાપાડામાં પણ મેઘરાજાએ જોરદાર બેટિંગ કરતા ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. માંગરોળ અને સૂત્રાપાડા ઉપરાંત જૂનાગઢ જિલ્લામાં અન્યત્ર જોઈએ તો, માણાવદર ૫૫ મીમી, વંથલી ૭૫ મીમી, જૂનાગઢ ૫૫ મીમી, ભેસાણ ૭૦ મીમી, વિસાવદર ૧૦૪ મીમી, મેંદરડા ૬૨ મીમી, કેશોદ ૧૧૨ મીમી, માળીયા હાટીના ૧૦૨ મીમી, વરસાદ નોંધાયો છે. આમ જતા જતા મેઘરાજાએ જૂનાગઢ જિલ્લાને ફરી એકવાર પાણી-પાણી કરી દીધો છે. ભારે વરસાદને કારણે નવરાત્રીના આયોજનોને રદ કરવાની ફરજ પડી છે. આજે સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, અમરેલી, દીવ અને ગીર સોમનાથમાં રેડ અલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી છે. તો બે કેન્દ્ર શાસિત પ્રદેશ સહિત સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. જ્યારે ૧૧ જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલે ૩૦ સપ્ટેમ્બરના રોજ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા છે. જૂનાગઢ શહેરમાં ગત રાત્રે ૧૦ વાગ્યે પવન સાથે વરસાદ વરસી પડ્યો હતો જેના કારણે નવરાત્રિની મજા બગડી ગઈ હતી. જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ પર આવેલા પાર્ટી પ્લોટોમાં થતી મોટા ભાગની ગરબીઓ વરસાદના કારણે બંધ રહી હતી. ઝાંઝરડા રોડ વણઝારી ચોક નરસિંહ મહેતાના ચોરા ખલીપુર ચોકડી સહિતના વિસ્તારોમાં વરસાદ થતાં પ્રાચીન ગરબીઓ પણ બંધ રાખવાની ફરજ પડી હતી. દરમિયાન આજે બીજા દિવસે પણ જૂનાગઢ જિલ્લામાં સવારથી હળવાથી ભારે વરસાદના ઝાપટા વરસી રહ્યા છે. દરિયાઈ વિસ્તાર માંગરોળમાં સવારે પ્રારંભિક ચાર કલાકમાં ૧૦૨ મીમી વરસાદ ખાબકતાં માંગરોળ શહેરમાં પાણી-પાણી થઈ ગયું છે.

# વાઘોડિયા જીઆઈડીસીમાં લિફ્ટમાં ફસાઈ જતાં યુવતીનું મોત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૨૯

વાઘોડિયા જીઆઈડીસીમાં એલ્યુ કાસ્ટ કંપનીની લિફ્ટમાં ફસાઈ જતાં યુવતીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. વાઘોડિયા જીઆઈડીસીમાં ૧૮૮/૪માં આવેલી એલ્યુ કાસ્ટ કંપનીમાં કામ કરતી ભગવતીબેન જીતેન્દ્રભાઈ ઉર્ફે કાળીદાસ મયજીભાઈ પરમારનું મોત થયું હતું. ૧૮ વર્ષની ભગવતીબેન સવારે કંપનીમા માલ સામાન લઈ જવાની લિફ્ટમાં બેસીને પહેલા માળે જતી હતી તે દરમ્યાન લિફ્ટ દસ ફૂટની ઊંચાઈએ પહોંચતા લિફ્ટની બહાર નમી નીચે ઉભેલા બીજા વર્કરો સાથે વાતચીત કરતી હતી, તે દરમ્યાન પહેલા માળના સ્લેબ વચ્ચે દબાઈ જવાથી તેણીને પેટ તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન ભગવતીબેનનું મૃત્યુ થતાં પરિવારના સભ્યોએ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને કંપની સ્ટાફ સાથે વાતચીત કરી મૃતક યુવતીના પરિવારને વળતર અપાવ્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ભિલોડાની પ્રેરણા મંદિર શાળાની કન્યાઓ હેન્ડબોલ રમતમાં રાજ્ય કક્ષાએ ચમકી



(સંવાદદાતા દ્વારા)
ભિલોડા, તા.૨૯

માતુશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદિર, ભિલોડાની કન્યાઓએ હેન્ડબોલ રમતમાં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી છે. શાળાની ગર્લ્સ હેન્ડબોલ ટીમે SGFI જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં વિજય હાંસલ કર્યો હતો. જિલ્લા સ્તરે વિજેતા બન્યા બાદ ટીમે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગીર સોમનાથ ખાતે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે ઉપરાંત મોરબી ખાતે યોજાયેલી સ્ટેટ લેવલ ગર્લ્સ હેન્ડબોલ લીગ ટુર્નામેન્ટમાં પણ ટીમે પ્રતિભા દેખાડી હતી. વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી દામુભાઈ પટેલ શાળાના આચાર્ય પ્રજ્ઞેશભાઈ પટેલ અને સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીઓને તેમજ તેમને તૈયાર કરનાર કોચને અભિનંદન પાઠવ્યા હતા.

**નામ બદલેલ છે**
મારૂ જુનું નામ શેખ મોહમદ જુનેદ શબ્બીરહુસૈન હતુ જે બદલીને નવું નામ **શેખ મોહંમદજુનેદ શબ્બીરહુસેન** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ડી-૯૫૨, નારિયેલ બજાર, ખીમલીવાડ મસ્જીદ પાછળ, ભરૂચ-૩૯૨૦૦૧.

# અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫ આગામી પાંચ ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી યોજાશે

## મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫-૨૬ના આયોજન માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક સંપન્ન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૯

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ વર્ષે આગામી પાંચમી ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી આ શોપિંગ ફેસ્ટિવલના આયોજન અંગેની ઉચ્ચસ્તરીય સહકાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, નાણાં અગ્ર સચિવ ટી.નટરાજન, જી.એસ.ટી. કમિશનર રાજીવ ટોપનો, શહેરી વિકાસ અગ્ર સચિવ થેન્નારસન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની અને કરીને શોપિંગ ફેસ્ટિવલમાં એક જ સ્થળેથી વિવિધ ચીજવસ્તુઓ અન્ડર વન અમ્બ્રેલા મળી રહે તેવા આયોજન માટે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ફેસ્ટિવલમાં ખાસ કરીને એન.આર.આઈ. - એન.આર.જી. અને વિદેશી પ્રવાસીઓ પણ ઉત્સાહથી સહભાગી થાય તે માટે સ્વદેશી ચીજ વસ્તુઓ સાથે પરંપરાગત ખાનપાન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક પ્રસ્તુતિની પણ સુચારું સાથે વોકલ ફોર લોકલને વેગ આપનારો બને તે માટે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી સમક્ષ અગાઉના વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની સફળતાનું પ્રેઝન્ટેશન કરતા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકોએ આ ફેસ્ટિવલનો લાભ લીધો હતો. વિવિધ બ્રાન્ડ્સની ૫૧૧૨ શોપ્સ ફેસ્ટિવલમાં જોડાઈ હતી અને માતબર વેચાણ થયુ હતું.

### આ વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં સ્વદેશી પ્રોડક્ટ્સને ગ્લોબલ અપિલ સાથે પ્રમોટ કરાશે

બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં આ વર્ષે સ્વદેશી પ્રોડક્ટ્સને ગ્લોબલ અપીલ સાથે પ્રમોટ કરવામાં આવશે એમ પણ આ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું. અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલે દેશમાં સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલ તરીકે જે ઈમેજ ઉભી કરી છે તેને વિવિધ થીમ સાથેના બજારો ઉભા કરીને વધુ વ્યાપક બનાવવાના આયોજનની ચર્ચા-પરામર્શ આ બેઠકમાં થયા હતા. સચિવ ડૉ. વિક્રાંત પાંડે સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવ આ બેઠકમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ બહોળા પ્રમાણમાં લોકોને આકર્ષે અને અહીં બધુ મળે છે તેવી ઈમેજ લોકોમાં ઉભી થાય તે પ્રકારની પ્રોડક્ટ્સના વેચાણ માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આ વર્ષે સંભવતઃ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં વેડિંગ ડેસ્ટિનેશન ઝોન સહિત અલગ-અલગ ઝોન ઊભા વ્યવસ્થા કરવા સંદર્ભમાં બેઠકમાં ફળદાયી વિચાર વિમર્શ થયો હતો. આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચવામાં આવેલી એડવાઈઝરી કમિટી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલના સર્વગ્રાહી પાસાંઓને સાંકળી લઈને વિસ્તૃત પ્લાનિંગ કરે તેવું પ્રેરક સૂચન મુખ્યમંત્રીએ બેઠકમાં કર્યું હતું. તેમણે ગત વર્ષના શોપિંગ ફેસ્ટિવલની પણ સમીક્ષા કરી હતી અને આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ ફુલ પ્રુફ આયોજન આ શોપિંગ ફેસ્ટિવલમાં ડેકોરેટીવ લાઈટીંગ, ફેસ્ટિવલના સ્થળોએ જવા-આવવા વિના મૂલ્યે બસ સેવા, પાર્કિંગ તેમજ મેડીકલ ઈમરજન્સી સહિત અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલી હતી. તેની વિગતો પણ પ્રેઝન્ટેશનમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં પણ વધુ સંગીન સુવિધાઓ માટે અમદાવાદ મહાનગરપાલિકાને સૂચનો કર્યા હતા.

# પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં રાખી શકાય નહીં : હાઈકોર્ટનો ચુકાદો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ઉત્કર્ષ દેસાઈની ખંડપીઠે એક હુકમ કરીને અવલોકન કર્યું હતું કે, મેજિસ્ટ્રેટ પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં એટલે કે સરકારી આશ્રય ગૃહમાં રાખવા માટેનો હુકમ કરી શકે નહી. આવો હુકમ મહિલાના મૂળભુત અને બંધારણીય અધિકારના ઉલ્લંઘન સમાન કહેવાય. જ્યારે એક વખત મહિલા આશ્રય ગૃહ છોડવાની માંગણી કરે તો, પછી મેજિસ્ટ્રેટ તે મહિલાને મુકત કરવા માટે બંધાયેલા છે. કેસની વિગતો મુજબ અરજદાર મહિલાની તેની પર થયેલી દુષ્કર્મ અંગે ફરિયાદ કરવમાં આવતાં તેના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી પીડિતા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થઈ અને તેમને જાણ કરી કે, તેનો કોઈ પરિવાર નથી અને ત્યાં તે જવા માંગતી નથી. તે તેના માતા-પિતાના ઘેર પણ જવા ઈચ્છતી નથી. રાત્રે આઠ વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતાં મેજિસ્ટ્રેટે તેને તા.૩૦-૩-૨૦૨૫ના રોજ આશ્રય ગૃહમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. જો કે, બાદમાં પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી વિનંતી કરી કે, તેણીને મુકત કરવામાં આવે. જો કે, મેજિસ્ટ્રેટે તેની આ વિનંતી ફગાવી દીધી હતી. આથી પીડિતાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. પીડિતા મહિલાની અરજીમાં હાઈકોર્ટે આ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટને કોઈપણ મહિલાને આશ્રય ગૃહમાં મોકલી તેની સલામતી અને સુરક્ષાનું રક્ષણ કરવાનો આદેશ આપવાની સત્તા છે. જો કે, મહિલાને આશ્રય ગૃહમાં રાખવાનો આ આદેશ અનિશ્ચિત સમય માટે હોઈ શકે નહીં અને ખાસ કરીને તેની ઈચ્છા વિરૂદ્ધ તો હોઈ શકે જ નહીં, એક વખત જેને આશ્રય ગૃહમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિત પોતાને ત્યાંથી મુકત કરવાની વિનંતી કરે તો મેજિસ્ટ્રેટ મહિલાને મુકત કરવા માટે બંધાયેલા હોય છે. ખાસ કરીને ત્યારે કે, જ્યારે મહિલા પુખ્ત હોય અને તે આશ્રય ગૃહમાં રહેવાનો ઈન્કાર કરતી હોય. હાઈકોર્ટે વધુમાં ઉમેર્યું કે, પ્રસ્તુત કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા કરાયેલા અવલોકન પણ અયોગ્ય છે, કારણ કે, પીડિતાને એટલા માટે આશ્રય ગૃહમાં મોકલવામાં આવી હતી કે, તેની પાસે જવા માટે બીજી કોઈ જગ્યા ન હતી. મેજિસ્ટ્રેટનો આવો હુકમ અયોગ્ય છે કારણ કે, કોઈપણ નાગરિકને તેની ઈચ્છા વિરૂદ્ધ આશ્રય ગૃહમાં રાખી શકાય નહી. મેજિસ્ટ્રેટનો આશ્રય ગૃહમાંથી બહાર નીકળવાની પરવાનગી નહીં આપવાનો હુકમ પીડિતાના પોતાની પસંદગીનું જીવન જીવવાના મૂળભુત અને બંધારણીય અધિકારના ભંગ સમાન કહી શકાય. હાઈકોર્ટે અરજદાર પીડિતાને આશ્રય ગૃહમાંથી તાત્કાલિક મુકત કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, અરજદાર સ્વતંત્ર છે અને તે પોતાનો સામાન આશ્રય ગૃહમાંથી લઈ જયાં જવું હોય ત્યાં જઈ શકવા મુકત છે. હાઈકોર્ટે ચુકાદામાં એમ પણ સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટ સમક્ષ દુષ્કર્મની ફરિયાદ નોંધાવનારી મહિલાને સલામતી માટે આદેશ પસાર કરવાની અને પીડિતાએ પોતાના ઘેર પાછા જવાનો ઈન્કાર કર્યો હોય તે પછી તેને આશ્રય ગૃહમાં મોકલવાની મેજિસ્ટ્રેટને સત્તા છે પરંતુ તેની ઈચ્છા વિરૂદ્ધ તેને અનિશ્ચિત સમય સુધી તેને ત્યાં રાખી શકાતી નથી.

## વૈદિક ગણિત વિષય ઉપર લિખિત પુસ્તકનું વિમોચન

અમદાવાદ, તા.૨૯

ખૂબ રસપ્રદ અને જૂનો વિષય વૈદિક ગણિતને લોકભોગ્ય બનાવવા અને વિષય પ્રત્યેની રૂચી કેળવાય તે હેતુથી છેલ્લા દસ વર્ષથી હાર્દિક પરીખ અને ડો. પરિધિ ખૂબ મહેનત કરી રહ્યા છે. આ વિષય ઉપર તેઓએ અંગ્રેજી, ગુજરાતી ભાષામાં પુસ્તક સેટ બનાવ્યો છે. તેનુ વિમોચન તાજેતરમાં, રાજ્યના શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ હાર્દિકભાઈ અને પરિધિબેનને અભિનંદન આપી તેઓની મહેનતને બિરદાવી હતી. વૈદિક ગણિતનુ ઉદાહરણ આપતા ભૂપેન્દ્રસિંહએ જણાવ્યુ કે, વિષય




થોડો અલગ અને કોઠાસૂઝ વાળો છે. સાણંદ તાલુકાના બકરાણા ગામના સ્વ. રવુભા વાઘેલા ચાર ધોરણ ભણેલા હતા અને સૌ ભણેલાઓની હાજરીમાં નાની મોટી રકમના ગુણાકાર મોઢેજ કહી દેતા, ૯૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા તે પહેલા સો આંકડા ગૂણ્યા સો આંકડાનો જવાબ તેઓએ ધ્યાનમા બેસી બે દિવસે આપી સૌને ચોંકાવી દીધા હતા. વિશ્વ વિખ્યાત Time મેગેઝીનમા પહેલા પાના ઉપર તેમનો ફોટો પચાસ વર્ષ પહેલા છપાયો હતો ‘A man with computer under’ Paghadi’ (પાઘડી). ઋષિકેશભાઈ સહિત સૌએ યુવાન કપલની મહેનતને તાળીઓથી વધાવી અને બિરદાવી હતી.

## ‘ડમ્પિંગ નહીં, ગાર્ડન જોઈએ’ના બેનરો સાથે મકતમપુરામાં રેફયુઝ ટ્રાન્સફર સ્ટેશનની કામગીરી સામે લોકોએ રોષ વ્યકત કર્યો

અમદાવાદ, તા.૨૯

મકતમપુરા વોર્ડમાં રેફયુઝ ટ્રાન્સફર સ્ટેશન સોલિડ વેસ્ટ ડીપાર્ટમેન્ટ મેનેજમેન્ટ (AMC) દ્વારા ગ્યાસપુર ભાઠા પ્રાથમિક શાળા મેટ્રો ડેપો પાસે કચરાના ડમ્પ ની કામગીરી કરવામાં આવી રહી છે આ સ્ટેશન પ્રજા માટે આરોગ્યને હાનિકારક હોવાના કારણે આક્રોશ સાથે આજરોજ લોકો દ્વારા કોંગ્રેસ સાથે હલ્લાબોલ કરવામાં આવ્યો જેમા એએમસી વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ, મકતમપુરા વોર્ડના કાઉન્સિલર હાજીભાઈ અસરાર બેગ મિર્ઝા, સાજીદહુસેન મન્સુરી (વોર્ડ પ્રમુખ) ઝહીરુદ્દીન શેખ (વોર્ડ પ્રમુખ) દ્વારા AMCના મેયર મ્યુનિસિપલ કમિશનર અને સોલિડ વેસ્ટને આવેદનપત્ર આપવામા આવ્યો



તથા મહિલા પ્રમુખ હાજરાબેન દરજી મહિલા કાર્યકારી પ્રમુખ અફસાનાબેન નાસીર ભાઈ શેખ (માઈનોરીટી પ્રમુખ) નીલમબેન દીવાન, સાકીરભાઈ શેખ, આશીફ ખાન, આલમભાઈ મન્સુરી, ઈરફાનભાઈ શેખ, નિઝામુદ્દીન શેખ, અલીફ ખાન, વારીસ મલીક, ઝાહીદ મેમણ, નઈમભાઈ શેખ, ઈફતેખારભાઈ નરમાવાલા, પ્રો.ઈરફાનભાઈ, કાદરી સોહીલ, મલીક કરીમ ભટ્ટી, ઉસ્માનભાઈ મોદન તેમજ ખુબ મોટી સંખ્યામાં આજુબાજુના વિસ્તારના ભાઈઓ બહેનો દ્વારા ભેગા મળીને આ કાર્યક્રમ સફળ બનાવવા બદલ હાજીભાઈ કાઉન્સિલર તરફથી સૌ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સંપત એલ્યુમિનિયમ લિ.નું બીએસઈ પર સફળ લિસ્ટિંગ

અમદાવાદ,તા.૨૯

ડીઓરા ગ્રુપની ભાગીદાર કંપની સંપત એલ્યુમિનિયમ લિમિટેડએ બોમ્બે સ્ટોક એકસચેન્જ (બીએસઈ) પર તેના સફળ લિસ્ટિંગ સાથે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. કંપનીના આઈપીઓને ૧૭૦ ગણું સબ્ક્રિપ્શન મળતા એક નવો રેકોર્ડ સર્જાયો છે. આ અદભૂત સિદ્ધિ રોકાણકારોનો વિશ્વાસ તથા એલ્યુમિનિયમ અને પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં ભારતની વિશાળ સંભાવનાઓનું પ્રતિબિંબ છે. લિસ્ટિંગ સમારોહમાં પરંપરાગત ઘંટ વાગારવાની વિધિ બીએસઈના નેતૃત્વ મર્ચન્ટ બેન્કર્સ અને અમદાવાદના અગ્રણી વ્યાવસાયિક સમાજની હાજરીમાં યોજાયો હતો.

### પાટીદાર અનામત આંદોલન સમયનો કેસ

# ધારાસભ્ય હાર્દિક પટેલ સામેનું ધરપકડ વોરંટ હાઈકોર્ટે રદ કર્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે પાટીદાર નેતા અને વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે IPCની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૫૩, ૧૮૮, ૧૮૬, ૧૨૦, ૨૯૪, ૩૪ અને ૫૦૬ મુજબ ગુનો નોંધાયો હતો. જે સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. જેમાં કેસ અત્યારે આરોપી ઉપર ચાર્જ ફ્રેમના સ્ટેજ ઉપર છે,



પરંતુ આરોપી હાજર ન રહેતા વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. આ વોરંટને હાર્દિક પટેલે હાઈકોર્ટમાં પડકાર્યું હતું અને હવેથી કોર્ટ કાર્યવાહીમાં ઉપસ્થિત રહેવાની બાહેંધરી આપતા હાઈકોર્ટે હાર્દિક પટેલ સામેનું ધરપકડ વોરંટ રદ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ પાટીદારોને અનામત આપવાની માંગણી અને ખેડૂતોના દેવા માફીની માંગણી સાથે નિકોલમાં પ્રતિક ઉપવાસનું આયોજન કર્યું હતું. જેમાં ફરિયાદ અનુસાર આરોપીઓએ વગર પરવાનગી, પુર્વ આયોજિત કાવતરું કરીને કરેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતિક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું. જેમાં રેલીને અટકાવવામાં આવતા તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી. તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# ફાગવેલ તાલુકાનું વડું મથક ફાગવેલ જ રાખવાની માંગ સાથે ગ્રામજનોએ હાઈવે ચક્કાજામ કર્યો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૯

ગુજરાતમાં નવા તાલુકાની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી છે ખેડા જિલ્લામાં નવરચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઈ વિવાદ ઉભો થયો છે રાજ્ય સરકાર દ્વારા નવરચિત ફાગવેલ તાલુકાનુ સૂચિત વડુમથક ફાગવેલ ના બદલે ચીખલોડ (કાપડીવાવ) જાહેર કરતા રોષે ભરાયેલ નવરચિત તાલુકાના સૌથી મોટા ગામ ફાગવેલના ગ્રામજનોએ આજે ગામ નજીકથી પસાર થતાં અમદાવાદ ઈન્દોર હાઈવે રોડને ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. સરકાર દ્વારા થોડા દિવસ પહેલા રાજયમાં નવા ૧૭ તાલુકાની રચના કરવાનું જાહેર કરવામાં આવ્યું છે જેમાં ખેડા જિલ્લામાં કઠલાલ અને કપડવંજ તાલુકામાંથી નવા ફાગવેલ તાલુકાની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે સાથે સરકાર દ્વારા નવ રચિત ફાગવેલ તાલુકાના વડા મથક તરીકે સુચિત ચીખલોડ (કાપડીવાવ)ની



જાહેરાત કરવામાં આવી છે જેના પગલે નવું રચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઇ સૌથી મોટા એવા ફાગવેલ ગામના ગ્રામજનોમાં ભારે રોષ ઉભો થયો છે અને ગ્રામજનો દ્વારા નવરચિત તાલુકાના સૌથી મોટા એવા ફાગવેલ ગામને વડુમથક બનાવવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે. દરમિયાન નવરચિત ફાગવેલ તાલુકાના વડા મથકને લઈ ઊભા થયેલ વિવાદના પગલે રોષે ભરાયેલ ફાગવેલ ગ્રામના ગ્રામજનોએ આજે ગામ નજીકથી પસાર થતા અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ ને ચક્કા જામ કરી સરકારના નિર્ણયનો વિરોધ કર્યો હતો. અમદાવાદ ઈન્દોર હાઈવે બંધ કરાતા રસ્તો બંધ થઈ ગયો હતો. અને વહીવટી તંત્ર દોડતુ થઈ ગયુ હતુ. તાલુકાનું મુખ્ય મથક ચિખલોડ ખાતે રાખવાની જાહેરાત કરતાની સાથે જ સ્થાનિક ક્ષત્રિય આગેવાનોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. વિસ્તારના લોકો એવું કહે છે કે તાલુકાનું નામ ફાગવેલ રખાયુ છે. તો પછી તાલુકાનું મુખ્ય મથક પણ ફાગવેલ ખાતે જ રાખવામાં આવે એવી અમારી માગણી છે. આ બાબતે રજૂઆત પણ કરવામાં આવી હતી. તેમછતાં પણ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.

### ચક્કાજામને લઈને રસ્તામાં અટવાયેલી બસમાં નવજાત શિશુની તબિયત લથડી

બાલાસિનોરથી કપડવંજ બસમાં એક માતા નવજાત શિશુને મેડિકલ સારવાર માટે લઈને જઈ રહી હતી તે સમયે બસ ફાગવેલ મુકામે પહોચતા રસ્તા ઉપર ઉતરી આવેલ ભીડમાં બસ સ્થગિત કરવાની ડ્રાઈવરની ફરજ થઈ પડી હતી જ્યારે સારવાર માટે નીકળેલ માતા સાથેના નવજાત શિશુને સમસ્યા હોય માતા આકુળ વ્યાકુળ બનતા પરિસ્થિતિને સમજી બસ કન્ડેક્ટરે ૧૦૮માં ફોન કરી સ્થળ ઉપર એમ્બ્યુલન્સ બોલાવવાની ફરજ પડી અને એમ્બ્યુલન્સ આવતા નવજાત શિશુ અને તેની માતાને સારવાર માટે કપડવંજ રવાના કરેલ આમ કંડકટરે સમજ અને સમય સૂચકતા વાપરી પ્રવાસી માતા બાળકને મદદ રૂપ બનતા બસ પેસેન્જર સ્ટાફના અધિકારી અને મિત્રો સહિત સૌ કોઈ એ બિરદાવ્યું હતું.

# વટવામાં બે ભાઈઓએ સોસાયટીના ચેરમેન અને તેના મિત્ર પર સ્કૂ ડ્રાઈવથી હુમલો કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

શહેરના વટવા વિસ્તારમાં મોડી રાત્રે સોસાયટીમાં રહેતા બે ભાઈઓએ ચેરમેન અને તેના મિત્રના માથામાં સ્ક્રૂ ડ્રાઈવર મારી દેતા મામલો બીચક્યો છે. વરસાદી પાણી ભરાઈ જતા ચેરમેન સોસાયટીના સભ્યો સાથે સફાઈ કરી રહ્યા હતા ત્યારે મામલો ગરમાયો હતો.

વટવા વિસ્તારમાં સાંઈ નામની સોસાયટી આવેલી છે જેમાં ગરબા કરવા માટે ચેરમેન સહિતના લોકો મથામણ કરી રહ્યા હતા. સોસાયટીમાં તુલસીરામ નામના વ્યકિત ચેરમેન છે. ગઈકાલે વરસાદના કારણે સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા, ત્યારે ગરબા કરવા શક્ય ન હતા. સોસાયટીમાં કેટલાક કમિટીની મિંટીગ થઈ હતી અને પાણીનો નિકાલ કરીને ગરબા કરવાનું નક્કી કરાયુ હતું. તુલસીરામ તેમજ અન્ય એક સોસાયટીના સભ્ય વરસાદી પાણીનો નિકાલ કરવા માટેનું કામ કરી રહ્યા હતા, ત્યારે તેજ સોસાયટીમાં રહેતો રૂષભ નામનો યુવક આવી એક્ટિવા લઈને આવી પહોચ્યો હતો. તુલસીરામને અડચણરુપ બને તેવી રીતે રૂષભે પોતાનું એક્ટિવા પાર્ક કરી દીધી હતી. તુલસીરામે રૂષભને શાંતીથી એક્ટિવા બીજી જગ્યાએ પાર્ક કરવા માટેની સલાહ આપી હતી જેને લઈને ઝગડો થયો હતો.

રૂષભે તુલસીરામને ગાળો આપવાની શરૂ કરી દીધી હતી ત્યારે તેનો ભાઈ પણ આવી પહોચ્યો હતો. તુલસીરામે શાંતીથી વાત કરવાનું કહેતા રૂષભ ગિન્નાયો હતો અને તેણે હુમલો શરૂ કરી દીધો હતો. તુલસીરામની સાથે સોસાયટીનો સભ્યો પણ હતો જ્યા તેમની ઉપર પણ હુમલો કરાયો હતો. તુલસીરામ અને સભ્યના માથામાં સ્ક્રુ ડ્રાઈવ મારી દેતા તે લોહીલુહાણ થઈ ગયા હતા. તુલસીરામે બુમાબુમ કરતા સોસાયટીના રહીશો ભેગા થઈ ગયા હતા જ્યારે રૂષભ અને તેનો ભાઈ નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત તુલસીરામ અને સભ્યને સારવાર માટે હોસ્પટલ ખસેડવામાં આવ્યા હતા. તુલસીરામના માથામાં એટલુ જોરથી હુમલો થયો હતો કે તેમને ૩૨ ટાંકા આવ્યા છે.જ્યારે સભ્યને ૬ ટાંકા આવેલા છે. વટવા પોલીસે સમગ્ર મામલે રૂષભ અને તેના ભાઈ વિરૂદ્ધ હત્યાની કોશિષની ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

### આયૂષ ઈન્ડિયા એક્ષપો ૨૦૨૫માં

# યૂનાની હકિમ ડો.યાસીર કુરેશી અમદાવાદના મેયરના હસ્તે ‘એપ્રિસીએશ એવોર્ડ’થી સન્માનિત

અમદાવાદ, તા.૨૯

ભારતના પ્રખ્યાત યૂનાની હકિમ ડો. યાસીર કુરેશીને વિજ્ઞાન ભવન સાઈન્સ સીટી અમદાવાદમાં આયોજીત આયૂષ ઈંડિયા એક્ષપો ૨૦૨૫માં મેયર પ્રતિભા બેન રાકેશ કુમાર જૈન (અ.મ્યુ.કો.)ના હસ્તે “એપ્રિસીએશન એવોર્ડ” પ્રશંસા પુરસ્કારથી નવાજવામાં આવ્યા.

ગામા (ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશન) અને સ્પાર્ક મીડિયા દ્વારા આયૂષ ઈંટર્નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું આયોજકોમાં ચિંતન ભટ્ટ સ્પાર્ક મીડિયા, ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. હસમુખ સોની. ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશનના સેક્રેટરી ડો. કિરીટ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૦ દેશોના એમ્બેસેડરોએ હાજરી આપી હતી જેમાં બોલીવીય, પેરૂ, ક્યુબા, ચીલી, પેરૂગ્વે, કોલંબિયા, ઈક્વાડોર, વેનેઝુએલા, પેરાગ્વે, સુરીનામ, ઉરૂગ્વેર મુખ્ય મહેમાનો તરીકે પધાર્યા હતા જેમા દિલ્હી સ્થિત એમ્બેસી ઓફ પેરાગવેના એમ્બેસેડર મી.




ફ્લેમિંગ દુઆર્ટેએ પોતાની અને સાથે આવેલા ૮૦ વર્ષીય માતાજીનું નાડી જોઈને સારવાર કરાવવાનું આગ્રહ તબીબ હકીમ યાસીર કુરેશીને કર્યું હતું, જેથી હકીમ યાસીરએ તેઓનું નાડી પરીક્ષણ કરીને રોગ અને તેનું નિદાન કર્યું ત્યારે ત્યાં હાજર એમ્બેસેડરો અને કાઉન્સેલરો હતપ્રભ થઈ ગયા હતા અને એમ્બેસેડર મી. ફ્લેમિંગ દુઆર્ટેએ હકીમ યાસીર કુરેશીને સવાલ કર્યો હતો કે આપ અમારી બીમારીની તકલીફ અને બ્લડ ગ્રુપ કેવીરીતે જાણી કહીને આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા, ત્યારે હકીમ યાસીર કુરેશીએ જણાવ્યું હતું કે, ભણતરની સાથે મેં નાડી પરીક્ષણ જગપ્રખ્યાત નાડી પારખુ હકીમ મારા પિતા મર્હૂમ હકીમ અબ્દુર્રઝ્ઝાક કાસીમી પાસે શીખ્યું હતું, હું પુત્ર હોઈ પિતાની સાથે સંપુર્ણ રીતે શિષ્ય તરીકેજ રહ્યો છું જે બધા જાણે છે, આજ સમયે ત્યાં હાજર બોલિવિયા બહુરાષ્ટ્રીય દેશના એમ્બેસીના કાઉન્સેલર આર્લેટ ગેબ્રિએલા બુસ્ટામાન્ટે જી. એ પણ પરીક્ષણ કરાવીને સારવાર ચાલુ કરાવી હતી. હકીમ ડો યાસીર એ કુરેશી જનરલ સેક્રેટરી એ.આઈ.યૂ.ટી.સી. ગુજરાત રાજ્ય તરીકે નો કાર્યભાર પણ સંભાળી રહ્યા છે. અને ગુજરાત રાજયમાં યૂનાની સારવાર પદ્ધતિના વિકાસ માટે યુનાની પ્રાદેશિક સંશોધન કેન્દ્ર સ્થપાય, યૂનાની હોસ્પિટલ સ્થપાય, યૂનાની કોલેજ સ્થપાય, તેમજ આયૂષ બોર્ડ અને કાઉન્સિલ માં પ્રતિનિધિત્વ મળે, એવી રજૂઆત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારથી કરી હતી.

### સ્વદેશી 4G યુગમાં પ્રવેશ કરતું રાષ્ટ્રનું પોતાનું નેટવર્ક BSNL @ ૨૫

અમદાવાદ,તા.૨૯

સિલ્વર જ્યુબિલી વર્ષમાં, ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ) ટીસીએસ/તેજસ ઈન્ટિગ્રેશન સાથે સ્વદેશી C-DoT કોર પર સમગ્ર ભારતમાં 4G શરૂ કરી રહ્યું છે, જે ભારત સરકારના વ્યૂહાત્મક ટેલિકોમ માટે આત્મનિર્ભર ભારત વિઝનને પુષ્ટિ આપે છે. આ લોન્ચ પ્રધાનમંત્રી દ્વારા ૨૭ સપ્ટેમ્બરે ઝારસુગોડા, ઓડિશા ખાતે થી કરવામાં આવ્યું. 4G સેચ્યુરેશન પ્રોજેક્ટ હેઠળ ૧૪,૦૦૦+ સાઈટ્સ સહિત ૯૭,૫૦૦ નવી 4G સાઈટ્સનું ઉદઘાટ કરવામાં આવ્યું. આ માઈલસ્ટોન મોબાઈલ ઍક્સેસ, ગ્રામીણ ફાઈબર (ભારતનેટ) અને ટાપુ કનેક્ટિવિટી (CANI/KLI)માં મલ્ટી-યર મોર્ડનાઈઝેશનને આવરી લે છે. આ પ્રસંગે, BSNLના CMDએ. રોબર્ટ જે રવિએ જણાવ્યું હતું કે, "BSNLની સિલ્વર જ્યુબિલી એક નવી શરૂઆત સાથે સુસંગત છે.

# રાહુલ ગાંધીના ચાર પુરાવા : આલેંડ મતવિસ્તારમાં કેવી રીતે મતદારોને ઓનલાઈન ડિલીટ કરવામાં આવ્યા હતા

**કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કર્ણાટકના આલેન્ડ વિધાનસભા મતવિસ્તારમાં ૬,૦૧૮ મતો ડિલીટ કરવાના કથિત પ્રયાસ અને મતવિસ્તાર ડિલીટ કરવા માટે સોફ્ટવેરના દુરુપયોગ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે ચાર પુરાવા આપ્યા, જ્યારે ચૂંટણી પંચે બધા આરોપોને ફગાવી દીધા, શું આ કોઈ મોટા ખુલાસોનો આધાર છે ?**

(એજન્સી) તા.૨૯

રાહુલ ગાંધીએ મત ચોરી અંગે બીજી વખત પ્રેસ કોન્ફરન્સ યોજી. તેમણે સમજાવ્યું કે કર્ણાટકના આલેન્ડ મતવિસ્તારમાં નકલી લોગિન દ્વારા મતદારોના નામ કેવી રીતે ડિલીટ કરવામાં આવ્યા. તેમણે કહ્યું, "હું નક્કર પુરાવા સાથે વાત કરી રહ્યો છું. દેશના દલિતો અને OBC તેમના નિશાના પર છે." રાહુલે દાવો કર્યો કે કર્ણાટકના આલેન્ડ મતવિસ્તારમાં ૬,૦૧૮ મતો ડિલીટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે મતવિસ્તાર ડિલીટ કરવાના ચાર પુરાવા પણ આપ્યા. ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આરોપોનો જવાબ આપતા કહ્યું કે રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા આરોપો ખોટા અને પાયાવિહોણા છે. લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, "આલેન્ડ કર્ણાટકનો એક મતવિસ્તાર છે. કોઈએ ૬,૦૧૮ મતો કાઢી નાખવાનો પ્રયાસ કર્યો. અમને ૨૦૨૩ની ચૂંટણીમાં આલેન્ડમાં કુલ કેટલા મતો કાઢી નાખવામાં આવ્યા હતા તે ખબર નથી. આ સંખ્યા ૬,૦૧૮ કરતા ઘણી વધારે છે, પરંતુ કોઈ વ્યક્તિ તે ૬,૦૧૮ મતો કાઢી નાખતા પકડાઈ ગયો, અને તે આકસ્મિક રીતે બન્યું છે. ત્યાંના બૂથ-લેવલ ઓફિસરે જોયું કે તેના કાકાનો મત કાઢી નાખવામાં આવ્યો હતો. તેણે તપાસ કરી કે તેના કાકાનો મત કોણે કાઢી નાખ્યો અને જાણવા મળ્યું કે મત કાઢી નાખનાર વ્યક્તિ પાડોશી હતો. તેણે તેના પાડોશીને પૂછ્યું, પરંતુ તેણે કહ્યું કે તેણે કોઈ મત કાઢી નાખ્યા નથી. મત કાઢી નાખનાર વ્યક્તિ કે જેનો મત કાઢી નાખવામાં આવ્યો હતો તે વ્યક્તિ બંનેને આ વિશે ખબર ન હતી. કોઈ અન્ય પ્રક્રિયા દ્વારા આ મત કાઢી નાખવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ચાર પુરાવાઓનો ઉપયોગ કરીને પોતાનો દાવો કર્યો.

**પુરાવા નંબર ૧ - ગોદાબાઈના લોગિનનો ઉપયોગ કરીને ૧૨ લોકોના નામ કાઢી નાખવાનો આરોપ**

તેઓ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કર્યો હતો અને ૬૩ વર્ષીય ગોદાબાઈનો એક વીડિયો બતાવવામાં આવ્યો. તેમાં, તેમણે કહ્યું, "મારો મત કાઢી નાખવામાં આવ્યો હતો. મને આની કોઈ જાણકારી નથી. ગોદાબાઈના નામે નકલી લોગિન બનાવવામાં આવ્યું હતું. ૧૨ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા.

**રાહુલનો આરોપ :** રાહુલ ગાંધીએ કર્ણાટકના અલાંદમાં ૬,૦૧૮ મતદારોના નામ કાઢી નાખવાના કથિત કાવતરાનો પર્દાફાશ કર્યો. તેમણે કહ્યું કે આ નકલી લોગિન અને સોફ્ટવેર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં દલિતો અને OBCને નિશાન બનાવવામાં આવ્યા હતા.

**ચાર મુખ્ય પુરાવા :** રાહુલે ચાર ઉદાહરણો રજૂ કર્યા, જેમાં નકલી લોગિન, ખૂબ જ ટૂંકા સમયમાં ફોર્મ ભરવા અને સોફ્ટવેર દ્વારા સીરીયલ નંબર ૧ મતદારોને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે. ગોદાબાઈ અને સૂર્યકાંત જેવા લોકોની વાર્તાઓ પણ સામે આવી છે.

ચૂંટણી પંચનો પ્રતિભાવ: ચૂંટણી ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા. ECIએ જણાવ્યું હતું કે કોઈ પણ સામાન્ય વ્યક્તિ ઓનલાઈન વોટ ડિલીટ કરી શકતો નથી. આયોગે ૨૦૨૩માં આલેન્ડમાં વોટ ડિલીટ કરવાના પ્રયાસો અંગે FIR પણ નોંધાવી હતી.

**રાહુલનું આગળનું પગલું :** રાહુલે ચેતવણી આપી હતી કે એક મોટો ખુલાસો થઈ રહ્યો છે. તેમણે ચૂંટણી પંચ પર પક્ષપાત કરવાનો અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર વોટ ચોરોને બચાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે યુવાનોને સતર્ક રહેવાની પણ વિનંતી કરી હતી.

**પુરાવા નંબર ૨**

રાહુલ ગાંધીએ કહ્યું, સૂર્યકાંતજીએ ૧૪ મિનિટમાં ૧૨ મતદારોને ડિલીટ કરવા માટે ફોર્મ ભર્યું હતું. પરંતુ જ્યારે અમે તેમને પૂછ્યું કે તેમણે તે કેવી રીતે કર્યું, ત્યારે તેમણે કહ્યું, 'અમે મતદારોને ડિલીટ કર્યા નથી; અમારી પાસે તેના




વિશે કોઈ માહિતી નથી.'

**પુરાવા નંબર ૩**

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ૩૬ સેકન્ડમાં બે અરજી ફોર્મ ભરાયા હતા અને તે અશક્ય છે.

**પુરાવા નંબર ૪ :** રાહુલ ગાંધીએ કહ્યું, "હવે ચાલો સમજાવીએ કે આ કેવી રીતે થયું. તેમાં સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો. મતદારોના નામ ડિલીટ થઈ રહ્યા છે. આ સીરીયલ નંબરો જુઓ. દરેક જગ્યાએ સીરીયલ નંબર એક છે. આનો અર્થ એ થયો કે આ બૂથનો પહેલો મતદાર છે. સોફ્ટવેર બૂથના પહેલા મતદારને પસંદ કરીને ડિલીટ કરી રહ્યું છે. સોફ્ટવેર પ્રોગ્રામ કહી રહ્યું છે, "સીરીયલ નંબર ૧ પસંદ કરો અને તેના વતી ડિલીટ કરો." ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આરોપોનો જવાબ આપ્યો. તેમણે કહ્યું, "રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આરોપો ખોટા અને પાયાવિહોણા છે. કોઈપણ સામાન્ય વ્યક્તિ દ્વારા ઓનલાઈન કોઈ પણ મત ડિલીટ કરી શકાતો નથી, કારણ કે રાહુલ ગાંધીને ગેરસમજ થઈ છે."

૨૦૨૩માં, આલેન્ડ વિધાનસભા મતવિસ્તારમાં મતદારોના નામ ડિલીટ કરવાના કેટલાક નિષ્ફળ પ્રયાસો કરવામાં આવ્યા હતા, અને આ બાબતની તપાસ માટે ચૂંટણી પંચ દ્વારા જ FIR દાખલ કરવામાં આવી હતી.

**પ્રશ્નો અને જવાબો**

રાહુલ ગાંધીએ મત કાઢી નાખવા અંગે કયા આરોપો લગાવ્યા ?

રાહુલ ગાંધીએ કયા પુરાવા રજૂ કર્યા ?

આ આરોપોનો ચૂંટણી પંચે કેવી રીતે જવાબ આપ્યો ?

રાહુલ ગાંધીએ આગળ શું નિવેદન આપ્યું, અને તેમણે ચૂંટણી પંચને કઈ ચેતવણી આપી ?

શું આ બાબતનો કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ કે ઐતિહાસિક સંદર્ભ છે ?

રેકોર્ડ મુજબ, સુભાષ ગુટ્ટેદાર (ભાજપ) ૨૦૧૮માં આલંદ વિધાનસભા મતવિસ્તાર જીત્યા હતા, અને બી.આર. પાટીલ (કોંગ્રેસ) ૨૦૨૩માં જીત્યા હતા. રાહુલે કહ્યું કે, મેં મત ઉમેરાઓ વિશે વાત કરી હતી, આજે હું મત કાઢી નાખવા વિશે વાત કરી રહ્યો છું. આ કેન્દ્રીકરણ અને કોલ સેન્ટરના ઉપયોગ દ્વારા કરવામાં આવ્યા હતા. હું આ બધી માહિતી નક્કર પુરાવા સાથે પૂરી પાડી રહ્યો છું. ECI વડા જ્ઞાનેશ કુમાર મત ચોરોનું રક્ષણ કરી રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને અમારી સલાહ છે કે તમે તમારું કામ કરો. તમારે એક અઠવાડિયાની અંદર કર્ણાટક CIDને જવાબ આપવો જોઈએ. નહિંતર, એ સ્પષ્ટ થઈ જશે કે તમે ભારતના બંધારણની હત્યામાં સામેલ છો. યુવાનો તમારી પાસેથી જવાબ માંગશે. હવે હાઈડ્રોજન બોમ્બ આવી રહ્યો છે. લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, "સૌ પ્રથમ, આ હાઈડ્રોજન બોમ્બ આવી રહ્યો છે. આ દેશના યુવાનોને ચૂંટણીમાં કેવી રીતે ગોટાળા થઈ રહ્યા છે તે બતાવવા અને સમજાવવા માટે બીજો સીમાચિહ્નરૂપ છે. હવે, ચૂંટણી પંચમાંથી માહિતી આવી રહી છે, જે પહેલા આવતી ન હતી. એકવાર દેશના યુવાનોને ખબર પડશે કે છેતરપિંડી થઈ છે, તો તેઓ તેને સહન કરશે નહીં. હું પુરાવા સાથે બધું બતાવીશ; હું હમણાં પાયો નાખી રહ્યો છું; હાઈડ્રોજન બોમ્બમાં બધું સ્પષ્ટ થઈ જશે.

# વકફ કાયદા અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી શું ફેરફાર થશે ? 'કલેક્ટર અધિકારો નક્કી કરી શકશે નહીં'

**વકફ કાયદા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં, પરંતુ અનેક જોગવાઈઓ પર સ્ટે આપવામાં આવ્યો છે, જેમાં 'વકફ સ્થાપિત કરવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવું જરૂરી નથી'**

(એજન્સી) તા.૨૯

સુપ્રીમ કોર્ટે વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ને પડકારતી અરજીઓની સુનાવણી કરતી વખતે સોમવાર, ૧૫ સપ્ટેમ્બરના રોજ, એક આદેશ જારી કર્યો. સુપ્રીમ કોર્ટે સમગ્ર વકફ સુધારા અધિનિયમ, ૨૦૨૫ પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ એ.જી. મસીહની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે "વપરાશકર્તા દ્વારા વકફ"ની વિભાવનાને નાબૂદ કરવી મનસ્વી નથી અને આ જોગવાઈ પર સ્ટે મૂકવાનો કોઈ આધાર નથી. દરમિયાન, સુપ્રીમ કોર્ટે અરજદારોની દલીલને ફગાવી દીધી હતી કે આ સુધારો સરકારને હાલની વકફ મિલકતો પર કબજો કરવાની મંજૂરી આપશે. જો કે, કોર્ટે કેટલીક વિવાદાસ્પદ જોગવાઈઓ પર અસ્થાયી રૂપે સ્ટે આપ્યો હતો - જેમ કે પાંચ વર્ષ માટે ઈસ્લામનું પાલન કરવા માટે નવા વકફની આવશ્યકતા અને સરકારી અધિકારીને વિવાદો ઉકેલવાનો અધિકાર પર સ્ટે.

**કોર્ટના આદેશો અને દિશાનિર્દેશો:**

● વકફ કાયદાની કલમ ૩(૧)(r)માં એક જોગવાઈ ઉમેરવામાં આવી હતી જેમાં વ્યક્તિને વકફને મિલકત સમર્પિત કરવા માટે લાયક બનતા પહેલા ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવાની જરૂર હતી. સુપ્રીમ કોર્ટે આ શરતને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી. કોર્ટે જણાવ્યું હતું કે તેની વ્યાખ્યા અસ્પષ્ટ હતી, અને તેથી, રાજ્ય સરકારો સ્પષ્ટ નિયમો ઘડે ત્યાં સુધી આ જોગવાઈ લાગુ પડશે નહીં.

વકફ મિલકત જાહેર કરવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવું જરૂરી નથી.

● સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે કલેક્ટરને વકફ મિલકત વિવાદ પર અંતિમ નિર્ણય આપવાની સત્તા આપી શકાતી નથી. આ સત્તાના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે જ્યાં સુધી વકફ ટ્રિબ્યુનલ અથવા કોર્ટ અંતિમ નિર્ણય ન આપે ત્યાં સુધી વકફ મિલકત પર કોઈ તૃતીય પક્ષના અધિકારો આપવામાં આવશે નહીં, કે રેકોર્ડમાં ફેરફાર કરવામાં આવશે નહીં.

● કોર્ટે વકફ બોર્ડ અને સેન્ટ્રલ વકફ કાઉન્સિલમાં બિન-મુસ્લિમ સભ્યોની નિમણૂક પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો. પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે, શક્ય હોય ત્યાં સુધી, હોદ્દા પરના સભ્યો મુસ્લિમ હોવા જોઈએ. કોર્ટે એક મર્યાદા પણ નક્કી કરી હતી: સેન્ટ્રલ વકફ કાઉન્સિલના ૨૨ સભ્યોમાંથી મહત્તમ ચાર બિન-મુસ્લિમ હોઈ શકે છે. રાજ્ય વકફ બોર્ડના ૧૧ સભ્યોમાંથી મહત્તમ ત્રણ બિન-મુસ્લિમ હોઈ શકે છે.

● કલમ ૨૩ હેઠળ, બિન-મુસ્લિમને પણ વકફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે નિયુક્ત કરી શકાય છે. કોર્ટે આ જોગવાઈ પર પ્રતિબંધ મૂક્યો નથી, પરંતુ નિર્દેશ આપ્યો છે કે, શક્ય હોય ત્યાં સુધી, મુસ્લિમ સમુદાયમાંથી CEOની પસંદગી કરવી જોઈએ.

● સુપ્રીમ કોર્ટે વકફ મિલકતોની નોંધણી સંબંધિત જોગવાઈ પર પણ પ્રતિબંધ મૂક્યો નથી. કોર્ટે જણાવ્યું હતું કે આ શરત નવી નથી, પરંતુ ૧૯૯૫થી ૨૦૧૩ સુધી અમલમાં હતી. તેથી, નોંધણી ફરજિયાત બનાવવી મનસ્વી નથી. હવે, દરેક વકફ મિલકતની નોંધણી કરાવવી પડશે, અને લેખિત દસ્તાવેજ વિના કોઈ નવું વકફ બનાવી શકાશે નહીં.




**વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫ ની સમયરેખા**

વક્ફ (સુધારા) બિલ ૨૦૨૪ કેન્દ્ર સરકાર દ્વારા ૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. વ્યાપક વિરોધ પછી, તેને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું હતું. સમિતિના અહેવાલ અને લાંબી ચર્ચાઓ પછી, બિલ ૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ લોકસભામાં અને ૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં પસાર થયું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ તેને મંજૂરી આપી, અને તે ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ એક કાયદો બન્યો હતો. આ કાયદાએ અનેક વક્ફ વ્યવસ્થાપન અને નોંધણી પ્રણાલીઓમાં મોટા ફેરફારો કર્યા, જેમાં ખાસ કરીને "વપરાશકર્તા દ્વારા વક્ફ"ની વિભાવનાને નાબૂદ કરવી. આ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અરજદારોએ દલીલ કરી હતી કે આ કાયદો બંધારણના કલમ ૧૪, ૧૫, ૧૯, ૨૧, ૨૫, ૨૬, ૨૯, ૩૦ અને ૩૦૦એ હેઠળ બાંયધરીકૃત મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. કપિલ સિબ્બલ, ડૉ. રાજીવ ધવન અને ડૉ. એ.એમ. સિંઘવી જેવા વરિષ્ઠ વકીલોએ કોર્ટને જણાવ્યું હતું કે આ સુધારો મુસ્લિમ સમુદાયના અધિકારોનું "સંપૂર્ણ ઉલ્લંઘન" સમાન છે. તેઓએ ખાસ કરીને એવી જોગવાઈઓનો વિરોધ કર્યો હતો જે "વક્ફ દ્વારા વપરાશકર્તા" ને અમાન્ય બનાવે છે, નોંધણી ફરજિયાત બનાવે છે, સરકારી મિલકતોને વક્ફમાંથી બહાર કાઢવાની મંજૂરી આપે છે, વક્ફ કાઉન્સિલ અને બોર્ડની રચનામાં બિન-મુસ્લિમોનો હિસ્સો વધારે છે, અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારોમાં વક્ફને પ્રતિબંધિત કરે છે અને વક્ફ વિવાદો પર ૧૯૬૩ના સીમાંકન કાયદાને લાગુ કરે છે. દરમિયાન, ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કાયદાનો બચાવ કરતા જણાવ્યું હતું કે "વક્ફ બાય યુઝર" ની વિભાવનાના નામે મોટી સંખ્યામાં સરકારી અને ખાનગી મિલકતો પર ગેરકાયદેસર રીતે અતિક્રમણ કરવામાં આવ્યું છે. તેમણે આંધ્ર પ્રદેશ રાજ્ય વિરુદ્ધ આંધ્ર પ્રદેશ વક્ફ બોર્ડ જેવા કેસોનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં સુપ્રીમ કોર્ટે સરકારી જમીનોને વક્ફ જાહેર કરતી સૂચનાઓને રદ કરી હતી. મહેતાએ એ પણ ભાર મૂક્યો હતો કે આ સુધારો ધાર્મિક પ્રથાઓમાં દખલ કરવાનો નથી, પરંતુ વક્ફ મિલકતોના સંચાલન અને વહીવટમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે. કોર્ટે તેના નિર્ણયમાં એ પણ નોંધ્યું હતું કે ૧૯૨૩ ના મુસ્લિમ વક્ફ કાયદાથી વક્ફ મિલકતોનો દુરુપયોગ ચિંતાનો વિષય રહ્યો છે.

# લદ્દાખમાં વિરોધ પ્રદર્શન : ઉપરાજ્યપાલ સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે; વધુ બે માર્યા ગયેલા લોકોના અંતિમ સંસ્કાર માટે તૈયારીઓ

**કેન્દ્ર જમ્મુ અને કાશ્મીર, લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા અંગેની પોતાની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયું : ઓમર અબ્દુલ્લા**

(એજન્સી) તા.૨૯

એક અધિકારીએ જણાવ્યું કે, 'કર્ફ્યુવાળા વિસ્તારોમાં પરિસ્થિતિ મોટાભાગે શાંતિપૂર્ણ રહી અને ક્યાંયથી કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને અર્ધલશ્કરી દળોને મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા છે અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કડક દેખરેખ રાખી રહ્યા છે'.

તેમણે કહ્યું કે, ઉપરાજ્યપાલે સ્કુરબુચનના પૂર્વ સૈનિક ત્સેવાંગ થાર્ચિન અને હનુના રિંચેન દાદુલ (૨૧)ના અંતિમ સંસ્કારને ધ્યાનમાં રાખીને સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રાજભવન ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે.

રવિવારે (૨૮ સપ્ટેમ્બર) બે યુવાનો-સ્ટેનઝિન નામગ્યાલ (૨૪) અને જિગ્મેટ દોરજય (૨૫)ના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. શહેરમાં વ્યાપક હિંસા વચ્ચે ૨૪ સપ્ટેમ્બરના રોજ ચાર વ્યક્તિઓના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, લેહ શહેરમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત રહી છે, જ્યારે કારગિલ સહિત કેન્દ્રશાસિત પ્રદેશના અન્ય મુખ્ય ભાગોમાં પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂકતો પ્રતિબંધક આદેશ પણ અમલમાં છે.

રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિના લંબાણની માગણીઓ પર કેન્દ્ર સાથે વાટાઘાટો આગળ વધારવા માટે લેહ એપેક્સ બોડી (LAB) દ્વારા જાહેર કરવામાં આવેલા આ બંધ દરમિયાન વ્યાપક હિંસક વિરોધ પ્રદર્શન બાદ બુધવારે (૨૪ સપ્ટેમ્બર) સાંજે લેહ શહેરમાં કર્ફ્યુ લાદવામાં




આવ્યો હતો. આ અથડામણમાં લગભગ ૮૦ પોલીસકર્મીઓ સહિત ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

બે કાઉન્સિલરો સહિત ૬૦થી વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેમાં પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકનો પણ સમાવેશ થાય છે જેમને શુક્રવારે (૨૬ સપ્ટેમ્બર) રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ રાજસ્થાનની જોધપુર જેલમાં રાખવામાં આવ્યા હતા. શનિવાર (૨૭ સપ્ટેમ્બર)ના રોજ શહેરમાં તબક્કાવાર ચાર કલાક માટે કર્ફ્યુમાં છૂટછાટ આપવામાં આવી હતી અને રાહતનો સમયગાળો શાંતિપૂર્ણ રીતે પસાર થયો હતો.


# ટીવી ચર્ચામાં ભાજપના પ્રવક્તાની 'રાહુલ ગાંધીને છાતીમાં ગોળી મારીને મારી નાખવામાં આવશે' તેવી ટિપ્પણી પર કોંગ્રેસે અમિત શાહને પત્રમાં લખ્યું, "તેમણે બધી હદો પાર કરી દીધી છે"

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને લખેલા ઔપચારિક પત્રમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રવક્તા પિન્ટુ મહાદેવ સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેમાં તેમણે ટેલિવિઝન ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીને સીધી જ જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે.

૨૮ સપ્ટેમ્બરના રોજ લખાયેલા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલ દ્વારા હસ્તાક્ષરિત આ પત્રમાં ટિપ્પણીઓને 'ધ્રુજારી ઉપજાવે તેવી, ગણતરીપૂર્વકની' ગણાવી છે.

**પત્રમાં શું લખ્યું છે ?**



**કોંગ્રેસે માંગ કરી છે કે, ગૃહમંત્રી અમિત શાહ રાજકીય ચર્ચામાં 'ગુનાહિત ધાકધમકી, જાનથી મારી નાખવાની ધમકીઓ અને હિંસા'ના ઉપયોગ અંગે ભાજપનું વલણ સ્પષ્ટ કરે**

પત્રમાં કોંગ્રેસે કહ્યું કે, આ ધમકી રાજકીય વાણી-વર્તનથી આગળ વધીને વિપક્ષના નેતાને 'તાત્કાલિક ખતરામાં' મૂકી દીધી છે. તેમાં ઉમેર્યું હતું કે, મહાદેવનું નિવેદન 'જીભની ભૂલ કે બેદરકારીભર્યું અતિશયોક્તિ' નહોતું, પરંતુ હિંસા માટે ઉશ્કેરણી હતી જે બંધારણીય ગેરંટીઓ અને મૂળભૂત સુરક્ષા ખાતરીઓને નબળી પાડે છે. પાર્ટીએ વધુમાં નિર્દેશ કર્યો હતો કે, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), જે રાહુલ ગાંધીજીની સુરક્ષા સંભાળે છે, તેણે અગાઉ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રોમાં તેમના જીવન માટે અનેક જોખમો દર્શાવ્યા છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે આ સંદેશાવ્યવહાર એક 'રહસ્યમય સંજોગોમાં' મીડિયામાં લીક થયો હતો. આ પૃષ્ઠભૂમિ સામે, પાર્ટીએ દલીલ કરી હતી કે મહાદેવની ટેલિવિઝન ટિપ્પણીને એકલ-દોકલ ધમકી તરીકે જોઈ શકાય નહીં અને રાહુલ ગાંધીજી સામે હિંસાને સામાન્ય બનાવવાના વ્યાપક કાવતરા વિશે 'ગંભીર પ્રશ્નો' ઊભા કરે છે.

**આ રહ્યું સમગ્ર નિવેદન :**

**ભાજપ નેતાએ ગાંધી વિરુદ્ધ શું કહ્યું ?**

કોંગ્રેસના મતે, પ્રિન્ટુ મહાદેવ દ્વારા ન્યૂઝ૧૮ કેરળ ચર્ચા દરમિયાન આ ટિપ્પણી કરવામાં આવી હતી. પત્રમાં મહાદેવને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, 'રાહુલ ગાંધીને છાતીમાં ગોળી મારવામાં આવશે.'

પાર્ટીએ કહ્યું કે, આ એક રાજકીય નેતા સામે 'હિંસા ઉશ્કેરવાનું બેશરમ કૃત્ય' છે જે પહેલાથી જ વારંવાર ધમકીઓનો વિષય રહ્યો છે. તેમાં ઉમેર્યું હતું કે, ભાજપ સાથે જોડાયેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમાન ધમકીઓ અને હિંસા માટે હાકલ કરવામાં આવી છે, જે 'નફરતનું વાતાવરણ' હોવાની આશંકા વ્યક્ત કરે છે જે રાહુલ ગાંધીજીને સંવેદનશીલ બનાવે છે.

**કોંગ્રેસે શું માંગ કરી ?**

કોંગ્રેસે માંગ કરી હતી કે, ગૃહમંત્રી રાજકીય ચર્ચામાં 'ગુનાહિત ધાકધમકી, મૃત્યુની ધમકીઓ અને હિંસા'ના ઉપયોગ અંગે શાસક પક્ષનું વલણ સ્પષ્ટ કરે. તેણે શાહને રાજ્ય પોલીસ દ્વારા તાત્કાલિક અને અનુકરણીય કાનૂની કાર્યવાહી સુનિશ્ચિત કરવા હાકલ કરી, ચેતવણી આપી કે કાર્યવાહી કરવામાં નિષ્ફળતા ભાગીદારી સમાન હશે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'રાષ્ટ્ર તાત્કાલિક, અનુકરણીય કાનૂની કાર્યવાહીની માંગ કરે છે જેથી ન્યાય ઝડપી, દૃશ્યમાન અને ગંભીર બને'. તેમાં ઉમેર્યું હતું કે, કોઈપણ નિષ્ક્રિયતાને વિરોધ પક્ષના નેતા સામે 'હિંસાને કાયદેસર બનાવવા અને સામાન્ય બનાવવા માટે વાસ્તવિક લાઈસન્સ' આપવા તરીકે જોવામાં આવશે. પાર્ટીએ ગાંધી પરિવારના ઈતિહાસના સંદર્ભમાં પણ ધમકી આપી હતી, જેમાં ૧૯૮૪માં પૂર્વ વડાપ્રધાનો ઈન્દિરા ગાંધી અને ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પત્ર અનુસાર, રાહુલ સામે જાનથી મારી નાખવાની ધમકી 'માત્ર એક વ્યક્તિ પર હુમલો નથી; તે તે લોકશાહી ભાવના પર હુમલો છે જેનું તેઓ પ્રતિનિધિત્વ કરે છે'.

# હાઈકોર્ટનો આદેશ પોલીસ અધિકારીઓને સહયોગ પોર્ટલ દ્વારા આદેશો રદ કરવા માટે મધ્યસ્થી જારી કરવાની મંજૂરી આપશે : એલોન મસ્કના ટ્વિટરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મની અરજી પર કર્ણાટક હાઈકોર્ટના આદેશ પર ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

એલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરે સોમવાર, ૨૯ સપ્ટેમ્બરે એક નિવેદન બહાર પાડ્યું જેમાં કર્ણાટક હાઈકોર્ટે સોશિયલ મીડિયા સામગ્રી દૂર કરવાની કેન્દ્રની સત્તાને પડકારતી અરજી પર આપેલા તાજેતરના આદેશ પર ચિંતા વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મે કહ્યું કે હાઈકોર્ટના આદેશથી પોલીસ અધિકારીઓ સહયોગ પોર્ટલ દ્વારા મનસ્વી રીતે દૂર કરવાના આદેશો જારી કરી શકશે. ટ્વિટરે એમ પણ કહ્યું કે તે મુક્ત અભિવ્યક્તિનો બચાવ કરવા માટે અપીલ કરવાનું ચાલુ રાખશે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે, ટ્વિટર ભારતમાં કર્ણાટક કોર્ટના તાજેતરના આદેશથી ખૂબ જ ચિંતિત છે, જે લાખો પોલીસ અધિકારીઓને સહયોગ નામના ગુપ્ત ઓનલાઈન પોર્ટલ દ્વારા મનસ્વી રીતે દૂર કરવાના આદેશો જારી કરવાની મંજૂરી આપશે. આ નવા શાસનનો કાયદામાં કોઈ આધાર નથી, તે IT કાયદાની કલમ ૬૯-અને અવગણે છે, સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું ઉલ્લંઘન કરે છે અને ભારતીય નાગરિકોના વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ટ્વિટરે કહ્યું કે, સહયોગ પોર્ટલ પોલીસ અધિકારીઓને ન્યાયિક સમીક્ષા વિના સામગ્રી દૂર કરવાનો આદેશ આપવાની મંજૂરી આપે છે. સહયોગ અધિકારીઓને ન્યાયિક સમીક્ષા અથવા વક્તાઓ માટે યોગ્ય પ્રક્રિયા વિના ફક્ત ગેરકાયદેસરતાના આરોપોના આધારે સામગ્રી દૂર કરવાનો આદેશ આપવા સક્ષમ બનાવે છે અને પાલન ન કરવા બદલ પ્લેટફોર્મને ફોજદારી જવાબદારીની ધમકી આપે છે,ટ્વિટરે વધુમાં જણાવ્યું હતું કે,હાઈકોર્ટનો આદેશ મુખ્ય બંધારણીય મુદ્દાઓને સંબોધવામાં નિષ્ફળ ગયો છે.ટ્વિટરે આદેશ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે કંપનીને ચિંતા વ્યક્ત કરવાનો કોઈ અધિકાર નથી, કારણ કે કંપની ભારત સ્થિત નથી. ટ્વિટર ભારતીય કાયદાનું સન્માન કરે છે અને તેનું પાલન કરે છે, પરંતુ આ આદેશ અમારા પડકારમાં મુખ્ય બંધારણીય મુદ્દાઓને સંબોધવામાં નિષ્ફળ જાય છે અને બોમ્બે



હાઈકોર્ટના તાજેતરના ચુકાદા સાથે અસંગત છે કે સમાન શાસન ગેરબંધારણીય હતું. અમે આ દૃષ્ટિકોણ સાથે આદરપૂર્વક અસંમત છીએ કે વિદેશમાં અમારા નિગમને કારણે અમને આ ચિંતાઓ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી, ટ્વિટર ભારતમાં જાહેર ચર્ચામાં નોંધપાત્ર ફાળો આપે છે અને અમારા વપરાશકર્તાઓનો અવાજ અમારા પ્લેટફોર્મના હૃદયમાં છે. અમે મુક્ત અભિવ્યક્તિનો બચાવ કરવા માટે આ આદેશને અપીલ કરીશું. ૨૪ સપ્ટેમ્બરના રોજ, કર્ણાટક હાઈકોર્ટે માહિતી ટેક્નોલોજી કાયદાની કલમ ૭૯(૩)(બી) હેઠળ કેન્દ્ર સરકારના આદેશોને પડકારતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મની અરજીને ફગાવી દીધી હતી. અરજીમાં એવી ઘોષણા કરવાની માંગ કરવામાં આવી હતી કે IT કાયદાની કલમ ૭૯(૩)(બી) સરકારી અધિકારીઓને માહિતીને અવરોધિત કરવાના નિર્દેશો જારી કરવા પર પ્રતિબંધિત કરતી નથી. કોર્ટે અવલોકન કર્યું કે ટ્વિટર કોર્પ યુનાઈટેડ સ્ટેટ્સમાં ટેકડાઉન આદેશોનું પાલન કરે છે, જ્યાં ટ્વિટર હતું. યુએસ વહીવટ તેના ઉલ્લંઘનને ગુનાહિત બનાવે છે. આ વર્ષે માર્ચમાં ટ્વિટરે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં ભારત સરકાર દ્વારા માહિતી ટેક્નોલોજી કાયદાની કલમ ૭૯(૩)ના ઉપયોગને પડકારવામાં આવ્યો હતો.

# પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં રાખી શકાય નહીં : હાઈકોર્ટનો ચુકાદો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ઉત્કર્ષ દેસાઈની ખંડપીઠે એક હુકમ કરીને અવલોકન કર્યું હતું કે, મેજિસ્ટ્રેટ પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં એટલે કે સરકારી આશ્રય ગૃહમાં રાખવા માટેનો હુકમ કરી શકે નહી. આવો હુકમ મહિલાના મૂળભુત અને બંધારણીય અધિકારના ઉલ્લંઘન સમાન કહેવાય. જ્યારે એક વખત મહિલા આશ્રય ગૃહ છોડવાની માંગણી કરે તો, પછી મેજિસ્ટ્રેટ તે મહિલાને મુકત કરવા માટે બંધાયેલા છે.

કેસની વિગતો મુજબ અરજદાર મહિલાની તેની પર થયેલી દુષ્કર્મ અંગે ફરિયાદ કરવમાં આવતાં તેના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી પીડિતા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થઇ અને તેમને જાણ કરી કે, તેનો કોઈ પરિવાર નથી અને ત્યાં તે જવા માંગતી નથી. તે તેના માતા-પિતાના ઘેર પણ જવા ઈચ્છતી નથી. રાત્રે આઠ વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતાં મેજિસ્ટ્રેટે તેને તા.૩૦-૩-૨૦૨૫ના રોજ આશ્રય ગૃહમાં મોકલી આપવા હુકમ કર્યો હતો.

જો કે, બાદમાં પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી વિનંતી કરી કે, તેણીને મુકત કરવામાં આવે. જો કે, મેજિસ્ટ્રેટે તેની આ વિનંતી ફગાવી દીધી હતી. આથી પીડિતાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

પીડિતા મહિલાની અરજીમાં હાઈકોર્ટે આ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટને કોઈપણ મહિલાને આશ્રય ગૃહમાં મોકલી તેની સલામતી અને સુરક્ષાનું રક્ષણ કરવાનો આદેશ આપવાની સત્તા છે. જો કે, મહિલાને આશ્રય ગૃહમાં રાખવાનો આ આદેશ અનિશ્ચિત સમય માટે હોઈ શકે નહીં અને ખાસ કરીને તેની ઈચ્છા વિરૂદ્ધ તો હોઈ શકે જ નહીં, એક વખત જેને આશ્રય ગૃહમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિત પોતાને ત્યાંથી મુકત કરવાની વિનંતી કરે તો મેજિસ્ટ્રેટ મહિલાને મુકત કરવા માટે બંધાયેલા હોય છે. ખાસ કરીને ત્યારે કે, જ્યારે મહિલા પુખ્ત હોય અને તે આશ્રય ગૃહમાં રહેવાનો ઈન્કાર કરતી હોય.

હાઈકોર્ટે વધુમાં ઉમેર્યું કે, પ્રસ્તુત કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા કરાયેલા અવલોકન પણ અયોગ્ય છે, કારણ કે, પીડિતાને એટલા માટે આશ્રય ગૃહમાં મોકલવામાં આવી હતી કે, તેની પાસે જવા માટે બીજી કોઈ જગ્યા ન હતી. મેજિસ્ટ્રેટનો આવો હુકમ અયોગ્ય છે કારણ કે, કોઈપણ નાગરિકને તેની ઈચ્છા વિરૂદ્ધ આશ્રય ગૃહમાં રાખી શકાય નહી. મેજિસ્ટ્રેટનો આશ્રય ગૃહમાંથી બહાર નીકળવાની પરવાનગી નહીં આપવાનો હુકમ પીડિતાના પોતાની પસંદગીનું જીવન જીવવાના મૂળભુત અને બંધારણીય અધિકારના ભંગ સમાન કહી શકાય. હાઈકોર્ટે અરજદાર પીડિતાને આશ્રય ગૃહમાંથી તાત્કાલિક મુકત કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, અરજદાર સ્વતંત્ર છે અને તે પોતાનો સામાન આશ્રય ગૃહમાંથી લઈ જયાં જવું હોય ત્યાં જઈ શકવા મુકત છે.

હાઈકોર્ટે ચુકાદામાં એમ પણ સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટ સમક્ષ દુષ્કર્મની ફરિયાદ નોંધાવનારી મહિલાને સલામતી માટે આદેશ પસાર કરવાની અને પીડિતાએ પોતાના ઘેર પાછા જવાનો ઈન્કાર કર્યો હોય તે પછી તેને આશ્રય ગૃહમાં મોકલવાની મેજિસ્ટ્રેટને સત્તા છે પરંતુ તેની ઈચ્છા વિરૂદ્ધ તેને અનિશ્ચિત સમય સુધી તેને ત્યાં રાખી શકાતી નથી.

# અંજારમાં શેરી વિક્રેતાઓ માટે કાર્યશાળા યોજાઈ



(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

(સંવાદદાતા દ્વારા)

અંજાર, તા.૨૯

અંજાર શહેરમાં શેરી વિક્રેતાઓનું શહેર માટેનું મહત્વ તથા શેરી વિક્રેતા અધિનિયમ અંગે માહિતગાર કરવા માટે વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનું સંચાલન મીનાક્ષીબેન દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમની શરૂઆત વૈશાલીબેનના સ્વાગત શબ્દોથી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રોજેક્ટ કોઓર્ડિનેટર પ્રેમભાઈએ "અંજાર વિકાસ અભિયાન" હેઠળ કરવામાં આવતા વર્તમાન કાર્યો અંગે માહિતી આપી હતી. તેમણે ખાસ કરીને શહેરી સુશાસનમાં નાગરિકોની ભાગીદારી, પ્રવાસી શ્રમિકોનું કલ્યાણ, સ્લમ હાઉસિંગ સુધારા, શેરી વિક્રેતાઓની ક્ષમતા વિકાસ તથા સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડવાની કામગીરી અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યશાળામાં અરૂણાબેન દ્વારા શેરી વિક્રેતાઓ માટે સંગઠનના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જ્યારે આદિત્યભાઈએ શેરી વિક્રેતા અધિનિયમ અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

# કોડીનારમાં ધોધમાર વરસાદ : શિંગોડા ડેમ ઓવરફ્લો થતાં ત્રણ દરવાજા ખોલાયા

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૨૯

ગઈકાલે રાતથી વહેલી સવાર સુધી કોડીનાર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના પગલે જનજીવન પ્રભાવિત થયું છે. રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૮ વાગ્યા સુધીના માત્ર ૧૦ કલાકના સમયગાળામાં કોડીનારમાં ૫ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કોડીનાર અને આસપાસના વિસ્તારોમાં તેમજ મધ્ય ગીરમાં પડેલા ભારે વરસાદના કારણે જામવાળા ગીર ખાતે આવેલ શિંગોડા ડેમમાં વરસાદી પાણીની વિપુલ માત્રામાં આવક થઈ છે. પાણીની સતત આવક થતાં ડેમની સપાટી જાળવી રાખવા માટે તંત્ર દ્વારા પગલાં લેવામાં આવ્યા હતા. અગાઉ ડેમનો એક દરવાજો ૦.૦૫ મીટર જેટલો ખુલ્લો રાખવામાં



## ૧૭ ગામોને એલર્ટ કરાયા

આવ્યો હતો, જેમાં વધારો કરીને હવે ડેમના ૩ દરવાજા ૦.૬૦ મીટર સુધી ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતાં નદી કાંઠાના વિસ્તારોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શિંગોડા ડેમમાંથી પાણી છોડવાના કારણે ગીરગઢડા તાલુકાના ૨ ગામો અને કોડીનાર તાલુકાના ૧૫ ગામો મળીને કુલ ૧૭ ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે. નદીના પટમાં અવરજવર ન કરવા અને સુરક્ષિત સ્થળે ખસી જવા માટે ગ્રામજનોને સૂચના આપવામાં આવી છે. વરસાદી પાણીની સારી આવકના કારણે જિલ્લાના તમામ ડેમોમાં હાલ ભરપૂર પાણીની આવક થઈ છે, જે આગામી સમય માટે રાહતરૂપ સમાચાર છે. જો કે, તંત્ર દ્વારા લોકોને હાલ વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

# મુસ્લિમ યુવાનોને એકપક્ષીય રીતે નિશાન બનાવવાના આરોપો થઈ રહ્યા છે ત્યારે બરેલીમાં વધુ લોકોની ધરપકડ કરવામાં આવી

### મુસ્લિમ ઘરો પર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે : સમુદાયના સભ્યોનો દાવો

(એજન્સી) બરેલી, તા.૨૯

ઉત્તરપ્રદેશના બરેલીમાં મુસ્લિમ સમુદાયનો દાવો છે કે, શુક્રવારે શહેરમાં થયેલી હિંસા બાદ પોલીસ અધિકારીઓ એકપક્ષીય રીતે તેમના યુવાનોને નિશાન બનાવી રહ્યા છે અને અનેક યુવાનોની ધરપકડ કરી રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કાનપુરમાં 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો પર કાર્યવાહી સામે શાંતિપૂર્ણ પ્રદર્શનને વિખેરવા માટે કાયદા અમલીકરણ તંત્રે ક્રૂર બળનો ઉપયોગ કર્યો ત્યારે પોલીસની કડક કાર્યવાહી એકપક્ષીય હતી તે સ્પષ્ટ થઈ ગયું હતું. સમુદાયના સભ્યોનો આરોપ છે કે, મુસ્લિમ ઘરો પર ગેરકાયદેસર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે. રવિવારે પોલીસે ૧૫ લોકોની ધરપકડ કરી હતી અને શનિવારે ૧૨ ધરપકડો સાથે કુલ ૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બરેલી શહેરના પોલીસ અધિક્ષક માનુષ પરીખે જણાવ્યું હતું કે, શુક્રવારની નમાઝ પછી કેટલાક લોકોએ હોબાળો મચાવ્યો હતો, જેના કારણે તોડફોડ અને પથ્થરમારો થયો હતો. અમે અત્યાર સુધીમાં ૧૦ FIR નોંધી છે અને આરોપીઓની ઓળખ કરી રહ્યા છીએ અને તેમની ધરપકડ કરી રહ્યા છીએ. પોલીસનો દાવો છે કે, શોધખોળ અને ધરપકડ દરમિયાન તેઓએ પ્લાસ્ટિકની થેલીઓમાં સંગ્રહિત ઈંટ અને પથ્થરના ટુકડા, પાંચ જોડી જૂના ચંપલ, એક જીવંત ૧૨ બોર કારતૂસ, એક શેલમાં જીવંત ૧૩ બોર કારતૂસ અને ૩૧૫ બોર પિસ્તોલ સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વસ્તુઓનો ઉપયોગ રમખાણોમાં કથિત રીતે કરવામાં આવ્યો હતો. એસ.પી. પરીખે કહ્યું હતું કે, આ બધા કેસ શહેરી વિસ્તારો સાથે સંબંધિત છે. અમે આ બાબતની સંપૂર્ણ તપાસ કરવા, પુરાવાઓને જોડવા અને આગળની કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે ઘટનાઓનો ક્રમ નક્કી કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. આવી વધુ ઘટનાઓ અટકાવવા માટે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અજય સાહનીએ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને પીએસી કર્મચારીઓ સાથે ફ્લેગ માર્ચ યોજી હતી. જનતાને સંબોધતા તેમણે કહ્યું, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ નિયંત્રણમાં છે. અમારી ટીમો કોઈપણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમે દરેકને શાંત રહેવા અને અફવાઓથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. મુસ્લિમ રહેવાસીઓએ તેઓને અન્યાયી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. સમુદાયના સભ્ય સલીમ અહેમદે કહ્યું, 'અમે કોઈપણ સ્વરૂપમાં હિંસાની નિંદા કરીએ છીએ, પરંતુ એવું લાગે છે કે, અમારા સમુદાય પર પુરાવા વિના દોષારોપણ કરવામાં આવી રહ્યું છે. અમે શાંતિ અને ન્યાય ઈચ્છીએ છીએ. અન્ય એક રહેવાસી ફરીદા બેગમે કહ્યું કે, બરેલીમાં મુસ્લિમો હંમેશા શાંતિથી રહેતા આવ્યા છે. અમે અધિકારીઓને અપીલ કરીએ છીએ કે, તપાસ ન્યાયી અને નિષ્પક્ષ થાય. આ વિવાદ 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો પ્રદર્શિત કરવાના કોલથી શરૂ થયો હતો, જેના કારણે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે વિરોધ અને અથડામણ થઈ હતી. આ પરિસ્થિતિ હિંસામાં ફેરવાઈ ગઈ, અનેક વિસ્તારોમાં પથ્થરમારો અને તોડફોડની ઘટનાઓ નોંધાઈ હતી. સ્થાનિક મૌલવી મૌલાના તૌકીર રઝાને હિંસા ભડકાવવામાં તેમની કથિત ભૂમિકા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. મૌલાનાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જનતાને ખાતરી આપી છે કે, તપાસ નિષ્પક્ષ રહેશે અને સુરક્ષા જાળવવામાં કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં.

# સાયણમાં ઓરિસ્સાની પરિણીતાએ ગળેફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

સાયણ ટાઉનમાં રહેતા ઓરિસ્સા રાજયના શ્રમિકની ૨૪ વર્ષીય પત્નીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી છે. મુળ આરિસ્સા રાજયના ગંજામ જિલ્લાનો આધેડ શ્રમિક સુદામ નાહક બંચ્છા નાહક (ઉં.વ.૫૪)હાલમાં સાયણ સુગર ફેક્ટરીની બાજુમાં આવેલ શિવાજી નગરમાં રહેતો હતો. ટેક્ષટાઈલ કારખાનામાં લુમ્સ મશીન ચલાવવાનું કામ કરતા સુદામ નાહકની દીકરી મિનતી (ઉં.વ.૨૪)ના લગ્ન ૪ માસ પહેલા ગણેશ આદિકંદ નાહક સાથે થતાં બંન્ને દંપતિ હાલમાં સાયણ મુકામે સંકલ્પ સોસાયટીમાં રહેતા હતા. ગત રવિવાર, તા.૨૮ના રોજ પત્ની મિનતીએ તેના પતિને સાયણ બજારમાં ખરીદી કરવા જવું હતું. પરંતુ વરસાદ વધુ પડતો હોવાથી પતિએ તેને ના પાડી દીધી હતી. જેથી મિનતીને મનમાં દુઃખ થતાં પોતાની બેડરૂમમાં સિલીંગ પંખા સાથે દુપટ્ટાનો છેડો બાંધી ગળે બાંધી ગળેફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું. આ બાબતની જાણ દિકરીના પિતા સુદામ નાહકને થતાં તેમણે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી પરિણિતાના આપઘાતના રહસ્ય પરથી પડદો ઉઠાવવા વધુ તપાસ સુરત ગ્રામ્ય ડીવાય એસપી કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગર જિલ્લા LCBએ પાંચ વર્ષથી ફરાર આરોપીને અમદાવાદથી ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

સુરેન્દ્રનગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ પાંચ વર્ષથી ફરાર આરોપીને અમદાવાદથી ઝડપી પાડ્યો છે. આ આરોપી ધ્રાંગધ્રા તાલુકા અને થાનગઢ પોલીસ મથકના બે ગુનાઓમાં વોન્ટેડ હતો. ઝડપાયેલા આરોપીનું નામ ઉદયભાઈ દાદભાઈ કરપડા છે. જે મૂળ કળમાદ (મૂળી)નો રહેવાસી છે. તે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકમાં હત્યાના પ્રયાસના ગુનામાં અને થાનગઢ પોલીસ મથકમાં પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા પાંચેક વર્ષથી નાસતો ફરતો હતો. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું હતું. LCB ટીમને



ઉદયભાઈ કરપડા અમદાવાદ ખાતે હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે LCB પીઆઈ જે.જે.જાડેજા, પીએસઆઈ જે.વાય.પઠાણ, પ્રતાપસિંહ રાઠોડ, પેરોલ ટીમના દશરથભાઈ રબારી અને યુવરાજસિંહ સોલંકી સહિતની ટીમે અમદાવાદ ખાતેથી ઉદયભાઈ કરપડાને દબોચી લીધો હતો. ત્યારબાદ તેને ધ્રાંગધ્રા પોલીસ મથકે સોંપીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે સીડી પરથી પડી જતાં યુવાનનું મોત

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીમાં સીડી ઉતરતી વખતે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન યુવાનનું મોત નિપજયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નૈતિકભાઈ રાજેશભાઈ ધામેચાએ જાહેર કરેલ કે મૃતક લાલચંદ રાજકુમાર વિશ્વકર્મા (ઉ.વ.૨૭) રહે.ખડીયા નરસિંહ મહેતા યુનિવર્સીટી મુળ.ઉત્તરપ્રદેશ પ્રથમ માળેથી નીચે ઉતરતા હોય દરમ્યાન સીડીમાં લીફટની પડદી પાસે જગ્યા હોય જે જગ્યામાંથી અચાનક પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન રાજકોટ સિવિલ ખાતે મોત નિપજ્યુ છે.

# 'ફ્રી પેલેસ્ટીન'ને સમર્થન આપતા પોશાકને લીધે કેરળની શાળામાં નૃત્ય પ્રદર્શન રોકવામાં આવ્યું

### શાળાના આચાર્યએ દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી, જો કે, આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા



(એજન્સી) તા.૨૯

કેરળમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ 'ફ્રી પેલેસ્ટીન' ટી-શર્ટ પહેર્યા હતા તેના લીધે એક નૃત્ય પ્રદર્શન અચાનક જ બંધ કરવામાં આવ્યું હતું. કેરળના કન્નુર જિલ્લાની એક હાઈ સ્કૂલમાં કલાકારોએ 'ફ્રી પેલેસ્ટીન' લખેલું ટી-શર્ટ પહેર્યા બાદ એક કોલકલી (લોક કલા) નૃત્ય સ્વરૂપને આચાર્ય દ્વારા અટકાવવામાં આવ્યું હતું. આ ઘટના ૨૭ સપ્ટેમ્બરના રોજ અંજારકાન્ડી હાયર સેકન્ડરી સ્કૂલમાં તેના યુવા મહોત્સવ દરમિયાન બની હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જે ઓનલાઈન વ્યાપકપણે શેર કરવામાં આવ્યો હતો. તેમાં પ્રિન્સિપાલ સ્ટેજ પર ચાલતા અને પડદા ખેંચતા, પ્રદર્શન અટકાવતા જોવા મળે છે. તેમણે દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી. જો કે, તેઓ આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટના બાદ કેરળમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, મુસ્લિમ સ્ટુડન્ટ્સ ફેડરેશન (MSF) અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગની વિદ્યાર્થી પાંખે પ્રિન્સિપાલની કાર્યવાહી સામે શાળા તરફ વિરોધ કૂચ કરી હતી. આ શાળા ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) દ્વારા નિયંત્રિત સમાજની માલિકીની છે. કોલકલી એ ઉત્તર મલબાર ક્ષેત્રની સદીઓ જૂની લોક કલા છે, જેમાં નર્તકો લાકડીઓ સાથે વર્તુળમાં ફરે છે. તે સામાન્ય રીતે સફેદ શર્ટ અને ચેકર્ડ બોટમ્સ અને માથા પર કપડા પહેરીને નૃત્ય કરવામાં આવે છે.

# સેવન્થ ડે સ્કૂલ તપાસ દરમિયાન અન્ય પ્રકારની ગેરરીતિઓ પણ મળી આવી

### સ્કૂલે ફી કમિટીની દરખાસ્તમાં અને ઓડિટમાં ભાડાની દર્શાવેલી રકમમાં મોટો તફાવત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા હજુ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં પોતાનો અહેવાલ સુપરત કરશે. પરંતુ તપાસ દરમિયાન સ્કૂલની અનેક પ્રકારની ગેરરિતીઓ સામે આવી હોવાનું જાણવા મળે છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટીમાં રજૂ કરેલી દરખાસ્તમાં ચુકવેલા ભાડાની રકમ અને ઓડિટમાં મુકેલી ચુકવેલા ભાડાની રકમમાં ખુબ જ મોટો અંતર જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલની તપાસ માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બનાવેલી કમિટી દ્વારા અત્યાર સુધી મોટાભાગના મુદ્દાઓ પર તપાસ કરી લીધી છે. જોકે, સ્કૂલ તરફથી કમિટીને પુરતા ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા ન હોવાનું પણ જાણવા મળે છે. પરંતુ જેટલા ડોકયુમેન્ટ કમિટીને મળ્યા છે તેને જોતા સ્કૂલમાં અનેક પ્રકારની ગેરરિતીઓ હોવાનું સામે આવ્યું છે. જેથી આ તપાસ કમિટીના રિપોર્ટ બાદ સ્કૂલની ફરતે ગાળીયો મુજબત થશે તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. હાલમાં કમિટીની તપાસ અંતિમ તબક્કામાં છે અને આગામી દિવસોમાં કમિટી પોતાનો રિપોર્ટ સમબીટ કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જો કે, કમિટીની અત્યાર સુધીની તપાસમાં આવેલી અનેક પ્રકારની ગેરરિતી પૈકી ભાડાની ચુકવણીની ગેરરિતી પણ મળી છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટી સમક્ષ કરેલી દરખાસ્તમાં રૂા. ૪૦ હજાર ભાડું ચુકવવામાં આવ્યું હોવાનું દર્શાવ્યું છે. જ્યારે કમિટી સમક્ષ રજુ કરેલા ઓડિટના ડોક્યુમેન્ટમાં ભાડા પેટે રૂા. દોઢ કરોડથી વધુની રકમ ચુકવી હોવાનું દર્શાવ્યું છે. આમ, ભાડાની ચુકવણીના આંકડાઓમાં પણ ગેરરિતી જોવા મળી રહી છે. ઉપરાંત સ્કૂલ દ્વારા ઓડિટમાં સ્ટેશનરી વેચાણ પૈકી રૂ. સવા બે કરોડ જેટલી આવક હોવાનું દર્શાવ્યું છે. નિયમ મુજબ સ્કૂલ પોતાના કેમ્પસમાં બુક સ્ટોર ચલાવી શકે નહીં, પરંતુ તેમ છતાં સ્કૂલ પોતાની રીતે જ બાળકોને સ્કૂલમાંથી પુસ્તકો આપતી હોવાનું અને તેના થકી કરોડોની આવક રળતી હોવાનું સામે આવ્યું છે.

### આપઘાત કરતા પહેલા વીડિયો પણ બનાવ્યો

# કલોલના નારદીપુરના તળાવમાં ત્રણ યુવકોએ આપઘાત કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

ગાંધીનગરના કલોલમાં ૩ યુવકે આપઘાત કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. કલોલ પાસે નારદીપુર તળાવમાં પડી ૩ યુવકે આપઘાત કર્યો છે. બનાવના પગલે પોલીસે તપાસ શરુ કરી છે. આ બનાવના પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. મળેલી માહિતી પ્રમાણે આ યુવકોએ તળાવમાં કૂદીને આપઘાત કર્યો છે. નારદીપુરના તળાવમાં પડતા પહેલા આ યુવકોએ વીડિયો પણ બનાવ્યો હતો અને ઈન્સ્ટાગ્રામમાં પણ વાયરલ કર્યો હતો. એક સાથે ત્રણ યુવકે તળાવમાં પડી આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. હાલ તો અગમ્ય કારણોસર તળાવમાં પડી યુવકોએ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ યુવકોના નામ ધૈર્ય શ્રીમાળી, કૌશિક મહેરીયા, અશોક વાઘેલા હોવાનું જાણવા મળ્યું છે. રૂ પોલીસે પણ સમગ્ર બનાવની તપાસ શરુ કરી છે તથા તેમના વીડિયોની પણ ચકાસણી કરાઈ રહી છે. ત્રણેય યુવકો નારદીપુરના જ રહેવાસી છે.

# અમરેલી : સગીરાનું અપહરણ કરનાર આરોપીને પકડી પાડતી LCB

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લા તેમજ બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા અમરેલી જિલ્લા વિસ્તારમાં રહેતા ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ રાજુલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે એક ઈસમને સગીરા સાથે પકડી પાડી, મજકુરની સઘન પૂછપરછ કરતા કરણ મનુભાઈ ગોહિલ, (ઉ.વ.૨૧) (રહે.સુરત, વરાછા રોડ, મારૂતિ ચોક, નિલકંઠ સોસાયટી, ૧૦૪ ત્યાગરાજ



એપાર્ટમેન્ટ) નામ હોવાનું અને પૂછપરછ દરમ્યાન સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણનો ગુનો દાખલ થયેલ હોવાની હકીકત મળતા, મજકુર આરોપીને પકડી પાડી સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવી હતી.

# ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ મુસ્લિમોને નિશાન બનાવવાની ટીકા કરી અને પીડિતોની એકતા માટે આહ્‌વાન કર્યું

### મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામેના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની માંગ કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ દેશભરમાં વધતા જતાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ, લોકશાહી મૂલ્યો નષ્ટ થવા અને મુસ્લિમોને નિશાન બનાવવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. રવિવારે તેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને જનરલ બોડીના સંયુક્ત સત્રમાં, AIMMMએ ચેતવણી આપી હતી કે દેશ ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યો છે.




AIMMMના પ્રમુખ એડવોકેટ ફિરોઝ અહેમદે વર્તમાન વાતાવરણને ભય, ધાકધમકી અને સરમુખત્યારશાહી અતિરેકનું વાતાવરણ ગણાવ્યું અને કહ્યું કે, લોકશાહી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના અધિકારો પર સતત હુમલો થઈ રહ્યો છે. આપણું સૌથી શક્તિશાળી સાધન મતદાન છે, પરંતુ આજે, સમાજના સૌથી સંવેદનશીલ વર્ગો પાસેથી પણ તેનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે પીડિતો એક થાય, વ્યૂહરચના બનાવે અને સાથે મળીને કાર્ય કરે. આ સભામાં બરેલીમાં તાજેતરમાં થયેલી અશાંતિ અને મૌલાના તૌકીર રઝા ખાનની અન્યાયી ધરપકડની નિંદા કરવામાં આવી, તેને શાંતિપૂર્ણ અસંમતિને શાંત કરવાનો સ્પષ્ટ પ્રયાસ ગણાવવામાં આવ્યો હતો. ગુજરાત, આસામ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ભેદભાવપૂર્ણ પોલીસિંગ, તોડફોડ અને મતદારોના નામ કાઢી નાખવા દ્વારા મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તેની પણ આકરી ટીકા કરવામાં આવી હતી. AIMMMએ મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પરના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની હાકલ કરી હતી. આ સંગઠને શ્રેણીબદ્ધ ઠરાવો અપનાવ્યા જેમાં 'આઈ લવ મુહમ્મદ'ના નારાના જવાબમાં પોલીસ અતિરેકની નિંદા કરવામાં આવી અને તેને ધાર્મિક સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ સભાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. બીજા એક ઠરાવમાં મુસ્લિમ સમુદાયો, ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં, દંડાત્મક સાધન તરીકે બુલડોઝરના ઉપયોગનો સખત વિરોધ કરવામાં આવ્યો અને અસરગ્રસ્ત પરિવારો માટે કાનૂની જવાબદારી અને વળતરની માંગ કરવામાં આવી હતી.

AIMMMએ વકફ પર સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશને પણ ફગાવી દીધો અને વકફ સુધારા કાયદાને રદ કરવા, સમુદાય સ્વાયત્તતાની પુનઃસ્થાપના અને બંધારણના અનુચ્છેદ ૨૯ અને ૩૦ હેઠળ લઘુમતી અધિકારોનું રક્ષણ કરવા માટે હાકલ કરી હતી. તેણે SIR (સિસ્ટમેટિક વોટર રજિસ્ટ્રેશન) પ્રક્રિયા હેઠળ મતદારોના નામ કાઢી નાખવાની પણ નિંદા કરી અને કહ્યું કે, આ ખાસ કરીને સ્થળાંતરિત કામદારો, બેઘર અને અભણ નાગરિકોને અસર કરે છે. AIMMMએ વાજબી પ્રવેશ, સરળ પ્રક્રિયાઓ અને તમામ પાત્ર નાગરિકો માટે મતદાન અધિકારોના રક્ષણની માંગ કરી હતી. મુશાવરાતે નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં સમુદાયો વચ્ચે વ્યૂહરચનાઓ કરવા માટે અખિલ ભારતીય લઘુમતી સંમેલન બોલાવવાની યોજનાની પણ જાહેરાત કરી છે. ગાઝામાં ઈઝરાયેલી નરસંહાર યુદ્ધ પર, એક ખાસ ઠરાવમાં પેલેસ્ટીનના લોકો સાથે એકતા વ્યક્ત કરવામાં આવી, જેમાં ઈઝરાયલી આક્રમણની નિંદા કરવામાં આવી હતી. સંસ્થાએ ૧૫૭ યુએન સભ્ય દેશો દ્વારા પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવાનું સ્વાગત કર્યું અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં ન્યાય અને માનવ અધિકારોને સમર્થન આપ્યું હતું.

દિલ્હી, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત, કાશ્મીર અને અન્ય પ્રદેશોના પ્રતિનિધિઓએ સ્થાનિક આંતરદૃષ્ટિ શેર કરી અને તમામ ઠરાવોને સમર્થન આપ્યું. નોંધપાત્ર વક્તાઓમાં મૌલાના અસગર અલી ઈમામ મહેદી સલાફી, સૈયદ અઝીઝ પાશા અને કુંવર દાનિશ અલી (પૂર્વ સાંસદો), ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ડો. અનવરૂલ ઈસ્લામ, પ્રો. બશીર અહમદ ખાન અને મુહમ્મદ આસિફનો સમાવેશ થાય છે. આ સહભાગીઓએ સર્વસંમતિથી આંતરિક મતભેદો દૂર કરી, સમુદાય તાલીમ અને યુવા નેતૃત્વને પ્રાથમિકતા આપવાની અને AIMMMના હિમાયત, એકતા અને ન્યાયના મૂળ બંધારણીય આદેશને સમર્થન આપવાની જરૂરિયાત દર્શાવી હતી.

# મૂલ્યાંકનની ચિંતાઓ અને અમેરિકા સાથેના ખરાબ સંબંધો જેવા પરિબળોને લીધે ભારતમાંથી એશિયામાં સૌથી વધુ FPI આઉટફ્લો : વિદેશી રોકાણકારોએ ગયા અઠવાડિયે રૂા.૧૬,૪૨૨ કરોડ પાછા ખેંચી લીધા

(એજન્સી) તા.૨૯

FPI (વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો) ભારતીય બજારોમાંથી આક્રમક રીતે નાણાં પાછા ખેંચી રહ્યા છે, છેલ્લા અઠવાડિયામાં જ રૂા.૧૬,૪૨૨ કરોડનો આઉટફ્લો થયો છે, જે એશિયામાં સૌથી વધુ છે. આ સતત વેચવાલી ભારતના ઊંચા બજાર મૂલ્યાંકન, ધીમી કમાણી વૃદ્ધિ અને યુએસ સરકાર દ્વારા રજૂ કરાયેલા નવા નીતિગત પગલાં અંગે વધતી ચિંતાઓનું પ્રતિબિંબ છે, જેના કારણે રોકાણકારોનો વિશ્વાસ સામૂહિક રીતે ઘટી ગયો છે. FPIsનું સતત બહાર નીકળવું એ ડૉલર સામે ભારતીય રૂપિયાના અવમૂલ્યન પાછળ એક મહત્ત્વપૂર્ણ પરિબળ રહ્યું છે. પાછલા દબાણમાં વધારો કરે છે, આવી અસંગતતા ભવિષ્યના વળતર વિશે અનિશ્ચિતતા ઊભી કરે છે અને FPI પ્રવાહને ઓછો કરે છે. ડૉ.વિજય કુમારે ૨૦૨૫ દરમિયાન FPI વર્તણૂકના પેટર્ન અંગે નોંધ્યું કે વિદેશી રોકાણકારો પ્રથમ ક્વાર્ટરમાં વેચનાર રહ્યા હતા, બીજા ક્વાર્ટરમાં ખરીદદારો બન્યા અને ત્રીજા ક્વાર્ટરમાં વેચાણ ફરી શરૂ કર્યું હતું. આ મૂવમેન્ટ રોકાણકારોના સેન્ટિમેન્ટમાં પ્રવર્તમાન અનિશ્ચિતતા અને અસ્થિરતાને પ્રતિબિંબિત કરે છે. અન્ય ઉભરતા બજાર ચલણોની તુલનામાં રૂપિયાના અવમૂલ્યનથી સમસ્યા વધુ ગંભીર બની છે, કારણ કે, ચલણ

## વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગયા અઠવાડિયે ભારતીય ઈક્વિટીમાંથી રૂા.૧૬,૪૨૨ કરોડ પાછા ખેંચી લીધા છે, જે રોકાણકારોની વધતી જતી અસ્વસ્થતા અને ભારતના આર્થિક દૃષ્ટિકોણ અંગે ચિંતા વ્યક્ત કરે છે

વર્ષમાં મૂલ્યમાં ૩.૫ ટકાનો ઘટાડો થયો છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસ, ઈન્ડિયાના મુખ્ય રોકાણ વ્યૂહરચનાકાર વિજય કુમારે કહ્યું કે, છેલ્લા ૧૨ મહિનામાં ૨૧ અબજ ડૉલર FPI પાછા ખેંચવામાં આવ્યા છે. આ વેચવાલીનો સૌથી મોટો માર ભારતના બેન્ચમાર્ક સૂચકાંકો પર આવ્યો છે, જે સાત મહિનામાં સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો છે. ડૉલરની દૃષ્ટિએ વ્યાપક બજાર અન્ય ઉભરતા બજારો કરતા લગભગ ૨૬ ટકા પાછળ રહી ગયું છે, જે ભારતના આર્થિક વિકાસ માર્ગ અંગે પ્રશ્નો ઊભા કરે છે. બજારના વિશ્લેષકો આ આઉટફ્લો પાછળના પરિબળોના જટિલ નેટવર્ક તરફ નિર્દેશ કરે છે, જેમાં વૈશ્વિક મેક્રોઈકોનોમિક દબાણ અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓથી લઈને સ્થાનિક નીતિ પડકારોનો સમાવેશ થાય છે. તેમાં એક મહત્ત્વપૂર્ણ ચિંતા અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા વેપાર તણાવની છે, ખાસ કરીને અમેરિકન વહીવટીતંત્ર દ્વારા ચોક્કસ ભારતીય નિકાસ પર ટેરિફ લાદવાના નિર્ણય પછી નિકાસ-સંચાલિત ક્ષેત્રોને અસર થઈ છે અને ભારતના રોકાણ વાતાવરણ અંગે પણ ચિંતા વધી છે. ડૉ.વિજય કુમારે ઈકોનોમિક ટાઈમ્સ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, ‘અમેરિકન સરકાર દ્વારા રજૂ કરાયેલા તાજેતરના ટેરિફ પગલાએ રોકાણકારોની ચિંતામાં વધારો કર્યો છે, કારણ કે, તે વેપાર પ્રવાહને વિક્ષેપિત કરવાનો અને ભારતના મુખ્ય ક્ષેત્રો માટે વૃદ્ધિની સંભાવનાઓને નબળી પાડવાનો ભય છે. વિદેશી રોકાણકારોને વધુ સાવધ છે. ઘણી ભારતીય કંપનીઓની ઓછી કમાણી આ જોખમ વિદેશી રોકાણકારો માટે અવરોધક બની ગયું છે. અન્ય ઘણા ઉભરતા બજારો તેમના ચલણોને મજબૂત બનાવવામાં સફળ રહ્યા છે, ત્યારે ભારતના નબળા પડતા રૂપિયાથી રોકાણનો ખર્ચ વધે છે અને વિદેશી ચલણમાં રૂપાંતરિત થવા પર વળતરમાં ઘટાડો થાય છે. આ પરિબળોના સંયોજનથી ભારતના આર્થિક સ્થિતિ વિશે અસ્વસ્થતા છે. વિદેશી રોકાણ આકર્ષવા અને વૃદ્ધિને વેગ આપવાના સરકારી પ્રયાસો છતાં સતત FPI આઉટફ્લો સૂચવે છે કે, માળખાકીય મુદ્દાઓ વણઉકેલાયેલા રહ્યા છે. કેટલાક નિષ્ણાતો ચેતવણી આપે છે કે, જો આ વલણ ચાલુ રહે, તો તે ભારતના ચલણ અને શેરબજાર પર વધુ દબાણ લાવી શકે છે, જેનાથી વ્યવસાયો માટે મૂડી એકત્ર કરવાનું વધુ ખર્ચાળ બનશે અને આર્થિક વિસ્તરણની સંભાવનાઓ ઓછી થશે. વર્તમાન પરિસ્થિતિ એ પણ દર્શાવે છે કે, ભારતે આંતરરાષ્ટ્રીય સંબંધોનું સંચાલન કરતી વખતે ખાસ કરીને અમેરિકા જેવા મુખ્ય વેપાર ભાગીદારો સાથે, તેના સ્થાનિક સુધારાઓને આગળ વધારવામાં સંતુલન જાળવી રાખવું જોઈએ. આ પડકારોનો અસરકારક રીતે સામનો કરવામાં નિષ્ફળતા વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં ભારતની સ્થિતિ માટે લાંબા ગાળાના પરિણામો લાવી શકે છે. વિદેશી રોકાણકારો તેમની ફાળવણીનું પુનર્મૂલ્યાંકન કરી રહે છે અને ભારત મૂડી પલાયનના જોખમનો સામનો કરી રહ્યું છે અને તાજેતરના લાભો અને આર્થિક વિકાસની પ્રગતિને અટકાવી શકે છે.

# ‘ફ્રી પેલેસ્ટીન’ને સમર્થન આપતા પોશાકને લીધે કેરળની શાળામાં નૃત્ય પ્રદર્શન રોકવામાં આવ્યું

## શાળાના આચાર્યએ દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી, જો કે, આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા

(એજન્સી) તા.૨૯

કેરળમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ‘ફ્રી પેલેસ્ટાઈન’ ટી-શર્ટ પહેર્યા હતા તેના લીધે એક નૃત્ય પ્રદર્શન અચાનક જ બંધ કરવામાં આવ્યું હતું. કેરળના કન્નુર જિલ્લાની એક હાઈ સ્કૂલમાં કલાકારોએ ‘ફ્રી પેલેસ્ટીન’ લખેલું ટી-શર્ટ પહેર્યા બાદ એક કોલકલી (લોક કલા) નૃત્ય સ્વરૂપને આચાર્ય દ્વારા અટકાવવામાં આવ્યું હતું. આ ઘટના ૨૭ સપ્ટેમ્બરના રોજ અંજારકાન્ડી હાયર સેકન્ડરી સ્કૂલમાં તેના યુવા મહોત્સવ દરમિયાન બની હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જે ઓનલાઈન વ્યાપકપણે શેર કરવામાં આવ્યો હતો. તેમાં પ્રિન્સિપાલ સ્ટેજ પર ચાલતા અને પડદા ખેંચતા, પ્રદર્શન અટકાવતા જોવા મળે છે. તેમણે દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી. જો કે, તેઓ આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટના બાદ કેરળમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, મુસ્લિમ સ્ટુડન્ટ્સ ફેડરેશન (MSF) અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગની વિદ્યાર્થી પાંખે



પ્રિન્સિપાલની કાર્યવાહી સામે શાળા તરફ વિરોધ કૂચ કરી હતી. આ શાળા ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) દ્વારા નિયંત્રિત સમાજની માલિકીની છે. કોલકલી એ ઉત્તર મલબાર ક્ષેત્રની સદીઓ જૂની લોક કલા છે, જેમાં નર્તકો લાકડીઓ સાથે વર્તુળમાં ફરે છે. તે સામાન્ય રીતે સફેદ શર્ટ અને ચેકર્ડ બોટમ્સ અને માથા પર કપડા પહેરીને નૃત્ય કરવામાં આવે છે.

# મુસ્લિમ યુવાનોને એકપક્ષીય રીતે નિશાન બનાવવાના આરોપો થઈ રહ્યા છે ત્યારે બરેલીમાં વધુ લોકોની ધરપકડ કરવામાં આવી

## મુસ્લિમ ઘરો પર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે : સમુદાયના સભ્યોનો દાવો

(એજન્સી) બરેલી, તા.૨૯

ઉત્તરપ્રદેશના બરેલીમાં મુસ્લિમ સમુદાયનો દાવો છે કે, શુક્રવારે શહેરમાં થયેલી હિંસા બાદ પોલીસ અધિકારીઓ એકપક્ષીય રીતે તેમના યુવાનોને નિશાન બનાવી રહ્યા છે અને અનેક યુવાનોની ધરપકડ કરી રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કાનપુરમાં ‘આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)’ પોસ્ટરો પર કાર્યવાહી સામે શાંતિપૂર્ણ પ્રદર્શનને વિખેરવા માટે કાયદા અમલીકરણ તંત્રે ક્રૂર બળનો ઉપયોગ કર્યો ત્યારે પોલીસની કડક કાર્યવાહી એકપક્ષીય હતી તે સ્પષ્ટ થઈ ગયું હતું. સમુદાયના સભ્યોનો આરોપ છે કે, મુસ્લિમ ઘરો પર ગેરકાયદેસર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે. રવિવારે પોલીસે ૧૫ લોકોની ધરપકડ કરી હતી અને શનિવારે ૧૨ ધરપકડો સાથે કુલ ૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બરેલી શહેરના પોલીસ અધિક્ષક માનુષ પરીખે જણાવ્યું હતું કે, શુક્રવારની નમાઝ પછી કેટલાક લોકોએ હોબાળો મચાવ્યો હતો, જેના કારણે તોડફોડ અને પથ્થરમારો થયો હતો. અમે અત્યાર સુધીમાં ૧૦ FIR નોંધી છે અને આરોપીઓની ઓળખ કરી રહ્યા છીએ અને તેમની ધરપકડ કરી રહ્યા છીએ. પોલીસનો દાવો છે કે, શોધખોળ અને ધરપકડ દરમિયાન તેઓએ પ્લાસ્ટિકની થેલીઓમાં સંગ્રહિત ઈંટ અને પથ્થરના ટુકડા, પાંચ જોડી જૂના ચંપલ, એક જીવંત ૧૨ બોર કારતૂસ, એક શેલમાં જીવંત ૧૩ બોર કારતૂસ અને ૩૧૫ બોર પિસ્તોલ સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વસ્તુઓનો ઉપયોગ રમખાણોમાં કથિત રીતે કરવામાં આવ્યો હતો. એસ.પી. પરીખે કહ્યું હતું કે, આ બધા કેસ શહેરી વિસ્તારો સાથે સંબંધિત છે. અમે આ બાબતની સંપૂર્ણ તપાસ કરવા, પુરાવાઓને જોડવા અને આગળની કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે ઘટનાઓનો ક્રમ નક્કી કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. આવી વધુ ઘટનાઓ અટકાવવા માટે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અજય સાહનીએ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને પીએસી કર્મચારીઓ સાથે ફ્લેગ માર્ચ યોજી હતી. જનતાને સંબોધતા તેમણે કહ્યું, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ નિયંત્રણમાં છે. અમારી ટીમો કોઈપણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમે દરેકને શાંત રહેવા અને અફવાઓથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. મુસ્લિમ રહેવાસીઓએ તેઓને અન્યાયી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. સમુદાયના સભ્ય સલીમ અહેમદે કહ્યું, ‘અમે કોઈપણ સ્વરૂપમાં હિંસાની નિંદા કરીએ છીએ, પરંતુ એવું લાગે છે કે, અમારા સમુદાય પર પુરાવા વિના દોષારોપણ કરવામાં આવી રહ્યું છે. અમે શાંતિ અને ન્યાય ઈચ્છીએ છીએ. અન્ય એક રહેવાસી ફરીદા બેગમે કહ્યું કે, બરેલીમાં મુસ્લિમો હંમેશા શાંતિથી રહેતા આવ્યા છે. અમે અધિકારીઓને અપીલ કરીએ છીએ કે, તપાસ ન્યાયી અને નિષ્પક્ષ થાય. આ વિવાદ ‘આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)’ પોસ્ટરો પ્રદર્શિત કરવાના કોલથી શરૂ થયો હતો, જેના કારણે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે વિરોધ અને અથડામણ થઈ હતી. આ પરિસ્થિતિ હિંસામાં ફેરવાઈ ગઈ, અનેક વિસ્તારોમાં પથ્થરમારો અને તોડફોડની ઘટનાઓ નોંધાઈ હતી. સ્થાનિક મૌલવી મૌલાના તૌકીર રઝાને હિંસા ભડકાવવામાં તેમની કથિત ભૂમિકા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. મૌલાનાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જનતાને ખાતરી આપી છે કે, તપાસ નિષ્પક્ષ રહેશે અને સુરક્ષા જાળવવામાં કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં.

# યુપી : ‘આઈ લવ મુહમ્મદ’ પોસ્ટર લગાવનાર એકની ધરપકડ, બજરંગ દળની ફરિયાદ પર કાર્યવાહી

(એજન્સી) તા.૨૯

‘આઈ લવ મુહમ્મદ’ પોસ્ટરને લઈને ચાલી રહેલા વિવાદમાં એક નવો કિસ્સો સામે આવ્યો છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ પોલીસે કિડવાઈ નગર વિસ્તારમાં તેના ઘરની બહાર ‘આઈ લવ મુહમ્મદ’ પોસ્ટર લગાવવા બદલ ૪૫ વર્ષીય મજૂર શેરદિલની ધરપકડ



કરી છે. પોલીસ કાર્યવાહી બજરંગ દળે પોલીસ સ્ટેશનની બહાર વિસ્તારમાં પોસ્ટરો અને બેનરો સામે વિરોધ પ્રદર્શન કર્યા બાદ કરવામાં આવી હોવાનું કહેવાય છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, મોદીનગરના એસીપી અમિત સક્સેનાએ જણાવ્યું હતું કે, શેરદિલની શનિવારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૫૧ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ કલમ શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે નિવારક અટકાયતની મંજૂરી આપે છે. વિસ્તારના સ્ટેશન હાઉસ ઓફિસર, નરેશ કુમાર શર્માના જણાવ્યા અનુસાર, આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે અને સોમવારે (૨૯ સપ્ટેમ્બર) જામીન અરજી માટે કોર્ટમાં હાજર થશે. બજરંગ દળના જિલ્લા એકમના પ્રમુખ મધુર નેહરાએ આરોપ લગાવ્યો કે શહેરના ઘણા ભાગોમાં આવા જ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. નેહરા પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહ્યા હતા. તેમણે ધમકી આપી હતી કે, જો પોલીસ કાર્યવાહી નહીં કરે તો તે પોતે પોસ્ટરો હટાવી લેશે. તેમણે કહ્યું, ‘સ્થાનિક રહેવાસીઓની ફરિયાદના આધારે અમે પોલીસને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. અમને જાણ કરવામાં આવી છે કે પોલીસે કાર્યવાહી કરી છે.’ પોલીસે બાદમાં વિસ્તારમાંથી બધા પોસ્ટરો અને બેનર દૂર કર્યા. ઉલ્લેખનીય છે કે, ‘આઈ લવ મુહમ્મદ’ પોસ્ટરોને લઈને ઉત્તરપ્રદેશના ઘણા ભાગોમાં તણાવ વધી ગયો છે. ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલના વડા મૌલાના તૌકીર રઝાના આહ્‌વાન બાદ, શુક્રવારની નમાઝ પછી (૨૬ સપ્ટેમ્બર) બરેલીમાં ‘આઈ લવ મુહમ્મદ’ અભિયાનના સમર્થનમાં પ્રદર્શનો થવાના હતા. વિરોધ સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા, પરંતુ વહીવટીતંત્ર તરફથી પરવાનગી ન મળવાને કારણે, મૌલાના રઝાએ છેલ્લી ઘડીએ વિરોધ રદ કરવાની જાહેરાત કરી. વિરોધ બાદમાં પોલીસ અને ભીડ વચ્ચે ઘર્ષણમાં પરિણમ્યો. નોંધનીય છે કે, આ વિવાદ ૪ સપ્ટેમ્બરના રોજ શરૂ થયો હતો, જ્યારે કાનપુર પોલીસે ઉત્તરપ્રદેશના કાનપુરમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા શોભાયાત્રા દરમિયાન ‘આઈ લવ મુહમ્મદ’ પોસ્ટર લગાવવા બદલ કેટલાક મુસ્લિમ યુવાનો સામે કેસ નોંધ્યો હતો. **નવરાત્રિ મેળામાંથી મુસ્લિમ દુકાનદારોને દૂર કરવાની માંગ :** આ દરમિયાન, બજરંગ દળે મોદીનગરના સિકરી ખુર્દમાં મહામાયા મંદિરની બહાર યોજાતા નવરાત્રી મેળામાં મુસ્લિમ દુકાનદારોની હાજરી સામે વાંધો ઉઠાવ્યો છે. સંગઠને ACPને પત્ર લખીને આ દુકાનો દૂર કરવાની માંગ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ‘આ મેળો સંપૂર્ણપણે ધાર્મિક અને આસ્થા આધારિત છે. જો કે, કેટલાક મુસ્લિમ દુકાનદારોએ મંદિરની બહાર દુકાનો બનાવી છે, જેનાથી ભક્તોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે અને મેળાની પવિત્રતાને ખલેલ પહોંચાડી છે. જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો ભક્તોમાં ગુસ્સો ફેલાઈ શકે છે, જેના માટે વહીવટ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.’ ACP અમિત સક્સેનાએ જણાવ્યું હતું કે, પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ‘અમે મંદિરની બહાર કયા પ્રકારની દુકાનો બનાવવામાં આવી છે તેની તપાસ કરી રહ્યા છીએ. તપાસ પૂર્ણ થયા પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.’

# ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ મુસ્લિમોને નિશાન બનાવવાની ટીકા કરી અને પીડિતોની એકતા માટે આહ્‌વાન કર્યું

## મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામેના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની માંગ કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ દેશભરમાં વધતા જતાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ, લોકશાહી મૂલ્યો નષ્ટ થવા અને મુસ્લિમોને નિશાન બનાવવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. રવિવારે તેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને જનરલ બોડીના સંયુક્ત સત્રમાં, AIMMMએ ચેતવણી આપી હતી કે દેશ ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યો છે. AIMMMના પ્રમુખ એડવોકેટ ફિરોઝ અહેમદે વર્તમાન વાતાવરણને ભય, ધાકધમકી અને સરમુખત્યારશાહી અતિરેકનું વાતાવરણ ગણાવ્યું અને કહ્યું કે, લોકશાહી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના અધિકારો પર સતત હુમલો થઈ રહ્યો છે. આપણું સૌથી શક્તિશાળી સાધન મતદાન છે, પરંતુ આજે, સમાજના સૌથી સંવેદનશીલ વર્ગો પાસેથી પણ તેનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે પીડિતો એક થાય, વ્યૂહરચના બનાવે અને સાથે મળીને કાર્ય કરે. આ સભામાં બરેલીમાં તાજેતરમાં થયેલી અશાંતિ અને મૌલાના તૌકીર રઝા ખાનની અન્યાયી ધરપકડની નિંદા કરવામાં આવી, તેને શાંતિપૂર્ણ અસંમતિને શાંત કરવાનો સ્પષ્ટ પ્રયાસ ગણાવવામાં આવ્યો હતો. ગુજરાત, આસામ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ભેદભાવપૂર્ણ પોલીસિંગ, તોડફોડ અને મતદારોના નામ કાઢી નાખવા દ્વારા મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તેની પણ આકરી ટીકા કરવામાં આવી હતી. AIMMMએ મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પરના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની હાકલ કરી હતી. આ સંગઠને શ્રેણીબદ્ધ ઠરાવો અપનાવ્યા જેમાં ‘આઈ લવ મુહમ્મદ’ના નારાના જવાબમાં પોલીસ અતિરેકની નિંદા કરવામાં આવી અને તેને ધાર્મિક સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ સભાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. બીજા એક ઠરાવમાં મુસ્લિમ સમુદાયો, ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં, દંડાત્મક સાધન તરીકે બુલડોઝરના ઉપયોગનો સખત વિરોધ કરવામાં આવ્યો અને અસરગ્રસ્ત પરિવારો માટે કાનૂની જવાબદારી અને વળતરની માંગ કરવામાં આવી હતી.

AIMMMએ વક્ફ પર સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશને પણ ફગાવી દીધો અને વક્ફ સુધારા કાયદાને રદ કરવા, સમુદાય સ્વાયત્તતાની પુનઃસ્થાપના અને બંધારણના અનુચ્છેદ ૨૯ અને



૩૦ હેઠળ લઘુમતી અધિકારોનું રક્ષણ કરવા માટે હાકલ કરી હતી. તેણે SIR (સિસ્ટમેટિક વોટર રજિસ્ટ્રેશન) પ્રક્રિયા હેઠળ મતદારોના નામ કાઢી નાખવાની પણ નિંદા કરી અને કહ્યું કે, આ ખાસ કરીને સ્થળાંતરિત કામદારો, બેઘર અને અભણ નાગરિકોને અસર કરે છે. AIMMMએ વાજબી પ્રવેશ, સરળ પ્રક્રિયાઓ અને તમામ પાત્ર નાગરિકો માટે મતદાન અધિકારોના રક્ષણની માંગ કરી હતી. મુશાવરાતે નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં સમુદાયો વચ્ચે વ્યૂહરચનાઓ કરવા માટે અખિલ ભારતીય લઘુમતી સંમેલન બોલાવવાની યોજનાની પણ જાહેરાત કરી છે. ગાઝામાં ઈઝરાયેલી નરસંહાર યુદ્ધ પર, એક ખાસ ઠરાવમાં પેલેસ્ટીનના લોકો સાથે એકતા વ્યક્ત કરવામાં આવી, જેમાં ઈઝરાયલી આક્રમણની નિંદા કરવામાં આવી હતી. સંસ્થાએ ૧૫૭ યુએન સભ્ય દેશો દ્વારા પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવાનું સ્વાગત કર્યું અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં ન્યાય અને માનવ અધિકારોને સમર્થન આપ્યું હતું.

દિલ્હી, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત, કાશ્મીર અને અન્ય પ્રદેશોના પ્રતિનિધિઓએ સ્થાનિક આંતરદૃષ્ટિ શેર કરી અને તમામ ઠરાવોને સમર્થન આપ્યું. નોંધપાત્ર વક્તાઓમાં મૌલાના અસગર અલી ઈમામ મહેદી સલાફી, સૈયદ અઝીઝ પાશા અને કુંવર દાનિશ અલી (પૂર્વ સાંસદો), ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ડૉ. અનવરૂલ ઈસ્લામ, પ્રો. બશીર અહમદ ખાન અને મુહમ્મદ આસિફનો સમાવેશ થાય છે. આ સહભાગીઓએ સર્વસંમતિથી આંતરિક મતભેદો દૂર કરી, સમુદાય તાલીમ અને યુવા નેતૃત્વને પ્રાથમિકતા આપવાની અને AIMMMના હિમાયત, એકતા અને ન્યાયના મૂળ બંધારણીય આદેશને સમર્થન આપવાની જરૂરિયાત દર્શાવી હતી. ‘નાગરિક અધિકારો, વક્ફ મિલકતો અને લોકશાહી સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો સંઘર્ષ ફક્ત સમુદાયનો મુદ્દો નથી-તે એક રાષ્ટ્રીય આવશ્યકતા છે,’ એક વરિષ્ઠ સભ્યએ જાહેર કર્યું.

# ભાજપ પોતાની નિષ્ફળતાઓ સામે ગુસ્સો દબાવવા માટે ધાર્મિક મતભેદને પ્રોત્સાહન આપી રહ્યો છે : AAP નેતા

(એજન્સી) તા.૨૯

આમ આદમી પાર્ટી (AAP)એ ભારતીય જનતા પાર્ટી (BJP) પર આકરો પ્રહાર કરતા આરોપ લગાવ્યો છે કે, ભાજપ જાણી જોઈને ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક વિવાદોને વેગ આપીને બેરોજગારી, ખેડૂતોની હાલાકી, શિક્ષણ અને આરોગ્ય જેવા રાષ્ટ્રીય મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન ભટકાવી રહી છે. રવિવારે એક વીડિયો સંદેશ દ્વારા નાગરિકોને સંબોધતા AAPના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહએ કહ્યું કે તાજેતરનો “I Love Muhammad” વિરૂદ્ધ “I Love Mahadev”ના નારાનો વિવાદ કોઈ સ્વયંભૂ ઝઘડો નથી, પરંતુ ધાર્મિક જુસ્સાને ભડકાવવા અને શાસનની નિષ્ફળતા પરના જાહેર આક્રોશને દબાવવા માટેનું એક “ઊંડું ષડયંત્ર” છે.

**શાસનની નિષ્ફળતા પરથી ધ્યાન ભટકાવવાનો આરોપ**

સિંહે આક્ષેપ કર્યો, “જ્યારે પણ આ દેશના લોકો સરકારને નોકરી, શિક્ષણ કે આરોગ્ય વિશે પ્રશ્નો પૂછે છે, ત્યારે ભાજપ એક નવો વિવાદ ઊભો કરે છે.” તેમણે ઉમેર્યું, “આજે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના યુવાનો પેપર લીક સામે રસ્તા પર છે, અને લદ્દાખના લોકો સંપૂર્ણ રાજ્યનો દરજ્જો માંગી રહ્યા છે. આ સંઘર્ષોથી ધ્યાન ભટકાવવા માટે, ભાજપ જાણી જોઈને સાંપ્રદાયિક તણાવને પ્રોત્સાહન આપી રહી છે.”

સિંઘના મતે, શાસક પક્ષ વારંવાર ધાર્મિક પ્રસંગોનો ઉપયોગ અસંમતિ પેદા કરવા માટે કરે છે. તેમણે દાવો કર્યો, “ઈદના દસ દિવસ પહેલા અને દસ દિવસ પછી, તેઓ અથડામણ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે. બકરી ઈદ, હોળી, દિવાળી, નવરાત્રી અને કાંવડ યાત્રા દરમિયાન પણ વિવાદો ઊભા કરવામાં આવે છે. આ ખૂબ જ આયોજનબદ્ધ રીતે કરવામાં આવે છે.” તેમણે કહ્યું કે ધર્મને શ્રદ્ધાના પ્રતીકમાંથી હિંસાના ટ્રિગર સુધી ઘટાડી દેવામાં આવ્યો છે.

**પેપર લીક અને લદ્દાખના આંદોલનનો ઉલ્લેખ**

AAP નેતાએ રાજ્યોમાં થયેલા પેપર લીક કૌભાંડોની શ્રેણીનો પણ ઉલ્લેખ કર્યો, જે તેમના મતે લાખો યુવાનોનું ભવિષ્ય બરબાદ કરી રહ્યા છે. તેમણે કહ્યું, “ઉત્તર પ્રદેશમાં પોલીસ કોન્સ્ટેબલ, સબ-ઈન્સ્પેક્ટર, લેખપાલ અને શિક્ષકોના પેપરો લીક થયા. PCS અને જજ ભરતીની પરીક્ષાઓમાં પણ ગેરરીતિ થઈ. ઉત્તરાખંડમાં યુવાનો પેપર લીક વિરૂદ્ધ વિરોધ કરી રહ્યા છે, અને સમગ્ર દેશમાં SSC ઉમેદવારો આંદોલન કરી રહ્યા છે.”

તેમણે લદ્દાખમાં ચાલી રહેલા આંદોલનને પણ પ્રકાશિત કર્યું, જ્યાં કાર્યકર્તા સોનમ વાંગચુકની NSA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમણે આ ઘટનાને લોકશાહી માગણીઓ પ્રત્યે સરકારની અસહિષ્ણુતાના ઉદાહરણ તરીકે ગણાવી.

**“નફરતનું રાજકારણ છોડી વાસ્તવિક મુદ્દાઓ માટે લડો”**

સિંહે ભાજપ પર શાસન પ્રત્યે રસ ન હોવાનો આરોપ લગાવ્યો. “તેઓ શાળાઓ, હોસ્પિટલો, નોકરીઓ કે વેપાર આપવા માંગતા નથી. તેમનો હેતુ લોકોને વહેંચાયેલા રાખવાનો અને નફરતની રાજનીતિથી તેમનું ધ્યાન ભટકાવવાનો છે. તેથી જ, બેરોજગારી અને મોંઘવારીનો સામનો કરવાને બદલે, તેઓ દેશને ‘I Love Muhammad’ કે ‘I Love Mahadev’ જેવા નારાના વિવાદોમાં ધકેલી દે છે,” તેમણે કહ્યું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂતકાળની ટિપ્પણીની પણ યાદ અપાવી કે ઉત્તર પ્રદેશમાં યુવાનોને ગાયના છાણ દ્વારા રોજગાર મળી શકે છે. તેમણે લોકોને અપીલ કરી, “જો લોકો ખરેખર માને છે કે ગાયનું છાણ તેમની સમસ્યાઓ હલ કરશે, તો તેઓ આ વિવાદોમાં વ્યસ્ત રહી શકે છે. પરંતુ જો તેઓ સમજે છે કે આ વિવાદો નોકરી, હોસ્પિટલ કે શિક્ષણ લાવશે નહીં, તો તેમણે પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ અને સરકારને કાર્યવાહી કરવા દબાણ કરવું જોઈએ.” નફરતની રાજનીતિને નકારવા માટે નાગરિકોને આહ્‌વાન કરતાં સિંહે વીડિયોમાં નિષ્કર્ષ કાઢ્યો કે, “હવે ભારતના લોકોએ નક્કી કરવું પડશે – શું તેઓ ભાજપની જાળમાં ફસાઈ જશે કે તેમના જીવનને અસર કરતા વાસ્તવિક મુદ્દાઓ માટે લડશે ? જો આપણે ઉકેલ જોઈતા હોય, તો આપણે આપણા સંઘર્ષોને રાજકીય કાર્યવાહીમાં ફેરવવા પડશે અને જવાબદેહીની માંગ કરવી પડશે.”

# સેવન્થ ડે સ્કૂલ તપાસ દરમિયાન અન્ય પ્રકારની ગેરરીતિઓ પણ મળી આવી

## સ્કૂલની ફી કમિટીની દરખાસ્તમાં અને ઓડિટમાં ચૂકવેલ ભાડાની રકમમાં મોટો તફાવત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૯

સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા હજુ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં પોતાનો અહેવાલ સુપરત કરશે. પરંતુ તપાસ દરમિયાન સ્કૂલની અનેક પ્રકારની ગેરરિતીઓ સામે આવી હોવાનું જાણવા મળે છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટીમાં રજૂ કરેલી દરખાસ્તમાં ચુકવેલા ભાડાની રકમ અને ઓડિટમાં મુકેલી ચુકવેલા ભાડાની રકમમાં ખુબ જ મોટો અંતર જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલની તપાસ માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બનાવેલી કમિટી દ્વારા અત્યાર સુધી મોટાભાગના મુદ્દાઓ પર તપાસ કરી લીધી છે. જોકે, સ્કૂલ તરફથી કમિટીને પુરતા ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા ન હોવાનું પણ જાણવા મળે છે. પરંતુ જેટલા ડોકયુમેન્ટ કમિટીને મળ્યા છે તેને જોતા સ્કૂલમાં અનેક પ્રકારની ગરેરિતીઓ હોવાનું સામે આવ્યું છે. જેથી આ તપાસ કમિટીના રિપોર્ટ બાદ સ્કૂલની ફરતે ગાળીયો મુજબત થશે તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. હાલમાં કમિટીની તપાસ અંતિમ તબક્કામાં છે અને આગામી દિવસોમાં કમિટી પોતાનો રિપોર્ટ સમબીટ કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જો કે, કમિટીની અત્યાર સુધીની તપાસમાં આવેલી અનેક પ્રકારની ગેરરિતી પૈકી ભાડાની ચુકવણીની ગેરરિતી પણ મળી છે. જેમાં સ્કૂલ દ્વારા ફી કમિટી સમક્ષ કરેલી દરખાસ્તમાં રૂા. ૪૦ હજાર ભાડું ચુકવવામાં આવ્યું હોવાનું દર્શાવ્યું છે. જ્યારે કમિટી સમક્ષ રજુ કરેલા ઓડિટના ડોક્યુમેન્ટમાં ભાડા પેટે રૂા. દોઢ કરોડથી વધુની રકમ ચુકવી હોવાનું દર્શાવ્યું છે. આમ, ભાડાની ચુકવણીના આંકડાઓમાં પણ ગેરરિતી જોવા મળી રહી છે. ઉપરાંત સ્કૂલ દ્વારા ઓડિટમાં સ્ટેશનરી વેચાણ પૈકી રૂ. સવા બે કરોડ જેટલી આવક હોવાનું દર્શાવ્યું છે. નિયમ મુજબ સ્કૂલ પોતાના કેમ્પસમાં બુક સ્ટોર ચલાવી શકે નહીં, પરંતુ તેમ છતાં સ્કૂલ પોતાની રીતે જ બાળકોને સ્કૂલમાંથી પુસ્તકો આપતી હોવાનું અને તેના થકી કરોડોની આવક રળતી હોવાનું સામે આવ્યું છે.

## આપઘાત કરતા પહેલા વીડિયો પણ બનાવ્યો

# કલોલના નારદીપુરના તળાવમાં ત્રણ યુવકોએ આપઘાત કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૯

ગાંધીનગરના કલોલમાં ૩ યુવકે આપઘાત કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. કલોલ પાસે નારદીપુર તળાવમાં પડી ૩ યુવકે આપઘાત કર્યો છે. બનાવના પગલે પોલીસે તપાસ શરુ કરી છે. આ બનાવના પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. મળેલી માહિતી પ્રમાણે આ યુવકોએ તળાવમાં કૂદીને આપઘાત કર્યો છે. નારદીપુરના તળાવમાં પડતા પહેલા આ યુવકોએ વીડિયો પણ બનાવ્યો હતો અને ઈન્સ્ટાગ્રામમાં પણ વાયરલ કર્યો હતો. એક સાથે ત્રણ યુવકે તળાવમાં પડી આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. હાલ તો અગમ્ય કારણોસર તળાવમાં પડી યુવકોએ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ યુવકોના નામ ધૈર્ય શ્રીમાળી, કૌશિક મહેરીયા, અશોક વાઘેલા હોવાનું જાણવા મળ્યું છે.રૂ પોલીસે પણ સમગ્ર બનાવની તપાસ શરુ કરી છે તથા તેમના વીડિયોની પણ ચકાસણી કરાઈ રહી છે. ત્રણેય યુવકો નારદીપુરના જ રહેવાસી છે.

# પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં રાખી શકાય નહીં : હાઈકોર્ટનો ચુકાદો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ઉત્કર્ષ દેસાઈની ખંડપીઠે એક હુકમ કરીને અવલોકન કર્યું હતું કે, મેજિસ્ટ્રેટ પુખ્ત મહિલાને તેની ઈચ્છા વિરૂદ્ધ શેલ્ટર હોમમાં એટલે કે સરકારી આશ્રય ગૃહમાં રાખવા માટેનો હુકમ કરી શકે નહી. આવો હુકમ મહિલાના મૂળભુત અને બંધારણીય અધિકારના ઉલ્લંઘન સમાન કહેવાય. જ્યારે એક વખત મહિલા આશ્રય ગૃહ છોડવાની માંગણી કરે તો, પછી મેજિસ્ટ્રેટ તે મહિલાને મુકત કરવા માટે બંધાયેલા છે. કેસની વિગતો મુજબ અરજદાર મહિલાની તેની પર થયેલી દુષ્કર્મ અંગે ફરિયાદ કરવામાં આવતાં તેના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી પીડિતા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થઈ અને તેમને જાણ કરી કે, તેનો કોઈ પરિવાર નથી અને ત્યાં તે જવા માંગતી નથી. તે તેના માતા-પિતાના ઘેર પણ જવા ઈચ્છતી નથી. રાત્રે આઠ વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતાં મેજિસ્ટ્રેટે તેને તા.૩૦-૩-૨૦૨૫ના રોજ આશ્રય ગૃહમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. જો કે, બાદમાં પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી વિનંતી કરી કે, તેણીને મુકત કરવામાં આવે. જો કે, મેજિસ્ટ્રેટે તેની આ વિનંતી ફગાવી દીધી હતી. આથી પીડિતાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. પીડિતા મહિલાની અરજીમાં હાઈકોર્ટે આ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટને કોઈપણ મહિલાને આશ્રય ગૃહમાં મોકલી તેની સલામતી અને સુરક્ષાનું રક્ષણ કરવાનો આદેશ આપવાની સત્તા છે. જો કે, મહિલાને આશ્રય ગૃહમાં રાખવાનો આ આદેશ અનિશ્ચિત સમય માટે હોઈ શકે નહીં અને ખાસ કરીને તેની ઈચ્છા વિરૂદ્ધ તો હોઈ શકે જ નહીં, એક વખત જેને આશ્રય ગૃહમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિત પોતાને ત્યાંથી મુકત કરવાની વિનંતી કરે તો મેજિસ્ટ્રેટ મહિલાને મુકત કરવા માટે બંધાયેલા હોય છે. ખાસ કરીને ત્યારે કે, જ્યારે મહિલા પુખ્ત હોય અને તે આશ્રય ગૃહમાં રહેવાનો ઈન્કાર કરતી હોય. હાઈકોર્ટે વધુમાં ઉમેર્યું કે, પ્રસ્તુત કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા કરાયેલા અવલોકન પણ અયોગ્ય છે, કારણ કે, પીડિતાને એટલા માટે આશ્રય ગૃહમાં મોકલવામાં આવી હતી કે, તેની પાસે જવા માટે બીજી કોઈ જગ્યા ન હતી. મેજિસ્ટ્રેટનો આવો હુકમ અયોગ્ય છે કારણ કે, કોઈપણ નાગરિકને તેની ઈચ્છા વિરૂદ્ધ આશ્રય ગૃહમાં રાખી શકાય નહી. મેજિસ્ટ્રેટનો આશ્રય ગૃહમાંથી બહાર નીકળવાની પરવાનગી નહીં આપવાનો હુકમ પીડિતાના પોતાની પસંદગીનું જીવન જીવવાના મૂળભુત અને બંધારણીય અધિકારના ભંગ સમાન કહી શકાય. હાઈકોર્ટે અરજદાર પીડિતાને આશ્રય ગૃહમાંથી તાત્કાલિક મુકત કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, અરજદાર સ્વતંત્ર છે અને તે પોતાનો સામાન આશ્રય ગૃહમાંથી લઈ જ્યાં જવું હોય ત્યાં જઈ શકવા મુકત છે. હાઈકોર્ટે ચુકાદામાં એમ પણ સ્પષ્ટ કર્યું કે, મેજિસ્ટ્રેટ સમક્ષ દુષ્કર્મની ફરિયાદ નોંધાવનારી મહિલાને સલામતી માટે આદેશ પસાર કરવાની અને પીડિતાએ પોતાના ઘેર પાછા જવાનો ઈન્કાર કર્યો હોય તે પછી તેને આશ્રય ગૃહમાં મોકલવાની મેજિસ્ટ્રેટને સત્તા છે પરંતુ તેની ઈચ્છા વિરૂદ્ધ તેને અનિશ્ચિત સમય સુધી તેને ત્યાં રાખી શકાતી નથી.

# ‘દેશને મોટા કૌભાંડોથી મુક્ત કરાવ્યો’ : દિલ્હી ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી

(એજન્સી) તા.૨૯

સોમવારે દિલ્હી ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકરોને સંબોધન કર્યું. ‘ભાજપ અને એનડીએ સરકારે દેશમાં સુશાસનનું એક નવું મોડેલ રજૂ કર્યું છે. અમે વિકાસ અને વારસો બંનેના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ. અમે અમારા નાગરિકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અમે દેશને મોટા કૌભાંડોથી મુક્ત કર્યો છે અને ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં વિશ્વાસ જગાડ્યો છે,’ સમાચાર એજન્સી આઈએએનએસે વડાપ્રધાન મોદીને ટાંકીને જણાવ્યું હતું.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા પણ આ પ્રસંગે હાજર હતા. ઉદ્‌ઘાટન પછી, વડાપ્રધાન મોદીએ નવી બનેલી ઈમારતનું પણ નિરીક્ષણ કર્યું. ભાજપનું નવું કાર્યાલય દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર સ્થિત છે.

ટેરિફ વિવાદ અને અમેરિકા સાથેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે વડાપ્રધાન મોદીએ કહ્યું, ‘વિદેશી ઉત્પાદનો પર આપણી નિર્ભરતા જેટલી ઓછી થશે, તે દેશ માટે તેટલું સારૂં રહેશે.’

ભાજપના દિગ્ગજો અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજને યાદ કરતા તેમણે કહ્યું, ‘અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજ જેવા અસંખ્ય નેતાઓએ પોતાનું જીવન પાર્ટીને સમર્પિત કર્યું. દિલ્હી અને ભાજપ વચ્ચેનો સંબંધ કોઈ એક શહેર અને પાર્ટીનો નથી પરંતુ સેવા, સંસ્કૃતિ અને સારા અને ખરાબ સમયમાં ભાગીદાર બનવાનો છે. ભાજપ અહીંના લોકો સાથે જોડાયેલો છે. અમે તેમની દરેક રીતે સેવા કરી છે. જનસંઘના કાર્યકરોએ ભાગલા પછી આવનારાઓને મદદ કરી. અડવાણીજી લોકોનો અવાજ બન્યા. ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણોએ વડાપ્રધાન મોદીને ઉત્તેજિત કર્યા.’ તેમણે કહ્યું, ‘દિલ્હીના લોકો પર એક મોટો ડાઘ છે, ભાજપે તેમને બચાવવાનો પ્રયાસ કર્યો.’

‘આ તેઓ શું વિચારે છે’ : વડાપ્રધાન મોદીએ જ્યોર્જિયા મેલોનીની આત્મકથાના ભારતીય સંસ્કરણ માટે પ્રસ્તાવના લખી હતી. ૮૨૫ ચોરસ મીટરના પ્લોટ પર બનેલ આ નવી ઓફિસનો ખર્ચ રૂા.૨.૨૩ કરોડ છે. પાંચ માળની આ ઈમારતમાં પાર્કિંગ માટે બે ભોંયરાઓ પણ છે.

# ‘તેમની સામે ચાર વર્ષ પહેલાંથી કાવતરાની શરૂઆત થઈ ગઈ હતી’ : ધરપકડ કરાયેલ કાર્યકર્તા સોનમ વાંગચુકની પત્નીએ ૪૮ કલાક સંપર્ક વિહોણા રહ્યા બાદ મૌન તોડ્યું

(એજન્સી) તા.૨૯

અટકાયત કરાયેલા આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલી જે. એંગ્મોએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તેઓ તેમના પતિને લદ્દાખ માટે રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ માટે સતત ઝુંબેશ ચલાવવા બદલ નિશાન બનાવી રહ્યા છે. NDTV સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે, તેમને બે દિવસથી વધુ સમયથી તેમના ઠેકાણા વિશે કોઈ માહિતી નથી અને તેમની સામેના કેસને ચાર વર્ષ પહેલા શરૂ થયેલા કાવતરાના ભાગ તરીકે વર્ણવ્યો. અંગ્મોએ આરોપ લગાવ્યો કે શાસક પક્ષને ટેકો આપવા છતાં લદ્દાખીઓની વિધાનસભા અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ રક્ષણ માટેની માગણીઓ પૂર્ણ ન થયા પછી વાંગચુક સામે ઉત્પીડન વધ્યું. તેમણે NDTVને જણાવ્યું, ‘મુશ્કેલી ત્યારે શરૂ થઈ જ્યારે લદ્દાખીઓની વિધાનસભા મેળવવાની અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ પહાડી પ્રદેશમાં સમાવેશ કરવાની આશા અનંત રાહમાં ફેરવાઈ ગઈ, ભાજપ માટે મોટી સંખ્યામાં મતદાન કરવા અને દરેક વળાંક પર પાર્ટીને ટેકો આપવા છતાં.’ તેમણે વિદેશી ભંડોળ લાઈસન્સ પર દબાણનો ઉલ્લેખ કર્યો, જેમાં ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળ સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ (SECMOL)ના લાઈસન્સ રદ કરવાનો સમાવેશ થાય છે. એંગ્મોએ પ્રકાશનને જણાવ્યું હતું કે, ‘SECMOL પાસે ગયા અઠવાડિયા સુધી FCRA હેઠળ લાઈસન્સ પહેલાથી જ હતું, જ્યારે ગૃહ મંત્રાલયે ‘રાષ્ટ્રીય સાર્વભૌમત્વનો અભ્યાસ’ કરવા માટે વિદેશી ભંડોળનો ઉપયોગ સહિત પાંચ કથિત ઉલ્લંઘનોનો ઉલ્લેખ કરીને તેને રદ કર્યું હતું.’ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તમામ ભંડોળનો ઉપયોગ કાયદેસર શૈક્ષણિક અને વિકાસલક્ષી હેતુઓ માટે કરવામાં આવ્યો હતો. તેના પતિના પાકિસ્તાન સાથે કથિત સંબંધો હોવાના દાવાનો જવાબ આપતા, એંગ્મોએ કહ્યું કે આરોપો પાયાવિહોણા છે. ‘ગૃહ મંત્રાલય પાકિસ્તાની ગુપ્તચર અધિકારીને અહીં ફરવા દેવા માટે શું કરી રહ્યું હતું ? તેઓ તેમની ફરજમાં નિષ્ફળ ગયા છે. હું ઈચ્છું છું કે, તેમને જવાબદાર ઠેરવવામાં આવે,’ તેણીએ NDTVને કહ્યું. તેણીએ સમજાવ્યું કે વાંગચુકની પાકિસ્તાન મુલાકાત વૈજ્ઞાનિક હતી, રાજકીય નહીં, અને તે યુએન-સમર્થિત બ્રેથ પાકિસ્તાન કાર્યક્રમ જેવા આબોહવા પરિવર્તન પરિષદો સાથે જોડાયેલી હતી. એંગ્મોએ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ભડકાવવાના આરોપોને પણ નકારી કાઢ્યા, ભારપૂર્વક કહ્યું કે તેમણે તેમના ઉપવાસ સમાપ્ત કર્યા હતા અને વિરોધીઓને બચાવવા માટે અશાંતિનો વિરોધ કર્યો હતો. તેણીએ કહ્યું કે FCRA ઉલ્લંઘનમાં ‘સાર્વભૌમત્વ’ની સરકારની અર્થઘટન ખામીયુક્ત હતી.

# મૂલ્યાંકનની ચિંતાઓ અને અમેરિકા સાથેના ખરાબ સંબંધો જેવા પરિબળોને લીધે ભારતમાંથી એશિયામાં સૌથી વધુ FPI આઉટફ્લો : વિદેશી રોકાણકારોએ ગયા અઠવાડિયે રૂ.૧૬,૪૨૨ કરોડ પાછા ખેંચી લીધા

(એજન્સી) તા.૨૯

FPI (વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો) ભારતીય બજારોમાંથી આક્રમક રીતે નાણાં પાછા ખેંચી રહ્યા છે, છેલ્લા અઠવાડિયામાં જ રૂ.૧૬,૪૨૨ કરોડનો આઉટફ્લો થયો છે, જે એશિયામાં સૌથી વધુ છે. આ સતત વેચવાલી ભારતના ઊંચા બજાર મૂલ્યાંકન, ધીમી કમાણી વૃદ્ધિ અને યુએસ સરકાર દ્વારા રજૂ કરાયેલા નવા નીતિગત પગલાં અંગે વધતી ચિંતાઓનું પ્રતિબિંબ છે, જેના કારણે રોકાણકારોનો વિશ્વાસ સામૂહિક રીતે ઘટી ગયો છે. FPIsનું સતત બહાર નીકળવું એ ડૉલર સામે ભારતીય રૂપિયાના અવમૂલ્યન પાછળ એક છે. ડૉલરની દૃષ્ટિએ વ્યાપક બજાર અન્ય ઉભરતા બજારો કરતા લગભગ ૨૬ ટકા પાછળ રહી ગયું છે, જે ભારતના આર્થિક વિકાસ માર્ગ અંગે પ્રશ્નો ઊભા કરે છે. બજારના વિશ્લેષકો આ આઉટફ્લો પાછળના પરિબળોના જટિલ નેટવર્ક તરફ નિર્દેશ કરે છે, જેમાં વૈશ્વિક મેક્રોઇકોનોમિક દબાણ અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓથી લઈને સ્થાનિક નીતિ પડકારોનો સમાવેશ થાય છે. તેમાં એક મહત્ત્વપૂર્ણ ચિંતા અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા વેપાર તણાવની છે, ખાસ કરીને અમેરિકન વહીવટીતંત્ર દ્વારા ચોક્કસ ભારતીય નિકાસ પર ટેરિફ લાદવાના નિર્ણય પછી નિકાસ-સંચાલિત ક્ષેત્રોને અસર

## વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગયા અઠવાડિયે ભારતીય ઈક્વિટીમાંથી રૂ.૧૬,૪૨૨ કરોડ પાછા ખેંચી લીધા છે, જે રોકાણકારોની વધતી જતી અસ્વસ્થતા અને ભારતના આર્થિક દૃષ્ટિકોણ અંગે ચિંતા વ્યક્ત કરે છે

મહત્ત્વપૂર્ણ પરિબળ રહ્યું છે. પાછલા વર્ષમાં મૂલ્યમાં ૩.૫ ટકાનો ઘટાડો થયો છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસ, ઈન્ડિયાના મુખ્ય રોકાણ વ્યૂહરચનાકાર વિજય કુમારે કહ્યું કે, છેલ્લા ૧૨ મહિનામાં ૨૧ અબજ ડૉલર FPI પાછા ખેંચવામાં આવ્યા છે. આ વેચવાલીનો સૌથી મોટો માર ભારતના બેન્ચમાર્ક સૂચકાંકો પર આવ્યો છે, જે સાત મહિનામાં સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો થઈ છે અને ભારતના રોકાણ વાતાવરણ અંગે પણ ચિંતા વધી છે. ડૉ.વિજય કુમારે ઈકોનોમિક ટાઈમ્સ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, 'અમેરિકન સરકાર દ્વારા રજૂ કરાયેલા તાજેતરના ટેરિફ પગલાએ રોકાણકારોની ચિંતામાં વધારો કર્યો છે, કારણ કે, તે વેપાર પ્રવાહને વિક્ષેપિત કરવાનો અને ભારતના મુખ્ય ક્ષેત્રો માટે વૃદ્ધિની સંભાવનાઓને નબળી પાડવાનો ભય છે.

# કલકત્તા હાઈકોર્ટે સ્થળાંતર કરનારા બંગાળીઓના દેશનિકાલને રદ કરતાં ભારત પરત લાવવાનો આદેશ આપતા કહ્યું કે, આ કાર્યવાહી ઉતાવળમાં કરવામાં આવી હતી

**કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળના બે સ્થળાંતર કરનારા કામદાર પરિવારો સામે આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલા કેન્દ્ર સરકારના અટકાયત અને દેશનિકાલના આદેશોને રદ કર્યા છે, જેના આધારે તેમને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા, કોર્ટે કેન્દ્ર સરકારને બંગાળના બીરભૂમમાં રહેતા છ દેશનિકાલ થયેલાઓને ચાર અઠવાડિયામાં ભારત પાછા લાવવાનો પણ નિર્દેશ આપ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળના બે સ્થળાંતર કરનારા કામદાર પરિવારો સામે આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલા કેન્દ્ર સરકારના અટકાયત અને દેશનિકાલના આદેશોને રદ કર્યા છે, જેના આધારે તેમને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા. શુક્રવારે (૨૬ સપ્ટેમ્બર) ન્યાયાધીશ રીતોબ્રતો મિત્રા અને તપબ્રત ચક્રવર્તીની બેન્ચે કેન્દ્ર સરકારને પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં રહેતા છ દેશનિકાલ કરાયેલા લોકોને ચાર અઠવાડિયામાં ભારત પાછા લાવવાનો આદેશ આપ્યો હતો અને કોર્ટે કહ્યું કે, અધિકારીઓએ ઉતાવળમાં કામ કર્યું છે અને શંકાસ્પદ વિદેશીઓને દેશનિકાલ કરવા માટેની સત્તાવાર સૂચનાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન કર્યું છે.

દેશનિકાલ કરાયેલા લોકોમાં ૨૬ વર્ષીય મહિલા સુનાલી ખાતુન પણ હતી જે ગર્ભાવસ્થાના અંતિમ તબક્કામાં છે. હાઈકોર્ટનો આ આદેશ બંગાળી ભાષી મુસ્લિમ સ્થળાંતરકારો જેમાં ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે, તેમને ભારતના અનેક શહેરોમાંથી અટકાયતમાં લઈને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યાની ઘટનાઓ અંગે છે. બેન્ચે શુક્રવારે બે હેબિયસ કોર્પસ અરજીઓ પર પોતાનો આદેશ જારી કર્યો હતો જેમાં અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે રોજગારની શોધમાં દિલ્હી ગયેલા તેમના સંબંધીઓને આ વર્ષે જૂનમાં પકડવામાં આવ્યા હતા અને ત્યારબાદ દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

અરજદારો પૈકી એક, ભોદુ શેખે જણાવ્યું હતું કે, તેમની પુત્રી ખાતુન, તેના પતિ અને તેમના પુત્રને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય એક અરજદાર, આમિર ખાને જણાવ્યું હતું કે, તેમના પિતરાઈ ભાઈ અને તેના બે સગીર બાળકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેમના સંબંધીઓને ધમકી આપવામાં આવી હતી અને ગુવાહાટી થઈને બાંગ્લાદેશ મોકલતા પહેલા તેમને અજાણ્યા દસ્તાવેજો પર સહી કરાવવામાં આવી હતી.

# 'ફ્રી પેલેસ્ટીન'ને સમર્થન આપતા પોશાકને લીધે કેરળની શાળામાં નૃત્ય પ્રદર્શન રોકવામાં આવ્યું

(એજન્સી) તા.૨૯

કેરળમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ 'ફ્રી પેલેસ્ટીન' ટી-શર્ટ પહેર્યા હતા તેના લીધે એક નૃત્ય પ્રદર્શન અચાનક જ બંધ કરવામાં આવ્યું હતું. કેરળના કન્નુર જિલ્લાની એક હાઈ સ્કૂલમાં કલાકારોએ 'ફ્રી પેલેસ્ટીન' લખેલું ટી-શર્ટ પહેર્યા બાદ એક કોલકલી (લોક કલા) નૃત્ય સ્વરૂપમાં આચાર્ય દ્વારા અટકાવવામાં આવ્યું હતું. આ ઘટના ૨૭ સપ્ટેમ્બરના રોજ અંજારકાન્ડી હાયર સેકન્ડરી સ્કૂલમાં તેના યુવા મહોત્સવ દરમિયાન બની હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જે ઓનલાઈન



## શાળાના આચાર્યએ દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી, જો કે, આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા

વ્યાપકપણે શેર કરવામાં આવ્યો હતો. તેમાં પ્રિન્સિપાલ સ્ટેજ પર ચાલતા અને પડદા ખેંચતા, પ્રદર્શન અટકાવતા જોવા મળે છે. તેમણે દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ઉત્સવ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી. જો કે, તેઓ આ કયા નિયમો હતા તેનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટના બાદ કેરળમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, મુસ્લિમ સ્ટુડન્ટ્સ ફેડરેશન (MSF) અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગની વિદ્યાર્થી પાંખે પ્રિન્સિપાલની કાર્યવાહી સામે શાળા તરફ વિરોધ કૂચ કરી હતી. આ શાળા ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) દ્વારા નિયંત્રિત સમાજની માલિકીની છે. કોલકલી એ ઉત્તર મલબાર ક્ષેત્રની સદીઓ જૂની લોક કલા છે, જેમાં નર્તકો લાકડીઓ સાથે વર્તુળમાં ફરે છે. તે સામાન્ય રીતે સફેદ શર્ટ અને ચેકર્ડ બોટમ્સ અને માથા પર કપડા પહેરીને નૃત્ય કરવામાં આવે છે.

# કોંગ્રેસના કેસી વેણુગોપાલે ભાજપ પર કાવતરૂં ઘડવાનો આરોપ લગાવ્યો, રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી પર કાર્યવાહીની માંગ કરી

(એજન્સી) તા.૨૯

કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે સોમવારે ભાજપ પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવ્યો હતો જ્યારે કથિત રીતે એક પાર્ટીના પ્રવક્તાએ ટેલિવિઝન પરની ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વેણુગોપાલે આ ધમકીને 'મોટા કાવતરા'નો ભાગ ગણાવી અને કહ્યું કે તેમણે ગૃહ મંત્રાલયને લખેલા પત્રનો હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

કે.સી. વેણુગોપાલે ગૃહપ્રધાન અમિત શાહને પત્ર લખીને કથિત ધમકી આપનાર ભાજપના નેતા સામે કાર્યવાહીની માંગ કરી છે.

આ મામલે બોલતા વેણુગોપાલે સોમવારે કહ્યું, 'આ એક ખુલ્લી ધમકી છે. મને ખબર નથી કે કેરળ પોલીસ કેમ કોઈ કાર્યવાહી નથી કરી રહી. તેથી જ અમે ગૃહપ્રધાન અમિત શાહને પત્ર લખ્યો છે. સીઆરપીએફ (CRPF) રાહુલ ગાંધીને સુરક્ષા શ્રેણીઓ પર પત્રો આપી રહી છે અને તેઓ પોતે માહિતી લીક કરી રહ્યા છે. અહીં ભાજપના પ્રવક્તા તરફથી સ્પષ્ટ ધમકી છે. અમે બધા વિચારી રહ્યા છીએ કે આ એક મોટા કાવતરાનો ભાગ છે. મને ગૃહ મંત્રાલય તરફથી કોઈ જવાબ મળ્યો નથી.'

તેમણે આગળ ભાજપ પાસેથી જવાબની માંગ કરી, 'અમે ભાજપ પાસેથી જાણવા માંગીએ છીએ કે શું આ તેમનું સત્તાવાર વલણ છે; અન્યથા, તેઓએ પ્રવક્તા સામે કાર્યવાહી કરવી જોઈએ. ભાજપ આ મુદ્દે મૌન છે.'

અગાઉ કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે રવિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખીને કેરળમાં ભાજપના એક નેતા સામે ટેલિવિઝન પરની ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ કાર્યવાહીની માંગ કરી હતી. શાહને લખેલા પત્રમાં કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, 'ભાજપના પ્રવક્તા' પ્રિન્ટુ મહાદેવ સામે ઝડપથી કાર્યવાહી કરવામાં 'નિષ્ફળતા'ને લોકસભામાં વિપક્ષના નેતા સામેની 'હિંસાને માન્યતા આપવી અને તેનામાં સંડોવણી' ગણવામાં આવશે અને કેન્દ્રીય ગૃહ પ્રધાન તરીકે લીધેલા શપથનું 'ગંભીર ઉલ્લંઘન' ગણવામાં આવશે.

વેણુગોપાલના પત્ર મુજબ ન્યૂઝ૧૮ કેરળની ટેલિવિઝન ચર્ચામાં ભાજપના પ્રવક્તાએ કથિત રીતે જાહેર કર્યું હતું કે, 'રાહુલ ગાંધીની છાતીમાં ગોળી મારવામાં આવશે.'

વેણુગોપાલે પત્રમાં કહ્યું હતું કે, 'હિંસા ભડકાવવાના એક નીડર કૃત્યમાં, શ્રી મહાદેવે ખુલ્લેઆમ જાહેર કર્યું કે, 'રાહુલ ગાંધીની છાતીમાં ગોળી મારવામાં આવશે.' આ ન તો જીભની લપસણી છે કે ન તો બેદરકાર અતિશયોક્તિ. તે વિપક્ષના નેતા અને ભારતના અગ્રણી રાજકીય નેતાઓમાંના એક વિરૂદ્ધ ઠંડી, ગણતરીપૂર્વક અને ક્રૂરતાથી દેનારી મૃત્યુની ધમકી છે.'

પત્રમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે, આ ધમકીઓ માત્ર વિપક્ષી નેતાને જ જોખમમાં મૂકે છે એટલું જ નહીં પરંતુ બંધારણ અને કાયદાના શાસનને પણ જોખમમાં મૂકે છે.

કોંગ્રેસના નેતાએ કહ્યું, 'સત્તાધારી પક્ષના સત્તાવાર પ્રવક્તા દ્વારા આવા ઠંડા શબ્દો ઉચ્ચારવામાં આવે તે માત્ર શ્રી રાહુલ ગાંધીના જીવનને તાત્કાલિક જોખમમાં મૂકે છે એટલું જ નહીં, પરંતુ તે બંધારણ, કાયદાના શાસન અને દરેક નાગરિકની સલામતીમાં લોકોના વિશ્વાસને પણ નબળો પાડે છે.' કોંગ્રેસના સચિવે એવું પણ નોંધ્યું હતું કે, જેમણે એક્સ (X) પરની પોસ્ટમાં પત્ર પોસ્ટ કર્યો હતો.

વધુમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) દ્વારા રાહુલ ગાંધીની સુરક્ષા માટેના જોખમો વિશે વારંવાર પત્રો મોકલવા અને કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને સંબોધિત એક આવા પત્ર જેવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને, વેણુગોપાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવી ટિપ્પણીઓ અત્યંત ચિંતાજનક છે. કોંગ્રેસના સચિવે એવું પણ કહ્યું હતું કે, આ વર્તન એક ખતરનાક પેટર્ન અને અનિયંત્રિત કાવતરાનું સૂચક છે, જેનો હેતુ રાહુલ ગાંધી વિરોધી હિંસાને ન્યાયી ઠેરવવાનો છે.

# યુપી : 'આઈ લવ મુહમ્મદ' પોસ્ટર લગાવનાર એકની ધરપકડ, બજરંગ દળની ફરિયાદ પર કાર્યવાહી

(એજન્સી) તા.૨૯

'આઈ લવ મુહમ્મદ' પોસ્ટરને લઈને ચાલી રહેલા વિવાદમાં એક નવો કિસ્સો સામે આવ્યો છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ પોલીસે કિડવાઈ નગર વિસ્તારમાં તેના ઘરની બહાર 'આઈ લવ મુહમ્મદ' પોસ્ટર લગાવવા બદલ ૪૫ વર્ષીય મજૂર શેરદિલની ધરપકડ



કરી છે. પોલીસ કાર્યવાહી બજરંગ દળે પોલીસ સ્ટેશનની બહાર વિસ્તારમાં પોસ્ટરો અને બેનરો સામે વિરોધ પ્રદર્શન કર્યા બાદ કરવામાં આવી હોવાનું કહેવાય છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, મોદીનગરના એસીપી અમિત સક્સેનાએ જણાવ્યું હતું કે, શેરદિલની શનિવારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૫૧ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ કલમ શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે નિવારક અટકાયતની મંજૂરી આપે છે. વિસ્તારના સ્ટેશન હાઉસ ઓફિસર, નરેશ કુમાર શર્માના જણાવ્યા અનુસાર, આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે અને સોમવારે (૨૯ સપ્ટેમ્બર) જામીન અરજી માટે કોર્ટમાં હાજર થશે. બજરંગ દળના જિલ્લા એકમના પ્રમુખ મધુર નેહરાએ આરોપ લગાવ્યો કે શહેરના ઘણા ભાગોમાં આવા જ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. નેહરા પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહ્યા હતા. તેમણે ધમકી આપી હતી કે, જો પોલીસ કાર્યવાહી નહીં કરે તો તે પોતે પોસ્ટરો હટાવી લેશે. તેમણે કહ્યું, 'સ્થાનિક રહેવાસીઓની ફરિયાદના આધારે અમે પોલીસને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. અમને જાણ કરવામાં આવી છે કે પોલીસે કાર્યવાહી કરી છે.' પોલીસે બાદમાં વિસ્તારમાંથી બધા પોસ્ટરો અને બેનર દૂર કર્યા. ઉલ્લેખનીય છે કે, 'આઈ લવ મુહમ્મદ' પોસ્ટરોને લઈને ઉત્તરપ્રદેશના ઘણા ભાગોમાં તણાવ વધી ગયો છે. ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલના વડા મૌલાના તૌકીર રઝાના આહ્‌વાન બાદ, શુક્રવારની નમાઝ પછી (૨૬ સપ્ટેમ્બર) બરેલીમાં 'આઈ લવ મુહમ્મદ' અભિયાનના સમર્થનમાં પ્રદર્શનો થવાના હતા. વિરોધ સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા, પરંતુ વહીવટીતંત્ર તરફથી પરવાનગી ન મળવાને કારણે, મૌલાના રઝાએ છેલ્લી ઘડીએ વિરોધ રદ કરવાની જાહેરાત કરી. વિરોધ બાદમાં પોલીસ અને ભીડ વચ્ચે ઘર્ષણમાં પરિણમ્યો. નોંધનીય છે કે, આ વિવાદ ૪ સપ્ટેમ્બરના રોજ શરૂ થયો હતો, જ્યારે કાનપુર પોલીસે ઉત્તરપ્રદેશના કાનપુરમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા શોભાયાત્રા દરમિયાન 'આઈ લવ મુહમ્મદ' પોસ્ટર લગાવવા બદલ કેટલાક મુસ્લિમ યુવાનો સામે કેસ નોંધ્યો હતો. **નવરાત્રિ મેળામાંથી મુસ્લિમ દુકાનદારોને દૂર કરવાની માંગ :** આ દરમિયાન, બજરંગ દળે મોદીનગરના સિકરી ખુર્દમાં મહામાયા મંદિરની બહાર યોજાતા નવરાત્રી મેળામાં મુસ્લિમ દુકાનદારોની હાજરી સામે વાંધો ઉઠાવ્યો છે. સંગઠને ACPને પત્ર લખીને આ દુકાનો દૂર કરવાની માંગ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'આ મેળો સંપૂર્ણપણે ધાર્મિક અને આસ્થા આધારિત છે. જો કે, કેટલાક મુસ્લિમ દુકાનદારોએ મંદિરની બહાર દુકાનો બનાવી છે, જેનાથી ભક્તોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે અને મેળાની પવિત્રતાને ખલેલ પહોંચાડી છે. જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો ભક્તોમાં ગુસ્સો ફેલાઈ શકે છે, જેના માટે વહીવટ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.' ACP અમિત સક્સેનાએ જણાવ્યું હતું કે, પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, 'અમે મંદિરની બહાર કયા પ્રકારની દુકાનો બનાવવામાં આવી છે તેની તપાસ કરી રહ્યા છીએ. તપાસ પૂર્ણ થયા પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.'

# ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ મુસ્લિમોને નિશાન બનાવવાની ટીકા કરી અને પીડિતોની એકતા માટે આહ્‌વાન કર્યું

**મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામેના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની માંગ કરવામાં આવી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ દેશભરમાં વધતા જતાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ, લોકશાહી મૂલ્યો નષ્ટ થવા અને મુસ્લિમોને નિશાન બનાવવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. રવિવારે તેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને જનરલ બોડીના સંયુક્ત સત્રમાં, AIMMMએ ચેતવણી આપી હતી કે દેશ ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યો છે. AIMMMના પ્રમુખ એડવોકેટ ફિરોઝ અહેમદે વર્તમાન વાતાવરણને ભય, ધાકધમકી અને સરમુખત્યારશાહી અતિરેકનું વાતાવરણ ગણાવ્યું અને કહ્યું કે, લોકશાહી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના અધિકારો પર સતત હુમલો થઈ રહ્યો છે. આપણું સૌથી શક્તિશાળી સાધન મતદાન છે, પરંતુ આજે, સમાજના સૌથી સંવેદનશીલ વર્ગો પાસેથી પણ તેનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે પીડિતો એક થાય, વ્યૂહરચના બનાવે અને સાથે મળીને કાર્ય કરે. આ સભામાં બરેલીમાં તાજેતરમાં થયેલી અશાંતિ અને મૌલાના તૌકીર રઝા ખાનની અન્યાયી ધરપકડની નિંદા કરવામાં આવી, તેને શાંતિપૂર્ણ અસંમતિને શાંત કરવાનો સ્પષ્ટ પ્રયાસ ગણાવવામાં આવ્યો હતો. ગુજરાત, આસામ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ભેદભાવપૂર્ણ પોલીસિંગ, તોડફોડ અને મતદારોના નામ કાઢી નાખવા દ્વારા મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તેની પણ આકરી ટીકા કરવામાં આવી હતી. AIMMMએ મૌલાના તૌકીર રઝાને તાત્કાલિક મુક્ત કરવા અને બરેલીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પરના તમામ પાયાવિહોણા આરોપો પાછા ખેંચવાની હાકલ કરી હતી. આ સંગઠને શ્રેણીબદ્ધ ઠરાવો અપનાવ્યા જેમાં 'આઈ લવ મુહમ્મદ'ના નારાના જવાબમાં પોલીસ અતિરેકની નિંદા કરવામાં આવી અને તેને ધાર્મિક સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ સભાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. બીજા એક ઠરાવમાં મુસ્લિમ સમુદાયો, ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં, દંડાત્મક સાધન તરીકે બુલડોઝરના ઉપયોગનો સખત વિરોધ કરવામાં આવ્યો અને અસરગ્રસ્ત પરિવારો માટે કાનૂની જવાબદારી અને વળતરની માંગ કરવામાં આવી હતી.

AIMMMએ વકફ પર સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશને પણ ફગાવી દીધો અને વકફ સુધારા કાયદાને રદ કરવા, સમુદાય સ્વાયત્તતાની પુનઃસ્થાપના અને બંધારણના અનુચ્છેદ ૨૯ અને



૩૦ હેઠળ લઘુમતી અધિકારોનું રક્ષણ કરવા માટે હાકલ કરી હતી. તેણે SIR (સિસ્ટમેટિક વોટર રજિસ્ટ્રેશન) પ્રક્રિયા હેઠળ મતદારોના નામ કાઢી નાખવાની પણ નિંદા કરી અને કહ્યું કે, આ ખાસ કરીને સ્થળાંતરિત કામદારો, બેઘર અને અભણ નાગરિકોને અસર કરે છે. AIMMMએ વાજબી પ્રવેશ, સરળ પ્રક્રિયાઓ અને તમામ પાત્ર નાગરિકો માટે મતદાન અધિકારોના રક્ષણની માંગ કરી હતી. મુશાવરાતે નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં સમુદાયો વચ્ચે વ્યૂહરચનાઓ કરવા માટે અખિલ ભારતીય લઘુમતી સંમેલન બોલાવવાની યોજનાની પણ જાહેરાત કરી છે. ગાઝામાં ઈઝરાયેલી નરસંહાર યુદ્ધ પર, એક ખાસ ઠરાવમાં પેલેસ્ટીનના લોકો સાથે એકતા વ્યક્ત કરવામાં આવી, જેમાં ઈઝરાયલી આક્રમણની નિંદા કરવામાં આવી હતી. સંસ્થાએ ૧૫૭ યુએન સભ્ય દેશો દ્વારા પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવાનું સ્વાગત કર્યું અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં ન્યાય અને માનવ અધિકારોને સમર્થન આપ્યું હતું. દિલ્હી, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત, કાશ્મીર અને અન્ય પ્રદેશોના પ્રતિનિધિઓએ સ્થાનિક આંતરદૃષ્ટિ શેર કરી અને તમામ ઠરાવોને સમર્થન આપ્યું. નોંધપાત્ર વક્તાઓમાં મૌલાના અસગર અલી ઈમામ મહેદી સલાફી, સૈયદ અઝીઝ પાશા અને કુંવર દાનિશ અલી (પૂર્વ સાંસદો), ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ડૉ. અનવરૂલ ઈસ્લામ, પ્રો. બશીર અહમદ ખાન અને મુહમ્મદ આસિફનો સમાવેશ થાય છે. આ સહભાગીઓએ સર્વસંમતિથી આંતરિક મતભેદો દૂર કરી, સમુદાય તાલીમ અને યુવા નેતૃત્વને પ્રાથમિકતા આપવાની અને AIMMMના હિમાયત, એકતા અને ન્યાયના મૂળ બંધારણીય આદેશને સમર્થન આપવાની જરૂરિયાત દર્શાવી હતી. 'નાગરિક અધિકારો, વકફ મિલકતો અને લોકશાહી સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો સંઘર્ષ ફક્ત સમુદાયનો મુદ્દો નથી-તે એક રાષ્ટ્રીય આવશ્યકતા છે,' એક વરિષ્ઠ સભ્યએ જાહેર કર્યું.

# ભાજપ પોતાની નિષ્ફળતાઓ સામે ગુસ્સો દબાવવા માટે ધાર્મિક મતભેદને પ્રોત્સાહન આપી રહ્યો છે : AAP નેતા

(એજન્સી) તા.૨૯

આમ આદમી પાર્ટી (AAP)એ ભારતીય જનતા પાર્ટી (BJP) પર આકરો પ્રહાર કરતા આરોપ લગાવ્યો છે કે, ભાજપ જાણી જોઈને ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક વિવાદોને વેગ આપીને બેરોજગારી, ખેડૂતોની હાલાકી, શિક્ષણ અને આરોગ્ય જેવા રાષ્ટ્રીય મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન ભટકાવી રહી છે. રવિવારે એક વીડિયો સંદેશ દ્વારા નાગરિકોને સંબોધતા AAPના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહએ કહ્યું કે તાજેતરનો "I Love Muhammad" વિરૂદ્ધ "I Love Mahadev"ના નારાનો વિવાદ કોઈ સ્વયંભૂ ઝઘડો નથી, પરંતુ ધાર્મિક જુસ્સાને ભડકાવવા અને શાસનની નિષ્ફળતા પરના જાહેર આક્રોશને દબાવવા માટેનું એક "ઊંડું ષડયંત્ર" છે.

**શાસનની નિષ્ફળતા પરથી ધ્યાન ભટકાવવાનો આરોપ**

સિંહે આક્ષેપ કર્યો, "જ્યારે પણ આ દેશના લોકો સરકારને નોકરી, શિક્ષણ કે આરોગ્ય વિશે પ્રશ્નો પૂછે છે, ત્યારે ભાજપ એક નવો વિવાદ ઊભો કરે છે." તેમણે ઉમેર્યું, "આજે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના યુવાનો પેપર લીક સામે રસ્તા પર છે, અને લદ્દાખના લોકો સંપૂર્ણ રાજ્યનો દરજ્જો માંગી રહ્યા છે. આ સંઘર્ષોથી ધ્યાન ભટકાવવા માટે, ભાજપ જાણી જોઈને સાંપ્રદાયિક તણાવને પ્રોત્સાહન આપી રહી છે."

સિંઘના મતે, શાસક પક્ષ વારંવાર ધાર્મિક પ્રસંગોનો ઉપયોગ અસંમતિ પેદા કરવા માટે કરે છે. તેમણે દાવો કર્યો, "ઈદના દસ દિવસ પહેલા અને દસ દિવસ પછી, તેઓ અથડામણ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે. બકરી ઈદ, હોળી, દિવાળી, નવરાત્રી અને કાંવડ યાત્રા દરમિયાન પણ વિવાદો ઊભા કરવામાં આવે છે. આ ખૂબ જ આયોજનબદ્ધ રીતે કરવામાં આવે છે." તેમણે કહ્યું કે ધર્મને શ્રદ્ધાના પ્રતીકમાંથી હિંસાના ટ્રિગર સુધી ઘટાડી દેવામાં આવ્યો છે.

**પેપર લીક અને લદ્દાખના આંદોલનનો ઉલ્લેખ**

AAP નેતાએ રાજ્યોમાં થયેલા પેપર લીક કૌભાંડોની શ્રેણીનો પણ ઉલ્લેખ કર્યો, જે તેમના મતે લાખો યુવાનોનું ભવિષ્ય બરબાદ કરી રહ્યા છે. તેમણે કહ્યું, "ઉત્તર પ્રદેશમાં પોલીસ કોન્સ્ટેબલ, સબ-ઈન્સ્પેક્ટર, લેખપાલ અને શિક્ષકોના પેપરો લીક થયા. PCS અને જજ ભરતીની પરીક્ષાઓમાં પણ ગેરરીતિ થઈ. ઉત્તરાખંડમાં યુવાનો પેપર લીક વિરૂદ્ધ વિરોધ કરી રહ્યા છે, અને સમગ્ર દેશમાં SSC ઉમેદવારો આંદોલન કરી રહ્યા છે." તેમણે લદ્દાખમાં ચાલી રહેલા આંદોલનને પણ પ્રકાશિત કર્યું, જ્યાં કાર્યકર્તા સોનમ વાંગચુકની NSA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમણે આ ઘટનાને લોકશાહી માગણીઓ પ્રત્યે સરકારની અસહિષ્ણુતાના ઉદાહરણ તરીકે ગણાવી.

**"નફરતનું રાજકારણ છોડી વાસ્તવિક મુદ્દાઓ માટે લડો"**

સિંહે ભાજપ પર શાસન પ્રત્યે રસ ન હોવાનો આરોપ લગાવ્યો. "તેઓ શાળાઓ, હોસ્પિટલો, નોકરીઓ કે વેપાર આપવા માંગતા નથી. તેમનો હેતુ લોકોને વહેંચાયેલા રાખવાનો અને નફરતની રાજનીતિથી તેમનું ધ્યાન ભટકાવવાનો છે. તેથી જ, બેરોજગારી અને મોંઘવારીનો સામનો કરવાને બદલે, તેઓ દેશને 'I Love Muhammad' કે 'I Love Mahadev' જેવા નારાના વિવાદોમાં ધકેલી દે છે," તેમણે કહ્યું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂતકાળની ટિપ્પણીની પણ યાદ અપાવી કે ઉત્તર પ્રદેશમાં યુવાનોને ગાયના છાણ દ્વારા રોજગાર મળી શકે છે. તેમણે લોકોને અપીલ કરી, "જો લોકો ખરેખર માને છે કે ગાયનું છાણ તેમની સમસ્યાઓ હલ કરશે, તો તેઓ આ વિવાદોમાં વ્યસ્ત રહી શકે છે. પરંતુ જો તેઓ સમજે છે કે આ વિવાદો નોકરી, હોસ્પિટલ કે શિક્ષણ લાવશે નહીં, તો તેમણે પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ અને સરકારને કાર્યવાહી કરવા દબાણ કરવું જોઈએ." નફરતની રાજનીતિને નકારવા માટે નાગરિકોને આહ્‌વાન કરતાં સિંહે વીડિયોમાં નિષ્કર્ષ કાઢ્યો કે, "હવે ભારતના લોકોએ નક્કી કરવું પડશે – શું તેઓ ભાજપની જાળમાં ફસાઈ જશે કે તેમના જીવનને અસર કરતા વાસ્તવિક મુદ્દાઓ માટે લડશે ? જો આપણે ઉકેલ જોઈતા હોય, તો આપણે આપણા સંઘર્ષોને રાજકીય કાર્યવાહીમાં ફેરવવા પડશે અને જવાબદેહીની માંગ કરવી પડશે."

# 'બસ હવે બહુ થયું' : પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નાગરિક સમાજ જૂથો સુધારાની માગણી કરી રહ્યા છે, ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા

(એજન્સી) તા.૨૯

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં અશાંતિ ફેલાઈ છે કારણ કે, આવામી એક્શન કમિટી (AAC)એ સોમવારે 'શટર-ડાઉન' અને 'ચક્કાજામ' હડતાળ શરૂ કરી, જે અનિશ્ચિત સમય સુધી ચાલુ રહેવાની ધમકી આપે છે. તાજેતરના ઈતિહાસમાં સૌથી મોટા ગણાતા આ વિરોધ પ્રદર્શનોને કારણે ઈસ્લામાબાદે ગતિવિધિઓને રોકવા માટે ભારે સુરક્ષા તૈનાત કરી છે અને સમગ્ર ક્ષેત્રમાં ઈન્ટરનેટ એક્સેસ કાપી નાખી છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં સતત પ્રભાવ મેળવનાર AAC, દૂરગામી રાજકીય અને આર્થિક સુધારાઓની માંગ કરી રહ્યું છે. તેના ૩૮-પોઈન્ટના ચાર્ટરમાં મુખ્ય માંગ એ છે કે, પાકિસ્તાનમાં રહેતા કાશ્મીરી શરણાર્થીઓ માટે PoK વિધાનસભામાં અનામત ૧૨ બેઠકો નાબૂદ કરવામાં આવે. વિરોધકર્તાઓ દલીલ કરે છે કે આ બેઠકો સ્થાનિક પ્રતિનિધિત્વને નબળું પાડે છે. અન્ય માગણીઓમાં સબસિડીવાળો લોટ, માંગલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સાથે જોડાયેલા સમાન વીજળી ટેરિફ અને ઈસ્લામાબાદ દ્વારા લાંબા સમયથી વચન આપવામાં આવેલા સુધારાઓનો અમલ શામેલ છે. AAC નેતા શૌકત નવાઝ મિરે મુઝફ્ફરાબાદમાં પ્રદર્શનકારીઓને જણાવ્યું હતું કે, 'અમારી ઝુંબેશ કોઈપણ સંસ્થા વિરૂદ્ધ નથી પરંતુ અમારા લોકોને ૭૦ વર્ષથી વધુ સમયથી નકારવામાં આવેલા મૂળભૂત અધિકારો માટે છે.' તેમણે ચેતવણી આપી હતી કે, લોકોનો ધીરજ ખૂટી ગયો છે અને કહ્યું, 'હવે બસ. કાં તો અધિકારો આપો અથવા લોકોના ક્રોધનો સામનો કરો.' સરકારે વ્યાપક સુરક્ષા પગલાં સાથે પ્રતિક્રિયા આપી છે. તાજેતરના દિવસોમાં ભારે હથિયારોથી સજ્જ કાફલાઓએ મુખ્ય નગરોમાં ફ્લેગ માર્ચ કરી હતી, જ્યારે પોલીસે મુખ્ય શહેરોના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોને સીલ કરી દીધા હતા.

# શું નીતિશ કુમારનું મુખ્યમંત્રી પદ જશે ? ઓપિનિયન પોલમાં બિહાર ચૂંટણીના પરિણામો અંગે આગાહી

**આ સર્વેમાં મુખ્ય ગઠબંધનો માટે બેઠકોની આગાહીઓ, મુખ્ય મતદારોની ચિંતાઓ અને પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટી જેવા નવા રાજકીય પ્રવેશકર્તાઓના પ્રભાવની વિગતો આપવામાં આવી છે**

(એજન્સી) તા.૨૯

બિહારમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે, એક આશ્ચર્યજનક ઓપિનિયન પોલમાં આગાહી કરવામાં આવી છે કે રાજ્ય આગામી સરકાર બનાવવા માટે લોકો કેવી રીતે મતદાન કરશે. આ સર્વેમાં ૧થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ૨૪૩ મતવિસ્તારોમાં ૭૩,૨૮૩ ઉત્તરદાતાઓને આવરી લેવામાં આવ્યા હતા. JVC દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપિનિયન પોલમાં, JD(U)ના વડા નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની NDA સરકાર સત્તામાં પાછી આવશે, જે એવી ચર્ચાઓથી વિપરીત છે કે વર્તમાન સરકાર એક દાયકાની સત્તા

**એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, NDA ૧૩૧-૧૫૦ બેઠકો (ભાજપ : ૬૬-૭૭, JDU : ૫૨-૫૮, અન્ય NDA ભાગીદારો : ૧૩-૧૫) મેળવી શકે છે, ત્યારે મહાગઠબંધનને ૮૧-૧૦૩ બેઠકો વચ્ચે સીટો મળશે આમાં, RJD ૫૭-૭૧ બેઠકો, કોંગ્રેસ ૧૧-૧૪ અને અન્યને ૧૩-૧૮ બેઠકો મળી શકે છે. પ્રશાંત કિશોરની વાત કરીએ તો, તેમને ૪-૬ બેઠકો મળી શકે છે, જ્યારે AIMIM, BSP અને અન્યને ૫-૬ બેઠકો મળશે**

પછી બહાર થઈ રહી છે. વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો છે, અને સરકાર બનાવવા માટે ૧૨૨ બેઠકોની બહુમતી જરૂરી છે. સર્વે કહે છે કે નીતિશને સ્પષ્ટપણે મજબૂત સ્થાનિક સમર્થન પ્રાપ્ત છે, અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે જાહેર સમર્થન તેમના માટે મતોમાં પરિવર્તિત થશે. જોકે વિપક્ષ હજુ પણ નીતિશ કુમારનો સામનો કરવા માટે પૂરતો મજબૂત નથી, સ્થાનિક પ્રતિનિધિઓ અને મહિલા મતદારો પર ગુસસા સહિતના પરિબળો એક મોટો પડકાર ઉભો કરી શકે છે. પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટીનો ચૂંટણી પ્રવેશ પણ જમીન પરના સમીકરણને બદલી શકે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, NDA ૧૩૧-૧૫૦ બેઠકો (ભાજપ : ૬૬-૭૭, JDU : ૫૨-૫૮, અન્ય NDA ભાગીદારો: ૧૩-૧૫) મેળવી શકે છે, ત્યારે મહાગઠબંધનને ૮૧-૧૦૩ બેઠકો વચ્ચે સીટો થશે. આમાં, RJD ૫૭-૭૧ બેઠકો, કોંગ્રેસ ૧૧-૧૪ અને અન્યને ૧૩-૧૮ બેઠકો મળી શકે છે. પ્રશાંત કિશોરની વાત કરીએ તો, તેમનો પ્રવાસ ૪-૬ બેઠકો વચ્ચે સમાપ્ત થઈ શકે છે, જ્યારે AIMIM, BSP અને અન્યને ૫-૬ બેઠકો મળશે. સર્વેમાં એ પણ ખુલાસો થયો છે કે બિહારીઓ કાયદા, ઓળખ અને નોકરીઓ વિશે સૌથી વધુ ચિંતિત છે. વિપક્ષના વોટ ચોરીના દાવાઓને ફક્ત ૧૭ ટકા સમર્થકો મળ્યા છે, જ્યારે જાતિ વસ્તી ગણતરી અને કાયદો અને વ્યવસ્થા ૨૫ ટકાથી વધુ વસ્તી માટે સમસ્યા છે. રાહુલ ગાંધીના વોટ ચોરીના દાવાઓની ઈચ્છિત અસર દેખાતી ન હતી કારણ કે ૫૨ ટકા લોકો માને છે કે તેમના આરોપો પાયાવિહોણા છે. ૩૪ ટકા લોકો માને છે કે તેમણે જ આ વાર્તા નક્કી કરી છે.

# કેનેડાએ બિશ્નોઈ ગેંગને 'આતંકવાદી સંસ્થા' જાહેર કરી કારણ કે, તેણે ભયનું વાતાવરણ સર્જ્યું

(એજન્સી) તા.૨૯

કેનેડાની સરકારે સત્તાવાર રીતે બિશ્નોઈ ગેંગને ક્રિમિનલ કોડ હેઠળ આતંકવાદી સંગઠન તરીકે સૂચિબદ્ધ કરી છે, જેમાં દેશભરમાં તેની 'હિંસક કાર્યવાહી'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નિર્ણયની જાહેરાત કરતાં જાહેર સુરક્ષા મંત્રી ગેરી આનંદાસાંગરીએ જણાવ્યું હતું કે, આતંક અને ધમકીભર્યા કૃત્યોને કેનેડામાં કોઈ સ્થાન નથી. તેમણે કહ્યું, 'જે જૂથો ડર, હિંસા અને ખંડણીનો ઉપયોગ સમુદાયોને નિશાન બનાવવા માટે કરે છે તેમને જવાબદાર ઠેરવવા જ જોઈએ.' કેનેડિયન સરકારે તેની જાહેરાતમાં જણાવ્યું હતું કે, 'બિશ્નોઈ ગેંગ એક ટ્રાન્સનેશનલ ક્રિમિનલ ઓર્ગેનાઈઝેશન છે જે મુખ્યત્વે ભારતમાંથી કાર્યરત છે. તેમની કેનેડામાં હાજરી છે અને નોંધપાત્ર ડાયસ્પોરા સમુદાયો ધરાવતા વિસ્તારોમાં સક્રિય છે. બિશ્નોઈ ગેંગ હત્યા, ગોળીબાર અને આગચંપીમાં સામેલ છે અને ખંડણી અને ધમકી દ્વારા આતંક પેદા કરે છે. તેઓ આ સમુદાયો, તેમના અગ્રણી સમુદાયના સભ્યો, વ્યવસાયો અને સાંસ્કૃતિક વ્યક્તિઓને નિશાન બનાવીને અસુરક્ષાનું વાતાવરણ ઊભું કરે છે. બિશ્નોઈ ગેંગને સૂચિબદ્ધ કરવાથી કેનેડિયન સુરક્ષા, ગુપ્તચર અને કાયદા અમલીકરણ એજન્સીઓને તેમના ગુનાઓ સામે લડવામાં અને સમુદાયોને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.' હાલમાં ગુજરાતના અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ, ગેંગના વડા લોરેન્સ બિશ્નોઈ ભારતમાં પણ અનેક હાઈ-પ્રોફાઈલ ગુનાઓ સાથે જોડાયેલા છે. તેમના નેટવર્ક પર પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા અને મુંબઈના રાજકારણી બાબા સિદ્દીકીની હત્યાનો આરોપ છે અને તેમણે અભિનેતા સલમાન ખાનને વારંવાર ધમકીઓ આપી છે. ગેંગના અગ્રણી સભ્યોમાં તેના નાના ભાઈ અનમોલ બિશ્નોઈ અને કેનેડા સ્થિત ગેંગસ્ટર ગોલ્ડી બ્રારનો સમાવેશ થાય છે.

# મુસ્લિમ યુવાનોને એકપક્ષીય રીતે નિશાન બનાવવાના આરોપો થઈ રહ્યા છે ત્યારે બરેલીમાં વધુ લોકોની ધરપકડ કરવામાં આવી

**મુસ્લિમ ઘરો પર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે : સમુદાયના સભ્યોનો દાવો**

(એજન્સી) બરેલી, તા.૨૯

ઉત્તરપ્રદેશના બરેલીમાં મુસ્લિમ સમુદાયનો દાવો છે કે, શુક્રવારે શહેરમાં થયેલી હિંસા બાદ પોલીસ અધિકારીઓ એકપક્ષીય રીતે તેમના યુવાનોને નિશાન બનાવી રહ્યા છે અને અનેક યુવાનોની ધરપકડ કરી રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કાનપુરમાં 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો પર કાર્યવાહી સામે શાંતિપૂર્ણ પ્રદર્શનને વિખેરવા માટે કાયદા અમલીકરણ તંત્રે ક્રૂર બળનો ઉપયોગ કર્યો ત્યારે પોલીસની કડક કાર્યવાહી એકપક્ષીય હતી તે સ્પષ્ટ થઈ ગયું હતું. સમુદાયના સભ્યોનો આરોપ છે કે, મુસ્લિમ ઘરો પર ગેરકાયદેસર દરોડા અને મનસ્વી ધરપકડો હજુ પણ ચાલુ છે. રવિવારે પોલીસે ૧૫ લોકોની ધરપકડ કરી હતી અને શનિવારે ૧૨ ધરપકડો સાથે કુલ ૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બરેલી શહેરના પોલીસ અધિક્ષક માનુષ પરીખે જણાવ્યું હતું કે, શુક્રવારની નમાઝ પછી કેટલાક લોકોએ હોબાળો મચાવ્યો હતો, જેના કારણે તોડફોડ અને પથ્થરમારો થયો હતો. અમે અત્યાર સુધીમાં ૧૦ FIR નોંધી છે અને આરોપીઓની ઓળખ કરી રહ્યા છીએ અને તેમની ધરપકડ કરી રહ્યા છીએ. પોલીસનો દાવો છે કે, શોધખોળ અને ધરપકડ દરમિયાન તેઓએ પ્લાસ્ટિકની થેલીઓમાં સંગ્રહિત ઈંટ અને પથ્થરના ટુકડા, પાંચ જોડી જૂના ચંપલ, એક જીવંત ૧૨ બોર કારતૂસ, એક શેલમાં જીવંત ૧૩ બોર કારતૂસ અને ૩૧૫ બોર પિસ્તોલ સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વસ્તુઓનો ઉપયોગ રમખાણોમાં કથિત રીતે કરવામાં આવ્યો હતો. એસ.પી. પરીખે કહ્યું હતું કે, આ બધા કેસ શહેરી વિસ્તારો સાથે સંબંધિત છે. અમે આ બાબતની સંપૂર્ણ તપાસ કરવા, પુરાવાઓને જોડવા અને આગળની કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે ઘટનાઓનો ક્રમ નક્કી કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. આવી વધુ ઘટનાઓ અટકાવવા માટે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અજય સાહનીએ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને પીએસી કર્મચારીઓ સાથે ફ્લેગ માર્ચ યોજી હતી. જનતાને સંબોધતા તેમણે કહ્યું, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ નિયંત્રણમાં છે. અમારી ટીમો કોઈપણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમે દરેકને શાંત રહેવા અને અફવાઓથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. મુસ્લિમ રહેવાસીઓએ તેઓને અન્યાયી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. સમુદાયના સભ્ય સલીમ અહેમદે કહ્યું, 'અમે કોઈપણ સ્વરૂપમાં હિંસાની નિંદા કરીએ છીએ, પરંતુ એવું લાગે છે કે, અમારા સમુદાય પર પુરાવા વિના દોષારોપણ કરવામાં આવી રહ્યું છે. અમે શાંતિ અને ન્યાય ઈચ્છીએ છીએ. અન્ય એક રહેવાસી ફરીદા બેગમે કહ્યું કે, બરેલીમાં મુસ્લિમો હંમેશા શાંતિથી રહેતા આવ્યા છે. અમે અધિકારીઓને અપીલ કરીએ છીએ કે, તપાસ ન્યાયી અને નિષ્પક્ષ થાય. આ વિવાદ 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો પ્રદર્શિત કરવાના કોલથી શરૂ થયો હતો, જેના કારણે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે વિરોધ અને અથડામણ થઈ હતી. આ પરિસ્થિતિ હિંસામાં ફેરવાઈ ગઈ, અનેક વિસ્તારોમાં પથ્થરમારો અને તોડફોડની ઘટનાઓ નોંધાઈ હતી. સ્થાનિક મૌલવી મૌલાના તૌકીર રઝાને હિંસા ભડકાવવામાં તેમની કથિત ભૂમિકા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. મૌલાનાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જનતાને ખાતરી આપી છે કે, તપાસ નિષ્પક્ષ રહેશે અને સુરક્ષા જાળવવામાં કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં.

# 'તેમની સામે ચાર વર્ષ પહેલાંથી કાવતરાની શરૂઆત થઈ ગઈ હતી' : ધરપકડ કરાયેલ કાર્યકર્તા સોનમ વાંગચુકની પત્નીએ ૪૮ કલાક સંપર્ક વિહોણા રહ્યા બાદ મૌન તોડ્યું

(એજન્સી) તા.૨૯

અટકાયત કરાયેલા આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલી જે. એંગ્મોએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તેઓ તેમના પતિને લદ્દાખ માટે રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ માટે સતત ઝુંબેશ ચલાવવા બદલ નિશાન બનાવી રહ્યા છે. NDTV સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે, તેમને બે દિવસથી વધુ સમયથી તેમના ઠેકાણા વિશે કોઈ માહિતી નથી અને તેમની સામેના કેસને ચાર વર્ષ પહેલા શરૂ થયેલા કાવતરાના ભાગ તરીકે વર્ણવ્યો. અંગ્મોએ આરોપ લગાવ્યો કે શાસક પક્ષને ટેકો આપવા છતાં લદ્દાખીઓની વિધાનસભા અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ રક્ષણ માટેની માગણીઓ પૂર્ણ ન થયા પછી વાંગચુક સામે ઉત્પીડન વધ્યું. તેમણે NDTVને જણાવ્યું, 'મુશ્કેલી ત્યારે શરૂ થઈ જ્યારે લદ્દાખીઓની વિધાનસભા મેળવવાની અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ પહાડી પ્રદેશમાં સમાવેશ કરવાની આશા અનંત રાહમાં ફેરવાઈ ગઈ, ભાજપ માટે મોટી સંખ્યામાં મતદાન કરવા અને દરેક વળાંક પર પાર્ટીને ટેકો આપવા છતાં.' તેમણે વિદેશી ભંડોળ લાઈસન્સ પર દબાણનો ઉલ્લેખ કર્યો, જેમાં ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળ સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ (SECMOL)ના લાઈસન્સ રદ કરવાનો સમાવેશ થાય છે. એંગ્મોએ પ્રકાશનને જણાવ્યું હતું કે, 'SECMOL પાસે ગયા અઠવાડિયા સુધી FCRA હેઠળ લાઈસન્સ પહેલાથી જ હતું, જ્યારે ગૃહ મંત્રાલયે 'રાષ્ટ્રીય સાર્વભૌમત્વનો અભ્યાસ' કરવા માટે વિદેશી ભંડોળનો ઉપયોગ સહિત પાંચ કથિત ઉલ્લંઘનોનો ઉલ્લેખ કરીને તેને રદ કર્યું હતું.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તમામ ભંડોળનો ઉપયોગ કાયદેસર શૈક્ષણિક અને વિકાસલક્ષી હેતુઓ માટે કરવામાં આવ્યો હતો. તેના પતિના પાકિસ્તાન સાથે કથિત સંબંધો હોવાના દાવાનો જવાબ આપતા, એંગ્મોએ કહ્યું કે આરોપો પાયાવિહોણા છે. 'ગૃહ મંત્રાલય પાકિસ્તાની ગુપ્તચર અધિકારીને અહીં ફરવા દેવા માટે શું કરી રહ્યું હતું ? તેઓ તેમની ફરજમાં નિષ્ફળ ગયા છે.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૫ ટકા

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૩૨ તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ

### નર્મદા ડેમ ૯૭.૩૨ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૯૫.૧૦ ટકા જેટલા ભરાયા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૯

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૩૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. જે અંતર્ગત છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ ગીર સોમનાથના સૂત્રાપાડા તાલુકામાં ૮ ઈંચ વરસાદ તથા વલસાડના કપરાડા અને ઉમરગાવ, ગીર સોમનાથના પાટણ-વેરાવળ અને જૂનાગઢના માંગરોળમાં ૪-૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

આજે, તા.૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૫.૧૦ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છમાં સૌથી વધુ ૧૪૦.૨૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૨૦.૧૯ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૧૫.૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૨૧.૭૨ ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્રમાં ૧૦૧.૯૬ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

SEOCના અહેવાલ મુજબ સવારે ૮:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં આવેલ નર્મદા ડેમ ૯૭.૩૨ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૯૫.૧૦ ટકા જેટલા ભરાઈ ગયા છે. આમ, સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૧૪૬ ડેમ હાઈ એલર્ટ, ૧૭ ડેમ એલર્ટ અને ૧૪ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે. રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન તા. ૦૧ જૂન, ૨૦૨૫થી આજ દિન સુધીમાં વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા ૧૫,૯૭૧ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૧,૩૫૧ નાગરિકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. વધુમાં, ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુજરાતના દરિયા કિનારાના વિસ્તારોમાં માછીમારોને તા.૨૯ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી દરિયો ન ખેડવા ચેતવણી પણ આપવામાં આવી છે.

# છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદથી વલસાડ જિલ્લામાં જનજીવન ખોરવાયું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં ૬૬ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા લો લેવલ બ્રિજ પર પાણી ફરી વળતા આ તમામ બ્રિજોને પણ બંધ કરવામાં આવ્યા છે.

### ૬૬ જેટલા રસ્તાઓ બંધ કરાયા

સલામતીના ભાગ રૂપે તંત્ર તરફથી લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે, પાણી ભરાયેલા કોઝવે કે બ્રિજ પરથી પસાર ન થવું.

જિલ્લામાં ભારે વરસાદના કારણે રસ્તા બંધ થઈ જતાં આશરે ૨૫ હજાર લોકો મુખ્ય મથકથી સંપર્ક વિહોણા થઈ ગયા છે. તો બે દિવસથી કેટલાક વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના મલિયાધરા, મજીગામ, તળાવચોરા, તેજલાવ સહિતનાં ૨૩ ગામોમાં ભારે તારાજી જોવા મળી છે. ૨૩ ગામના અંદાજિત ૧૫૦૦ ઘરોના પતરાં ઊડી ગયાના હોવાના અહેવાલ છે.

વલસાડ જિલ્લામાં હજુ પણ વરસાદી માહોલ યથાવત્ રહેતા વહીવટી તંત્ર સતર્કતા સાથે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ક્વોરી એસોસિયેશન દ્વારા ચીખલી માટે ૮૦ હજાર ફૂડ પેકેટ અને તાડપત્રીની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ઘરો પરથી સોલાર પેનલો ઉડીને નીચે પડતાં મોટું નુકસાન થયું છે.

વલસાડ લોકસભા વિસ્તારમાં થયેલી વાવાઝોડાં સાથેની અતિવૃષ્ટિના પગલે ખેડૂતોને થયેલા નુકસાન માટે રાહત પેકેજ જાહેર કરવા માટે જિલ્લાના સાંસદ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે.

# સેવન્થ ડે સ્કૂલમાં ૩ ઓક્ટોબરથી ધોરણ-૧૦, ૧૨ના ઓફલાઈન વર્ગો શરૂ થશે

### તબક્કાવાર અન્ય ધોરણમાં પણ પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા અંગે નિર્ણય લેવાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૯

મણિનગરમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં દોઢ માસ પછી ૩ ઓક્ટોબરથી ધો.૧૦ અને ૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આપેલા નિર્દેશ પછી અમદાવાદ તબક્કાવાર અન્ય ધોરણમાં પણ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવશે. સેવન્થ ડે સ્કૂલમાં ૧૯ ઓગસ્ટના રોજ ધો.૧૦ના વિદ્યાર્થીની હત્યાની ઘટના બની હતી અને ત્યારબાદ ૨૦ ઓગસ્ટે સ્કૂલ પર વાલીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ કરી હોવાથી કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલમાં ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય કર્યો છે. જેમાં ૩ ઓક્ટોબરથી પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા માટે નિર્ણય કર્યો છે. એટલે કે, દોઢ માસ પછી સેવન્થ ડે અંગે નિર્ણય લેવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલમાં નિરીક્ષણ માટે બે અધિકારીઓની નિમણૂક કરેલી છે, આ બંને અધિકારીઓ સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તે પહેલા તપાસ માટે સ્કૂલમાં જશે અને સુરક્ષાના પગલાઓની

### ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તે પહેલાં બે અધિકારીની ટીમ સ્કૂલમાં તપાસ કરશે

શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આગામી સમયમાં આવનાર હોવાથી તેના વર્ગો ઓફલાઈન શરૂ કરવામાં આવશે. ત્યારબાદ હતી. જેના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો હતો અને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. દરમિયાન, સોમવારે હાઈકોર્ટમાં કેસની મુદત સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થશે. હાલમાં પ્રથમ તબક્કામાં ધો.૧૦ અને ૧૨ની આગામી બોર્ડની પરીક્ષાઓને ધ્યાને રાખીને સૌપ્રથમ ધો.૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવાનું નક્કી કરાયું છે. ત્યારબાદ તબક્કાવાર અન્ય ધોરણના વર્ગો શરૂ કરવા ચકાસણી કરશે. આ ઉપરાંત સ્કૂલ સામે તપાસ માટે નિમેલી કમિટીને તપાસમાં સ્કૂલે સહકાર આપવાનો રહેશે તેવી પણ સુચના આપવામાં આવી છે. આમ, હવે આગામી દિવસોમાં સેવન્થ ડે સ્કૂલમાં ફરીથી ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવશે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : ગિરધરનગર ફ્લાયઓવર પર ૧૨ દિવસમાં બ્રિજનું કામ પૂર્ણ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯



મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે અમદાવાદ શહેરમાં ગિરધરનગર ફ્લાયઓવર પર રેલવે ઓવરબ્રિજ (આરઓબી)ની વાયડક્ટ લોન્ચિંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ (MAHSR)એ અમદાવાદ જિલ્લામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. પ્રોજેક્ટની ટીમે ગિરધરનગર ફ્લાયઓવર પર દિલ્હી-અમદાવાદ મુખ્ય રેલવે લાઈન (વેસ્ટર્ન રેલવે)ને સમાંતર રેલવે ઓવર બ્રિજ (ROB)ની વિઆડક્ટ લૉન્ચિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. ગિરધરનગર બ્રિજ અમદાવાદના સૌથી વ્યસ્ત ફ્લાયઓવર્સમાંનો એક છે, જે શાહીબાગ, અસાવરા અને કાલુપુરને જોડે છે. હજારો નાગરિકોની દૈનિક અવરજવરને ધ્યાનમાં રાખીને, જાહેર જનતાને ઓછી અસુવિધા થાય તે માટે આ લૉન્ચિંગનું કામ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે અને માત્ર ૧૨ દિવસના ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. કાર્ય પૂર્ણ કરવા માટે, સ્પાન-બાય-સ્પાન (SBS) પદ્ધતિનો ઉપયોગ કરીને ૪૫ મીટર લાંબો બ્રિજ લોન્ચ કરવામાં આવ્યો હતો. બ્રિજના સ્પાનની લંબાઈ ૪૫ મીટર છે. જ્યારે જમીનથી રેલ લેવલ સુધી વિઆડક્ટની ઊંચાઈ ૧૯.૫ મીટર છે. કુલ ૧૯ સેગમેન્ટ લૉન્ચ કરવામાં આવ્યા છે. અને સ્પાનનું કુલ વજન ૧૨૦૦ મેટ્રિક ટન છે. વ્યસ્ત ટ્રાફિક વચ્ચે કામગીરી દરમિયાન જાહેર જનતાને ઓછી અસુવિધા થાય તે માટે તમામ જરૂરી સલામતી અને ટ્રાફિક મેનેજમેન્ટના ઉપાયો અમલમાં મૂકવામાં આવ્યા હતા. જેમાં યોગ્ય બેરિકેડિંગ, ટ્રાફિક ડાયવર્ઝન માટેના સૂચક ચિહ્નો, માર્ગ ડાયવર્ઝનની સમયસર માહિતીની જાહેરાત, પૂરતા ટ્રાફિક માર્શલની તૈનાતી, અને રાત્રિના કલાકોમાં પૂરતી લાઈટિંગની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બુલેટ ટ્રેન કોરિડોર અમદાવાદ જિલ્લામાં કુલ ૩૧ ક્રોસિંગ્સમાંથી પસાર થઈ રહ્યો છે, જેમાં નદી પરના બ્રિજ અને સ્ટીલ બ્રિજ પણ સામેલ છે. પ્રોજેક્ટની ગતિ દર્શાવે છે કે, આમાંથી ૧૫ ક્રોસિંગ્સનું કામ અત્યાર સુધીમાં પૂર્ણ થઈ ચૂક્યું છે.

'હું શેતાનનું સંતાન છું, લોહીનાં ખાબોચિયા જોવા તૈયાર રહેજો' જેવા વાક્યોનો ઉપયોગ

# અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો

### પોલીસે ગુનો નોંધી ઈ-મેલ મોકલનારને શોધવાની કાર્યવાહી હાથ ધરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯




અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રવિવારે સવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઈ-મેલ મળતાં સુરક્ષાકર્મીઓમાં ખળભળાટ મચી ગયો હતો. તપાસમાં આ ધમકી ખોટી નીકળી, પરંતુ પોલીસે ગુનો નોંધીને ઈ-મેલ મોકલનારને શોધવાની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એરપોર્ટના સત્તાવાર ઈ-મેલ એકાઉન્ટ અને અન્ય આંતરિક સરનામાં પર રવિવારે સવારે ૬.૦૬ વાગ્યે એક ધમકીભર્યો ઈ-મેલ આવ્યો હતો. જેમાં એરપોર્ટના બિલ્ડિંગ્સમાં બોમ્બ મૂક્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને અધિકારીઓને '૨૪ કલાકમાં પ્રતિક્રિયા આપવા અથવા લોહીના ખાબોચિયા' જોવાની ધમકી આપવામાં આવી હતી. ઈ-મેલમાં મોકલનારે પોતાને આતંકવાદી ગ્રુપ 'ટેરરાઈઝર્સ ૧૧૧'નો લીડર ગણાવ્યો હતો અને 'હું સેતાનનું સંતાન છું' જેવા વાક્યોનો ઉપયોગ કર્યો હતો.

અદાણી એરપોર્ટના વરિષ્ઠ કર્મચારી રવિકાંત જાટ ભારદ્વાજે પોતાની ફરિયાદમાં જણાવ્યું કે તેઓ વહેલી સવારની શિફ્ટમાં ફરજ પર હતા ત્યારે અદાણી સિક્યુરિટી મેનેજરે તેમને આ ઈ-મેલ વિશે જાણ કરી હતી. ઈ-મેલની સમીક્ષા કર્યા બાદ સુરક્ષા સમિતિએ તેને 'બોમ્બની ધમકીને ખોટી' ગણી હતી. પ્રોટોકોલ મુજબ ભારદ્વાજે પોલીસ ફરિયાદ દાખલ કરી હતી. એરપોર્ટ પોલીસે અજાણ્યા ઈ-મેલ મોકલનાર સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને માહિતી ટેકનોલોજી અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે 'ઈ-મેલ નકલી અથવા અજાણ્યા એકાઉન્ટ પરથી મોકલવામાં આવ્યો હોય તેવું લાગે છે. અમે સાયબર નિષ્ણાતોની મદદથી તેના મૂળને ઓળખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'

અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે કોઈ વિસ્ફોટકો મળ્યા નથી અને એરપોર્ટની કામગીરી પર કોઈ અસર થઈ નથી. જોકે, આ ઘટના બાદ સાયબર તપાસ ચાલુ રહે ત્યાં સુધી સુરક્ષા કડક કરવામાં આવી છે.

# ભાવનગર : પાળિયાદ નજીક બંધ ટ્રક પાછળ ખાનગી બસ અથડાતાં બોટાદના ત્રણનાં મોત : ૨૦થી વધુ લોકોને ઈજા

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨૯



બોટાદ જિલ્લામાં પાળિયાદ નજીક રોડ પર ઉભેલા બંધ ટ્રક અને ખાનગી લક્ઝરી બસનો ધડાકાભેર અકસ્માત થતા બસમાં સવાર ૨૦થી વધુ લોકોને ઈજાઓ થઇ હતી. જે પૈકી ત્રણ યાત્રીઓના કરૂણ મોત નિપજ્યાં છે. નોરતાના દિવસો હોવાથી હીરા કારખાનેદાર રત્નકલાકારોને લઈને ખોડલધામ અને વિરપુરના દર્શનાર્થે બસ લઈને ગયા હતા. જ્યાંથી પરત ફરતી વેળાએ પાળિયાદથી સાકરડીના માર્ગ પર મોડી રાત્રે આ અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે સૂત્રોથી પ્રાપ્ત વિગત મુજબ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામે રહેતા મુકેશભાઈ બુધાભાઈ ગોહિલ હીરાનું કારખાનું ચલાવતા હતા. નવરાત્રી હોવાથી તેઓ બસ લઈને ખોડલધામ તથા વીરપુર સહિતના ધર્મસ્થાનો પર રત્નકલાકારોને દર્શને લઇ ગયા હતા. જેમાં યુવતીઓનો પણ સમાવેશ થાય છે. તિર્થયાત્રા કરીને પ્રવાસીઓ વતન તરફ પરત આવી રહ્યા હતા ત્યારે ગત રાત્રે ખાનગી બસ પાળિયાદથી સાકરડી ગામના માર્ગ પર રસ્તા વચ્ચે બંધ ઉભેલા એક ટ્રક સાથે અથડાઇ હતી. રસ્તાની બરોબર વચ્ચે ટ્રક બંધ ઉભો હોય બસના ચાલકને છેક છેલ્લી ઘડીએ તેનો ખ્યાલ ગયો હતો. આથી તેણે બસનું કાવું મારી અકસ્માત રોકવા પ્રયાસ કર્યો હતો પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. બસનું કંડક્ટરના ભાગનું પડખુ ચીરાઇ ગયું હતું. ખાનગી બસમાં ૫૦થી વધુ લોકો સવાર થઈને તિર્થયાત્રાએ નીકળ્યા હતા. તે પૈકી ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા તે પૈકી ત્રણ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જેમાં હીરાના કારખાનેદારનો પણ સમાવેશ થાય છે. મૃતકોમાં વશરામભાઈ વલ્લભભાઈ ગોહિલ, અલ્પેશભાઈ બચુભાઈ વસાણી અને મુકેશભાઈ બુધાભાઈ ગોહિલ (હીરાના કારખાનાના માલિક) (તમામ રહે ઉમરાળા ગામ, તા.રાણપુર) હોવાનું સામે આવ્યું છે. સાકરડી રોડ પર પંચર પડવાના કારણે એક ટ્રક ઊભો હતો. એ સમયે પ્રવાસ પરથી પરત ફરતી વખતે લક્ઝરી બસ પાછળ આવી આ ટ્રકમાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. જેસીબીની મદદ વડે રાહત કામગીરી કરવામાં આવી હતી.

રાજ્યના પાંચ લાખથી વધુ મુસાફરોને મળશે લાભ

# દિવાળીના તહેવાર દરમિયાન નિગમ દ્વારા રાજ્યમાં એક્સ્ટ્રા કુલ ૨૬૦૦ ટ્રિપો સંચાલિત કરાશે

### એસ.ટી. નિગમ દ્વારા માત્ર સુરત શહેરથી જ વિવિધ શહેરો માટે સૌથી વધુ ૧૬૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૯

રાજ્યના નાગરિકો દિવાળીના તહેવારની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા જુદા -જુદા મોટા શહેરોને જોડતી દૈનિક કુલ ૨૬૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવશે. જેનો રાજ્યના અંદાજે પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ મળશે તેમ, ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

વધુમાં જણાવવામાં આવ્યું છે કે, આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬થી તા.૧૯ ઓકટોબર ૨૦૨૫ દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવશે. મુસાફરોને દિવાળીના તહેવારો દરમિયાન પોતાના વતનમાં જવા માટે સુરત શહેરમાં રહેતા સૌરાષ્ટ, ઉત્તર ગુજરાતના રત્નકલાકારો ઉપરાંત દાહોદ અને પંચમહાલના શ્રમજીવીઓ માટે ૧૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર જવા માટે મુસાફરોએ સુરત શહેરના રામચોક અને મોટા વરાછા ખાતેથી એસ.ટી બસ મળશે. જયારે ઉત્તર ગુજરાત તથા અમદાવાદ માટે મુસાફરોને સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતેથી બસની સુવિધા પ્રાપ્ત થશે. આ ઉપરાંત દાહોદ તથા પંચમહાલના શ્રમજીવીઓ માટે સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સુરત શહેરી બસ સ્ટેશન ખાતેથી તેમજ રામનગર રાંદેર રોડ સુરત ખાતેથી બસ મળી રહેશે. દિવાળીના તહેવારો દરમિયાન નિગમના સુરત વિભાગ ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, મહેસાણા, પાલનપુર સહિત અન્ય વિભાગો મળી મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા અંદાજે ૧,૦૦૦ જેટલી એક્સ્ટ્રા બસો સંચાલન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુસાફરો બસ સ્ટેશન ઉપરાંત એસ.ટી.દ્વારા નિમવામાં આવેલ બુકિંગ એજન્ટ, મોબાઈલ એપ, તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી પણ ઓનલાઈન ટિકિટનું બુકિંગ કરી શકશે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને "એસ.ટી. આપના દ્વારે" યોજના અંતર્ગત મુસાફરોએ જણાવેલ જગ્યાએથી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે તેમ, વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

ગુજરાત ટુડે

**આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપની જાહેરખબર વહેલી તકે મોકલાવો**

**દિપોત્સવી**નો તહેવાર આવી રહ્યો છે આ પ્રસંગે પ્રસિદ્ધ થનાર વિશેષાંકમાં આપની ભાગીદારી અનિવાર્ય છે. હંમેશા ગત ૩૪ વર્ષમાં આપના **'ગુજરાત ટુડે'** એ અનેક સીમાચિહનરૂપ સિદ્ધિઓ હાંસલ કરી છે. સિદ્ધિઓનો આ સિલસિલો ભવિષ્યમાં પણ અવિરતપણે ચાલ્યા કરે તે માટે આપના દૈનિકને વધુ સધ્ધર બનાવવું આવશ્યક છે. આ વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને **'ગુજરાત ટુડે'** દૈનિકના આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપ આપના ધંધા વ્યાપાર અને શુભેચ્છાની **જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો** જ એવી અપેક્ષા છે **'ગુજરાત ટુડે'**ના વાંચકો ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસ કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી પણ મોકલી શકો છો.

**દિપોત્સવી વિશેષાંક ૨૨-૧૦-૨૦૨૫ ને બુધવારે પ્રસિદ્ધ થશે**

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS